જૈન સાહિત્ય સંબંધી લેખોનો સંગ્રહ.

ભાવનગર ખાતે ભરાયેલી સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદમાં જૈન લેખો ૨૨ આવેલા હતા. તેમાંથી થોડા વંચાયેલા અને તેના રિપોર્ટમાં ૧૨ લેખો છપાયેલા છે. તેની સો નકલો વધારે કઢાવેલી છે. તે પાકા પુંઠાથી બંધાવી છે. તેમાં નીચે જણાવેલા લેખો છે, તે દરેક બહુજ ઉપયોગી છે.

* લેખક ફતેહચંદ કર્પૂરચંદ લાલન. ....
"જૈન સાહિત્યની હિતાવહ દિશા." .... પૃષ્ટ ૨૮

૧ પંડિત સુખલાલજી. .... ૧ થી ૧૨
"જૈન ન્યાયનો ક્રમિક વિકાસ." ....

૨ શાહ. કુંવરજી આણંદજી .... ૧૩ થી ૨૮
"કર્મસંબંધી જૈન સાહિત્ય." ....

૩ શા. પુલચંદ હરીચંદ. ૨૯
"પાશ્ચાત્ય વિદ્વાનો ને જૈન સાહિત્ય." ....

૪ મુનિરાજશ્રી ન્યાયવિજયજી. ૩૮
"જૈન કવિઓ" ....

૫ મુનિરાજશ્રી ન્યાયવિજયજી ૫૨
"જૈન દાનવીરો" ....

૬ મુનિરાજશ્રી ન્યાયવિજયજી ૬૩
"જૈન મંત્રીઓ" ....

૭ મુનિરાજશ્રી ન્યાયવિજયજી ૭૪
"જૈન રાજાઓ" ....

૮ ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ. ભાવનગર. ૧૦૩
"જૈન રાસાઓ" ....

૯ મુનિરાજશ્રી ન્યાયવિજયજી ૧૦૮
"જૈન ભૂગોળ" ....

૧૦ રા. રા. મણિલાલ મોહનલાલ પાદરાકર ૧૧૫
"શ્રીમદ્ દેવચંદ્રજી" ....

૧૧ રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઈ-મુંબઈ .... ૧૪૧ થી ૧૭૦
"કવિવર સમયસુંદર" ....

ઉપર પ્રમાણેના લેખો ફારમ ૨૫ માં સમાયેલા છે, છતાં કીમત બહુ જુજ રાખી છે. તરત મંગાવશો તોજ મળશે.

કિંમત માત્ર બાર આના. પોસ્ટેજ ચાર આના.

Mahavir Jain Library

સાતમી ગુજરાત સાહિત્ય પરિષદના જૈન
વિભાગના અધ્યક્ષ શ્રીયુત પંડિત
કેસરીચંદ કર્પૂરચંદ લાલનનું

ભાષણ

જૈન સાહિત્યની હિતાવહ દિશા.

સાતમી ગુજરાત સાહિત્ય પરિષદના જૈન વિભાગના અધ્યક્ષ
શ્રીયુત પંડિત કેસ્તેહચંદ કર્પૂરચંદ લાલનનું ભાષણ.

જૈન સાહિત્યની હિતાવહ દિશા.

યો વિશ્વં વેદવેદ્યં જનનજલનિધેર્ભંગિનઃ પારદૃશ્વા,
પૂર્વાપર્યાવિરુદ્ધં વચનમનુપમમ્ નિષ્કલંકં યદીયમ્;
તં વંદે સાધુવંદ્યં સકલગુણનિધિં ધ્વસ્તદોષદ્વિષન્તમ્,
બુદ્ધં વા વર્દ્ધમાનં શતદલનિલયં કેશવં વા શિવં વા. ૧

બોધાગાધં સુપદપદવીનીરપૂરાભિરામમ્,
જીવાઽહિંસાઽવિરલલહરિસંગમાગાહ્યદેહમ્;
ચૂલાવેલં ગુરુગમમણિસંકુલં દૂરપારમ્,
સારંવીરાગમજલનિધિં સાદરં સાધુ સેવે. ૨

૧—જેમના જ્ઞાને જાણવા યોગ્ય સમગ્ર વિશ્વને જાણ્યું છે, જેઓના દર્શને સંસારરૂપ મહાસમુદ્રનો પાર દીઠો છે, જેમનું પ્રવચન (આગમ) પૂર્વાપર અવિરુદ્ધ છે, અનુપમ છે, ને નિષ્કલંક છે, જેઓ સાધુજનોને પણ વંદ્ય છે, સકળ ગુણના ભંડાર છે, દોષ-રૂપ શત્રુનો નાશ કરનાર છે, એવા કોઇપણ પુરુષવિશેષને હું વંદન કરું છું. પછી જોઇએ તો તે બુદ્ધ હો, વર્દ્ધમાન હો, બ્રહ્મા હો, વિષ્ણુ હો, કે મહાદેવ હો.

૨—જેમ સમુદ્ર અથાગ હોય છે તેમ અપરિમિત જ્ઞાનવાળા જિનાગમો પણ અથાગ છે. જળની અતિશયતાને લીધે જેમ સમુદ્ર સુંદર લાગે છે, તેમ લલિત પદોની રચનાને લઇને આગમ પણ સુંદર લાગે છે. ઉપરાઉપરી મોજાંઓ ઉઠતા હોવાથી સમુદ્રમાં પ્રવેશ કરવો કઠણ લાગે છે, તેમ જીવદયા સંબંધી સૂક્ષ્મ વિચારોથી જિનાગમો પરિપૂર્ણ હોવાથી તેમાં એકદમ પ્રવેશ કરવો કઠણ લાગે છે. સમુદ્રમાં મોટા મોટા તટ હોય છે તેમ આગમમાં પણ મોટી મોટી ચૂલિકાઓ-પૂરવણી હોય છે. સમુદ્રમાં રત્ન-મોતી અને પરવાળા જેવી વસ્તુઓ છે તેમ આગમમાં ઉત્તમ ગમ-આલાવા (અર્થાત્ અનેકાર્થ બોધવાળા સદશ પાઠ) હોય છે. સમુદ્રની જેમ આગમનો પાર પામવો-અર્થાત તે સંપૂર્ણ રીતે સમજવું અત્યંત કઠિન હોય છે. એવા આગમોની હું ભક્તિ તથા વિધિપૂર્વક સેવા કરું છું.

સાહિત્યરસિક આત્મપ્રિય સુશીલ બ્હેનો અને સુજ્ઞ બાંધવો !

સમાજસેવા અને જ્ઞાનસેવા કરવા જેટલું મારામાં બળ હો કે ન્હાપણ હો યા ન હો પણ મારા અંતરને તે અત્યંત પ્રિય છે; એટલા માટે જ્યારે આ પરિષદના વિદ્વાન્ મંત્રીઓ તરફથી પરિષદના જૈન વિભાગનું પ્રમુખપદ સ્વીકારવાનો આદેશ આવ્યો ત્યારે મને મારી અયોગ્યતાનું સંપૂર્ણ ભાન હોવા છતાં મેં તે આદેશ શિરસાવંદ્ય કર્યો. એટલુંજ નહીં પણ સાહિત્યના ક્ષેત્રમાં મને સેવા કરવાની એક અલભ્ય તક આપી તે માટે તેજ વખતે મેં તેમનો અંતઃકરણ પૂર્વક ઉપકાર માન્યો. અત્યારે ફરીથી વાણીથી એ ઉપકાર હું વ્યક્ત કરું છું.

વક્તૃત્વકળાને અપનાવવા જે કાંઇ મેં શ્રમ લીધો છે તેવો લેખ લખવાનો પ્રયત્ન ન થવાથી સ્વાનુભવદર્પણનો દુઃખદ પ્રસંગ મને યાદ આવ્યા વિના રહેતો નથી. ફુટનોટમાં રહેલ પ્રમાદને લઇ બ્હારના સમાજ બ્હારના આશયને સમજી શકયો નહીં. જાતે મૂર્ત્તિપૂજક, શ્રદ્ધાએ મૂર્ત્તિપૂજક અને મૂર્તિદ્વારા પ્રભુપૂજનમાં કેવો આનંદ રસ લેવાય છે તેવાં ભાષણો આપવા છતાં અને એ મારો લેખ મારા આશયને બીલકુલ સંદિગ્ધ ન કરતો હોવાથી હું હજુપણ એ લેખની ધીરજપૂર્વક ફુટનોટ વાંચી જવાની ભલામણ કરું તો મને ક્ષમા થશે. એટલું કહી આ લેખના શબ્દો કરતાં આશયપર વિશેષ લક્ષ આપવાની સુજ્ઞ શ્રોતાજનોને પ્રાર્થના કરી આ લેખ વાંચવા પ્રારંભ કરું છું.

જૈનોનું વાઙ્મય સાહિત્ય—જૈનોના વાઙ્મય સાહિત્ય ઉપર હું જ્યારે વિચાર કરું છું ત્યારે મને એમ લાગે છે કે જ્ઞાન એક એવી પવિત્ર પૂર્ણ અને અદ્ભુત વસ્તુ છે કે શબ્દમાં આવતાં તેની પવિત્રતા વધવાને બદલે કંઇક ન્યૂન થતી હોય અને લિપિમાં ઉતરતાં તો તેથી પણ વિશેષ ન્યૂન થતી હોય. શ્રી તીર્થંકરોના ઉપદેશ વિષે દિગંબર સંપ્રદાયનો એવો મત છે કે તીર્થંકરો માત્ર ૐ નોજ ધ્વનિ કરે છે અને તેમના મુખ્ય શિષ્યો તેનો ભાવ સમજી વાણીમાં ઉપદેશ આપે છે. શ્વેતાંબર સંપ્રદાય એવો મત ધરાવે છે કે શ્રી તીર્થંકર પ્રભુઓ પોતાના ગણધરોને ઉત્પાદ વ્યય ને ધ્રુવ (ઉત્પત્તિ, વ્યય, અને સ્થિતિ) એ પ્રકારની ત્રિપદીમાં ઉપદેશ આપે છે અને ગણધરો તેને શબ્દમાં ગુંથે છે. આ રીતે વાઙ્મયની પવિત્રતા છેક મહાવીરથી માંડીને ઇ. સ. ના પાંચમા-

---

૧ ધ્વનિમય ૨ વાઙ્મય ૩ લેખમય, ૪ મુદ્રામય.

છઠ્ઠા સૈકા સુધી રહી પછી જેમ જેમ સ્મૃતિભ્રંશ થવા લાગ્યો તેમ તેમ ગણધરો અને શ્રુતકેવળીઓ વિગેરેના ઉપદેશેલા પાઠ ભૂલાવા લાગ્યા. એ સંબંધે એક એવી કથા છે કે ' એક વેળા એક મુનિશ્રીએ કાન ઉપર હળદરનો ગાંઠીયો રાખેલો તે પાછો વાપરવો ભૂલી ગયા; તેથી સમજ્યું કે હવે સ્મૃતિભ્રંશ થવા લાગ્યો છે.' એટલે ત્યાંર પછી જ્ઞાનને પુસ્તકારૂઢ કરવાનું ર્યું અને સઘળા જૈન શ્રમણોએ તે કબુલ રાખ્યું. પછી મથુરામાં સૌ પ્રથમ મુનિપરિષદ મળી અને જે જે મુનિઓને પાઠ યાદ હતા, તે તે તેમણે લખાવ્યા. આ રીતે વાઙ્મય સાહિત્ય હતું તે ગ્રંથસાહિત્યનું સ્વરૂપ પામ્યું. ત્યારપછી શ્રી દેવર્ધિક્ષમાશ્રમણ સૂરિના પ્રમુખપણા નીચે વલ્લભીપુરમાં બીજી મુનિપરિષદ મળી, અને તે વખતે પણ પહેલાની જેમ વાઙ્મય સાહિત્ય ગ્રંથારૂઢ થયું. મથુરાની સાહિત્ય સંયોજનાને માથુરી વાંચના અને વલ્લભીપુરની સાહિત્ય સંયોજનાને વલ્લભી વાંચના તરીકે જૈન સાહિત્યમાં ઓળખાવવામાં આવે છે. ત્યારપછી વિદ્વાન જૈનાચાર્યોએ અનેકાનેક વિષયો વિષે ગ્રંથો લખ્યા અને તેનો પ્રચાર કર્યો. એ ભૂતકાળના પ્રસંગને છોડી હવે આપણે વર્તમાન ઉપર આવીએ.

આજથી લગભગ ૪૦ કે ૫૦ વર્ષ ઉપર જૈન સાહિત્યને છપાવી બહાર પાડવાનો પ્રયત્ન થયો, ત્યારે જેઓ પરંપરાની પવિત્રતાને સાચવી રાખવા ઉત્સુક હતા તેમના તરફથી તેનો વિરોધ કરવામાં આવ્યો; કારણ કે તેઓ એમ માનતા હતા કે એમ થવાથી વાઙ્મયની પવિત્રતા નહીં જળવાય. પરંતુ કાળબળે પોતાનું કામ કર્યું અને આજે પણ કર્યે જાય છે. એટલું તો નિર્વિવાદ છે કે વાઙ્મય સાહિત્ય કરતાં લેખન સાહિત્ય વિશેષ પ્રચાર પામે છે અને હસ્તલિખિત સાહિત્ય કરતાં મુદ્રિત થયેલું સાહિત્ય બહોળા પ્રમાણમાં વંચાય છે. સ્મૃતિ શક્તિનો અનાદર કરી જડ સાધનોનો આશ્રય લેવો એ એક પ્રકારનું પરાવલંબન તો છજ, પણ જે વખતે સ્મૃતિભ્રંશ વધતો જતો હોય, તે વખતે સ્મૃતિને સહાયક થાય તેવા સાધનોનો ઉપયોગ ન કરવો તે કદાગ્રહજ લેખાય અને એવો કદાગ્રહ અનેકાંત મતના ઉપાસકોને તો બીલકુલ શોભાસ્પદ ન ગણાય. પ્રસંગોપાત હું મારા પરંપરાપ્રિય અને પ્રગતિપ્રિય પૂજ્ય મુનિવરો અને ગ્રહસ્થોને સૂચના કરવાની રજા લઉં છું કે હવે વિશેષ સ્મૃતિભ્રંશ ન થાય એટલા માટે ગ્રંથનો કળવિસ્તાર વધારવાનો તથા જુના-ઉપયોગી ગ્રંથોનો ઉદ્ધાર કરવાનો આપણે બને તેટલો પ્રયત્ન કરવો જોઇએ.

જૈન સાહિત્યનો વિસ્તાર માપવો એ સહજ નથી: જૈનાચાર્યોએ તેને ચાર ભાગમાં વહેંચી નાંખ્યું છે. (૧) દ્રવ્યાનુયોગ (૨) ગણિતાનુયોગ (૩) ચરિ-

તાનુયોગ અને (૪) ચરણકરણાનુયોગ. આ ચારે અનુયોગમાં ચાર વેદની પેઠે જૈન સાહિત્ય જીવે છે અને જીવશે.

વિશ્વના સાહિત્યમાં હિંદના સાહિત્યનું સ્થાન કયાં છે અને હિંદના સાહિત્યમાં જૈન સાહિત્યની જગા કયે સ્થળે છે તે આલેખવાનો પ્રયત્ન કરવો એ મારી શક્તિની બહાર છે; તથાપિ જૈન સાહિત્ય જેટલું પ્રકટ થઈ શકયું છે અને અપ્રકટ રહેલું પ્રકટ થાય તો હિંદ સાહિત્યનું ગૌરવ કેટલું વધે અને તેથી વિશ્વના સાહિત્યમાં કેવું મનોજ્ઞ અભિવર્ધન થાય એ દાખવવા યથાશક્તિ પ્રયત્ન કરીશ.

માનવસૃષ્ટિની ઉન્નતિ કે અવનતિ તેની વિચારની કક્ષા ઉપર આધાર રાખે છે. જેવા વિચાર મનુષ્ય પ્રકટ કરે છે તેવો તે થાય છે. ઉચ્ચ વિચારના સૃષ્ટા પ્રતિભાશાલી વિદ્વજ્જનો છે અને તેમની ગ્રંથસૃષ્ટિ તથા વ્યાખ્યાનસૃષ્ટિના ઉપજીવી માનવજીવો જેવી સૃષ્ટિમાં રહે છે તેવા બને છે.

જૈન-સાહિત્ય શોધખોળનો વિષય—આનંદની વાત છે કે બૌદ્ધસાહિત્યના જેટલું નહીં પણ કેટલેક અંશે જૈનસાહિત્ય પણ બૌદ્ધસાહિત્યની પેઠે પાશ્ચાત્ય દેશોમાં ને હિંદમાં પણ હવે શોધખોળનો વિષય થઈ આદર પામવા લાગ્યું છે. વેદબાહ્ય પણ આર્યદર્શનોમાં ગણાતા બુદ્ધ ભગવાન્ કોણ હતા ? અને બૌદ્ધ ધર્મ કેવો છે ? એમ જો પૂછવામાં આવે તો સૌ કોઈ સમજુ ઉત્તર આપે કે બુદ્ધ મહારાજ એક મહાન્ ધર્મના ઉત્પાદક હતા અને એ ધર્મનું મુખ્ય લક્ષ્ય નિર્વાણપ્રાપ્તિ છે. એ નિર્વાણ આપ્યા ભૂમંડળના સર્વ જીવોપર અનુકંપા રાખી વર્તવાથી પ્રાપ્ત થાય છે. બુદ્ધ ભગવાનના સ્વર્ગારોહણ પછી એમના ઉપદેશેલા ધર્મે માત્ર બે એક સૈકામાંજ હિંદનો ધર્મમહિમા વિસ્તારી મૂકયો, એટલુંજ નહિ પણ પોતાની વિજયપતાકા પૂર્વ એશિયાના જાપાન, ચીન ને પાસીફીક મહાસાગરના દ્વિપો, ને સૈબીરીયા ઉપર પણ ફરકાવી. બુદ્ધ ધર્મનું સાહિત્ય હાલ તે તે દેશોમાં, યુરોપમાં અને તેમાં પણ જર્મનીમાં વિશેષ છે.

જૈન કોણ છે ? અને જિનધર્મ શો છે ? એ પ્રશ્ન વિદ્વજ્જનોને પૂછવામાં આવે તો તેનો મનમાનતો ઉત્તર આ દેશમાં બહુ થોડા આપી શકે. યુરોપ અમેરિકામાં તે વિષયના અભ્યાસીઓ હોવાથી તે પ્રશ્નનો ઉત્તર આપનારા કોઇ કોઇ મળે છે. આપણી ધર્મપ્રકૃતિ અને સંસ્કારના પ્રમાણમાં

આપણે આ દેશના વિદ્વાનો અને શોધકો પાસે જિનધર્મ અને જૈનદર્શનના સંબંધમાં ઘણી આશા રાખી શકીએ. આપણી એ આશા સંપૂર્ણપણે કેમ ન ફળી ? એ પ્રશ્ન વિચારવાનું મને મન થાય છે. બૌદ્ધધર્મે જે દયાનો ઉપદેશ કર્યો છે, તેના કરતાં જિનધર્મે શું કોઇ પણ પ્રકારે ન્યૂન ઉપદેશ કર્યો છે ? બુદ્ધ ભગવાનનાં જીવન કરતાં જિનભગવાનનું જીવન શું કોઇ પણ પ્રકારે માનવકલ્યાણમાં પછાત છે ? મને તો લાગે છે કે જૈનધર્મનો સાહિત્યમેરૂ સર્વ કરતાં ઉચ્ચતર અને ઉપકારક છે, માત્ર તેનો અદ્યાવધિ જેવો જોઇએ તેવો પ્રકાશ અને પ્રચાર નથી થયો. આજે હિંદની સંસ્કૃતિ પર તેનો અલ્પતર વિસ્તાર પણ કેવો મહત્વનો ભાગ ભજવી રહ્યો છે અને હિંદના ધર્મો તથા નીતિવિચારણો પર વિશેષે કરી તે કેવી અસર કરી રહ્યો છે, તેમજ કળા ને વિજ્ઞાન, સાહિત્ય ને ભાષા વિગેરેમાં નિગૂઢભાવે રહ્યો રહ્યો કેવાં મીઠાં ને મધુર ફળો ઉપજાવી શકયો છે તે સર્વ કોઇ ઉદાર હૃદયને જાણવા યોગ્ય છે.

બુદ્ધધર્મના પ્રભાવ વિસ્તારને એક કાળે ઘણા સારા સંયોગો હતા. પરંતુ તેમનું સાહિત્ય રચાય ને વિસ્તરે તે પૂર્વે, એટલે કે આઠમા સૈકામાં બુદ્ધધર્મ હિંદભૂમિપરથી પલાયન થઇ ગયો. જૈનધર્મ તેનો સહયોગી હોવા છતાં હિંદમાં જ ટકી રહ્યો અને આર્યસંસ્કૃતિની પ્રત્યેક શાળામાં પ્રવેશ કરી, નવો જ રસ અને બળ પ્રેર્યાં. જૈનધર્મ અનુસરનારા જૈનોના બે વિભાગ થયા. દિગંબર ને શ્વેતાંબર.

દિગંબર સંપ્રદાયના અધ્યાત્મગ્રંથો સાથે મને થોડો પરિચય થયો છે, કોઇ કોઇ ગ્રંથપર મનન કરી વિવેચનો પણ લખ્યાં છે; પરન્તુ સ્વાભાવિક રીતે જ શ્વેતાંબર સાહિત્યનો મને વધારે અનુભવ છે. જૈનસાહિત્યમાં શિરોમણિરૂપે શ્રી જિનાગમ છે. જે જિનાગમો શ્વેતાંબર સંપ્રદાય માને છે તેજ નામવાળા ગ્રંથો દિગંબરો પણ માને છે. પરંતુ નામ એક હોવા છતાં બન્ને ગ્રંથોમાં વસ્તુ તો ભિન્ન જ હોય છે. દિગંબરોનું માનવું એવું છે કે શ્રી તીર્થંકરોના ઉપદેશો અને આગમોનો તો કયારનોએ વિચ્છેદ થઇ ગયો છે.

સૂત્ર-અધિકાર—હિંદુઓના મોટા ભાગની એવી માન્યતા છે કે વેદનો અધિકાર અબ્રાહ્મણો કે સ્ત્રીઓને નથી; તેમ શ્વેતાંબર સંપ્રદાયમાં જે વર્ગ દેરાવાસીના ઉપનામથી ઓળખાય છે તેમની એવી માન્યતા છે કે મુનિવર્ગ સિવાયના ગૃહસ્થ એવાં સ્ત્રી-પુરૂષોને જિનાગમો વાંચવાનો કે ભણવાનો અધિકાર નથી. મુનિવર્ગમાં પણ સાધ્વીજીઓને અમુક અંશે એ અધિકાર નથી. જિના-

ગર્ભાના સંક્રમણ અથવા વિકાસ ઉપર પૂર્વસંસ્કારોનો પ્રભાવ પડે છે અથવા તે તેથી વિજાતીયની ઓર વધુ આકર્ષણ જન્મે છે. વૈજ્ઞાનિક સંશોધનોમાં જે વર્ગ કોષ-નકલારીના ઉપનામથી ઓળખાય છે તેવા ૮૮ ટકા કે ૯૦ ટકા સ્ત્રીઓ-પુરુષોમાં માત્ર ૫૨ ને માને છે અને નારી-સ્વર્ગની કે નારક. સ્વર્ગવાસ માનીને પરલોકવાસ બહુધાની છૂટ આપે છે. કેવળજ્ઞાનીની સંખ્યામાં પ્રત્યક્ષ કરેલા કે જૈનના વિકાસમાં સર્વ કોઈ અપેક્ષાએ સમકક્ષ ગણે તેવી કોટીથી ઉપાસના કે સેવા પદ્ધ અપાતી નથી. તેવા ૫૨ અનેક વિવાદ જેવી કોઈ વિશેષતા કે અસાધારણ ગણાતા નથી-સ્વીકારાતા નથી.

કુંચનશ્રીનો અભિગમ—અમારા પરમકૃપાળુ આચાર્યશ્રી કેવલ-કાન્તશ્રીજી જ વિચારે કરીને ઉપાશ્રય... અને અમારા જૈનસમાજમાં મંદિરોમાં બહાર ગામડાંઓમાં પૂજનાર્થે જાય છે. છતાં આજે અમારા જૈનસમાજમાં કંચનશ્રીનો અભિગમ વધી પડ્યો છે; અને તેથી ગામનો વ્યવહાર, મંદિર અને ઉપાશ્રય વહેંચાઈ ગયો છે. અમારા પરમ સદ્ભાગ્યે આચાર્યવર્ય વિજય અને વિદ્વદ્વર્ય શ્રીયુત પંડિતશ્રી મુનિશ્રીઓના આચારને દર્શાવનારાં શ્રી આચારાંગ સૂત્ર અને આચારોના આચારને દર્શાવનાર શ્રી ઉપાસકદશા સૂત્ર આદિ જૈનસાહિત્ય—ગ્રન્થોમાં આપ્યાં છે. આપણને આદર્શ પુરુષ શ્રી મહાવીરનું ચરિત્ર કલ્પસૂત્રમાં અને મુનિપણામાં કેવું ઉત્તમોત્તમ હતું તેના જ્ઞાન તે અંગે ઉપરથી આવિષ્કૃત્ય આવી ગયું છે. વિષયાંતર નહીં પણ વિસ્તારભયથી કંપિત કરવા ખાતર શ્રી વીર ભગવાને કેવળજ્ઞાન પ્રાપ્તિને કરી સ્વયંસ્ફુરિતની સ્વાવલંબનના પાઠ આત્મજાગૃતિને કેવા શીખવ્યા ? એ કહેવાની જરૂરિયાત હું કેમ કરી શકતો નથી. તે માટે આચારાંગ સૂત્રના ૬૮ મા અધ્યયનમાંથી હું મારું અવતરણ આપી રહ્યો છું:—

"ભગવાન મહાવીર જ્યારે ૧૮ મા શ્રમણ નામના દિને, દિવસ ચઢ્યો ત્યારે પોઢ્યા, પાણીવગરના બે ઉપવાસ. સાલવૃક્ષવાળિની મંડપના નામની શિલાપાટણી ઉપર બેઠા. દેવ, મનુષ્ય તથા અસુરોની પર્ષદાઓ આવે આવતાં આવતાં સુવિધકુંડગ્રામના મધ્યમાં થઈને જ્યાં જ્ઞાતખંડ નામે ઉદ્યાન હતું ત્યાં આવ્યા. આવીને ભૂમિથી ઊંચે હાથ ઊંચી શિબિકા રખાવી. પછી ધીમે ધીમે તેમાંથી ઉતર્યા. ઉતરીને ધીમે ધીમે પ્રમાલિમુખ વિદ્વાનો ઉપર બેસી આભરણ અલંકાર ઉતારવા લાગ્યા. મહાદેવે મોહદાસાને મેટી સોનાની વસ્ત્રમાં આભરણ —અલંકાર ગ્રહણ કર્યા. તદ્દોપરિ શ્રમણે ભગવંત મહાવીરે જમણા હાથથી જમણી તરફનો—અને વામેતર હાથે ડાબા હાથથી ડાબી તરફનો પંચમુષ્ટિક લોચ કરેલ—પંચમુષ્ટિ લોચ કર્યો.

શક્રેંદ્રેન્દ્રે તે વાળ રત્નના થાળમાં ગ્રહણ કરી, ક્ષીરસમુદ્રમાં પહોંચાડ્યા. પ્રભુના ખભા ઉપર એક વસ્ત્ર મુકયું. આ પ્રમાણે ભગવાને લોચ કર્યા પછી णमो सिद्धाणं–શ્રી સિદ્ધને નમસ્કાર કર્યા. પછી करेमि सामाइयं–હું સામાયિક–સમાધિયોગમાં રહીશ, મારા શુદ્ધ સ્વરૂપમાં રહીશ, सव्वं मे अकरणिज्जं पावकम्मं–મારે કોઈ પણ પ્રકારનું પાપકર્મ કરવું નહીં; એ રીતે ભગવાને સામાયિક ચારિત્ર લેવાની પ્રતિજ્ઞા કરી. તુર્તજ ભગવાનને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું, અર્થાત્ સર્વ કોઈના મનોભાવ તેમને દેખાવા લાગ્યા.

પ્રવ્રજ્યા લીધા પછી ભગવાન પોતાના મિત્ર, જ્ઞાતિજનો તથા સગાસંબંધીઓની આજ્ઞા લઇ પોતે ત્યાંથી અન્યત્ર જવા ચાલ્યા. અને એવો અભિગ્રહ લીધો કે:—

" મુજ આત્મવિકાસ કરીશ સદા, હર એક પળે ધરી તત્પરતા;
મુજ સાધ્ય વિષે યદિ કાંઇ નડે, મન વાચ શરીર તણીજ જરી,
પ્રકૃતિ ઝટ દૂર કરીશ વળી, બસ જીવ સટોસટ યત્ન કરી. "

પ્રભુના સાધનકાળના કેટલાક નિશ્ચયો પણ જાણવા જેવા છે:—

(૧) પરસહાયની અપેક્ષા ન રાખતાં પોતાના જ વીર્યથી જ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ મેળવવું; કારણકે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં આત્મબળજ ઉપયોગી છે.

(૨) જે કંઈ ઉપસર્ગો એટલે કે દેવ–દાનવ કે માનવકૃત વિઘ્નો કે કલેશો આવી પડે તેમજ પરિસહો–નૈસર્ગિક આપત્તિઓ આવી પડે તેમાંથી નાસી છુટવાનો બીલકુલ પ્રયત્ન ન કરવો. કારણ કે ઉપસર્ગો અને પરિસહો સહન કરવાથીજ પાપકર્મનો ક્ષય થાય છે, ચિત્તની શુદ્ધિ થાય છે. દુઃખ માત્ર પાપકર્મનું ફળ છે. ફળ ભોગવવાની કાયરતાવાળા પ્રાણીઓ તેમાંથી બચવા પ્રયત્ન તો કરે છે, પણ તેનું પરિણામ એ આવે છે કે આજનું દુઃખ માત્ર આવતી કાલ ઉપર ઠેલાય છે. જેઓ શાંતિ અને હિમ્મતથી પોતાના પાપકર્મના પરિપાકરૂપ દુઃખને વેદે છે તેઓ જ પોતાનું આત્મબળ ખીલવવાવાળાં ભાગ્યશાળી થાય છે.*

---

* શ્રી મહાવીર પ્રભુનું ચરિત્ર, મનુષ્યોને માટે એક આદર્શ ચરિત્ર છે. જૈનોમાં જેઓ મુનિવર્ગના નામથી પ્રસિદ્ધ છે, તેઓ મ્હોટે ભાગે તેમના આદર્શ ચરિત્રને જ અનુસરે છે અને દીક્ષા લેતી વખતેજ એવી પ્રતિજ્ઞા કરે છે કે करेमि भंते सामाइयं–હે ભગવાન્! હું આત્મ સ્વરૂપમાં–પરમાત્મસ્વરૂપમાં સ્થિર રહીશ, सव्वं सावज्जं जोगं पच्चक्खामि–પ્રત્યેક પાપવ્યા-

આધ્યાત્મિક સાહિત્યના અભ્યાસીઓ બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માની વાત તો સારી પેઠે જાણતા હશે. જૈનસિદ્ધાંતે હામ હામ નોબત વગાડીને જાહેર કર્યું છે કે પ્રત્યેક જીવ પોતાના નશીબનો-સદ્‌ભાગ્યનો કે દુર્ભાગ્યનો વિધાયક છે. પોતાની કૃતિથી જ તે પોતાને માટે નરક રચે છે અથવા નરકમાં ઉતરી પડે છે અને પોતાની કૃતિથીજ ઉંચામાં ઉંચા સ્વર્ગ ઉપર આરોહણ કરી શકે છે: એટલુંજ નહીં પણ આત્મબળે કર્મજાળને છેદી નાંખી સકળ સંસારસમુદ્રની પેલી પાર એવા મોક્ષને-મહા આનંદમય સ્થિતિને-પામી શકે છે. વસ્તુતઃ જૈનદ્રષ્ટિએ મનુષ્ય કે ઇતર પ્રાણીઓનો નિયંતા પોતાની જ અંદર રહેલ ઈશ્વર-આત્મા છે: અર્થાત પોતાના સિવાય બીજું કોઇ નથી. આ રીતે જૈનદર્શન પુરૂષાકાર કે આત્મબળવાદી છે. યજ્ઞમાં પશુના બલિદાનથી કે કોઇ એક તારણહારના ભોગથી જૈનો પોતાની મુક્તિ થશે એમ માનતા નથી. પોતાને જન્મ જન્માંતરની સાંકળે બાંધનાર અથવા છોડનાર જો કોઈ હોય તો તે પોતાનો જ આત્મા છે. જૈન સાહિત્ય, ખરૂં જોતાં, પંચ કારણનો સ્વીકાર કરવા છતાં મુખ્યતઃ આત્મબળ અથવા આત્મપ્રભાવ બતાવનારૂં સાહિત્ય છે. જૈન સાહિત્યનો આત્મા જ સ્વાવલંબન છે એમ કહું તો અતિશયોક્તિ નહીં ગણાય.

જેમના સાહિત્યમાં, આચારમાં ને વિચારમાં આવો પુરૂષાકાર, સ્વાવલંબન ભર્યો હોય એવો જૈનસમાજ કેવળ-એકાંતે કર્મવાદી ગણાઈ જાય અથવા તો તેમનાપર એવો આક્ષેપ લાવવામાં આવે એ શું સમયની જ બલિહારી નથી ? કર્મગ્રંથોનો અભ્યાસી સહેલાઇથી જોઈ શકે એમ છે કે જો કર્મનો અર્થ નસીબ કે એવો જ કંઈ થતો હોય તો જીવ તેને જીતી શકે નહીં અને જો જીતી ન શકે તો તે જિન કે જૈન શી રીતે થઇ શકે ? હું જેટલું જોઇને વિચારી શક્યો છું તે પરથી મને તો એમજ લાગ્યું છે કે પોતાના ભાગ્યનો

પારનો હું ત્યાગ કરૂં છું, **तविहं तिविहेणं** મન, વચન અને કાયાના યોગથી કોઇ પણ પાપ કાર્ય ન **करेमि न कारवेमि करंतमपि अन्नं न समणुज्जाणामि** કરૂં નહીં, કરાવું નહીં, કરનારને અનુમોદન આપુ નહીં. આ નિયમ યાવત્‌જીવન પાળીશ- **जावज्जीवाए पज्जुवासामि** અને આમ કરતાં ભૂલું તો તુર્તજ **पडिक्कमामि** માર્ગ શુદ્ધ સ્વરૂપમાં પાછો ફરૂં, અને **तस्स निंदामि**-એ વૃત્તિને નિંદુ, ગુરૂસાક્ષીએ **गरिहामि**-ગર્હું, **अप्पाणं वोसिरामि** અને દેહાત્મભાવને સર્વથા ત્યાગ કરૂં છું. આમ મુનિઓ જીવન પર્યંત અને શ્રાવકો પોતાના નિત્યકર્મમાં ઓછામાં ઓછું બે ઘડી કે એક મુહૂર્ત્ત પર્યંત સામાયિક, યોગ કે સમાધિધ્યાન કરે છે.

વિધાયક કે સૃષ્ટા પોતાને જ માનવામાં જૈન સિદ્ધાંત બીજા બધા કરતા અગ્રણી છે. જૈનાગમનું રહસ્ય 'દૂરપારં'–બહુ દૂરવર્ત્તી છે એમ કહેવામાં શ્રી હરિભદ્રસૂરિજી જૈનસિદ્ધાંતના અભ્યાસીઓના હૃદયનો જ પડઘો પાડી રહ્યા હોય એમ મને લાગે છે.

વિશ્વવિદ્યા—પ્રત્યેક જીવમાં કેટલીક શક્તિઓ સ્વાભાવિકપણેજ રહેલી હોય છે. જૈનસિદ્ધાંત તેને 'પર્યાપ્તિઓ' (Capacities) ના નામથી ઓળખાવે છે. ચૈતન્ય પોતાની આંતર કે ઉચ્ચતર શક્તિઓને છુપાવી–છન્ન રાખી–એ પર્યાપ્તિ કે બાહ્યશક્તિવડે આ વિશ્વપ્રકૃતિમાંથી પુદ્ગલના સ્કંધોને આકર્ષી, તેનો રસ કરી, (આહાર પર્યાપ્તિથી) પોતાની શરીર રચના કરી, (શરીર પર્યાપ્તિ) ઇન્દ્રિયો (ઈંદ્રિય પર્યાપ્તિ) ઘડી, એક કુશળ શિલ્પકાર અથવા વિશ્વકર્માની પેઠે, પ્રાણ સર્જી, (શ્વાસોશ્વાસ પર્યાપ્તિ) ભાષા (ભાષાપર્યાપ્તિ) અને મનની (મનઃપર્યાપ્તિ) પણ રચના કરી શકે છે. દાખલા તરીકે વૃક્ષમાં રહેલું ચૈતન્ય પોતેજ પોતાની શક્તિઓવડે, પોતાની આસપાસ રહેલા પ્રકૃતિ સમુદ્રમાંથી પુદ્ગલ પરમાણુના સ્કંધોને આકર્ષી–ગ્રહી એવું રૂપ આપે છે કે જેથી આપણે તેને વૃક્ષરૂપે ઓળખી શકીએ છીએ. એ રીતે વૃક્ષમાં રહેલું ચૈતન્ય જ વૃક્ષનો સૃષ્ટા, વિધાતા અથવા નિયામક છે, અને એજ ચૈતન્ય પોતાની વિકસિત શક્તિના પ્રમાણમાં બીજી ઉન્નત શરીરરચનાઓ પણ કરી શકે છે. તેવી જ રીતે જળ, અગ્નિ, વાયુ, પર્વત, પૃથ્વી, વનસ્પતિ, જંતુ, પશુ, પક્ષી, જળચર, સ્થળચર, મનુષ્ય, નારક, ચંદ્ર, સૂર્ય અને દેવ વિગેરે દેહોનો સૃષ્ટા–વિધાતા પણ જીવ પોતે જ છે. ચિત્રકાર પોતાની કલ્પના અને મનોભાવને વ્યક્ત કરવા નાના પ્રકારના ચિત્રો આલેખે છે, તેમ જીવરૂપી ચિત્રકાર પણ પ્રકૃતિપટ પર પોતાની નામકર્મરૂપી શક્તિવડે નાના પ્રકારના ચિત્રો રચે છે. આથી સ્પષ્ટ થશે કે ચૈતન્ય પોતાની શક્તિપર જ નિર્ભર રહેવાવાળું છે.

અંતઃશક્તિ પ્રભાવ—જેમ બાહ્ય શક્તિથી–પર્યાપ્તિથી ચૈતન્ય પોતાની બાહ્ય શરીરરચના કરી લે છે તેમ અંતઃશક્તિ કિંવા અંતરાત્માથી પોતાના આંતર ગુણોનો પણ વિકાસ કરે છે. તે એટલે સુધી કે પોતાનું પૂર્ણ સચ્ચિદાનંદ સ્વરૂપ પોતે જ પ્રકટાવે છે. એ ભાવના ઉદ્‌ગારોથી જૈનસાહિત્ય પરિપૂર્ણ છે. આપનામાંથી કદાચ કેટલાકોએ શ્રીપાળ–મયણાસુંદરીના ચરિત્રનું વાંચન કર્યું હશે; અથવા તો તે ચરિત્ર પરથી સ્વ. ડાહ્યાભાઇ ધોળશાજીએ રચેલું વીણાવેલી નાટકનું વસ્તુ જોયું કે સાંભળ્યું હશે. અમારા જૈનસમાજમાં તો વર્ષમાં બે વાર શ્રીપાળરાજાના રાસનો પાઠ થાય છે. એ આખા ચરિત્રમાં સ્વ-

કર્મવાદ અથવા આત્મબળનો જ સિદ્ધાંત પ્રરૂપવામાં આવ્યો છે. આ પ્રકારનું કથા સાહિત્ય તેમજ તાત્ત્વિક સાહિત્ય તો સંપૂર્ણપણે બહાર આવે અને તેનો પૂરેપૂરો પ્રચાર થાય તો જનતાને કેટલો લાભ થાય ?

અહિંસા પ્રભાવ—આત્મબળની જેમ અહિંસાના સિદ્ધાંતને પણ જૈનોએ કેવો અપનાવ્યો છે તે વાત હવે ગુજરાતની પ્રજાને નવેસરથી કહેવાની કંઈ જરૂર ન હોય. જીવવું ને જીવવા દેવું; મરવું પણ મારવું નહીં એ અમારી મૂળ ભાવના છે.* પ્રત્યેક જીવની સાથે દર્શનોપયોગે અભેદ અને જ્ઞાનોપયોગે સમભાવ—પહેલાથી એકતા અને બીજાથી વિષયવિષ પણ સમતા, એમ જૈનધર્મના સિદ્ધાંતો હામ હામ ઉપદેશી રહ્યાં છે. જૈનસાહિત્યરૂપી સમુદ્રમાંથી નિરંતર "માહણ"[૧] નો જ ગંભીર નાદ નીકળી રહ્યો છે. ધર્મના નામે યજ્ઞમાં થતી પશુહિંસા અને તેનો વેદોક્ત હિંસા ન ભવતિ—વેદમાં ઉપદેશાયેલી હિંસા એ હિંસા જ ન કહેવાય એવો થતો બચાવ હવે હિંદુસમાજમાં ઘણા થોડાજ માનતા હશે. કળિકાળમાં હિંસાવાળા યજ્ઞો બંધ કરવા જોઇએ—कलौ यज्ञो निषेधयेत्, એવા જે વચનો જૈનેતર ગ્રંથોમાંથી મળી આવે છે તે જૈન સાહિત્યમાં પ્રરૂપાયેલ અહિંસા અને જૈનજીવનમાં ઉતરેલી આચરણાનો જ પ્રભાવ છે. એ વાત હવે સૌ કોઈ સ્વીકારે છે. એ રીતે એક તરફ પશુહિંસા સામે અને બીજી તરફ અધઃપાત પામેલા વામતંત્ર સામે જૈનસાહિત્યને યુદ્ધ કરવાં પડ્યાં છે. અમારા પૂર્વજોએ પોતાના સુંદર ચારિત્ર્યની રાજા—મહારાજાઓ અને સામાન્ય જનતા ઉપર પણ એટલી સરસ રીતે છાપ પાડી હતી કે આજે અમે જૈનો મહાજનના ગૌરવભર્યા નામથી ઓળખાઇએ છીએ. દયા અને પ્રાણીસેવા એ અમારો વારસો લેખાય છે. અને એ વારસો સાવ નિષ્ફળ ગયો છે એમ પણ શી રીતે કહેવાય ? અમારા અહિંસાવાદના પ્રતાપે જૈનપ્રજામાંથી કોઈ ખુની તો ભાગ્યે જ જડે, માંસાહારી કે શીકારી કોઈ જૈન હોઇ જ ન શકે. કેદખાનાના સરકારી રીપોર્ટોના આધારે પણ ફોજદારી ગુન્હાનું પ્રમાણ બીજી સમાજે કરતાં જૈનસમાજમાં અત્યંત ન્હાનું હોય છે.

---

* એમ છતાં હિંસાથી રંગાયેલાં રેશમી વસ્ત્રો અને સંચામાં બનેલાં કપડાં વાપરવાનો રીવાજ જૈનસમાજમાં વધી પડ્યો એ દુર્ભાગ્યની વાત છે.

૧ માહણ નો પાઠ—જપ કરનારા પાછળથી બ્રાહ્મણો ગણાયા એવી એક વિચાર પ્રણાલી છે. બ્રાહ્મણો અને જૈનો વચ્ચે વિચારભેદ હોવા છતાં, સદ્‌ભાગ્યે એવો સુસંપ સ્થપાયો છે કે હાલમાં જૈનોના મંદિરોમાં મ્હોટે ભાગે બ્રાહ્મણ પૂજારીઓજ હોય છે. "હસ્તિના તાડ્યમા નોપિ" વાળી વાર્તા હવે કોઇ યાદ પણ નથી કરતું.

સ્થાપત્યકળા—ચારિત્ર્ય એ જીવનનો પાયો છે. એ ચારિત્ર્ય ઉપર જૈન-સાહિત્યે કેવો પ્રભાવ વિસ્તાર્યો છે એ મેં ટૂંકામાં કહ્યું. પરન્તુ તે સિવાય જૈન-સાહિત્યે, સાહિત્યની બીજી ઘણી શાખા-પ્રશાખાઓમાં રસ ભર્યો છે. મને આ પ્રસંગે મારા જર્મન વિદ્વાન્ મિત્ર પ્રો૦ હર્મન જેકોબીનો એક પ્રસંગ યાદ આવે છે. પ્રો૦ જેકોબી અને હું ગુજરાત અને રાજપુતાણાના પ્રદેશમાં પ્રવાસ કરતાં કરતાં પાટણ પહોંચ્યા અને ત્યાં જૈનભંડારમાંના તાડપત્રપર તેમજ બીજા કાગળોપર સુંદર અક્ષરોએ લખેલા શ્રી જૈન સાહિત્ય દેવીનાં દર્શન કર્યાં. મેં મારી ભક્તિકુસુમાંજલી પ્રેમાશ્રુવડે સમર્પી. તે વખતે અમને શ્રી હિંમત-વિજયજી નામના એક સ્થાપત્યવિદ્યામાં નિષ્ણાત યતિવર્યનો સહજ સમાગમ થયો. મ્હારા વૃદ્ધ મિત્ર-પ્રો૦ જેકોબીએ મને નમ્ર સ્વરોમાં પૂછ્યું કે—"ભાઈ! આ યતિવર્ય મને પોતાનો શિષ્ય બનાવી તેમની ચરણસેવા કરવાની તક ન આપે?" જે સ્થાપત્યકળા એક વાર જૈન પ્રજાના પ્રતાપે ઉન્નતિની ટોચે પહોંચી હતી તે કળા વિષે આજે ગણ્યાગાંઠયા જૈનો જ રસ લેતા જણાય છે.

જૈન મંદિરોની સ્વચ્છતાની પાશ્ચાત્યો પર અસર ને કળાપૂજા—ગુજરાતને શિલ્પકળા અને સ્થાપત્યકળાથી સમૃદ્ધ કરવા જૈનોએ લાખો રૂપિયા ખર્ચ્યા છે. જૈન મંદિરો અને ગૃહદેરાસરોની સ્વચ્છતા જોઇ મારા મિત્ર પૉલ રીશાર, પ્રો૦ હર્મન જેકોબી તથા ડૉ. એફ. ડબલ્યુ થોમ્સ મુગ્ધ થયાનું મેં જાણ્યું છે. માત્ર ગુજરાતમાં જ નહીં પણ હિંદના જુદા જુદા પ્રાંતોમાં પણ જૈનોએ પોતાની કળાપૂજનની ભાવના સાર્થક કરવા પ્રાસાદો, પૌષધશાળાઓ અને તીર્થક્ષેત્રોને બને તેટલાં મનોહર બનાવ્યાં છે. કહેણમાં કહેણ આરસ પથ-રમાં પુષ્પની મૃદુતા જોવી હોય તો આબુના જૈન મંદિરોની એકવાર મુલાકાત લઈ આવશો. એમ કહેવત છે કે એક શ્રી આદીશ્વરના મંદિરમાં વિમળશાએ (આબુ પર) ઓગણીશ કરોડ રૂપિયા ખર્ચ્યા છે; અને નેમિનાથના મંદિરમાં વસ્તુપાળ તેજપાળે કરોડો રૂપિયા ખરચ્યા છે. મહિસુર રાજ્યમાં આવેલા દિગંબર આમ્નાયમાં મનાતા શ્રવણ બેલગુલની શ્રી ગોમટેશ્વરની પ્રતિમાજી પણ ભવ્યતાનો એક ઉંચામાં ઉંચો નમુનો છે. એ પ્રતિમાજી લગભગ એક હજાર વર્ષથી એ સ્થળે છે. તેની ઉંચાઈ અઠ્ઠાવન ફીટની છે. શિરોભાગથી તે કાન સુધી છ ફીટ અને છ ઇંચ છે. જૈનસમાજની કળાપૂજનો આપને એટલાપરથીજ ખ્યાલ આવી શકશે.

લોક પ્રકાશ—Jain Encyclopaedia-જૈન સાહિત્યના વિશાળ ક્ષેત્રમાં. ભિક્ષોપજીવી-નિર્ગ્રંથ-ત્યાગી મુનિવરોએ શા શા સાહિત્યરત્નો વેર્યાં છે? તેનું વર્ણન એક કલાકમાં તો શું પણ ત્રીશ દિવસ સુધી એક એક કલાક કહેવામાં

આવે તો પણ પૂરું ન થાય. હું માત્ર લોકપ્રકાશ તરફજ આપની દૃષ્ટિ આકર્ષું છું, આપને લાગશે કે EncycloPaedia નો વિચાર એક કાળે પૂર્વાચાર્યોને જરૂર હોવો જોઇએ.

શ્રી હેમાચાર્ય—જૈન સાહિત્યમાં ચક્રવર્ત્તી સમા પ્રભાવશાલી કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના અસાધારણ સામર્થ્ય અને પ્રતિભા વિષે આપે અવશ્ય કંઈક સાંભળ્યું હશે. એમ કહેવામાં આવે છે કે એ એકજ આચાર્યે સાડાત્રણ કોડ જેટલી શ્લોક સંખ્યા જૈન પ્રવચન માતાના ચરણકમળમાં ધરી દીધી છે. સાહિત્ય, વિજ્ઞાન, દર્શન, ઇતિહાસ, ભૂગોળ, જ્યોતિષ કે રાજનીતિનો એવો એક પણ વિષય નથી કે જેને શ્રી હેમચંદ્રાચાર્યે ન વિકસાવ્યો હોય. ડો. કીલહોર્નના લખવા પ્રમાણે તેમનો 'અષ્ટાધ્યાયી' નામનો વ્યાકરણનો ગ્રંથ પાણિનીની 'અષ્ટાધ્યાયી' સાથે સ્પર્ધા કરે છે. (જુઓ, જર્મનીનું ઓરીએન્ટલ રીવ્યુ.) તેમના અભિધાન ચિંતામણિ અને દેશી નામમાળા વિગેરે કોષો, તેમની છંદશાસ્ત્ર અને અલંકારશાસ્ત્ર વિષેની રચનાઓ, તેમનું ત્રિષષ્ટી શલાકાપુરૂષ ચરિત્ર, તેમના ન્યાયશાસ્ત્ર, જ્યોતિષ્શાસ્ત્ર, તર્કશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, અર્હન્નીતિ જેવા કાયદા શાસ્ત્ર વિગેરે વિષયોના ગ્રંથો તરફ આપની સૌની દૃષ્ટિ આકર્ષું છું. યોગના વિષય ઉપરનું તેમનું યોગશાસ્ત્ર, વાદના વિષય ઉપરનું વાદશાસ્ત્ર, ભક્તિભાવભર્યાં તેમનાં સંસ્કૃત સ્તોત્રો અને પાણિની મુનિની જેમ ધાતુપાઠ, ગણપાઠ, લિંગાનુશાસન, ઉણાદિપાઠ વિગેરે ગ્રંથો પણ વિદ્વજ્જનોને આશ્ચર્ય પમાડે એવાં છે. **દ્વાશ્રય** નામનું તેમનું એક કાવ્ય ગુજરાતની ઐતિહાસિક સામગ્રી ગણાય છે. એ કાવ્ય ભટ્ટીકાવ્યની સ્પર્ધા કરે છે. તેનો એક અર્થ ગુજરાતના મહારાજા સિદ્ધરાજને લાગુ પડે છે અને બીજો અર્થ પોતે રચેલી વ્યાકરણ વિષયક અષ્ટાધ્યાયીને લાગુ પડે છે.

ભાષા—જૈન લેખકોએ કેવળ સંસ્કૃત કે પ્રાકૃત સાહિત્યજ નથી એમ, પણ માગધી, અર્ધ માગધી, અપભ્રંશ, જુની મહારાષ્ટ્રીય ભાષા, હિંદી, જુની ગુજરાતી અને પર્શીયન ભાષામાં પણ પોતાનું સાહિત્ય લખ્યું છે. તામીલ અને કાનડી ભાષામાં દિગંબર જૈન સાહિત્ય પ્રચૂર પ્રમાણમાં મળી આવે છે એમ બ્રીટીશ મ્યુઝીયમના ઓરીયંટલ ડીપાર્ટમેંટના લાઇબ્રેરીયન ડો૦ બાર્નેટ મને કહ્યું હતું. આ ભાષામાં ગ્રંથોનો પરિચય અંગ્રેજી જૈન ગેઝેટ દ્વારા તેના વાચકોને થયો હશે.

ઇતિહાસ—ડો૦ ભંડારકર, પ્રો. પીટરસન, મેકેન્જી, વેબર, કોલબ્રુક,

બ્યૂહ્લર તથા ડા૦ ગેરીનો વિગેરે વિદ્વાનોએ જૈનસાહિત્યના સંશોધનને લગતા જે રીપોર્ટો બહાર પાડ્યા છે તે જૈનનું ઐતિહાસિક સાહિત્ય કેટલું અગાધ છે તેનો અચ્છો ખ્યાલ આપે છે. જેમને બહુ અવકાશ ન હોય તેઓ આ રીપોર્ટો જોઈ જવાની તકલીફ લેશે તો પણ તેમાંથી તેમને ઘણું નવું જાણવાનું મળી આવશે. તેમાં મૂળ ગ્રંથ, ગ્રંથોના વિષય, ગ્રંથનું પ્રમાણ, ગ્રંથની શૈલી અને ભાષા તથા છેવટે ગ્રંથની પ્રશસ્તિઓ પણ આપવામાં આવી છે. તે પરથી ગ્રંથ રચાયાના કાળની તથા ગ્રંથકર્તાની તેમજ તેમના પૂર્વ પુરૂષની પણ સંક્ષિપ્ત માહિતી મળી રહે છે. જૈનગુરૂઓની પટ્ટાવલી કે જે લગભગ છેલ્લા બઢી હજાર વર્ષની મળે છે તે પણ ઇતિહાસપ્રેમીઓને માટે એક અગત્યનું સાધન છે.

પુસ્તક ભંડાર—પાટણમાં છ પ્રાચીન ગ્રંથ ભંડારો છે, અમદાવાદમાં બે, જેસલમીર, ખંભાત, લીંબડી, કચ્છનું કાશીરૂપ કોડાય વિગેરે સ્થળે એક એક અને મુંબઈમાં દશા ઓશવાળોના તથા દિગંબર બંધુઓનો મળી બે, તેમજ (પુના) ડેકનકોલેજમાં, રાંધનપુરમાં અને જામનગરમાં જુનાં જૈન ગ્રંથોના ભંડારો છે.

લિપિ કૌશલ્ય—જુના જૈન સાહિત્યનું લિપિકૌશલ્ય પણ જરા મોહ પમાડે તેવું છે. લહિયાઓએ એ સાહિત્ય તાડપત્રો પર, દેશી કાગળો પર, તેમજ શીલાલેખો ઉપર ઉતારવાના યત્નો કર્યા છે. કોઈ કોઈ પ્રાચીન પ્રતમાં છાપખાનાના અક્ષરોને પણ શરમાત કરે એવા સુંદર અને સોનેરી-રૂપેરી શાહીથી લખાયેલા લેખો મળી આવે છે. પ્રસંગને છાજતા પ્રાસંગિક ચિત્રો પણ તે કાળની ચિત્રકળાનું દર્શન કરાવે છે.

પુસ્તક પ્રસિદ્ધિ—છેલ્લા એક બે દશકામાં જૈન આચાર્યોએ તથા તેમના શિષ્ય પરિવારે જૈન સાહિત્યનો ઉદ્ધાર કરવા જે કમ્મર કસી છે તેનો હું અંત્રે આનંદપૂર્ણ ચિત્તે ઉલ્લેખ કર્યા વિના રહી શકતો નથી. તે સિવાય જૈન ધર્મ પ્રસારક સભા, આત્માનંદ સભા, વિદ્યા પ્રસારક વર્ગ, અમદાવાદની વિદ્યાશાળા, શ્રી દેવચંદ લાલભાઈનું પ્રકાશન મંદિર, પરમશ્રુત પ્રભાવક મંડળ, આરાનું સેંટ્રલ પબ્લીશીંગ હાઉસ, પં. હિરાલાલ હંસરાજનું જૈન ભાસ્કર ગ્રંથ પ્રસિદ્ધિ ખાતું, આગ્રાની આત્માનંદ સભા, આગમોદય સમિતિ અને શા. ભીમસિંહ માણેક વિગેરેએ એ દિશામાં ઘણા આવકારદાયક પ્રયાસો કર્યા છે. એ સંસ્થાઓના પ્રતાપે જૈન ગ્રંથો ગુહાઓને છોડી પુસ્તકાલયોમાં અને જ્ઞાન-મંદિરોમાં અધિષ્ઠિત થઈ પોતાનું મંગળ દર્શન આપી રહ્યાં છે.

નવું કોષ વ્યાકરણ સાહિત્ય—નવું સાહિત્ય હાલમાંજ પં. બેચરદાસજીએ પ્રાકૃત વ્યાકરણ સાંપ્રતકાળની પદ્ધતિએ લખી બહાર પાડ્યું છે, તેમજ પં. હરગોવિંદદાસે એક પ્રાકૃત કોષ બહાર પાડી પ્રાકૃત ભાષાના અભ્યાસીઓ ઉપર મોટો ઉપકાર કર્યો છે. પં. શ્રી રત્નચંદ્રજીએ આગમાભ્યાસી મુનિવરોની સગવડ માટે એક માગધીભાષાનો શબ્દ સંગ્રહ પ્રકટ કર્યો છે. આ નવાં સાધનોથી, મને આશા છે કે જૈનસાહિત્યના સંસ્કૃત અને પ્રાકૃત પ્રદેશોનો પ્રવાસ કેટલેક અંશે સુગમ થઇ પડશે.

લોકોપકારક સાહિત્ય—જૈનાચાર્યો સિવાય જે બ્રાહ્મણ પંડિતોએ પ્રાચીન કાળમાં ગ્રંથો લખ્યા છે તેઓમાંનો મોટો ભાગ ઘણું કરીને કોઈ રાજા-મહારાજાને રીઝવવા અર્થેજ લખાયો હોય એવો ભાસ થાય છે. કારણ કે જુના કાળમાં વિદ્વાનોને સારો રાજાશ્રય મળતો એ નિર્વિવાદ છે અને તેથી તેઓ રાજદરબારમાં કીર્ત્તિ કે પ્રતિષ્ઠા મેળવવા પોતાની શક્તિ વાપરે એ સ્વાભાવિક છે. જૈનાચાર્યોએ રાજ્યનો અને પ્રજાનો આશ્રય મેળવ્યો છે. તેઓએ કેવળ રાજકર્તાઓને રીઝવવા માટે જ ગ્રંથો નથી લખ્યા. રાજસભામાં પૂજાવા છતાં તેમણે સાધારણ જનસમાજ તરફ જરાય દુર્લક્ષ નથી કર્યું. વિક્રમના દરબારમાં કવિવર્ય ધનપાળ એક કવિરત્ન તરીકે પંકાયા છે, કુમારપાળ અને સિદ્ધરાજના દરબારમાં શ્રી હેમચંદ્રાચાર્યનું સ્થાન અતિ ઉચ્ચ છે, અને અકબરની રાજસભામાં શ્રી હીરવિજયસૂરિજીનો પ્રભાવ ઇતિહાસપ્રસિદ્ધ છે. છતાં તે તે આચાર્યોનું સાહિત્ય લોકસેવાની ભાવનાથી બાકાત નથી થયું એ એક અભિમાનનો વિષય છે. તત્ત્વજ્ઞાન, કાવ્ય, વૈરાગ્ય કે નાટ્ય વિગેરે વિષયો ઉપરાંત જૈનાચાર્યોએ ધનુર્વિદ્યા, ગજવિદ્યા, અશ્વવિદ્યા, રસાયણવિદ્યા અને વૈદ્યકવિદ્યા વિષે પણ ઘણા ગ્રંથો લખ્યા છે. તે સિવાય મંત્રવિદ્યા, જ્યોતિષવિદ્યા, સુવર્ણપરીક્ષા અને રત્નપરીક્ષા જેવા વિષયો વિષે પણ ઘણું સાહિત્ય મળી આવે છે. એક ફ્રાન્સના વિદ્વાને રત્નપરીક્ષા નામનો જૈન ગ્રંથ ફ્રેંચ ભાષામાં અનુવાદ કરાવી બહાર પાડ્યો છે. જૈનધર્મ પાળતા ઝવેરીઓને પણ પોતાના સાહિત્યની જે માહિતી ન હોય તે યુરોપીયન વિદ્વાનો હજારો કોસ દૂર રહેવા છતાં મેળવી રહ્યા છે.

જૈન સાહિત્યની સમન્વય દ્રષ્ટિ—જૈન સાહિત્યની વિશેષતાઓમાં તેની સમન્વયપદ્ધતિ પણ એક છે. એ પદ્ધતિએ ઘણા વિદ્વજ્જનોને આકર્ષ્યા છે. કેટલાકો તો એ સમન્વયપદ્ધતિને આશ્રયીને એટલે સુધી માનવાને તૈયાર થયા છે કે જૈન એ કોઈ ધર્મ (Religion) નથી, પણ જગતને નવું દ્રષ્ટિબિંદુ આપનાર એક દર્શનવિશેષ જ છે. (Philosiphy) હું તેમ માનતો નથી. કારણ કે જો જૈન

કેવળ દર્શન જ હોત તો આજે વૈશેષિક, સાંખ્ય કે મિમાંસક દર્શનની જેમ તે માત્ર એક પાઠ્ય દર્શનજ બની ગયું હોત. જૈન એ ધર્મ છે, અને તે જ વખતે દર્શન પણ છે. હવે જૈન દર્શન અમને જુદા જુદા ભાગો વિષે કેવું સમાધાનભર્યું સમન્વય કરી આપે છે. તે ટુંકામાં કહીશ.

શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે:—

અ " ષડ્ દર્શન જિન અંગ ભણીજે,
ધ ારવાંગી સર્વ નય ગ્રહી રે:
ક સાગરમાં સઘળી તટિની છે,
તટિનીમાં સાગર ભજના રે. "

અ—જિનશાસનરૂપી પુરૂષનું મસ્તક જૈનદર્શન છે, તેમનો જમણો હાથ વેદાંતદર્શન છે, ડાબો હાથ બૌદ્ધ દર્શન છે, જમણો પગ યોગદર્શન છે, ડાબો પગ સાંખ્ય દર્શન છે, અને કુખ (પેટ) લોકાયત (ચાર્વાક) મત છે કે જે કેવળ પ્રત્યક્ષપ્રમાણને જ માને છે. વળી શ્રી નેમિનાથ પ્રભુના સ્તવનમાં તેઓ કહે છે કે:—

" ષડ્ દર્શન નિજ અંગ ભણીજે,
ન્યાય ષડંગ જો સાધે રે:
નમિ જિનવરના ચરણ ઉપાસક,
ષડ્દર્શન આરાધે રે— "

છએ દર્શન જિનના અંગ કહેવાય છે. તે શી રીતે ? જિનેશ્વર ભગવાનની આકૃતિમાં છ અંગોને વિષે એ છએ દર્શનની સ્થાપના કરવી. શ્રી નેમિનાથ જિનેશ્વરના ચરણ ઉપાસકો—અર્થાત્ ખરા જૈનો-એ છએ દર્શનની આરાધના કરે છે.

પણ એ સ્થાપના (ન્યાસ) શી રીતે કરવી ? તે વિષે તેઓ કહે છે કે:—

" જિન સુરપાદપ પાય વખાણુ,
સાંખ્ય જોગ દોય ભેદે રે:
આતમસત્તા વિવરણ કરતાં,
લહો દુગ અંગ અખેદે રે. "

ઋષભ કે જિનેશ્વર ભગવાન રૂપ કલ્પતરૂ તેના પાય (પગિયાં) રૂપ બે

પગ વખાણ્યા. હવે જિનેશ્વરનાં તે બે અંગો કયા ? સાંખ્ય અને યોગ. આ બન્ને અંગો આત્માની સત્તા માને છે. એ અપેક્ષા શ્રી જિનની પણ હોવાથી તે અપેક્ષાએ સાંખ્ય અને યોગને બે પગરૂપ કહ્યા છે. એ પ્રમાણે ગ્રંથકાર પોતાની આગ્રહરહિતતા પ્રકટ તો કરે છે જ પણ સાથે વાચકવર્ગને પણ ભલામણ કરે છે કે એ વાત તમે ખેદરહિતપણે ગ્રહો.

ભેદવાદી અને અભેદવાદી અથવા સુગત (બુદ્ધ) પ્રણિત બૌદ્ધદર્શન અને જૈમિનિપ્રણિત પૂર્વ મિમાંસા તથા વ્યાસ પ્રણિત ઉત્તર મિમાંસા (વેદાંત) મળી મિમાંસા દર્શનને બે હાથ કહેતાં કહ્યું છે કે:—

" ભેદ અભેદ સુગત મિમાંસક,
જિનવર દોય કર ભારી રે;
લોકાલોક અવલંબન ભજિએ,
ગુરૂગમથી અવધારી રે. "

શ્રી જિનદર્શનમાં સ્વભાવમાં જુદા જુદા જ્ઞેયના જ્ઞાનરૂપ અને વિભાવમાં-કર્મને આશ્રિત પુદ્ગલથી પ્રાપ્ત થયેલ દેહોમાં પર્યાયને ક્ષણે ક્ષણે બદલાતા માન્યા છે; અને બૌદ્ધ દર્શને પર્યાયનો ફેરફાર મૂળના ફેરફાર રૂપ માન્યો છે. મિમાંસકો આત્મા એક જ છે, નિત્ય છે, અખંડ છે, ત્રિગુણભાવક નથી એમ માને છે. જિનદર્શનના નિશ્ચય નયની અપેક્ષાએ એ વાત યોગ્ય જ છે.

જુદા જુદા દર્શનો પ્રત્યે આવી રીતે ઉદાર દ્રષ્ટિ રાખવામાં શ્રી આનંદઘનજી મહારાજે પોતાની મતાંતરક્ષમતા તેમજ જિનદર્શનની મહત્તા પ્રકટ કરી છે. ચાર્વાક અથવા જેને નાસ્તિક કહીએ તેમના પ્રત્યે પણ ખંડનમય દ્રષ્ટિથી જોવાને બદલે બહુ જ ઉદાર ભાવથી નજર નાંખી છે; પણ વિસ્તારના ભયથી એ વાત અહીં ન લખતાં જતી કરું છું.

જિનદર્શન પૂર્વાપર અવિરૂદ્ધ શી રીતે ?—જિનદર્શનમાં અનેક નિશ્ચયો, અપેક્ષાઓ, અને દ્રષ્ટિઓનો સમાવેશ થઈ જાય છે, કારણ કે બ્રહ્માંડના જડ-ચૈતન્ય વિગેરે કર્યો પોતેજ અનેક ધર્મવાળા છે. તેને જો એક ચોક્કસ દ્રષ્ટિથી જોઇએ તો સત્ય ન પામીએ. એટલા માટે અનેક દ્રષ્ટિથી જ જોવાની રીત રાખવી ઘટે. કોઈ પદાર્થ વિષે બોલતી વેળા મુખ્ય ધર્મને બોલવાની પદ્ધતિ છે, પણ તેજ વેળા તેના અનેક ગૌણધર્મોનો અધ્યાહાર હોય છે, એ વાત લક્ષમાં હોવી જોઈએ. એજ કારણથી જૈનવાદને સ્યાદ્વાદ કે અનેકાંતવાદ

કહેવામાં આવે છે. જેમ એક પદાર્થ ઉત્પત્તિ અને લયની અપેક્ષાએ અનિત્ય કે નાશવંત છે, ક્ષણિક કે પર્યાયવંત છે તેમ તેજ પદાર્થ મૂળરૂપે સત્ છે. સોનાની મુદ્રિકામાં મુદ્રાપણાની કે આકારપણાની ઉત્પત્તિ અને વિનાશ પણ છે, પરંતુ સુવર્ણરૂપે તો તે સત્ અને નિત્ય જ છે. એ દ્રષ્ટિએ બ્રહ્માંડના છએ દ્રવ્યોને નિત્યાનિત્ય કહેવામાં આવ્યા છે.

કોઈ જીજ્ઞાસુના કલ્યાણ માટે, ઉપદેશ કરતાં પહેલાં તેની ભૂમિકા વિચારવી પડે છે અને એ ભૂમિકા અનુસારે નય કે અપેક્ષાની પદ્ધતિનો સ્વીકાર કર્યે જ છુટકો થાય છે. શ્રી હરિભદ્રસૂરિ મહારાજ યોગબિંદુમાં ૧૩૨ મા શ્લોકમાં કહે છે કે:—

चित्रा तु देशनैतेषां, स्याद् विनेयानुगुण्यतः ।
यस्माद् एते महात्मानो, भवव्याधिभिषग्वराः ॥

અર્થાત્—" તમે જે મહાત્મા કપિલ, મહાત્મા બુદ્ધ, મહાત્મા મહાવીર, મહાત્મા કણાદ, મહાત્મા ગૌતમ વિગેરેના નામની ખાતર અને તેમના વચનના સમર્થન માટે લડવા ભેગા થયા છો તે તમારો વ્યામોહ છે. તેમણે આત્મા નિત્ય છે અથવા આત્મા અનિત્ય છે, પરમેશ્વર કર્ત્તાહર્ત્તા છે એ પ્રકારે જુદી જુદી દેશનાઓ આપેલી છે તે બધી તે તે વિનેયો-શિષ્યોની અનુકૂળતા અને યોગ્યતા તરફ લક્ષ્ય રાખીને જ આપેલી છે. કારણ કે (ટીકાકાર લખે છે કે) જે પુરૂષો મહાત્માઓ અને સર્વજ્ઞ હતા તેઓ આ સંસારરૂપ વ્યાધિ નાબુદ કરવા માટે ઉત્તમ વૈદ્ય સમાન હતા."

વળી લખે છે કે—" શ્રોતાને-શિષ્યને જે પ્રકારે સમજાવવાથી આત્મજ્ઞાનના બીજનું આધાન થવાનો સંભવ હોય અને તે સંભવ પણ પ્રતિદિન વર્ધમાન હોય તો શિષ્યને તેઓએ તે તે પ્રકારે-જુદી જુદી દ્રષ્ટિએ સમજાવ્યું હોય એ બનવા જોગ છે.

" અથવા કદાચ તેઓએ તો એકસરખી દેશના કરેલી હોય તોપણ જુદી જુદી ભૂમિકાપર રહેલા સાંભળનારા અને જુદી જુદી ભૂમિકાપર રહેલા સમજનારા એ બધાની બુદ્ધિમાં તરતમતાનો ભેદ હોવાથી સંભવિત છે કે એકદેશના પણ અનેક રૂપમાં સમજાઇ હોય.

જુદી જુદી વાનીઓ જેમ જુદા જુદા જમનારના ચિત્તને સંતોષ આપે છે,

તેમ જુદી જુદી દેશનાઓ દરેક સાંભળનારને તેની યોગ્યતા પ્રમાણે કંઈ ને કંઈ લાભ તો કરે છે જ; માટે એ દેશનાઓને અવંધ્ય કહેવામાં કશો બાધ નથી. અને દેશ કાળ તથા નયોને લક્ષ્યમાં રાખી તત્ત્વદૃષ્ટિએ જોતાં એ દેશનાના મૂળમાં દેશના જ પ્રતીત થશે. "

શ્રી હરિભદ્રસૂરિજીની મતાંતરક્ષમતા–શ્રી હરિભદ્રસૂરિજી યોગદૃષ્ટિ સમુચ્ચયમાં કહે છે કે–" આપણે સૌએ વાદવિવાદ, ખંડનમંડન કે તર્કજાળ છોડીને મહાપુરૂષના માર્ગનો આશ્રય કરવો જોઈએ. " ટુંકામાં જે રીતે સાંભળનારાઓનો મિથ્યા મોહ દૂર થાય, દેહાધ્યાસ છુટે, આત્મજ્ઞાનનું બીજ રોપાય અને સંસારના પ્રપંચ તરફ દુર્લક્ષ રહે તે રીતે ઉપદેશ આપવો એ જ એક સૌનું લક્ષ્ય હોવું જોઈએ. "

કોઇ મુમુક્ષુ ગુરૂજન પાસે આવીને કહે કે:—" હું તો મરી જઈશ, અરે રે ! મારૂં કલ્યાણ શી રીતે થશે ? મારી ઉમર પણ બહુ થઈ ગઇ ! " આવા કાળભીરૂ અને કાયરને તેના ગુરૂ જવાબ આપે કે–"ભાઇ ! તું મુંઝા મા. (શરીરરૂપી વ્યંજનમાં શાશ્વત સ્વરની પેઠે રહેલો) તું પોતે તો કદિ મરતો જ નથી, તું નિત્ય છે, તારે વળી કાળની બીક શી ? કાળ—દેશને અને કાર્ય કારણને માપનાર તો તું જ છે. તને તેઓ શી રીતે માપી શકે ? તું તારૂં સાધન કરે જા. " આ પ્રકારે કાળભીરૂ શિષ્યની નિરાશા અને કાયરતા દૂર કરવા તથા તેની આત્મસાધનાને નિરંતર ચાલુ રાખવા માટે શરીરાદિ પર્યાયોને ગોણ કરી અને દ્રવ્યને પ્રધાન રાખી અદ્વૈતવાદ ઉપદેશવામાં આવે તો શું સર્વાંગી જૈનદર્શનનું જ તે એક અંગ નથી ?

વળી કોઇ બીજો મુમુક્ષુ શિષ્ય ભોગો ભોગવવામા જ શૂરોપૂરો રહેતો હોય અને મહાત્મા ટોલસ્ટોય[1] કહે છે તેમ એ ભોગોની પાછળ કેટલાય પામર પ્રાણીઓની હાયવરાળ રહેતી હોય તો એ જડાભ્યાસી–વિષયાસક્ત પુરૂષના મનને ઠેકાણે લાવવા બુદ્ધ ભગવાનનો ક્ષણિક વિજ્ઞાનવાદ કે ટોલસ્ટોયનો સમાનવાદ કામમાં લાવી શકાય અને તેને કહી શકાય કે—" ભાઇ ! તું આંખો બંધ કરીને બેઠો છે. આ બધું જે તું જુએ છે અને ભોગવે છે તે ક્ષણસ્થાયી છે. ઘડી પછી તેમાંનું કંઈ જ નહીં હોય. તું આ સર્વને સ્થાયી માની બેઠો છે તે તારી અજ્ઞાનતા છે. " આવી રીતે દ્રવ્ય (રૂપ સ્વર) ને ગોણ કરી (વ્યંજન-

1 First step.

રૂપ) શરીરપર્યાયને મુખ્યત્વે રાખી સમજવવામાં આવે તો એ અનિત્યવાદના ઉપદેશને પણ જૈનદર્શનનું એક અંગ કેમ ન લેખાય ?

સત્ય મહાન છે, વ્યાપક છે, મત-બુદ્ધિની પેલી પાર ગયા વિના તેની ઝાંખી થતી નથી અને જે ઝાંખીમાં આવે છે તે શબ્દદ્વારે સંપૂર્ણપણે વ્યક્ત કરી શકાતું નથી. છતાં સાધક દર્શનો પોતાને સર્વગ્રાહી અને બાકીનાને અંશગ્રાહી કહેવાની હિમ્મત કરે છે. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ એવા અંશગ્રાહી પ્રત્યે પણ કેવી ઉદાર દૃષ્ટિથી નીહાળે છે તે તમે જોશો તો મને ખાત્રી છે કે એ ઉદાર પુરુષ મારે તમને અભિમાન રહિત થયા વિના નહીં રહે.

કોઇને હાથી જોતાં તેની લટકથી ગુંદર લાગે અને તેથી તે તેને કુંજર કહે, બે બોટેથી પાણી પીતો જોઇ દ્વિપ કહે, તેના બહાર આવેલા દાંતોને જોઈ કોઈ તેને દંતી કહે, કોઇ મદ ઝરતું જોઈ તેને મતંગજ કહે, કોઇને ઉંચો પહાડ જેવો લાગવાથી નાગ કહે, સૂંઢવડે પણ કામ કરતો જોઇ કોઈ હસ્તી કહે તો તેથી શું એ બધાને આપણે બધ કહી શકીએ ? સૂંઢ જોનાર અથવા દાંત જોનાર આખા હસ્તીને તો લુએ છે જ, પણ તે આખા સત્યને વ્યક્ત કરવા એક અંશનો આશ્રય લે તેથી શું થયું ? એવી જ રીતે સત્યનો સાક્ષાત્કાર કરનાર દર્શનો કોઇએક અંશ વર્ણવે તો તેથી આપણે તેને અંધની કોટીમાં મુકવાનું સાહસ ન કરી શકીએ.[૧] એવા ભાવનું શ્રી હરિભદ્રસૂરિએ પોતાના શાસ્ત્રવાર્તાસમુચ્ચય અને યોગબિંદુ વિગેરે ગ્રંથોમાં નિરૂપણ કર્યું છે. (જુઓ ચાર મંડળીની ન્યાય.) શ્રી આનંદઘનજી મહારાજે પણ મેઘ સમા ગંભીર સૂરમાં ગાયું છે કે:—

" રામ કહો રહેમાન કહો, કોઉ કહાન કહો મહાદેવરી;
પારસનાથ કહો કોઉ બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયમેવ રી. "

અર્થાત્—રામ, રહેમાન, કાન, મહાદેવ, પાર્શ્વનાથ, બ્રહ્મા એ સર્વ શુદ્ધાત્માનાં જ નામો છે. કારણકે જે સમયે પોતે નિજસ્વરૂપમાં રહે છે ત્યારે આત્મા રામરૂપ બને છે, જ્યારે સર્વપર કરુણા (રહેમ) કરે છે ત્યારે તેજ આત્મા રહેમાન બને છે અને જ્યારે કર્મનું નિકંદન કરે છે ત્યારે તે કાન કે કૃષ્ણ થઇ જાય છે. આત્મા સર્વ દ્રષ્ટિઓ, સર્વ અંશો અને સર્વ ખરાનું સમન્વય જૈનોનું

---

૧ કાર્યસિદ્ધ ન થાય એવા ડરે કાર્ય કર્તા અંધને અનુકરણ કરવા બતાવીએ તો તે કેમ કાર્ય આવે ? આ બધું એક દૃષ્ટાંત અપૂર્ણ અનુકરણ ગ્રહણ કરવાનું. (અનુવાદક)

યોગસાહિત્ય કરી શકે છે. પણ તે માટે અપેક્ષાઓ, અને નયો વિગેરેનો અભ્યાસ જરૂરનો છે.

જૈન ઔપદેશિક સાહિત્ય—જેને જૈન પરિભાષામાં ધર્મકથાનુયોગ કહેવામાં આવે છે તેવા ઔપદેશિક સાહિત્યથી જૈન સાહિત્ય ભરપૂર છે. સાધારણ સંસારી જનોને માટે રસાત્મક કથાઓ ઘણી ઉપકારી ગણાય છે. જૈન લેખકોએ આવા કથાનકો ગદ્યમાં, પદ્યમાં, રાસારૂપે, ચરિત્રરૂપે, રૂપકરૂપે કે આખ્યાન રૂપે બહોળા પ્રમાણમાં લખ્યાં છે. હું આપને તેમાંના થોડા કથાનકોનો વાનગીરૂપે પરિચય કરાવીશઃ—

ષટ્પુરૂષ ચરિત્ર—આ ચરિત્રમાં આખી માનવ જાતિને છ વિભાગમાં વહેંચી અંગ્રેજીમાં જેને Reprenstative અર્થાત્ પ્રતિનિધિ સ્વરૂપ મનુષ્યો કહીએ તેનું આમાં વર્ણન છે. મનુષ્યોમાં (૧) અધમાધમ (૨) અધમ (૩) મધ્યમ (૪) વિમધ્યમ (૫) ઉત્તમોત્તમ અને (૬) ઉત્તમ—કોણ કહેવાય તેનું નિરૂપણ આ ષટ્પુરૂષ ચરિત્રમાં છે. આ પ્રત્યેક વર્ગમાં એકેક ચરિત્ર તેની પ્રકૃતિ પ્રમાણે આલેખ્યું છે. આ ગ્રંથ વાંચવાથી વાચક કે શ્રોતા પોતે જ પોતાની કોટી નક્કી કરી શકે છે અને પોતાનામાં જાણતાં–અજાણતાં જે કંઈ અધમતા રહી ગઈ હોય તેને ખંખેરી આગળ વધવાના અભિલાષ બાંધે છે.

પ્રતિજ્ઞાપાલન—આ વિષય ઉપર ચાર ગૃહલક્ષ્મી–વધુની કથા છે. તેનું સંક્ષિપ્ત કથાનક આ પ્રમાણે છેઃ—એકવાર એક સસરાને વિચાર થયો કે ચાર પુત્રવધુમાંથી કઈ વહુને ઘરનું કયું કામ સોંપ્યું હોય તો સમુચ્ચયે સર્વને અનુકૂળ થાય ? તેનો નિર્ણય કરવા સસરાજીએ ચારે વહુને બોલાવી ' જ્યારે માગું ત્યારે આપજો ' એમ કહી, પાંચ પાંચ શાળના દાણા આપ્યા. દરેક વહુએ આ દાણાનો કેવો ઉપયોગ કરવો તેનો પોતાની બુદ્ધિ પ્રમાણે નિર્ણય કર્યો. એક વહુએ દાણાને નિરૂપયોગી ગણી વાસીદાની સાથે કાઢી નાંખ્યા, બીજી વહુ ખાઈ ગઈ, ત્રીજીએ પોતાના દાગીના સાથે એ દાણા પણ સાચવી રાખ્યા અને ચોથીએ પોતાના ભાઈને તેમોકલી આપ્યા અને કહેવરાવ્યું કે ' આ દાણા આપણા ખેતરમાં વાવજો, એટલું જ નહીં પણ જે પાક ઉતરે તે પણ ફરી ફરીને વાવ્યા કરજો.' સસરાએ પાંચ વર્ષ પછી ચારે વહુને બોલાવી પેલા દાણા માગ્યા. પહેલી વહુએ કહ્યું કે "મેં તો નકામા જાણી વાસીદામાં કાઢી નાંખ્યા." બીજીએ કહ્યું કેઃ—"હું તો ખાઈ ગઈ." ત્રીજીએ કહ્યું કેઃ—"મેં મારા ઘરેણાં સાથે સંધરી રાખ્યા છે"

અને ચોથીએ કહ્યું કે-" મારે પીયર ગાડાં મોકલી મંગાવી લ્યો. " આ પરથી સસરાએ પહેલી વહુને વાસીદા વાળવાનું સોંપ્યું; કારણકે તેને નાંખી દેતાં ઠીક આવડતું હતું અને તેનું નામ ઉજ્ઝિતા રાખ્યું. બીજી વહુને રસોડાનું કામ સોંપ્યું, કારણ કે જેને ખાતા આવડે તે કદાચ સારી રીતે ખવરાવી પણ શકે, અને તેનું નામ ભક્ષિકા રાખ્યું. ત્રીજીને સારી રીતે સાચવતા આવડ્યું એટલે તેને પટારાની ચાવીઓ સોંપી, અને તેનું નામ રક્ષિતા રાખ્યું. ચોથીને ઘરનો મોભો વધારનારી સમજી ઘરની ઉપરી નીમી અને તેનું નામ વર્ધિતા (રોહિણી) પાડ્યું.

પ્રતિજ્ઞા પાળવામાં ઉત્સાહ પ્રેરવા અર્થે આ કથા ઘણી ઉપયોગી ગણાય છે. વર્ધિતા નારીએ જેવી રીતે પાંચ દાણામાં અસંખ્ય ગણી વૃદ્ધિ કરી તેવી રીતે વ્રતી જીવોએ ક્રમે ક્રમે પોતાના વ્રત-જપ-તપમાં પણ વૃદ્ધિ કરવી જોઇએ, એવો આ કથાનો ધ્વનિ છે. દીક્ષા લેનાર સ્ત્રી-પુરૂષને ખાસ કરીને આ કથાનું વસ્તુ સમજાવવામાં આવે છે અને ક્રમશઃ સંયમપાલનમાં આગળને આગળ વધવાની પ્રેરણા કરવામાં આવે છે.

ઉપમિતિ ભવ પ્રપંચા કથા—આ એક રૂપક કથા છે અને પ્રબોધ ચંદ્રોદય નાટક અથવા Pilgrim's Progress ની સાથે રૂપક, રસ અને ભાષામાં સ્પર્ધા કરે તેવું છે; તેનું ભાષાસૌંદર્ય કાદંબરીની સ્મૃતિ કરાવે છે. છતાં ખુબી એ છે કે તેમાં કલ્પનાનું કે લાંબા લાંબા સમાસોનું કાઠિન્ય નથી. જીવ-સ્વભાવની હલકામાં હલકી સ્થિતિ-નિગોદની સ્થિતિથી લઇને તે ઠેઠ મોક્ષની સ્થિતિએ શી રીતે પહોંચાય તેનું આમાં સુંદર વર્ણન છે. કથાની સાથે જૈનતત્ત્વ અથવા સિદ્ધાંતોની પણ ઘણી સુંદર રીતે ગુંથણી કરવામાં આવી છે. તેના ગુજરાતી તથા હિંદીમાં પણ ભાષાંતરો થયા છે, અને પ્રો. હર્મન જેકોબીએ એકવાર તેનો અંગ્રેજી અનુવાદ કરવાની તત્પરતા દર્શાવી હતી. કથાના કર્ત્તા કલિકાળ કેવળીનું બિરૂદ ધરાવનાર શ્રી સિદ્ધર્ષિગણિ છે. આને મળતી દિગંબર સાહિત્યમાં એક ચેતન કર્મકથા પણ મળી આવે છે, અને તેનો અનુવાદ પણ થયો છે.

સમરાદિત્ય કેવળીનો રાસ—આ રાસમાં બે મિત્રોના, જન્મજન્માંતરથી ચાલતા આવતા એકપક્ષી વૈરની વાર્ત્તા છે. આખરે એ વૈર શી રીતે ભાંગે છે તેનો સરસ રીતે ખ્યાલ આપવામાં આવ્યો છે. રાસના વાંચનથી વાંચનારને કર્મની કઠિનતાનું અને તેમાંથી છૂટવાનું સામર્થ્ય સ્ફુરે છે. મનુષ્ય

ઘણી વાર પોતે પોતાના કર્મથી ઉપજાવેલાં ફળો ભોગવવામાં કાયરતા દાખવે છે એ દુર્ભાગ્ય છે. જેણે નારકીના અને તિર્યંચપણાના અનેક અસહ્ય દુઃખો ભોગવ્યા છે તે દુઃખ કે કલેશથી નિરાશ તો ન જ થાય, ઉલટું તે આત્મબળે ભોગવી કર્મથી છૂટવાનો જ નિશ્ચય કરે. આ રાસથી જુનાં કર્મો ભોગવી લેવાનું અને નવાં પાપ ન કરવાનું દૃઢીભૂત થાય છે.

પંડિતજી સુખલાલજીએ કર્મગ્રંથની પ્રસ્તાવનામાં લખ્યું છે કેઃ—

प्राक्कर्म प्रविलाप्यतां चितिबलान् नाप्युत्तरैः श्लिष्यतां ।
प्रारब्धं त्विहभुज्यतामथपरब्रह्मात्मना स्थियताम् ॥

અર્થાત્—" પહેલાના બાંધેલા અશુભ કર્મોને જ્ઞાનબળથી ગાળી નાંખો, આત્મબળથી નવા અશુભ કર્મના બંધનમાં ન બંધાઓ, અને આત્મવીર્યથી પ્રારબ્ધ કર્મને ભોગવતાં ક્ષીણ કરી નાંખો. એ રીતે આખરે બ્રહ્મપદમાં અનંતકાળ પર્યંત સ્થિર રહો. "

ઇલાયચી કુમારની કથા—આ કથા બહુ રસિક અને બોધપ્રદ છે. મોહવશ પ્રાણીઓ શુભ ધ્યાનમાં આરૂઢ થતાં કેવી રીતે આત્મજ્ઞાન અને કેવળજ્ઞાન પામે છે તેનું મનોહર નિરૂપણ આ કથામાં છે. હું ટૂંકામાં તેનો સાર કહી જઉંછું.

ઇલાયચીકુમાર એક ધનવાન શ્રેષ્ઠીનો કુમાર છે. તરૂણાવસ્થામાં તે એક નાટક જોવા જાય છે. ત્યાં નટની એક રૂપવતી પુત્રી ઉપર મોહી પડે છે અને નાટક ખલાસ થવા છતાં વિચારમાં ને વિચારમાં તે ત્યાંને ત્યાંજ બેસી રહે છે. તેના મિત્રો તેને સમજાવી પટાવી ઘેર લઇ જાય છે. ઘેર જવા છતાં તેનું ચિત્ત કેમે શાંત થતું નથી. તે એક ભાંગલી-તૂટલી ખાટલી ઉપર પડે છે. (પૂર્વકાળમાં કોઇ કુમાર રીસાય ત્યારે ભાંગલી-તૂટલી ખાટલીનોજ આશ્રય લેતા અને પછી મોટેરાંઓ આવી સમજાવટ કરતા.) ઘરના વડીલ અને વૃદ્ધ પુરૂષો તેને સમજાવવા આવ્યા. પણ તેણે તો એકજ વાત કર્યા કરી કે—" મને પેલી નટની પુત્રી સાથે પરણાવો. " કુળવાન અને ધનવાન શેઠનું કુટુંબ એકદમ એક નીચ કુળની નટી સાથે પોતાના કુળદીપકનું લગ્ન કરવાને શીરીતે તૈયાર થાય ? શરૂઆતમાં તો તેમણે આનાકાની કરી, પણ લાડકવાયા પુત્રનું મન સંપાદન કરવા આખરે તેમણે સમ્મતિ આપી. નટે પોતાની પુત્રી પરણાવવાનું કબુલ્યું, પણ એક એવી આકરી સરત કરી કે—" જો ઇલાયચીકુમાર નાટકકળામાં કુશળ બની,

કોઈ એક રાજાને રીઝવી, તેની પાસેથી દ્રવ્ય મેળવી, એ દ્રવ્યવડે અમારી આખી નાતને ભોજન કરાવે તો હું મારી પુત્રી તેને પરણાવું." રૂપમુગ્ધ કુમારે તે સરત પણ સ્વીકારી. પછી તેણે નાટ્યકળાની તાલીમ લેવા માંડી. ક્રમે ક્રમે તે એક કુશળ નટ બન્યો. પછી એક રાજા પાસે જઇ તેણે પોતાનો ખેલ બતાવવાની રજા માગી. રાજાએ તે આપી અને પોતે પોતાની રાણી તથા બીજા અમલદારો સાથે નટના ખેલમાં હાજર થયો. ઇલાયચીકુમારે એક પછી એક એવા અદ્‌ભુત ખેલ કર્યા કે આખો પ્રેક્ષકવર્ગ ચકિત થઇ ગયો. ખેલ ખલાસ થવા આવ્યો, પણ રાજાજીએ ઇનામ સંબંધે એક શબ્દ સરખો પણ ન ઉચ્ચાર્યો. ઇલાયચીકુમારની આટઆટલી કુશળતા અને શ્રમ તરફ તેનું લક્ષ્ય પણ ન ખેંચાયું; કારણકે તે તો કુમારની કુશળતા જોવાને બદલે પેલી રૂપવંતી નટપુત્રીની સુંદરતા નિહાળવામાંજ ચકચૂર બની ગયો હતો. મોહાંધ મનુષ્યનું મન પોતાના મોહપાત્રને છોડી બીજી તરફ જઈ શકતું નથી. કુમારે ફરી ફરીને બે ત્રણ વાર પોતાના પ્રયોગો કરી બતાવ્યા, પણ રાજાનું ચિત્ત પેલી ઢોલ વગાડતી નટપુત્રીમાં પરોવાયેલું તે કેમે કરતાં કુમાર તરફ ન વળ્યું તે નજ વળ્યું. તે ચિંતવવા લાગ્યો કે—"આ ઉંચા વાંસ ઉપર આધાર વગર નાચતો કુમાર જો નીચે પડે અને મરી જાય તો કેવું સારું ? જો તેમ થાય તો આ સુંદર નટી મને પ્રાપ્ત થાય." બરાબર તેજ વખતે ઉંચા વાંસને છેડે ચડેલા ઇલાયચીકુમારે એક અદ્‌ભુત દૃશ્ય જોયું. ગામની એક પોળમાં એક મુનિ મહારાજને એક અત્યંત રૂપ-સૌંદર્ય-લાવણ્યવતી નારી નિર્ભયપણે આહારાદિ સામગ્રી વહોરાવી રહી છે અને પેલા સંયમી મુનિરાજ પૃથ્વી તરફ નીચાં નેત્રો ઢાળી શાંત ભાવે ઉભા છે. ઇલાયચીકુમારે વિચાર કર્યો કે—પોતાની સામેજ જગતના સમસ્ત સૌંદર્યના ભંડાર ખુલ્લા હોવા છતાં આ મુનિમહારાજનું તે તરફ લેશમાત્ર ચિત્ત નથી જતું એ કેવું આશ્ચર્ય ? તેમના પોતાના મનમાંજ કેવલું અગાધ સૌંદર્ય હોવું જોઇએ કે જેથી આ સામેનું સૌંદર્ય તેમને તુચ્છ અને તૃણવત્ લાગે છે ? ધન્ય છે તેમના સંયમને, ધન્ય છે તેમની અચંચળ મનોવૃત્તિને ! આ રીતે શુભ વિચારની શ્રેણીએ ચડતાં તેનો મોહનો પડદો તુટ્યો અને આત્મજ્ઞાનનો ઉદય થયો. રાજાને પેલી નટીમાં અને રાણીને પોતાનામાં મોહમુગ્ધ થયેલાં પોતાના જ્ઞાનદર્પણમાં જોયાં. અંતે તેમને સૌને પણ તેના ઉપદેશથી આત્મસૌંદર્યનું દર્શન થયું. આ કથા અમારા જૈનસમાજમાં સારી પેઠે પ્રચાર પામેલી છે અને તેને લગતાં ચિત્રો પણ કોઈ કોઇ મંદિરોમાં જોવામાં આવે છે. અષ્ટવિધ સામાયિકમાં પરિજ્ઞાનાત્મક સાતમી સામાયિક સાથે આ કથાનો સંબંધ છે.

જૈન કથા સાહિત્યનો ઉપયોગ અને જાળવણી—જૈન કથાનું સાહિત્ય એ તો માત્ર ફુરસદને વખતે વાંચવાનું સાહિત્ય હોત તો આટલું જળવાત કે કેમ ? એ એક શંકા છે. મુનિમહારાજઓ સવારના વ્યાખ્યાનમાં આવું એકાદ કથાનક પસંદ કરી શ્રોતાઓને સંભળાવે છે અને તે એક આવશ્યક ધર્મકર્તવ્ય ગણાય છે. બપોરના વખતમાં ઉપાશ્રયમાં શ્રીસમુદાયમાં સાધ્વીજીના કે કોઇ શીક્ષિતા શ્રાવિકાના અધ્યક્ષપણા નીચે રાસ કે ચરિત્ર વાંચવાનો રીવાજ છે; અને સાયંકાળે પ્રતિક્રમણમાં, સજ્ઝાયમાં અથવા તે પછી કેટલેક સ્થળે આવો વાતો ચર્ચાય છે. આથી કરીને જૈન કથા સાહિત્ય સંપૂર્ણ યથાર્થ રૂપમાં અત્યારસુધી જળવાઈ રહ્યું છે અને જ્યાંસુધી એ ક્રમ અખંડિત રહેશે ત્યાંસુધી જળવાશે એ નિર્વિવાદ છે.

બૌદ્ધ કથાનક સાથે તુલના—ઘણીખરી જૈન કથાઓને અંતે કથાકાર કેવળીને અથવા સર્વજ્ઞ જિન ભગવાનને લાવે છે અને તેમની દ્વારા જન્મ જન્માંતરના વિવિધ કારણો પ્રકટ કરાવી સમગ્ર ઘટનાનું રહસ્ય ખુલ્લું કરે છે. જૈન વાર્ત્તાકારોની આ પદ્ધતિ બૌદ્ધ જાતક કથાનું સ્મરણ કરાવે છે; પરંતુ જાતકો કરતાં જૈન કથામાં એક વિશેષતા છે. જાતક કથાઓ એવી રીતે શરૂ થાય છે કે ઘણે ભાગે સમજવું મુશ્કેલ થઇ પડે. અમુક સાધુને અમુક થયું એવી રીતે જાતક કથાનો પ્રારંભ થાય છે. પછી બુદ્ધ ભગવાન પધારે છે. અને પ્રશ્નના ઉત્તરમાં બુદ્ધ ભગવાન્ તે શ્રમણના પૂર્વજન્મનું વૃત્તાંત કહી સંભળાવે છે. જાતકની મુખ્ય કથા ભતકાળને ઉદ્દેશી હોય છે; જ્યારે જૈન કથા ભવિષ્ય કે પરિણામ તરફ વહેતી હોય છે. લગભગ બધી જાતક કથાઓમાં બોધિસત્ત્વ કે ભાવિ બુદ્ધ પોતેજ ભાગ લેતા હોય છે. જૈન કથાઓમાં તેમ નથી હોતું. આનું કારણ મને એમ લાગે છે કે જાતક કથાઓ પ્રાયઃ હિંદુસ્તાનની જુદી જુદી લોકકથાઓમાંથી જન્મ પામી હોય છે તેથી તેમાં રસિકતા, અદ્‌ભુતતા અને વૈચિત્ર્ય જળવાય છે પણ તેને સુઘટિત બનાવવા કેટલાક પરિવર્તન કરવાં પડે છે; અને આમ પરિવર્તન કરવાથી કોઇ કોઇ વાર મૂળ કથા શુષ્ક પણ બની જાય છે. જૈન લેખકોએ મૂળ પ્રચલિત લોકકથાઓનો આશ્રય લીધો છે પણ પોતાને અનુકૂળ બનાવવા તેમાં વિરૂપતા આવે એવી કાપકુપ નથી કરી. બનતાં સુધી તો તેમણે લોકરીવાજ અને યુગની ભાવના તેના ખરા સ્વરૂપમાં જળવી રાખવાનો પ્રયત્ન કર્યો છે. બુદ્ધ કથામાં અર્થકથા કે રાજકથા પાપરૂપ છે. જૈન લેખકો એ વિષયમાં સ્વતંત્ર છે. તેઓ તો વાર્ત્તામાંના પાત્રોને સદ્‌ગુણી કે દૈવી ચિતરવાને પણ બંધાતા નથી.

કારણકે તેઓ જાણે છે કે વાર્ત્તાનો સાર કંઇ વાર્ત્તામાં બનેલા બનાવો ઉપરજ અવલંબતો નથી, પરંતુ કેવલી ભગવાન્ વાર્ત્તાને અંતે જે રહસ્ય બતાવશે તેના ઉપરજ અવલંબે છે. આથી જૈન લેખકો વાર્ત્તાના પાત્રોને પૂરેપૂરી સ્વતંત્રતાથી ઘાત પ્રતિઘાત અને સુખ દુઃખમાં થઇને લઇ જાય છે. આખરે કેવલી ભગવાન્ આવી પાત્રોને પડેલા દુઃખો કયા કયા દુષ્કર્મના ફળ છે તે સમજાવે છે અને પડદો ઉચકી જતાં અનંત પ્રકાશ પ્રાપ્ત થાય છે. જૈન લેખકોએ જેમ બ્રાહ્મણોની પ્રચાલત લોકકથાઓમાં વિવિધ રંગ પૂર્યા છે તેમ ધર્મપ્રચાર અને ધર્મદેશના માટે સિદ્ધાંતને દૃષ્ટિમાં રાખી ઘણી ઘણી નવી કથાઓ પણ રચી છે.

જૈન સાહિત્યની અસર—જૈન સાહિત્યનો પ્રભાવ કેવળ તેની સાંપ્રદાયિક સીમામાં જ સમાપ્ત નથી થતો. પોતાના પાડોશી સાહિત્ય ઉપર પણ તેણે અસર કરી છે. ડો. વેબર કહે છે કે જૈન ધર્મ સંબંધી મારૂં જ્ઞાન પણ ઘણે અંશે બ્રાહ્મણોના શાસ્ત્રોમાંથી જ આવ્યું છે. શ્રીમદ્ ભાગવદ્માં બુદ્ધ ભગવાનને જેમ વિષ્ણુના અવતાર માન્યા છે, તેમ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવને પણ વિષ્ણુના અવતાર તરીકે ઓળખાવ્યા છે. યોગવાશિષ્ટમાં રામ પોતાના ગુરૂ શ્રી વશિષ્ઠને કહે છે કે:—

नाहं रामो न मे वाञ्छा, भावेषु च न मे मनः ।
शांतिमासितुमिच्छामि, स्वात्मनीव जिनो यथा ॥

શાન્તિપર્વના મોક્ષપર્વમાં પણ લખ્યું છે કે:—

एतदेवं च नैवं च, न चोभे नानुभे तथा ।
कर्मस्था विषयं ब्रुयुः, सत्त्वस्थाः समदर्शिनः ॥

એ જ પ્રકારે જૈનસાહિત્યે પણ હિંદના સાહિત્યમાંથી ઘણું સારૂં લાગ્યું તે ઝીલવામાં સંકોચ નથી કર્યો. કાલીદાસના મેઘદૂત ઉપર કેટલાક જૈન કવિઓ મુગ્ધ થઇ ગયા છે અને તેમણે મેઘદૂતના અનુકરણમાં ઘણા સરસ કાવ્યો જૈનસાહિત્યને ભેટ ધર્યા છે. મેઘદૂતના પ્રત્યેક શ્લોકના અંતીમ ચરણને લઇ અને કેટલાકમાં પ્રત્યેક ચરણને લઇ જૈન કવિઓએ સરલ કલ્પનાવૈભવ તથા ભાષાલાલિત્ય પ્રકટ કર્યાં છે. કેટલાક વિદ્વાન જૈન લેખકોએ જૈનેતર ગ્રંથો ઉપર પોતાની વ્યાખ્યાઓ અને વૃત્તિઓ પણ રચી છે. આમ ધર્મસિદ્ધાંતમાં મત મતાંતર હોવા છતાં સાહિત્યમાં તો જૈન લેખકોએ ભેદભાવને એક કોરે રાખી એક ચિત્તે અને શુદ્ધ ભાવે સાહિત્યસાધના કરી છે.

ॐ वीर.

ઉપસંહાર.

સજ્જનો ! ચાર વેદની પેઠે જૈનસાહિત્યના પણ ચાર ભાગ છે. પ્રથમ દ્રવ્યાનુયોગ Philosophy of Religion, જેમાં તત્વજ્ઞાન, અધ્યાત્મજ્ઞાન, ન્યાય જ્ઞાનના સાહિત્યનો સમાવેશ થાય છે. બીજા ભાગમાં ચરણકરણાનુયોગ Conduct of Religion જેમાં ધર્મને આચારમાં ઉતારવાના સિદ્ધાંતોનો સમાવેશ થાય છે. ત્રીજો ભાગ કે જેને ધર્મકથાનુયોગ Demonstraation of Religion કહે છે. આ ભાગમાં ઉપર કહેલા બન્ને અનુયોગના સિદ્ધાંતોને અમલમાં મુકનારના ચરિત્રો હોય છે અને ચોથોભાગ ગણિતાનુયોગ The jain Cosmology નો છે. જેમાં ક્ષેત્રસમાસ તથા જૈન ભૂગોળ-ખગોળનો સમાવેશ થાય છે. આ ચારે ભાગના સાહિત્યનો યથાવિધિ અભ્યાસ કરે તો જૈન પરમાત્મવિદ્યા (Theology), આત્મવિદ્યા, (Psycology), વિશ્વવિદ્યા (Bosmology), અને પરલોકવિદ્યા (Estachology) એ ચારે વિષયોનો જૈન માન્યતા સંબંધીનો નિર્ણય અભ્યાસીને જણાઈ આવે તેમ છે.

જૈન આગમમાંથી માત્ર મેં આચાર વિધાનવાળા સૂત્રોનોજ ઉલ્લેખ કર્યો છે. જૈનના ન્યાય સાહિત્ય, તત્વજ્ઞાન સાહિત્ય, ભાષાસાહિત્ય, અને વિજ્ઞાન સાહિત્ય વિષે કુશળ જૈન વિદ્વાનો આપણને વિશેષ કહેશે. મારા લેખમાં મેં ઉપદેશિક સાહિત્યનો ઉલ્લેખ કર્યો છે અને તેનું વર્ણન આ લોકમાં શુભ પ્રવૃત્તિ કરવવાનું અને અધ્યાત્મ દ્વારાએ જીવનના અંતિમ સાધ્ય મોક્ષ કે મહાનંદ તરફ લઈ જવાનું છે એ જણાવ્યું છે. મારા લેખમાં ઘણી ત્રુટીઓ રહેલી છે એમ હું જાણું છું; તથાપિ લેખ લખીને નિબંધ વાંચવાનો આ મહારો પ્રથમ પ્રયાસ હોવાથી આપ ઉદારતાથી ક્ષમા કરશો. છેવટે મારા આ લેખને મારા જર્મન મિત્ર પ્રો. હરમન જેકોબીની જૈન સાહિત્યની પ્રગતિ વિષેની ગાથા ટાંકી સમાપ્ત કરું છું.

जिणपवयणं पसिद्धं, जंबुदिवम्मि चेव सव्वम्मि ।
कीत्ति जस्सं च अचिरा, पायवो सयल पुढविए ॥

इति शुभम्.

પરિશિષ્ટ.

સાહિત્યની પરસ્પર અસર.

૧ જૈન સૂત્ર ગ્રંથમાં કલ્પસૂત્ર પણ ગણાય છે. પવિત્ર સૂત્રોમાં આ સૂત્ર અગ્રગણનીય એટલા માટે ગણાય છે કે આમાં શ્રી તીર્થંકરોના સંક્ષિપ્ત પણ મૂળ ચરિત્રો છે. અને કયા વર્તનથી તેમણે કેવળજ્ઞાન ને મોક્ષનો મહા આનંદ પ્રાપ્ત કર્યો હતો એ વર્તનરૂપ આચાર જેને સાધુસમાચારી કહે છે તે પણ તેમાં છે. આ પવિત્ર સૂત્રમાં ગણધરવાદ છે. તેમાં શ્રી મહાવીરસ્વામીએ ઈંદ્રભૂતિ નામના ગૌતમગોત્રી વિદ્વાન બ્રાહ્મણનો સંશય—

विज्ञान घन एव एतेभ्यः भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति न प्रेत्यसंज्ञाऽस्तीति એ વેદ પાઠવડે દૂર કર્યો હતો.

૨ જૈનયોગ ગ્રંથો—યોગબિન્દુ, યોગદૃષ્ટિસમુચ્ચય, યોગવિંશિકા, યોગશાસ્ત્ર, યોગશતક, યોગસાર, સમાધિ શતક, પરમાત્મ પ્રકાશ, જ્ઞાનાંકુશ, સમભાવશતક, ધ્યાનશતક, ધ્યાનસાર, ધ્યાનદીપીકા, ધ્યાનવિચાર, અધ્યાત્મ ઉપનિષદ, અધ્યાત્મબિન્દુ, અધ્યાત્મતરંગિણી, અધ્યાત્મ ગીતા—વિગેરે.

૩ પ્રથમ જ્યારે મેં આચારાંગ સૂત્ર અવલોકયું ત્યારે મને તેમાં સમજણ પડી હતી નહી, પરન્તુ જ્યારે Francis of Assisi નું ચરિત્ર વાંચ્યું કે આચારાંગસૂત્ર સમજાયું એટલું જ નહી, પણ એ ફ્રેંચ સાધુ ચરિત્ર કરતાં જૈની દીક્ષા મને કાંઇ ન્યૂન ન લાગી. ફ્રાન્સિસે જ્યારે બ્રહ્મચર્ય (Chastity), અકિંચનત્વ (Poverty), વિનય (Obedience) અને શ્રદ્ધાને (Faith) મુખ્ય કર્યા હતા ત્યારે જૈન સાધુના ચારિત્રમાં ઉપરના સદ્‌ગુણો ઉપરાંત અહિંસા, સત્ય વિગેરે બીજા પણ ગુણો ક્રિયાગત છે, અને કાળાનુસાર હાલ પણ ઘણે અંશે યથાશક્તિ તે ગુણોનું સેવન થયા કરે છે.

૪ જૈન સાહિત્ય પોતામાં રહેલા આત્મા સિવાય બીજા કોઇને જગતના કર્ત્તા, ભોક્તા કે હર્તા માનતું જણાતું નથી, તથાપિ તે નાસ્તિક નથી, કારણકે પાણિની મુનિ કહે છે કે—

परलोकोऽस्तीति मतिर्यस्यास्तीति आस्तिकः।
परलोको नास्तीति मतिर्यस्यास्तीति नास्तिकः।

પરલોક છે એવું માનનાર આસ્તિક છે. અને એવું નહીં માનનાર નાસ્તિક છે.

૫ આદર્શ પુરૂષોને જૈનો શલાકા પુરૂષ- મહા પુરૂષ ને યુગપ્રધાન અને ધર્મનો પ્રભાવ વધારનારને જૈન સાહિત્યમાં પ્રભાવિક પુરૂષ ગણેલા છે.

૬ સમાજવાદના એક પ્રશ્નનો નિર્ણય જૈનમાન્યતા દાખવી શકે એવું

તેમના સાહિત્યમાં મળી આવે છે. મનુષ્યે ખાવા માટે અન્ન, પહેરવા માટે વસ્ત્ર, અને રહેવાને માટે નિવાસસ્થાન એટલા ઉપરાંત કાંઈપણ મીલકત ન રાખવી. આવી મર્યાદા કરનાર લોભનો નિગ્રહ કરવા પરિગ્રહનું પ્રમાણ કરે છે. પરિમાણ ઉપરાંત જે મીલકત હોય તે શુભ કામમાં ખર્ચી નાંખે છે. આ ઉપરથી અમેરીકામાં સાંભળેલ એક વિચારનું સ્મરણ થાય છે કે જે મનુષ્યની દોલત ત્રણ કરોડ ડોલર કરતાં વધારે હોય તે વધારાની દોલત દેશના લોકોને આપી દેવા તેમણે ગવર્મેન્ટને સોંપવી.

૭ જૈન સાહિત્યે પોતાના કાવ્યોમાં, કથાનકોમાં, રાસોમાં, નાટકોમાં નવે રસને પોષ્યા છે. તદ્હેતુને લઈ શૃંગારરસને ગૌણ રાખી શાન્ત રસને પોષે છે. આ દેશમાં જ્યારે બાળલગ્ન નહિ હતા, અને બ્રહ્મચારી આશ્રમમાંજ બારબાર વર્ષ સુધી વિદ્યાર્થી અભ્યાસ કરતા, ત્યારપછી પતિ-પત્ની થનારાઓને વાત્સાયન શાસ્ત્રનો અભ્યાસ કરાવતા. પરંતુ આ કાળે શૃંગારરસે સ્વચ્છંદે ભિલિત્સરસ અને વ્યભિચારનું સ્વરૂપ લીધું છે, ત્યારે શૃંગારનું પોષણ સમાજને હિત કરતાં હાનિકર્તા વિશેષ છે, એવું સમજી જૈનસાહિત્યકારોએ શૃંગાર ગૌણ કરી શાન્ત રસને પોષ્યો હોય એવું અનુમાન થાય છે.

૮ જૈનો જ્ઞાનપંચમીને દિવસે વ્રત કરી જ્ઞાનપૂજા કરે છે. આ દિવસ દર વર્ષે કાર્તિક શુદિ પંચમીએ આવે છે. પૂર્વના વખતમાં જ્ઞાનપંચમીનું વ્રત કરનાર વ્રતની પૂર્ણાહુતી વખતે ઉજમણું કરીને જ્ઞાનના સાહિત્યો એટલે સાપડા, નવકારવાળી, કાગળ, કલમ, ઉપરાંત પુસ્તકો લખાવી કિંમતી પાઠાઓમાં રાખી, દાબડામાં મૂકી ભંડારમાં રખાવતા હતા. હાલમાં એ પ્રચાર ઓછો થઈ ગયો છે.

૯ કળિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય કેવા જ્ઞાનશ્રીમંત હતા, તેમનું ઉદાહરણ આ પ્રમાણે છે. તેઓ શતાવધાન કરતા, વિશેષ અવધાનો પણ કરતા, શાહીના કુંડની આસપાસ એકી સાથે પાંચસો લહિયાઓને લખવા બેસાડતા, અને પ્રત્યેક લહિયાને ભિન્ન ભિન્ન વિષયોપર વારાફરતી શ્લોકો લખાવતા હતા.

૧૦ જૈન દર્શન છે કે ધર્મ ? Philosiphy or Religion ? કેટલાએક જૈનેતર વિદ્વાનોનું માનવું એવું સંભળાય છે કે ન્યાયાદિ ષડ્ દર્શનોની પેઠે જૈન એક દર્શનજ છે-એક પ્રકારની દૃષ્ટિ છે, એટલે કે વસ્તુને અનેક સ્વરૂપે જોવાની દૃષ્ટિ છે. જૈન સાહિત્યનું વિશેષ અવલોકન કરનારને માલુમ પડશે કે જૈન દર્શન કે ફિલસુફી તો છજ પરંતુ તેનું વિશેષ લક્ષ્ય ધર્મ કે રીલીજીયનપર છે; કારણકે પોતાનામાં રહેલા શુદ્ધાત્મા કે પરમાત્માને પામવાને, તેના માનનારને સર્વે જીવોપર સમભાવ શિખવવો પડે છે, અને એ સમભાવના આચરણ પછીજ મનુષ્ય શુદ્ધાત્મા અર્થાત્ પરમાત્માનું ધ્યાન--દર્શન--પૂજન--મનન-ભક્તિ યથાર્થ રીતે કરી શકે છે; અર્થાત્ ધર્મની ભીંતપર જૈન--સાહિત્યનો પ્રાસાદ નિર્ભર છે. સમભાવ તેના હૃદયમાં છે, અને સ્યાદ્વાદ તેના મુગટનો ચૂડામણિ છે.

—→※←—

આનંદ પ્રીન્ટીંગ પ્રેસ–સ્ટેશન રોડ—ભાવનગર.

શ્રી ભાવનગરમાં ભરાયેલી સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ્‌માં પંડિત સુખલાલજીનું વંચાયેલું ભાષણ.

જૈન ન્યાયનો ક્રમિક વિકાસ.

ન્યાય અને ન્યાયશાસ્ત્ર—જે અનુમાન પ્રણાલિકાથી સંદિગ્ધ વસ્તુનો નિર્ણય કરી શકાય છે, તે અનુમાન પદ્ધતિને ન્યાય કહેવામાં આવે છે. જે શાસ્ત્રમાં આવી અનુમાન પદ્ધતિનો વિચાર મુખ્યપણે હોય છે, તે શાસ્ત્ર ન્યાય-સાહિત્યમાં સ્થાન લે છે. ન્યાય-શાસ્ત્રમાં માત્ર ન્યાયની અનુમાન પદ્ધતિનીજ ચર્ચા હોય તેમ કાંઈ નથી હોતું, તેમાં સમગ્ર પ્રમાણોનું નિરૂપણ હોય છે. એટલુંજ નહીં પણ તેમાં પ્રમેયોનું નિરૂપણ મુખ્ય હોય છે. છતાં એટલું ખરૂં કે તેવી જાતના સાહિત્યમાં પ્રમાણ નિરૂપણે અને તેમાંયે અનુમાન પદ્ધતિના નિરૂપણે મોટો ભાગ રોકેલો હોય છે, તેથીજ તેવી જાતનું સાહિત્ય "प्राधान्येन व्यपदेशा भवन्ति" એ ન્યાયને અનુસરી ન્યાય સાહિત્ય કહેવાય છે.

ચેતન સૃષ્ટિમાં મનુષ્ય જાતિનું મહત્વ તેની બુદ્ધિને લીધે છે. તેની બુદ્ધિની મહત્તા વિચાર-સ્વતંત્રતાને લીધે છે. વિચાર-સ્વાતંત્ર્ય એ તર્ક અને જીજ્ઞાસા શક્તિનું પરિણામ છે. તેથી જ્યારે કોઈ બહારનું કે અંદરનું દબાણ ન હોય ત્યારે દરકોઈ મનુષ્યની બુદ્ધિ આપોઆપ શંકા અને તર્ક કર્યા કરે છે, અને તેમાંથી જ કલ્પનાશક્તિ ખીલતાં ક્રમે ક્રમે અનુમાન પદ્ધતિ નિષ્પન્ન થાય છે. આ કારણથી ન્યાય એ કોઈ પણ દેશની કોઈ પણ મનુષ્ય જાતિની વિકસિત કે વિકાસ પામતી બુદ્ધિનું એક દશ્ય સ્વરૂપ છે. ટોડામાં કહીએ તો મનુષ્ય જાતિની વિચાર-શક્તિ એ એક માત્ર ન્યાયશાસ્ત્રનું ઉદ્‌ગમ સ્થાન છે

છતાં દેશભેદ કે સંપ્રદાયભેદથી ન્યાયશાસ્ત્રના વિભાગ પડી જાય છે. જેમ કે—પશ્ચિમ ન્યાયશાસ્ત્ર, પુર્વીય ન્યાયશાસ્ત્ર. પુર્વના ન્યાયશાસ્ત્રમાં પણ વૈદિક, બૌદ્ધ અને જૈન એ મુખ્ય ભાગો છે.

ત્રણ ભેદોનું પારસ્પરિક અંતર—આવા ભાગો પડી જવાનું મુખ્ય કારણ સંપ્રદાય ભેદ એ તો છે જ, પણ બીજાંએ ખાસ કારણો છે. જેમકે ભાષા-ભેદ, નિરૂપણ પદ્ધતિની ભિન્નતા અને ખાસ કરી સાંપ્રદાયિક પ્રમેયોની અને માન્યતાઓની ભિન્નતાને લીધે ઉપસ્થિત થયેલો પ્રસ્થાન ભેદ. વૈદિક ન્યાયનું પ્રસ્થાન વેદને પ્રમાણ માની તેને અનુકૂળ ચાલવામાં છે. બૌદ્ધ ન્યાયનું પ્રસ્થાન વેદ કે અન્ય આગમ પ્રમાણને આશ્રિત ન રહી પ્રધાનપણે અનુભવને આધારે ચાલવામાં છે. જૈન ન્યાયનું પ્રસ્થાન વેદના પ્રામાણ્યને સ્વીકાર ન કર્યા છતાં

પણ શબ્દનું પ્રામાણ્ય સ્વીકારી ચાલવામાં છે. તે ઉપરાંત આ ત્રણે મુખ્ય સંપ્રદાયના ન્યાયની ભિન્નતાનું એક બીજું પણ બીજ-કારણ છે અને તે વિષય ભેદ છે. વૈદિક ન્યાય કોઈ પણ તત્ત્વને સિદ્ધ કરતો હોય ત્યારે તે સાધ્યતત્ત્વને અમુક એક રૂપેજ સિદ્ધ કરે છે. જેમકે આત્મા વગેરે તત્ત્વોને વ્યાપક અથવા નિત્ય-રૂપેજ અને ઘટ આદિ પદાર્થોને અનિત્ય રૂપેજ. બૌદ્ધ ન્યાય આંતર કે બાહ્ય સમગ્ર તત્ત્વોને એકરૂપેજ સિદ્ધ કરે છે, પણ તે એકરૂપ માત્ર ક્ષણિકત્વ. તેમાં ક્ષણિકત્વના વિરુદ્ધ પક્ષ સ્થાયીત્વને કે નિત્યત્વને બિલકુલ અવકાશ નથી. જૈન ન્યાય એ વૈદિક અને બૌદ્ધ ન્યાયની વચ્ચે રહી પ્રત્યેક સાધ્ય તત્ત્વને માત્ર એકરૂપે સિદ્ધ ન કરતાં અનેક રૂપે સિદ્ધ કરે છે. આ કારણથી જૈન ન્યાય બીજા ન્યાયો કરતાં જુદો પડે છે. સંક્ષેપમાં એમ કહી શકાય કે જે ન્યાય જૈનાચાર્યોએ રચેલો હોય, જે કેવળ પૌરુષેય આગમનું પ્રામાણ્ય સ્વીકારી ચાલતો હોય અને કોઇ પણ તત્ત્વનું સાપેક્ષ દૃષ્ટિએ નિરૂપણ કરતો હોય તે જૈન ન્યાય.

એક બીજાના પ્રભાવથી થયેલ વિચારક્રાંતિ—એક સંપ્રદાય અમુક તત્ત્વો ઉપર વધારે ભાર આપતો હોય, ત્યારે જાણે કે અજાણે તેનો પ્રભાવ બીજા પાડોશી સંપ્રદાયો ઉપર અનિવાર્ય રીતે પડે છે. જો જૈન અને બૌદ્ધ સંપ્રદાયની અહિંસાનો પ્રભાવ વૈદિક સંપ્રદાય ઉપર પડ્યાની વાત માની લેવા તૈયાર થઇએ તો સત્ય બાતર એ પણ માની લેવું જોઇએ કે વૈદિક વિદ્વાનોની દાર્શનિક પદ્ધતિની અસર બીજા બે સંપ્રદાયો ઉપર પડી છે. જો કે સામાન્ય ન્યાયસાહિત્યના વિકાસમાં ત્રણે સંપ્રદાયોના વિદ્વાનોએ અને આચાર્યોએ ફાળો આપ્યો છે, છતાં પહેલેથી છેલ્લે સુધીનો ન્યાયસાહિત્યનો તથા પાહન-પાહનનો ઇતિહાસ જોતાં એવા નિર્ણય ઉપર આપોઆપ આવી જવાય છે કે ન્યાયના તત્ત્વોની વ્યવસ્થા કરવામાં પ્રધાનસ્થાન વૈદિક વિદ્વાનોનું છે. એ વિષયમાં તેઓનો પ્રભાવ સ્પષ્ટ છે અને આજ કારણથી ક્રમે ક્રમે બૌદ્ધ અને જૈન વિદ્વાનો પોતાની આગમમાન્ય પાલી અને પ્રાકૃત ભાષા છોડી વૈદિક સંપ્રદાય માન્ય સંસ્કૃત ભાષામાં પોતાની પદ્ધતિએ ન્યાયના ગ્રંથો રચવા મંડી ગયેલા છે.

જૈન સાહિત્યની પ્રધાન બે શાખાઓ—ભગવાન મહાવીરના સમયમાં જૈન સંઘ પ્રધાનપણે મગધ અને તેના આસપાસના પ્રદેશોમાં હતો. પછી લગભગ એક સૈકા બાદ તે સંઘ બે દિશાઓમાં વહેંચાયો. એક ભાગ દક્ષિણમાં અને બીજો ઉત્તરમાં. ત્યાર બાદ થોડાક સૈકાઓ વ્યતીત થયા કે તે વહેંચાયેલ બે ભાગો સ્પષ્ટ રૂપે જુદા પડી ગયા. એક દિગંબર અને બીજો શ્વેતાંબર. દક્ષિણવર્તી શ્રમણ સંઘ પ્રધાનપણે દિગંબર સંપ્રદાયી થયો, અને ઉત્તરવર્તી શ્રમણ સંઘ પ્રધાનપણે શ્વેતાંબર સંપ્રદાયી થયો. આ રીતે વિભક્ત થયેલ શ્રમણ સંઘે જે સાહિત્ય રચ્યું તે પણ બે ભાગમાં આપોઆપ વહેંચાઇ ગયું. પહેલું દિગં-

બરીય સાહિત્ય અને બીજું શ્વેતાંબરીય સાહિત્ય. મૂળમાંનું અવિભક્ત જૈન સાહિત્યના આ રીતે મુખ્ય બે ભાગલા પડી ગયા.

દિગંબરીય શ્રમણ સંઘનું પ્રાબલ્ય દક્ષિણમાં હોવાથી તે સંપ્રદાયનું મૌલિક સાહિત્ય ત્યાંજ ઉત્પન્ન થયું, પોષાયું, વિકાસ પામ્યું અને સંગ્રહાયું. તે સાહિત્યના રચયિતા પ્રધાન પ્રધાન આચાર્યો જેવા કે, કુંદકુંદ, સમંતભદ્ર વગેરે ત્યાંજ થયા. શ્વેતાંબર શ્રમણસંઘનું પ્રાબલ્ય પહેલાં તો ઉત્તર હિંદુસ્તાન (રજપુતાના) માં અને ક્રમે ક્રમે પશ્ચિમ હિંદુસ્થાન (કાઠિયાવાડ, ગુજરાત) માં વધતું ગયું. તેથી તે સંપ્રદાયનું સાહિત્ય ઉત્તર અને પશ્ચિમમાં ઉત્પન્ન થયું અને વિકસ્યું છે. તેમ જ તે સાહિત્યના રચયિતા આચાર્યો પણ તે જ પ્રદેશમાં થયેલા છે. ઉત્તર કરતાં પશ્ચિમ હિંદુસ્થાનમાં શ્વેતાંબર સંપ્રદાયની સત્તા વધેલી તેથી જ છેલ્લા લગભગ પંદરસો વરસનું તે સંપ્રદાયનું સાહિત્ય પ્રધાનપણે કાઠિયાવાડમાં અને ગુજરાતમાં લખાયું, રચાયું, પોષાયું, વિકસિત થયું, અને સંગ્રહાયું છે. આ રીતે જૈન સાહિત્યની મુખ્ય બે શાખાઓ આપણી નજરે પડે છે.

બન્ને શાખાઓના સાહિત્યમાં નવયુગ—આ બન્ને શાખાઓના શરૂઆતના ગ્રંથો જોતાં એમ સ્પષ્ટ જણાય છે કે, તેનો નિરૂપણ પદ્ધતિ માત્ર સિદ્ધાંત રૂપે હતી. તત્ત્વજ્ઞાન હોય કે આચાર હોય બન્નેનું નિરૂપણ ઉપનિષદ્ જેવી સરળ પ્રાચીન પદ્ધતિએ થતું, પણ પહેલાં કહેવામાં આવ્યું છે તેમ વૈદિક દર્શનોમાં ન્યાય દર્શને વિશિષ્ટ સ્થાન અને વિદ્વત્પ્રિયતા મેળવ્યા પછી જૈનસાહિત્યમાં પણ નવો યુગ દાખલ થયો. ન્યાયદર્શનની તર્કપદ્ધતિનો પ્રભાવ બૌદ્ધ સાહિત્ય ઉપર પ્રથમ પડ્યો. બૌદ્ધ સાહિત્ય અને વૈદિક સાહિત્ય એમ બન્નેની મિશ્રિત અસર જૈન વાઙ્મય ઉપર પણ થઈ. તેથી જૈન આચાર્યો પણ બૌદ્ધ આચાર્યોની પેઠે પોતાની આગમસિદ્ધિભાષા ઉપરાંત સંસ્કૃત ભાષામાં ગ્રંથો રચવા લાગ્યા. આ પહેલાં જૈન સાહિત્યમાં સંસ્કૃત ભાષાને સ્થાન નહોતું એમ માનવાને કોઇ આસ પ્રમાણ નથી, પણ એટલું ખરું કે આ સંસ્કૃત યુગ પહેલાં જૈન સાહિત્યમાં પ્રાકૃત ભાષાનું સામ્રાજ્ય હતું. જૈન સાહિત્યમાં સંસ્કૃત ભાષાને અને તર્કપદ્ધતિને પ્રથમ પ્રતિષ્ઠિત કરનાર શ્વેતાંબર આચાર્ય કે દિગંબર આચાર્ય ? એ કહેવું કઠણ છે. પણ એમ કહી શકાય છે કે બન્ને સંપ્રદાયના આ પરિવર્તન વચ્ચે વધારે અંતર ન હોવું જોઈએ.

જૈન ન્યાયનું કાળમાન અને વિકાસની દૃષ્ટિએ તેના ચાર ભાગો—ગાસ્રપ્રદેશમાં વિચારક્રાંતિ તથા ભાષા અને શૈલીભેદ થવાને પરિણામે જૈન સાહિત્યમાં સ્વતંત્ર ન્યાયપદ્ધતિ જન્મી તેથી પ્રથમ એ જોવું જોઈએ કે આ જૈન ન્યાયનું વય—કાળમાન કેટલું છે અને તેના વિકાસક્રમને સમજવા માટે તેને કેટલા ભાગમાં વહેંચી શકીએ ?

પણ શબ્દનું પ્રામાણ્ય સ્વીકારી ચાલવામાં છે. તે ઉપરાંત આ ત્રણે મુખ્ય સંપ્રદાયના ન્યાયની ભિન્નતાનું એક બીજું પણ બીજ-કારણ છે અને તે વિષય ભેદ છે. વૈદિક ન્યાય કોઈ પણ તત્ત્વને સિદ્ધ કરતો હોય ત્યારે તે સાધ્યતત્ત્વને અમુક એક રૂપેજ સિદ્ધ કરે છે. જેમકે આત્મા વગેરે તત્ત્વોને વ્યાપક અથવા નિત્યરૂપેજ અને ઘટ આદિ પદાર્થોને અનિત્ય રૂપેજ. બૌદ્ધ ન્યાય આંતર કે બાહ્ય સમગ્ર તત્ત્વોને એકરૂપેજ સિદ્ધ કરે છે, પણ તે એકરૂપ માત્ર ક્ષણિકત્વ. તેમાં ક્ષણિકત્વના વિરુદ્ધ પક્ષ સ્થાયીત્વને કે નિત્યત્વને બિલકુલ અવકાશ નથી. જૈન ન્યાય એ વૈદિક અને બૌદ્ધ ન્યાયની વચ્ચે રહી પ્રત્યેક સાધ્ય તત્ત્વને માત્ર એકરૂપે સિદ્ધ ન કરતાં અનેક રૂપે સિદ્ધ કરે છે. આ કારણથી જૈન ન્યાય બીજા ન્યાયો કરતાં જુદો પડે છે. સંક્ષેપમાં એમ કહી શકાય કે જે ન્યાય જૈનાચાર્યોએ રચેલો હોય, જે કેવળ પૌરુષેય આગમનું પ્રામાણ્ય સ્વીકારી ચાલતો હોય અને કોઇ પણ તત્ત્વનું સાપેક્ષ દૃષ્ટિએ નિરૂપણ કરતો હોય તે જૈન ન્યાય.

એક બીજાના પ્રભાવથી થયેલ વિચારક્રાંતિ—એક સંપ્રદાય અમુક તત્ત્વો ઉપર વધારે ભાર આપતો હોય, ત્યારે જાણે કે અજાણે તેનો પ્રભાવ બીજા પાડોશી સંપ્રદાયો ઉપર અનિવાર્ય રીતે પડે છે. જો જૈન અને બૌદ્ધ સંપ્રદાયની અહિંસાનો પ્રભાવ વૈદિક સંપ્રદાય ઉપર પડ્યાની વાત માની લેવા તૈયાર થઇએ તો સત્ય ખાતર એ પણ માની લેવું જોઇએ કે વૈદિક વિદ્વાનોની દાર્શનિક પદ્ધતિની અસર બીજા બે સંપ્રદાયો ઉપર પડી છે. જો કે સામાન્ય ન્યાયસાહિત્યના વિકાસમાં ત્રણે સંપ્રદાયોના વિદ્વાનોએ અને આચાર્યોએ ફાળો આપ્યો છે, છતાં પહેલેથી છેલ્લે સુધીનો ન્યાયસાહિત્યનો તથા પાઠન-પાઠનનો ઇતિહાસ જોતાં એવા નિર્ણય ઉપર આપોઆપ આવી જવાય છે કે ન્યાયના તત્ત્વોની વ્યવસ્થા કરવામાં પ્રધાનસ્થાન વૈદિક વિદ્વાનોનું છે. એ વિષયમાં તેઓનો પ્રભાવ સ્પષ્ટ છે અને આજ કારણથી ક્રમે ક્રમે બૌદ્ધ અને જૈન વિદ્વાનો પોતાની આગમમાન્ય પાલી અને પ્રાકૃત ભાષા છોડી વૈદિક સંપ્રદાય માન્ય સંસ્કૃત ભાષામાં પોતાની પદ્ધતિએ ન્યાયના ગ્રંથો રચવા મંડી ગયેલા છે.

જૈન સાહિત્યની પ્રધાન બે શાખાઓ—ભગવાન્ મહાવીરના સમયમાં જૈન સંઘ પ્રધાનપણે મગધ અને તેના આસપાસના પ્રદેશોમાં હતો. પછી લગભગ એક સૈકા બાદ તે સંઘ બે દિશાઓમાં વહેંચાયો. એક ભાગ દક્ષિણમાં અને બીજો ઉત્તરમાં. ત્યાર બાદ થોડાક સૈકાઓ વ્યતીત થયા કે તે વહેંચાયેલ બે ભાગો સ્પષ્ટ રૂપે જુદા પડી ગયા. એક દિગંબર અને બીજો શ્વેતાંબર. દક્ષિણવર્તી શ્રમણ સંઘ પ્રધાનપણે દિગંબર સંપ્રદાયી થયો, અને ઉત્તરવર્તી શ્રમણ સંઘ પ્રધાનપણે શ્વેતાંબર સંપ્રદાયી થયો. આ રીતે વિભક્ત થયેલ શ્રમણ સંઘે જે સાહિત્ય રચ્યું તે પણ બે ભાગમાં આપોઆપ વહેંચાઇ ગયું. પહેલું દિગં-

બરીય સાહિત્ય અને બીજું શ્વેતાંબરીય સાહિત્ય. મૂળમાં અવિભક્ત જૈન સાહિત્યના આ રીતે મુખ્ય બે ભાગલા પડી ગયા.

દિગંબરીય શ્રમણ સંઘનું પ્રાધાન્ય દક્ષિણમાં હોવાથી તે સંપ્રદાયનું મૌલિક સાહિત્ય ત્યાંજ ઉત્પન્ન થયું, પોષાયું, વિકાસ પામ્યું અને સંગ્રહાયું. તે સાહિત્યના રચયિતા પ્રધાન પ્રધાન આચાર્યો જેવા કે, કુંદકુંદ, સમંતભદ્ર વગેરે ત્યાંજ થયા. શ્વેતાંબર શ્રમણસંઘનું પ્રાધાન્ય પહેલાં તો ઉત્તર હિંદુસ્તાન (રજપુતાના) માં અને ક્રમે ક્રમે પશ્ચિમ હિંદુસ્થાન (કાઠિયાવાડ, ગુજરાત) માં વધતું ગયું. તેથી તે સંપ્રદાયનું સાહિત્ય ઉત્તર અને પશ્ચિમમાં ઉત્પન્ન થયું અને વિકસ્યું છે. તેમ જ તે સાહિત્યના રચયિતા આચાર્યો પણ તે જ પ્રદેશમાં થયેલા છે. ઉત્તર કરતાં પશ્ચિમ હિંદુસ્થાનમાં શ્વેતાંબર સંપ્રદાયની સત્તા વધેલી તેથી જ છેલ્લા લગભગ પંદરસો વરસનું તે સંપ્રદાયનું સાહિત્ય પ્રધાનપણે કાઠિયાવાડમાં અને ગુજરાતમાં લખાયું, રચાયું, પોષાયું, વિકસિત થયું, અને સંગ્રહાયું છે. આ રીતે જૈન સાહિત્યની મુખ્ય બે શાખાઓ આપણી નજરે પડે છે.

બન્ને શાખાઓના સાહિત્યમાં નવયુગ—આ બન્ને શાખાઓના શરૂઆતના ગ્રંથો જોતાં એમ સ્પષ્ટ જણાય છે કે, તેનો નિરૂપણ પદ્ધતિ માત્ર સિદ્ધાંત રૂપે હતી. તત્ત્વજ્ઞાન હોય કે આચાર હોય બન્નેનું નિરૂપણ ઉપનિષદ્ જેવી સરળ પ્રાચીન પદ્ધતિએ થતું, પણ પહેલાં કહેવામાં આવ્યું છે તેમ વૈદિક દર્શનોમાં ન્યાય દર્શને વિશિષ્ટ સ્થાન અને વિદ્વત્પ્રિયતા મેળવ્યા પછી જૈનસાહિત્યમાં પણ નવો યુગ દાખલ થયો. ન્યાયદર્શનની તર્કપદ્ધતિનો પ્રભાવ જૈન સાહિત્ય ઉપર પ્રથમ પડ્યો. જૈન સાહિત્ય અને વૈદિક સાહિત્ય એમ બન્નેની મિશ્રિત અસર જૈન વાઙ્મય ઉપર પણ થઈ. તેથી જૈન આચાર્યો પણ જૈન આચાર્યોની પેઠે પોતાની આગમસિદ્ધિભાષા ઉપરાંત સંસ્કૃત ભાષામાં ગ્રંથો રચવા લાગ્યા. આ પહેલાં જૈન સાહિત્યમાં સંસ્કૃત ભાષાને સ્થાન નહોતું એમ માનવાને કોઇ ખાસ પ્રમાણ નથી, પણ એટલું ખરું કે આ સંસ્કૃત યુગ પહેલાં જૈન સાહિત્યમાં પ્રાકૃત ભાષાનું સામ્રાજ્ય હતું. જૈન સાહિત્યમાં સંસ્કૃત ભાષાને અને તર્કપદ્ધતિને પ્રથમ પ્રતિષ્ઠિત કરનાર શ્વેતાંબર આચાર્ય કે દિગંબર આચાર્ય ? એ કહેવું કઠણ છે. પણ એમ કહી શકાય છે કે બન્ને સંપ્રદાયના આ પરિવર્તન વચ્ચે વધારે અંતર ન હોવું જોઈએ.

જૈન ન્યાયનું કાળમાન અને વિકાસની દૃષ્ટિએ તેના ચાર ભાગો—શાસ્ત્રપ્રદેશમાં વિચારક્રાંતિ તથા ભાષા અને શૈલીભેદ થવાને પરિણામે જૈન સાહિત્યમાં સ્વતંત્ર ન્યાયપદ્ધતિ જન્મી તેથી પ્રથમ એ જોવું જોઈએ કે આ જૈન ન્યાયનું વય-કાળમાન કેટલું છે અને તેના વિકાસક્રમને સમજવા માટે તેને કેટલા ભાગમાં વહેંચી શકીએ ?

જૈન ન્યાયના જન્મસમયની પૂર્વસીમા વધારેમાં વધારે વિક્રમના પહેલા સૈકાથી આગળ લંબાવી શકાતી નથી અને તેના વિકાસની ઉત્તર સીમા વિક્રમના અઢારમા સૈકાથી આગળ આવતી નથી. આ રીતે વધારેમાં વધારે જૈન ન્યાયનું કાળમાન અઢારસો વરસ જેટલું આંકી શકાય. પણ ઉત્તર સીમા નિશ્ચિત છતાં વિવાદાસ્પદ પૂર્વસીમાને ઓછામાં ઓછી પાંચમી શતાબ્દીથી શરૂ કરીએ તોયે તેનું કાળમાન તેરસો ચૌદસો વરસ જેટલું તો છે જ.

જૈન ન્યાયના વિકાસની ક્રમિક પાયરીઓના ભેદ સમજવા ખાતર તે કાળમાનને સ્થૂળ રીતે ચાર ભાગમાં વહેંચી શકાય છે. પહેલો ભાગ વિક્રમના પાંચમા સૈકા સુધીનો, બીજો છઠ્ઠા સૈકાથી દશમા સુધીનો, ત્રીજો ભાગ અગીઆરમાથી તેરમા સુધીનો અને ચોથો ચૌદમાથી અઢારમા સુધીનો. આ ચાર ભાગને અનુક્રમે બીજારોપણ કાળ, પલ્લવિતકાળ, પુષ્પિત કાળ, અને ફળકાળના નામે ઓળખીએ તો જૈનન્યાયના વિકાસને વૃક્ષના રૂપકથી સમજી શકીએ.

જૈન સાહિત્યમાં સંસ્કૃત ભાષાની પ્રતિષ્ઠા થતાં જ શરૂઆતમાં કયા વિષયો ઉપર ગ્રંથો લખાયા ? એ વિચાર પ્રસ્તુત નથી, પણ જૈન સાહિત્યમાં ન્યાયનો સૂત્રપાત કોણે અને કયારે કર્યો ? એટલું જ અહીં કહેવાનું છે. દિગંબર સાહિત્યમાં તર્કપદ્ધતિની સ્પષ્ટ પ્રતિષ્ઠા આચાર્ય સમંતભદ્રે અને શ્વેતાંબર સાહિત્યમાં તર્કપદ્ધતિની બલવતી પ્રતિષ્ઠા આચાર્ય સિદ્ધસેન દિવાકરે કરી. આ બંને આચાર્યમાં કોણ પૂર્વવર્તી અને કોણ પશ્ચાતવર્તિ એ હજી નિર્ણીત થયું નથી. પણ એ બે વચ્ચે વિશેષ અંતર ન હોવું જોઈએ એવી સંભાવના માટે પ્રમાણો છે. આ બે આચાર્યોના સમયની ઉત્તરસીમા ઈ. સ. પાંચમા સૈકાથી આગળ લંબાવી શકાય તેમ નથી અને પૂર્વસીમા લગભગ ઈ. સ. ના આરંભ પહેલાં નિર્દિષ્ટ કરી શકાય તેમ નથી.

સિદ્ધસેન અને સમંતભદ્ર એ બન્નેની કૃતિઓ-સંપ્રદાયો જુદા હોવા છતાંએ બન્નેનું એક એવું પરંપરાગત સામ્ય છે કે જે તરફ ધ્યાન ગયા વિના રહેતું નથી. દિગંબર સંપ્રદાયમાં ગંધહસ્તિના નામથી સમંતભદ્ર પ્રસિદ્ધ છે; અને તત્ત્વાર્થ ઉપરની ગંધહસ્તિ મહાભાષ્ય ટીકા તેઓની કૃતિ તરીકે પ્રસિદ્ધ છે અને આજે ઉપલબ્ધ આપ્તમિમાંસા તે જ મહાભાષ્યનું મંગલ મનાય છે. શ્વેતાંબર સંપ્રદાયમાં સિદ્ધસેન દિવાકર ગંધહસ્તિ કહેવાય છે અને તત્ત્વાર્થ ઉપર તેઓએ ગંધહસ્તિ મહાભાષ્ય રચ્યું હતું એમ મનાય છે. બન્ને સંપ્રદાયની આ માન્યતાઓ નિરાધાર નથી, કારણ કે બન્ને સંપ્રદાયના ઘણા ગ્રંથોમાં તે બાબતના સૂચક ઉલ્લેખો મળી આવે છે.

આ બે આચાર્યોની વિશિષ્ટતા થોડામાં આ પ્રમાણે બતાવી શકાય. સમંતભદ્ર પોતાના દરેક ગ્રંથોમાં જૈન દર્શન, તેના પ્રણેતા અર્હન્ અને તેનો મુખ્ય સિદ્ધાંત અનેકાંત એટલાં તત્ત્વોની તર્કપદ્ધતિએ ઓજસ્વિની પ્રવાહબદ્ધ સંસ્કૃત ભાષામાં સૂક્ષ્મચર્ચા કરે છે અને સાથે સાથે અન્ય દર્શનો, તેના પ્રણેતાઓ અને એકાંતનો સોપહાસ પ્રતિવાદ કરે છે. તેઓની ઉપલબ્ધ કૃતિઓ જોતાં એમ જણાય છે કે, સમંતભદ્ર તર્કસિદ્ધ દાર્શનિક મિમાંસા કરવામાં સિદ્ધહસ્ત હતા. સિદ્ધસેન દિવાકરે પણ જૈન દર્શન, તેના પ્રણેતા તીર્થંકર અને સ્યાદ્વાદ એ વિષયોની તાર્કિક પદ્ધતિએ પ્રતિષ્ઠા કરવા સાથે અન્ય દર્શનોનો સપરિહાસ નિરાસ કર્યો છે. તેઓની મધુર અને પ્રાસાદિક સ્વતઃસિદ્ધ સંસ્કૃત ભાષાનો પદ્યપ્રવાહ જોઈ આચાર્ય હેમચંદ્રે તેઓને કવિશ્રેષ્ઠ જણાવવા " अनुसिद्धसेनं कवयः " એ ઉદાહરણ ટાંકયું છે. સિદ્ધસેને જૈન ન્યાયનું વ્યવસ્થિત સ્વરૂપ બાંધી તેનો સંક્ષેપમાં અભ્યાસ કરવા ઈચ્છનાર માટે ન્યાયાવતાર નામનો એક નાનકડો પદ્યમય ગ્રંથ રચ્યો છે. જેની મર્યાદાને આજ સુધીના સમગ્ર પ્રસિદ્ધ શ્વેતાંબર દિગંબર વિદ્વાનો અનુસર્યા છે. તે સિવાય તત્કાલીન સમગ્ર ભારતીય દર્શનોને સંક્ષેપમાં પણ મૌલિક અભ્યાસ કરવા ઈચ્છનાર માટે તે તે દર્શનનું યથાર્થ સ્વરૂપ બતાવનારા પદ્યમય ગ્રંથો રચ્યા છે અને તે રીતે આચાર્ય હરિભદ્રને ષડ્દર્શન સમુચ્ચય રચવાની અને માધવાચાર્યને સર્વદર્શન સંગ્રહ રચવાની કલ્પનાનો ખોરાક પૂરો પાડ્યો છે. તત્કાલીન ભારતીય સમસ્ત દર્શનોનું નિરૂપણ કરનાર બીજી કોઇ કૃતિ તેનાથી પ્રાચીન ન મળે ત્યાં સુધી દર્શન સંગ્રહ કરવાનું પ્રાથમિક ગૌરવ સિદ્ધસેનને આપવું જોઈએ. સિદ્ધસેનની એક વેદવાદ દ્વાત્રિંશિકા જોતાં એમ જરૂર ભાસે છે કે, તેમણે વેદ અને ઉપનિષદ્નો મૌલિક તેમજ તલસ્પર્શી અભ્યાસ કરેલો. સિદ્ધસેન દિવાકરનો પ્રસિદ્ધ ગ્રંથ સન્મતિતર્ક છે, જે પદ્યમય પ્રાકૃતમાં ત્રણ ભાગમાં કુંદકુંદના પ્રવચન સારની પેઠે પૂરો થયેલો છે. આ ગ્રંથ ઉપર શ્વેતાંબર અને દિગંબર એમ બન્ને આચાર્યોએ ટીકાઓ રચી છે. તેમાં વર્ણવેલા સિદ્ધાંતો એટલા સતર્ક અને હૃદયગ્રાહી છે કે, આગળના આચાર્યો પણ તેથી વધારે મૂળ વસ્તુ કહી શકયા નથી. સમંતભદ્રની ઉપલબ્ધ કૃતિઓમાં સિદ્ધસેનના ન્યાયાવતાર જેવી કે વૈદિક છએ દર્શન અને બૌદ્ધ દર્શનનું નિરૂપણ કરનાર બત્રીશીઓ જેવી કોઇ કૃતિ નથી. વાંચકોએ સિદ્ધસેનની ઉપલબ્ધ એકવીશ બત્રીશીઓ અને સમંતભદ્રની આપ્તમિમાંસા, યુક્ત્યનુશાસન અને સ્વયંભૂસ્તોત્ર એ એક સાથે સામે રાખી અવલોકવાં, જેથી બંનેનું પરસ્પર સાદૃશ્ય અને વિશેષતા આપોઆપ ધ્યાનમાં આવશે.

બીજા ભાગનું પલ્લવિત કાળ એ નામ રાખ્યું છે, તેનો અભિપ્રાય એટલો

છે કે, સિદ્ધસેન અને સમંતભદ્ર દ્વારા બંને સંપ્રદાયોમાં જે જૈન ન્યાયનું બીજારોપણ થયું, તેને જ આ યુગમાં પલ્લવિત કરવામાં આવ્યું છે. આ યુગમાં દિગંબર સંપ્રદાયમાં અનુક્રમે અકલંક, વિદ્યાનંદ અને પ્રભાચંદ્ર એ ત્રણ પ્રધાન આચાર્યોએ મુખ્યપણે જૈન ન્યાયને વિસ્તાર્યો અને વિશદ કર્યો છે. શ્વેતાંબર સંપ્રદાયમાં પણ પ્રધાનપણે ત્રણ આચાર્યોએ આ યુગમાં જૈન ન્યાયને વિસ્તૃત અને વિશદ બનાવ્યો છે. મલ્લવાદી, હરિભદ્ર અને નવાંગવૃત્તીકાર અભયદેવ. એ ત્રણેએ અનુક્રમે કાંઈને કાંઇ વધારે વિશેષતા અર્પી છે. અકલંક આદિ ત્રણે દિગંબર આચાર્યોએ જૈન ન્યાયના સ્વતંત્ર ગ્રંથો લખ્યા છે અને સમંતભદ્ર આદિ પૂર્વાચાર્યોની ન્યાયવાણીને પલ્લવિત પણ કરી છે. તેવી જ રીતે મલ્લવાદી વગેરે આ યુગના શ્વેતાંબર આચાર્યોએ જૈનન્યાય ઉપર સ્વતંત્ર ન્યાયના ગ્રંથો લખ્યા છે અને પોતપોતાના પહેલાની તર્કવાણીને પલ્લવિત પણ કરી છે. ઉક્ત દિગંબર ત્રણ આચાર્યો અને ઉક્ત શ્વેતાંબર ત્રણ આચાર્યોની કૃતિઓ બરાબર સામે રાખી જોવામાં આવે તો એક બીજા ઉપર પડેલો પ્રભાવ, પરસ્પરનું સાદૃશ્ય અને વિશેષત્વ ધ્યાનમાં આવ્યા વિના રહે તેમ નથી.

ત્રીજા ભાગનું નામ પુષ્પિત કાળ છે. પુષ્પો કાંઈ સંખ્યામાં પલ્લવો જેટલાં નથી હોતાં. કદાચિત્ પુષ્પોનું પરિમાણ પલ્લવોથી નાનું પણ હોય છે, છતાં પુષ્પ એ પલ્લવોની ઉત્તર અવસ્થા હોઈ તેમાં એક જાતનો વિશિષ્ટ પરિપાક હોય છે. બીજા યુગમાં જૈન ન્યાયનો જે વિસ્તાર અને સ્પષ્ટીકરણ થયા તેને પરિણામે ત્રીજો યુગ જન્મ્યો. આ યુગમાં અને આ પછીના ચોથા યુગમાં દિગંબર આચાર્યોએ ન્યાયવિષયક કેટલાક ગ્રંથો રચ્યા છે, પણ હજુ સુધી મારી નજરે એવો એકે ગ્રંથ નથી પડ્યો કે જેને લીધે જૈનન્યાયના વિકાસમાં તેને સ્થાન આપી શકાય. ત્રીજા યુગના શ્વેતાંબર સંપ્રદાયમાં વાદીદેવસૂરિ અને હેમચંદ્ર એ બેનું મુખ્ય સ્થાન છે. એ બને કે આચાર્ય હેમચંદ્રની પરિચિત કૃતિઓમાં જૈનન્યાયવિષયક બહુ કૃતિઓ નથી, તેમ પરિમાણમાં મોટી પણ નથી. છતાં તેઓની બે બત્રીશીઓ અને પ્રમાણમિમાંસા જોનારને તેઓની વિશિષ્ટતા ધ્યાનમાં આવ્યા સિવાય નહીં રહે. અને એમ આપોઆપ જણાશે કે મોટા મોટા ને લાંબા લાંબા ગ્રંથોથી કંટાળેલ અભ્યાસીઓ માટે સંક્ષેપમાં છતાં વિશેષતાવાળી રચનાઓ તેઓએ કરી અને કુલનું સૌરભ તેમાં આણ્યું. વાદીદેવસૂરિ કાંઇ કંટાળે એવા ન હતા. તેઓએ તો રત્નાકરની સ્પર્ધા કરે એવો એક સ્યાદ્વાદ રત્નાકર ગ્રંથ રચ્યો અને કોઈ અભ્યાસીને જૈન ન્યાય માટે તેમજ દાર્શનિક ખંડન મંડન માટે બીજે ક્યાંય ન જવાની સગવડ કરી દીધી.

ચોથો ફળકાળ—આ યુગમાં જે સાહિત્ય રચાયું તે ફળરૂપ છે. ફળમાં બીજથી ફુલ સુધીના ઉત્તરોત્તર પરિપાકનો સાર આવી જાય છે. તેવી રીતે આ યુગના સાહિત્યમાં પહેલા ત્રણે યુગના સાહિત્યમાં થયેલો પરિપાક એક સાથે આવી જાય છે. આ યુગમાં જે જૈન ન્યાય સાહિત્ય રચાયું છે તે જ જૈન ન્યાયના વિકાસનું છેલ્લું પગથિયું છે. કારણકે ત્યારબાદ તેમાં કોઈએ જરાયે ઉમેરો કર્યો નથી. મલ્લીષેણની સ્યાદ્વાદમંજરી બાદ કરીને આ યુગના ફલાયમાન ન્યાય-વિષયક ઉચ્ચ સાહિત્ય તરફ નજર કરીએ તો જણાશે કે તે અનેક વ્યક્તિઓના હાથે લખાયું નથી. તેના લેખક ફક્ત એક જ છે અને તે સત્તરમા અઢારમા સૈકામાં થયેલા, લગભગ સો શરસ્રો સુધી મુખ્યપણે શાસ્ત્રયોગ સિદ્ધ કરનારા, સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી અને મારવાડી એ ચારે ભાષાઓમાં વિવિધ વિષયોની ચર્ચા કરનારા ઉપાધ્યાય યશોવિજયજી છે. ઉપાધ્યાયજીના જૈન તત્ત્વજ્ઞાન, આચાર, અલંકાર, છંદ વગેરે અન્ય વિષયોના ગ્રંથોને બાદ કરી માત્ર જૈન ન્યાય વિષયક ગ્રંથો ઉપર નજર નાખીએ તો એમ કહેવું પડે છે કે, સિદ્ધસેન ને સમંતભદ્રથી વાદિદેવસૂરિ, અને હેમચંદ્ર સુધીમાં જૈન ન્યાયનો આત્મા જેટલો વિકસીત થયો હતો, તે પૂરેપૂરો ઉપાધ્યાયજીના તર્ક ગ્રંથોમાં મૂર્તિમાન થાય છે; અને વધારામાં તે ઉપર એક કુશળ ચિત્રકારની પેઠે તેઓએ એવા સૂક્ષ્મતાના, સ્પષ્ટતાના અને સમન્વયના રંગો પૂર્યા છે, કે જેનાથી મુદ્રિતમના થઈ આપોઆપ એમ કહેવાઈ જાય છે કે, પહેલા ત્રણ યુગનું બન્ને સંપ્રદાયનું જૈન ન્યાયવિષયક સાહિત્ય કદાચ ન હોય અને માત્ર ઉપાધ્યાયજીનું જૈન ન્યાય વિષયક સંપૂર્ણ સાહિત્ય ઉપલબ્ધ હોય તોયે જૈન વાઙ્મય કૃતકૃત્ય છે. ઉપાધ્યાયજીએ અધિકારી ભેદને ધ્યાનમાં રાખી, વિષયોની વહેંચણી કરી તે ઉપર નાના મોટા અનેક જૈન ન્યાયના ગ્રંથો લખ્યા. તેઓએ જૈન તર્કપરિભાષા જેવો જૈન ન્યાય પ્રવેશ માટે લઘુ ગ્રંથ રચી, જૈન સાહિત્યમાં તર્કસંગ્રહ અને તર્કભાષાની ખોટ પૂરી પાડી. રહસ્ય પદાંકિત એકસો આઠ ગ્રંથો કે તેમાંના કેટલાક રચી જૈન ન્યાયવાઙ્મયમાં નૈયાયિકપ્રવર ગદાધર ભટ્ટાચાર્યના ગ્રંથોની ગરજ સારી. નયપ્રદીપ, નયરહસ્ય, નયામૃતતરંગિણી સહિત નયોપદેશ, સ્યાદ્વાદ કલ્પલતા, ન્યાયાલોક, ન્યાયખંડન ખાદ્ય, અષ્ટસહસ્રી ટીકા આદિ ગ્રંથો રચી જૈન ન્યાય વાઙ્મયને ઉદયનાચાર્ય, ગંગેશ ઉપાધ્યાય, રઘુનાથ શિરોમણિ અને જગદીશની પ્રતિભાનું નૈવેદ્ય ધર્યું. અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ્—જેવા ગ્રંથોથી જૈન ન્યાય વાઙ્મયનો ગીતા, યોગવાસિષ્ઠ આદિ વૈદિક ગ્રંથો સાથે સંબંધ જોડ્યો. ટોડામાં એટલું જ કહેવું બસ છે કે, વૈદિક અને બૌદ્ધ સાહિત્યે દાર્શનિક પ્રદેશમાં સત્તરમા સૈકા સુધીમાં જે ઉત્કર્ષ સાધ્યો હતો, લગભગ તે બધા ઉત્કર્ષનો આસ્વાદ જૈન વાઙ્મયને આપવા ઉપાધ્યાયજીએ પ્રામાણિકપણે આખું જીવન વ્યતિત કર્યું અને તેથી તેઓના એક તેજમાં જૈન ન્યાયનાં બીજા બધાં તેજો લગભગ સમાઈ જાય છે એમ કહેવું પડે છે.

ઉપસંહાર—આ લેખમાં જૈન ન્યાયના વિકાસક્રમનું માત્ર દિગ્દર્શન અને તે પણ અધુરી રીતે કરાવવામાં આવ્યું છે. આ સ્થળે જૈન ન્યાયના વિકાસક તરીકે જે જે આચાર્યોનાં નામ લેવામાં આવ્યાં છે, તેઓનાં જીવન, તેઓનો સમય, તેઓની કાર્યાવલિ વગેરેનો ઉલ્લેખ જરાયે નથી કર્યો. તેવીજ રીતે તેઓના સંબંધમાં જે કાંઇ થોડું ઘણું લખ્યું છે; તેની સાબીતી માટે ઉતારાઓ આપવાના લોભનું પણ નિયંત્રણ કર્યું છે. આ નિયંત્રણ કરવાનું કારણ જોઈતા અવકાશ અને સ્વાસ્થ્યનો અભાવ એ એકજ છે. આચાર્યોના જીવન આદિની વિગત એટલી બધી લાંબી છે કે તે આપતાં વિષયાંતર થઈ જવાય. તેથી જેઓ તે વિષયના જિજ્ઞાસુ હોય તેઓની જાણ ખાતર એક છેવટે એવું પરિશિષ્ટ આપવામાં આવે છે કે, જેની અંદર ઉપર આવેલા આચાર્યોના સંબંધમાં માહિતી આપનાર ગ્રંથો નોંધેલા છે અને તેઓનું પ્રકાશિત થયેલું કેટલુંક સાહિત્ય નોંધેલું છે. એ સાહિત્ય અને એ ગ્રંથો જોવાથી તે તે આચાર્યોના સંબંધમાં મળતી આજ સુધીની માહિતી ઘણેભાગે કોઈપણ જાણી શકશે.

આ લેખમાં જૈન ન્યાયના પ્રણેતા અમુકજ વિદ્વાનોનો ઉલ્લેખ છે. બીજા ઘણાને છોડી દીધા છે. તેનું કારણ એ નથી કે તેઓનો જૈન ન્યાયના વિકાસમાં સ્વલ્પ પણ હિસ્સો ન હોય; છતાં તેવા નાના મોટા દરેક ગ્રંથકારનો ઉલ્લેખ કરતાં લેખનું કલેવર કંટાળા ભરેલ રીતે વધી જાય તેથી જે વિદ્વાનોનું જૈન ન્યાયના વિકાસમાં થોડું છતાં વિશિષ્ટ સ્થાન મને જણાયું છે તેઓનોજ ઉલ્લેખ કર્યો છે. બાકીનાઓના નામનું બીજું એક પરિશિષ્ટ અંતમાં આપી દેવામાં આવે છે.

આ લેખ સમાપ્ત કરતાં એક વાત તરફ વાચકોનું ધ્યાન ખેંચુ છું, તે આ—હિંદુસ્થાનના કે બહારના વિદ્વાનો ગુજરાતના સાક્ષરોને એમ પૂછે કે ગુજરાતના વિદ્વાનોએ દાર્શનિક સાહિત્ય રચ્યું છે ? અને રચ્યું હોય તો કેવું અને કેટલું? આ પ્રશ્નનો કોઇ પણ સાક્ષર હામાં અને પ્રામાણિક ઉત્તર આપી ગુજરાતનું નાક રાખવા ઇચ્છે તો તેણે જૈન વાઙ્મય તરફ સપ્રેમ દૃષ્ટિપાત કરવો જ પડશે. એવી સ્થિતિમાં ગુજરાતના દાર્શનિક સાહિત્યનું મુખ ઉજ્જવલ કરવા ખાતર અને દાર્શનિક સાહિત્યની સેવામાં ગુજરાતનું વિશિષ્ટ સ્થાન જણાવવા માટે દરેક સાહિત્ય-પ્રેમી વિદ્વાનની એ ફરજ છે કે તેણે કેવળ સાહિત્યોપાસનાની શુદ્ધદૃષ્ટિથી જૈન ન્યાય સાહિત્યના ગુજરાતીમાં સરલ અને વ્યવસ્થિત અનુવાદો કરી સર્વસાધારણ સુધી તેનો બોધ પહોંચતો કરવો. જૈનોનું આ સંબંધમાં બેવડું કર્તવ્ય છે. તેઓએ તો સાંપ્રદાયિક મોહથી પણ પોતાના દાર્શનિક સાહિત્યને વિશિષ્ટ રૂપમાં અનુવાદિત કરી પ્રચારવાની આવશ્યકતા છે.

સુખલાલ સંઘવી.

ગુજરાત પુરાતત્ત્વ મંદિર—અમદાવાદ.

પરિશિષ્ટ નં. ૧.

(ક)

નિબંધાંતર્ગત દાર્શનિકો

શ્વેતાંબરીય.

નામ	ન્યાય વિષયક કૃતિઓ.	તેમની માહિતીનાં સાધનો.
સિદ્ધસેન દિવાકર	સન્મતિતર્ક, ન્યાયાવતાર અને બત્રીશીઓ.	પ્રભાવક–ચરિત, પ્રબંધ ચિંતામણિ, ચતુર્વિંશતિ પ્રબંધ, જૈનસાહિત્ય સંશોધક વર્ષ ૧ અંક ૧. ગુર્વાવલી, વીરવંશાવલી, જૈન. સા૦ સં. વ. ૧. અં. ૩).
મલ્લવાદી.	દ્વાદશાર નયચક્ર, સન્મતિ ટીકા.	પ્ર૦ ચ૦, પ્રબં૦ ચિ, ચતુ૦ પ્ર૦ ગુર્વાવલી, વીરવંશાવલી (જૈન. સા૦ સં. વ. ૧ અં૦ ૩)
હરિભદ્ર	અનેકાંતજયપતાકા, ષટ્દર્શનસમુચ્ચય, લલિતવિસ્તરા, ન્યાય પ્રવેશ–પ્રકરણ ઉપર ટીકા, શાસ્ત્રવાર્તા–સમુચ્ચય,લોકતત્ત્વનિર્ણય ધર્મસંગ્રહણી અને ન્યાયાવતાર–વૃત્તિ,	પ્ર૦ ચ૦ ચતુ૦ પ્ર૦ શ્રી હરિભદ્રસૂરિ ચરિત્ર, જૈન દર્શન (પં. બેચરદાસ કૃત) ની પ્રસ્તાવના, જૈન સા૦ સં૦ વ૦ અં૦ ૧ વીરવંશાવલી, ધર્મસંગ્રહણિની પ્રસ્તાવના, ઉપમિતિ ભવપ્રપંચાની પ્રસ્તાવના વગેરે.
અભયદેવ (રાજગચ્છીય)	સન્મતિ ટીકા.	પીટર્સન રિપોર્ટ ૪ માં લેખકોની અનુક્રમણિકા.
વાદી દેવસૂરિ	સ્યાદ્વાદ રત્નાકર.	પ્ર૦ ચ. પ્રબં. ચિં. વીરવંશાવલી,
આચાર્ય હેમચંદ્ર	પ્રમાણ મીમાંસા, અન્ય યોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા.	પ્ર. ચ. પ્રબં. ચિં. ચતુ. પ્ર., કુમારપાળ પ્રતિબોધ, કુમારપાળ પ્રબંધ. કુમારપાળ ચરિત્ર, રાસમાળા વગેરે.

મલ્લિષેણ	સ્યાદ્વાદ મંજરી.	
મહોપાધ્યાય યશો-વિજયજી.	અધ્યાત્મમત પરીક્ષા સટીક, અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ્, આધ્યાત્મિકમતદલન સટીક, અષ્ટસહસ્રી વિવરણ, ઉપદેશ રહસ્ય સટીક, જ્ઞાનબિંદુ, જૈનતર્કભાષા, દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા-સટીક, ધર્મ પરીક્ષા સટીક, નયપ્રદીપ, નયામૃત તરંગિણી, ન્યાયખંડન ખાદ્ય-સટીક, ન્યાયાલોક, પાતંજલ યોગદર્શન વિવરણોલ્લેશ, ભાષારહસ્ય સટીક, શાસ્ત્રવાર્તા સમુચ્ચય, નયરહસ્ય, તત્ત્વાર્થસૂત્ર-વૃત્તિ. વગેરે.	યશોવિજય જીવન-ચરિત્ર(આ. બુદ્ધિસાગરકૃત): આનંદઘન પદ્ય રત્નાવલી પ્રસ્તાવના (મો. ગી. કાપડીયા કૃત). આત્માનંદ પ્રકાશ પુ૦ ૧૩ અં. ૬. શાસ્ત્રવાર્તા સમુચ્ચયની પ્રસ્તાવના; ધર્મસંગ્રહની પ્રસ્તાવના વગેરે.

(ખ)

દિગમ્બરીય.

સમંતભદ્ર	દેવાગમસ્તોત્ર, તત્ત્વાનુશાસન, યુક્ત્યનુશાસન; સ્વયંભૂસ્તોત્ર.	જૈન હિતૈષી ભા. ૬-અં.૨, ૩, ૪, વિદ્વદ્ રત્નમાળા ભા. ૧; અષ્ટસહસ્રીની પ્રસ્તાવના.
અકલંક	રાજવાર્તિક, અષ્ટશતી, ન્યાયવિનિશ્ચય, લઘીયસ્ત્રયી.	લઘીયસ્ત્રયી આદિની પ્રસ્તાવના, વિદ્વદ્રત્નમાળા ભા.૨, રાજવાર્તિકની પ્રસ્તાવના.
વિદ્યાનંદ	પ્રમાણ પરીક્ષા, અષ્ટસહસ્રી, શ્લોકવાર્તિક, આપ્ત પરીક્ષા, પત્ર પરીક્ષા વગેરે.	જૈન હિતૈષી ભા. ૮ પૃ. ૪૩૯, યુક્ત્યનુશાસનની પ્ર., અષ્ટસહસ્રીની પ્ર.
પ્રભાચંદ્ર	ન્યાય કુમુદ ચંદ્રોદય, પ્રમેય કમળ માર્તંડ.	વિદ્વદ્રત્નમાળા ભા. ૨, પ્રમેય કમળ માર્તંડની પ્રસ્તાવના.

નોંધ—આ આચાર્યોએ અનેક વિષયો ઉપર અનેક ગ્રંથો લખ્યાના પ્રમાણો મળે છે, પણ અહીં ફકત તેઓના ન્યાયવિષયક સાહિત્યનો ઉલ્લેખ પ્રસ્તુત હોવાથી તે દરેક આચાર્યની ન્યાયવિષયક કૃતિઓનો ઉલ્લેખ કરેલો છે.

પરિશિષ્ટ નં. ૨

નિબંધ બાહ્ય જૈનન્યાયના લેખકો.

(અ)

શ્વેતાંબરીય.

અનુક્રમ.	નામ.	ન્યાયવિષયક ગ્રંથો.
૧	શ્રી ગુણરત્નસૂરિ	ષડ્દર્શન સમુચ્ચય વૃત્તિ
૨	શ્રી ચંદ્રસેન	ઉત્પાદસિદ્ધિ પ્રકરણ
૩	શ્રી ચંદ્રપ્રભસૂરિ	પ્રમેયરત્નકોષ
૪	શ્રી દેવભદ્ર મલ્લધારી	ન્યાયાવતાર ટિપ્પન
૫	શ્રી દેવચંદ્રજી	નયચક્ર
૬	શ્રી પદ્મસુંદર	પ્રમાણસુંદર
૭	શ્રી બુદ્ધિસાગર	પ્રમાણલક્ષ્યલક્ષણ
૮	શ્રી મુનિચંદ્ર	અનેકાંતજયપતાકા ટિપ્પન
૯	શ્રી રાજશેખર	સ્યાદ્વાદકલિકા, રત્નાકરાવતારિકા ટિપ્પન
૧૦	શ્રી રત્નપ્રભ	રત્નાકરાવતારિકા
૧૧	શ્રી શુભવિજય	સ્યાદ્વાદ ભાષા
૧૨	શ્રી શાંતિસૂરિ	પ્રમાણ પ્રમેયકલિકા વૃત્તિ

દિગંબરીય.

(બ)

અનુક્રમ.	ગ્રંથકાર.	ન્યાયવિષયક ગ્રંથો.
૧	અનંતવીર્ય	ન્યાયવિનિશ્ચયાલંકારવૃત્તિ
૨	શ્રી સુમતિ	સિદ્ધસેનના સન્મતિતર્ક પર ટીકા, ઉલ્લેખ શ્રવણ બેલગુલાની મલ્લિષેણકૃત પ્રશસ્તિ તથા વાદીરાજ કૃત પાર્શ્વનાથચરિત્ર
૩	શ્રી દેવસેન	નયચક્ર, આલાપપદ્ધતિ
૪	શ્રી ધર્મસાગર સ્વામી	નયચક્ર

૫	શ્રી ધર્મભૂષણ	ન્યાયદીપિકા, પ્રમાણવિસ્તાર
૬	શ્રી પ્રભાદેવ સ્વામી	પ્રમિતિવાદ, મુક્તિવાદ, અવ્યાપ્તવાદ, તર્કવાદ તથા નયવાદ
૭	શ્રી નરેન્દ્રસેન	પ્રમાણ પ્રમેય કલિકા
૮	શ્રી પંડિતાચાર્ય	પ્રમેયરત્નાલંકાર, પ્રમેયરત્નમાલિકા પ્રકાશિકા, સપ્તભંગી તરંગિણી ટીકા.
૯	શ્રી ભાવસેનાચાર્ય	ન્યાયદીપિકા
૧૦	શ્રી ભાવસેન કવિ	વિશ્વતત્વ પ્રકાશ
૧૧	શ્રી વાદીરાજ મુનિ	વાદમંજરી
૧૨	શ્રી વાદીસિંહ	પ્રમાણનૌકા, તર્કદીપિકા
૧૩	શ્રી વિમળદાસ	સપ્તભંગીતરંગિણી
૧૪	શ્રી શ્રુતસાગર સ્વામી	સંમતિ તર્ક
૧૫	શ્રી શ્રુતસાગર	તર્કદીપક

પરિશિષ્ટ નં. ૩

જૈનેતર ન્યાય ઉપર લખનારા જૈનાચાર્યો.

શ્વેતાંબરીય.

અનુક્રમ.	નામ.	ન્યાયવિષયક ગ્રંથો.
૧	શ્રી અભયાતલક	ન્યાયાલંકાર ટિપ્પન
૨	શ્રી ક્ષમાકલ્યાણ	તર્ક ભાષા
૩	શ્રી ગુણરત્ન	તર્કરહસ્યદીપિકા
૪	શ્રી જયસિંહ	ન્યાયસારવૃત્ત (મૂળ ભા, સર્વજ્ઞ કૃત)
૫	શ્રી જિનવર્ધન	સપ્તપદાર્થી–ટીકા
૬	શ્રી નરચંદ્રસૂરિ	કંદલી ટિપ્પન (મૂલ શ્રીધર કૃત)
૭	શ્રી મલ્લવાદી	ન્યાયબિંદુ વૃત્તિટિપ્પન (મુળ વૃત્તિ ધર્મો-
૮	શ્રી ભુવનસુંદર	મહાવિદ્યા વિડંબના વૃત્તિ [ત્તર રચિત)
૯	શ્રી રત્નશેખર	લક્ષણ સંગ્રહ
૧૦	શ્રી રાજશેખર	કંદલિપંજિકા
૧૧	શ્રી શુભવિજય	તર્કભાષાવાર્તિક [ગાચાર્ય રચિત)
૧૨	શ્રીહરિભદ્ર	ન્યાયપ્રવેશ પ્રકરણ–વૃત્તિ (મૂળ દિગ્નાગ-

ભાવનગરમાં ભરાયેલી સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદમાં
શા. કુંવરજી આણંદજીએ વાંચેલું ભાષણ.

કર્મ સંબંધી જૈન સાહિત્ય.

અનેક દર્શનોના પ્રાચીન અને અર્વાચીન તમામ સાહિત્ય તરફ દૃષ્ટિ કરતાં જૈનદર્શનમાં કર્મને લગતું જેટલું સાહિત્ય પૂર્વપુરૂષોએ રચેલું છે અને જેટલું છપાયેલું છે તેટલું કોઈ પણ દર્શનમાં લખાયેલ કે છપાયેલ નથી. પ્રાયે એમ કહીએ તો ચાલી શકે કે એ વિષયમાં અન્ય દર્શનકાર તેટલા ઉતરેલજ નથી. કર્મનો વિષય અતીંદ્રિય છે; તેથી તેના મુખ્ય પ્રણેતા સર્વજ્ઞજ હોઇ શકે; એમાં કલ્પના ચાલી શકતી નથી. એ કલ્પનાતીત વિષય છે. આ સંબંધમાં જૈન સાહિત્ય કેટલું છે ? તેની ટુંક નોંધ આ સાથે આપેલી છે તે ઉપરથી સમજી શકાશે કે એ વિષયમાં લાખો શ્લોકો જૈનાચાર્યોએ રચેલાં છે અને તેનો બહોળો ભાગ તેજ રૂપમાં (પ્રાકૃત ને સંસ્કૃતમાં) છપાયેલ છે, તેમજ ગુજરાતી ભાષાંતર સાથે પણ ઘણો ભાગ બહાર પડેલ છે (છપાયેલનો નોંધ પણ આ સાથે આપેલ છે.)

જૈન દર્શન ખાસ **પુરૂષાર્થવાદી** છે; કારણ કે પુરૂષાર્થવડેજ આત્મા પૂર્વકૃત કર્મોનો નાશ કરીને શિવસ્થાન-નિરૂપદ્રવ સ્થાન-અપુનરાવૃત્તિવાળું સ્થાન મેળવી શકે છે, છતાં કર્મને લગતા શાસ્ત્રો તેમાં ઘણા હોવાથી તેમજ તે સંબંધમાં ઉપદેશ, ચર્ચા તેમજ તેનાથી ડરવાપણું વિશેષ હોવાથી જૈનોને કર્મવાદી કહેવામાં આવે છે. ખરો જૈન જેમ બને તેમ નવાં કર્મ ન બંધાય, ઓછાં બંધાય, શુભ બંધાય તેને માટે પ્રયત્નશીલ હોય છે; કારણકે ઉપર જણાવેલા મોક્ષસ્થાનમાં જતાં રોકી રાખનાર કર્મોજ છે; તેથી વ્યવહારવિચક્ષણ વણિક જેમ આવક વધારે ને ખર્ચ ઓછો કરી શ્રીમંત થાય તેમ ખરો જૈન પણ આત્મિક સંપત્તિ જેમ બને તેમ વધારે મેળવે-પ્રગટ કરે અને નવો કર્મબંધ રૂપ ખર્ચ ઓછો કરે, એમ કરીને સાચો શ્રીમંત બને.

કર્મ બે પ્રકારના છે-શુભ અને અશુભ. શુભ કર્મ સુખ આપે છે ત્યારે અશુભ કર્મ દુઃખ આપે છે. આ વિષય વધારે સમજવા માટે કર્મનાં મૂળ ૮ વિભાગ પાડવામાં આવ્યા છે, અને તેના ઉત્તર ભેદો ૧૫૮ પાડવામાં આવ્યા છે.

તે સંબંધી અહીં વધારે વિસ્તાર ન કરતાં માત્ર આઠ કર્મની જ ટુંકી વ્યાખ્યા આપવામાં આવે છે.

૧ જ્ઞાનને આવરણ કરે-રોકે-બરી સમજ પડવા ન દેય તે **જ્ઞાનાવરણીય** કર્મ.

૨ ઇંદ્રિયોથી ને આત્માથી જોવાતા વિષયને રોકે તે **દર્શનાવરણીય** કર્મ.

૩ સુખ અને દુઃખ આપે તે સાતા ને અસાતા રૂપ **વેદનીય** કર્મ.

૪ સંસારમાં મોહ પમાડે-મુંઝવે-અનેક પ્રકારની ખટપટમાં ઉતારે-સંસારમાં પરિભ્રમણ કરાવે-બરી સમજ પડવા ન દેય, શુભાચરણ પણ થવા ન દેય તે **મોહનીય કર્મ.**

૫ ઉંચ અને નીચ જાતિમાં ઉત્પન્ન કરે-જન્મ આપે તે **ગોત્ર** કર્મ.

૬ દાન દેતાં, લાભ મેળવતાં, વસ્તુઓનો ભોગ-ઉપભોગ લેતાં અટકાવે-તેમાં ખામી લાવે, આત્મવીર્ય કે શારીરિક બળ પૂરતું ફોરવવા ન દેય તે **અંતરાય** કર્મ.

૭ મનુષ્ય, તિર્યંચ, દેવાદિક ગતિ, એકેંદ્રિયાદિક જાતિ, શરીર, તેની આકૃતિ તેમાં બળ ઇત્યાદિ અનેક બાબતો શુભ અને અશુભ-ઓછું ને વધતું આપનાર વિચિત્ર પ્રકારનું **નામ** કર્મ.

૮ મનુષ્યમાં કે દેવાદિક ગતિમાં એક ભવ આશ્રી અમુક વર્ષો સુધી રહેવા દેય--રાખે--રહેવું પડે તે **આયુ** કર્મ.

આ કર્મો બાંધવાના અનેક કારણો છે. તે પૈકી ટુંકામાં નીચે જણાવેલા ચાર કારણો કહ્યાં છે તે ખાસ ધ્યાન આપવા લાયક છે. ૧ દેવ ગુરૂ ધર્મ સંબંધી તેમજ જગતના અન્ય પદાર્થો સંબંધી ખોટી માન્યતા, ભૂલ ભરેલી માન્યતા અને તેનો આગ્રહ, તે **મિથ્યાત્વ** નામનું સૌથી પ્રબળ પ્રથમ કારણ ગણાય છે.

૨ હિંસાનો, અસત્યનો, ચોરીનો, પરસ્ત્રી સાથેના સંબંધનો અત્યાગ, પરિગ્રહ--દ્રવ્યાદિકની મૂર્ચ્છા (તૃષ્ણા)નું અપરિમિતપણું તેમજ બીજી પણ અનેક બાબતોમાં **અવિરતિ** ભાવ (અત્યાગ ભાવ) એ કર્મબંધનું બીજું કારણ છે.

૩ કોઇની ઉપર ક્રોધ કરવો, અભિમાન કરવું, માયાકપટ કરવું, અતિશય લોભ કરવો, હાસ્યાદિક કરીને અન્યને દુઃખ ઉપજાવવું, ઇંદ્રિયજન્ય સુખની અત્યંત અભિલાષા (વાંચ્છા) કરવી એ **કષાય** નામનું કર્મબંધનું ત્રીજું કારણ છે.

૪ મન, વચન અને કાયાને અશુભ કાર્યમાં પ્રવર્તાવવાથી જે અધ્યવસાયની મલિનતા જણાય છે, તેથી કર્મબંધ થાય છે, તે યોગ નામનું કર્મબંધનું ચોથું કારણ છે.

આ ચારે કારણનું જૈનશાસ્ત્રોમાં ઘણું વિસ્તૃત વર્ણન છે, અને તે ખાસ ધ્યાન આપવા લાયક છે. તે ધ્યાનમાં લીધા પછી તે કારણોમાં આત્માને ન વર્તવા દેવો અને તેથી વિરૂદ્ધના શુભ કારણોમાં આત્માની પ્રવૃત્તિ કરવી તે શુભ બંધના અથવા કર્મની નિર્જરાના કારણો છે. એમાં પ્રગતિ કરતાં આ આત્મા છેવટે સર્વ કર્મથી વિમુક્ત થાય છે અને સર્વ ઉપદ્રવ રહિત મોક્ષસ્થાનને પામે છે. આ પ્રગતિને જૈનશાસ્ત્રકારોએ ગુણસ્થાનરૂપે ગુણસ્થાનના નામથી વર્ણવેલ છે. એવા ગુણસ્થાન મુખ્ય ૧૪ કહ્યા છે. તે દરેકના પણ તરતમતા યોગે અનેક ભેદો થાય છે. તેમાં છેવટના બે ગુણઠાણા તો તરતમ ભાવ વિનાના છે. એ સ્થાને પહોંચેલા સર્વ જીવો (આત્માઓ) સમાન હોય છે.

કર્મગ્રંથોની અંદર કર્મબંધના મુખ્ય ચાર પ્રકાર બતાવેલા છે. ૧ પ્રકૃતિ બંધ-(કર્મોનો સ્વભાવ) આત્માને તે શું લાભ અથવા હાનિ કરે ત. ૨ સ્થિતિબંધ—બાંધેલાં કર્મ કેટલા વખત સુધી ભોગવવાં પડે તે. ૩ અનુભાગ બંધ-જેવા જેવા મંદ અથવા તીવ્ર શુભ કે અશુભ અધ્યવસાયથી કર્મ બાંધેલ હોય તેવો તેની અંદર તીવ્ર કે મંદ અથવા શુભ કે અશુભ રસ પડે છે તે. અને ૪ પ્રદેશ બંધ-તે આત્માની સાથે કર્મના પ્રદેશોનું ચોંટવું-એકરૂપ થવું તે.

હવે ' આત્મા અરૂપી છે અને કર્મ રૂપી છે તો તે બન્નેનો સંયોગ સંબંધ શી રીતે થાય ? ' એ પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કે-આત્મા અરૂપી છતાં તેને મદિરાપાનાદિ અશુદ્ધ બનાવે છે, વિષભક્ષણાદિવડે દેહમાંથી નીકળવું પડે છે, વિષના પુદ્ગળો તેને શરીરમાંથી કાઢે છે-જુદો પાડે છે, તે રીતે કર્મ રૂપી છતાં પણ અરૂપી આત્માની ઉપર અસર કરી શકે છે, એમાં સંશય કરવા જેવું નથી.

કેટલાએક દર્શનકાર કર્મને અરૂપી માને છે પણ તે માન્યતા ભૂલભરેલી છે; કારણ કે જો કર્મ અરૂપી હોય તો અરૂપી આકાશ જેમ આત્માને ઉપઘાત કે અનુગ્રહ કરી શકતું નથી તેમ તે પણ કરી શકે નહીં.

આત્મા સાથે કર્મ અનંત કાળથી-અનાદિથી લાગેલા છે અને તે જુના છુટે, નવા ચોંટે એમ થયા કરે છે. પ્રવાહે અનાદિ છે.-અને જો એમ ન હોય તો

પ્રથમ કર્મરહિત આત્માને પછી કર્મ લાગ્યા એમ કહેવામાં આવે તો કર્મ-રહિત થયેલા–મુક્તિ પામેલા સિદ્ધના જીવોને પણ કર્મનો સંભવ થાય; પરંતુ કારણ વિના કાર્ય બનતું નથી તેમ જીવને પણ પૂર્વકર્મ કારણરૂપ છે અને તેથીજ નવા કર્મ બંધાય છે. કર્મરહિત હોય તો પૂર્વકર્મરૂપ કારણ વિના નવા કર્મ બંધાયજ નહીં. આ વાત ન્યાયથી પણ સિદ્ધ થાય તેવી છે.

આત્મા (જીવ) અને કર્મ બન્ને અનાદિ છે. તેની આદિ માનવાથી અનેક પ્રકારના દૂષણો પ્રાપ્ત થાય છે. તે અહીં વિષયાંતર થઇ જવાના કારણથી બતાવવામાં આવેલ નથી. બાકી તેના અનાદિપણાની સિદ્ધિ માટે જૈનશાસ્ત્રમાં ઘણું લખાયેલ છે.

આ જગતની જે રચના છે, જે વિચિત્રતા છે, પ્રાણી જે સુખ દુઃખ પામે છે, અનેક પ્રકારના ધાર્યા અણધાર્યા ફેરફારો થાય છે, તે બધા કર્મને આભારી છે. કર્મને લઇનેજ થાય છે. આ જીવ તેમજ સર્વ જીવો કોઈપણ યોનિમાં જન્મ ધારણ કરે છે ત્યારથી તેની જે પ્રગતિ થાય છે તેમાં ખાસ કારણ કર્મજ છે. કાંઈપણ કર્મના કારણ સિવાય બનતું જ નથી. કર્મની પ્રક્રિયાને જે બરાબર સમજે છે તેને એમાં કાંઇપણ આશ્ચર્ય થતું નથી. તેને તો સૂર્યના પ્રકાશની જેમ આત્મામાં એવો પ્રકાશ પડી જાય છે કે તેની અંદર બધી હકીકતનો અત્યંત સ્પુટપણે ભાસ થાય છે.

કેટલાએક દર્શનકારો અથવા બીજાઓ કર્મનીજ આવશ્યકતા સ્વીકારતા નથી. તેમણે એજ વિચાર કરવાનો છે કે–જો કર્મ ન હોય અને તેનું શુભાશુભ પરિણામ ન હોય તો એક જીવ સુખી ને એક દુઃખી, એક ધનવાન ને એક નિર્ધન, એક રાજા ને એક રાંક, એક મનુષ્ય ને એક પશુ, એક સ્ત્રી ને એક પુરૂષ, એક રૂપવંત ને એક કુરૂપી, એક સદ્‌ગુણી ને એક દુર્ગુણી, એક બુદ્ધિ-શાળી ને એક મૂર્ખ, એક સન્માનપાત્ર અને એક નિર્ભિંછનાનું પાત્ર–ઇત્યાદિ અનેક પ્રકારનો વિર્ભાવ દેખાય છે તે કેમ બની શકે? તેમજ એકજ માણસ એક ક્ષણમાં સુખીનો દુઃખી થઇ જાય, નિરોગીનો રોગી થઇ જાય, શુદ્ધિમાન્ મટીને અશુદ્ધ થઈ જાય ઇત્યાદિ આકસ્મિક ફેરફારો પણ કર્મ વિના સંભવેજ નહીં; માટે કર્મની અવસ્થિતિ માનવા યોગ્યજ છે.

દરેક દર્શનકાર એક કે બીજે રૂપે પણ કર્મને માને તો છે. તેને માન્યા વિના છુટકો થતો નથી. બૌધો કર્મને વાસનારૂપ માને છે, નૈયાયિક ને વૈશે-ષિક તેને આત્માના ગુણ **ધર્મ અધર્મ** રૂપે માને છે, સાંખ્યો કર્મને **પ્રકૃતિ**

રૂપ કહે છે, મિમાંસકો તેને અપૂર્વ કહે છે, વેદાંતી માયા સ્વરૂપ કહે છે, અને જૈનદર્શન તેને પુદ્ગળરૂપ માને છે. તે પુદ્ગળો દ્રવ્યકર્મ કહેવાય છે અને તેના ઉદયથી આત્માના જે શુભાશુભ પરિણામ થાય છે તે ભાવકર્મ કહેવાય છે. ભાવકર્મથી દ્રવ્યકર્મ બંધાય છે અને દ્રવ્યકર્મથી ભાવકર્મ થાય છે. આમ તે બન્ને પરસ્પર કાર્ય કારણભાવ ધરાવે છે. જેમ તૈલાદિકથી સ્નિગ્ધ શરીર ઉપર ચારે તરફથી રજ ચોંટે છે તેમ શુભાશુભ અધ્યવસાયરૂપ ચીકાશથી દ્રવ્યકર્મ આત્માને ચોંટે છે અને ચીકાશના પ્રમાણમાં તીવ્ર કે મંદ એવા કર્મના ભેદ પડે છે.

જગતમાં રહેલા પુદ્ગળસમૂહની જૈનશાસ્ત્રકારોએ આઠ પ્રકારની વહેંચણ (જુદાઈ) બતાવી છે. તેને વર્ગણાઓ કહે છે. તે વર્ગણાઓ એક બીજા કરતાં સૂક્ષ્મ છે. કાર્મણ વર્ગણા સર્વ કરતાં સૂક્ષ્મ છે–આઠમી છે. એ વર્ગણાઓ અનંત પરમાણુઓના બનેલા અનંતા સ્કંધોની બનેલી હોય છે. તેવી વર્ગણાઓ પ્રતિસમય આ જીવ શુભાશુભ અધ્યવસાયવડે ગ્રહણ કરે છે; અને તે આત્માની સાથે ક્ષીરનીરની જેમ અથવા લોહ ને અગ્નિની જેમ એકરૂપ થઈ જાય છે; અને તે પોતપોતાના સ્વભાવ (પ્રકૃતિ) પ્રમાણે આત્માના જ્ઞાનાદિ ગુણોને હણે છે, રોકે છે, સુખ દુઃખ આપે છે અને સંસારમાં પરિભ્રમણ કરાવે છે. આ ચેતન અનંત શક્તિવાળો છે, છતાં કર્મના સંબંધથી તે કાયર થઈ ગયેલો છે. સદ્‌ગુરૂ યોગે તેનામાંથી કાયરતા જશે અને શૂરવીરતા પ્રગટ થશે ત્યારે તે કર્મોને હઠાવીને પોતાની સત્તાને–પોતાના ગુણોને પૂર્ણપણે પ્રગટ કરશે.

કર્મ મૂર્ત્ત હોવા છતાં જેમ અતિ સૂક્ષ્મ વસ્તુ આકાશમાં રહેલ હોય છતાં આપણે જોઇ શકતા નથી, તેમ તે અત્યંત સૂક્ષ્મ હોવાથી જોઈ શકાતા નથી. તેના ફળ તરીકે પ્રાપ્ત થયેલા ઔદારિક ને વૈક્રિય શરીરો વિગેરેજ દેખાય છે. મનુષ્ય અને તિર્યંચના શરીરો ઔદારિક કહેવાય છે અને દેવતા નારકીના શરીરો વૈક્રિય કહેવાય છે.

'આત્મા ને કર્મનો અનાદિ સંબંધ (સંયોગ) છે તો પછી તેનો વિયોગ કેમ થાય ?' એમ કોઇ શંકા કરે તો તેનો ખુલાસો એ છે કે–સુવર્ણ અને મૃત્તિકાનો અનાદિ સંબંધ છતાં પણ અગ્નિ વિગેરેના પ્રયોગથી તે બન્ને છુટા પડે છે, તેમ આત્મા સાથે લાગેલા કર્મો પણ શુભ ધ્યાનરૂપ અગ્નિવડે છુટા પડી શકે છે, બીજી રીતે પણ છુટા પડે છે. વળી કર્મો પણ એકના એક કાયમ રહેતા

નથી. જુના ખરે છે ને નવા બંધાય છે. એમ પ્રવાહની અપેક્ષાએ જ તેનો અનાદિ[૧] સંબંધ કહ્યા છે.

આઠે પ્રકારના કર્મ બાંધવાના જેમ ઉપર મિથ્યાત્વ, અવિરતિ, કષાય ને યોગ એ ચાર સામાન્ય હેતુ બતાવ્યા છે તેમ આઠે પ્રકારના કર્મના જુદા જુદા કારણો પણ બતાવવામાં આવ્યા છે. તે અહીં ટુંકામાં બતાવવામાં આવેલ છે.

આઠ પ્રકારના કર્મબંધના વિશેષ હેતુ.

૧–૨ જ્ઞાન અને જ્ઞાનીઓનું પ્રત્યનિકપણું–શત્રુપણું કરનાર, ગુરૂને ઓળવનાર (તેનો છુપાવનાર), ઉપઘાત કરનાર (પીડા કરનાર), પ્રદ્વેષ કરનાર, અંતરાય કરનાર (વિઘ્ન કરનાર) તેમજ અત્યંત આશાતના કરનાર **જ્ઞાનાવરણીય** ને **દર્શનાવરણીય** કર્મ બાંધે છે. (આ બંને કર્મના બંધહેતુ સરખાજ છે; કારણ કે દર્શન સામાન્ય ઉપયોગ છે અને જ્ઞાન વિશેષ ઉપયોગ છે.)

૩ ગુરૂમહારાજની, ધર્માચાર્યની તેમજ માતાપિતાની ભક્તિ કરવાથી, તેમનું બહુમાન કરવાથી, ક્ષમાથી, કરૂણાથી, વ્રત પાળવાથી, યોગની ક્રિયાથી, કષાયો ન કરવાથી અને દાનાદિક કરવાથી **શાતા વેદનીયકર્મ** બંધાય છે અને તેથી વિરૂદ્ધ વર્તન કરવાથી **અશાતા વેદનીય** કર્મ બંધાય છે.

૪ ઉન્માર્ગનો ઉપદેશ કરવાથી. સન્માર્ગનો નાશ કરવાથી, શુભ નિમિત્તે વાપરવાના દ્રવ્યોનો વિનાશ કરવાથી, તેમજ દેવ, ગુરૂ, દેવાયતન અને ધર્મારાધન કરનારાઓનું પ્રત્યનીકપણું કરવાથી, તેમની વિરૂદ્ધ વર્તન કરવાથી, દર્શન **મોહનીય** કર્મ બંધાય છે; અને ચાર કષાય (ક્રોધ, માન, માયા ને લોભ) હાસ્યાદિક ષટ્ક (હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક ને દુગંચ્છા,) અને ત્રણ વેદ, (પુરૂષવેદ, સ્ત્રીવેદ ને નપુંસક વેદ) થી વિવશ—પરવશ—તેને વશ મનવાળા જીવો **ચારિત્ર મોહનીય** કર્મ બાંધે છે કે જે કર્મ સદાચરણ (ચરિત્ર)ને રોકનાર છે. તેમાં દૂષણ લગાડનાર છે.

૫ આયુ ચારે ગતિનું બાંધવાના કારણો જુદા જુદા છે.

૧ મહા આરંભના—મહાપાપના કર્મો કરનાર અને પરિગ્રહની અત્યંત તૃષ્ણાવાળો તેમજ ક્રૂર પરિણામવાળો જીવ નરકનું આયુ બાંધે છે.

---

૧ સુવર્ણ ને મૃત્તિકાનો અનાદિ સંબંધ અપેક્ષાએ કહ્યો છે; કારણ કે તે સંબંધ પણ આદિવાળો છે. પરંતુ પ્રવાહે અનાદિ કહેવાય છે.

૨ મહા કપટી, પ્રપંચી, મિષ્ટભાષી ને અંતઃકરણનો મહામલિન, શલ્યયુક્ત હૃદયવાળો, વ્રત નિયમમાં દોષ લગાડનારો **તિર્યંચનું આયુષ્ય** બાંધે છે.

૩ સ્વભાવેજ મંદ કષાય (ક્રોધાદિ) વાળો, દાન કરવાની રૂચિવાળો, અને મધ્યમ પ્રકારના ગુણોવાળો **મનુષ્યનું આયુ** બાંધે છે.

૪ અજ્ઞાન કષ્ટ કરનાર, દેહને બહુ દમનાર, કર્મની નિર્જરા કરનાર, વ્રતાદિકનું મધ્યમ પરિણામે સેવન કરનાર **દેવગતિનું આયુ** બાંધે છે.

(જે ગતિનું આયુ બાંધ્યું હોય તે ગતિમાં આ જીવ મરણ પામીને જાય છે.)

૬ માયા (કપટ) વિનાનો, સરલ સ્વભાવવાળો, ગર્વવિનાનો, સંસાર-ભીરૂ, ક્ષમામાર્દવાદિ ગુણવાળો શુભ **નામકર્મ** બાંધે છે અને તેથી વિરૂદ્ધ વર્તનવાળો **અશુભ નામકર્મ** બાંધે છે.

૭ ગુણગ્રાહી, મદવિનાનો, અધ્યયન ને અધ્યાપનમાં રૂચિવાળો, પરમાત્મા ઉપર ભક્તિવાળો, ગુરૂ વિગેરેનો ભક્ત એવો જીવ **ઉચ્ચગોત્ર** બાંધે છે અને તેથી વિરૂદ્ધ વર્તનવાળો **નીચગોત્ર** બાંધે છે.

૮ પરમાત્માની તેમજ સદ્‌ગુરૂની ભક્તિમાં વિઘ્ન કરનારો, હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય સેવવામાં અને પરિગ્રહ (દ્રવ્ય) મેળવવામાં અહર્નિશ તત્પર, કોઇને દાન કરતાં અટકાવનારો, લાભમાં વિઘ્ન કરનારો, કોઈની ભોગ ઉપભોગાદિ-કની વસ્તુનો નાશ કરનારો અને અન્યની શક્તિને હણનારો જીવ દાનાંતરા-યાદિ પાંચે પ્રકારના **અંતરાય કર્મ** બાંધે છે.

કર્મના સંબંધમાં લખવા બેસીએ કે કહેવા માંડીએ તો ઘણું કહેવાનું ને લખવાનું લભ્ય થઇ શકે તેમ છે, પરંતુ અહીં તો ટુંકામાં કર્મ એ શું વસ્તુ છે, તે અને તેનું સ્વરૂપ બતાવવાને માટે જૈન સાહિત્યકારોએ કેટલો પ્રયાસ કરેલો છે તે બહુ ટુંકામાં **બતાવવાનોજ આસ** હેતુ છે; અને જૈન દર્શનની મહત્તાનું એ પણ એક ખાસ કારણ છે.

પ્રાચીન અને નવ્ય તેમજ સંસ્કૃત કર્મગ્રંથોમાં ખાસ કરીને કર્મના બંધ, ઉદય, ઉદીરણા ને સત્તાનો જ અધિકાર છે. કર્મ કેવી રીતે બંધાય છે ? અમુક અમુક ચડતી ચડતી હદવાળા (ગુણઠાણાવાળા) જીવો કયા કયા કર્મ બાંધે છે અને કયા બાંધતા નથી ? તે (બંધ) પ્રથમ બતાવવામાં આવેલ છે.

ત્યારપછી તે બાંધેલા કર્મ ક્યારે અને કેવી રીતે કયા સ્વરૂપમાં ઉદય આવે છે ? તે બતાવ્યું છે. જેમ જેમ આત્મા ઉંચી હદે ચઢતો જાય છે તેમ તેમ અશુભ કર્મો તેને ઉદયમાં આવી શકતા નથી. વળી કર્મ તો સમયે સમયે બંધાય છે, તે કાંઇ તરત ઉદયમાં આવતા નથી. અમુક કાળ જેને અબાધા કાળ કહે છે તે વ્યતીત થયા પછી ઉદય આવે છે. અત્યારે આપણે જે શુભ કે અશુભ કર્મ ભોગવીએ છીએ તે તો પૂર્વના બાંધેલા કર્મો ભોગવીએ છીએ; એટલું છે કે– **अत्युग्रपुण्यपापानां इहैव फलमश्नुते**–કોઇ અતિ ઉગ્ર પુણ્ય કે પાપ કરવામાં આવે તો તેના ફળ અહીં પણ ભોગવવા પડે છે. ઉદય પછી ઉદીરણા પ્રકરણ આવે છે. કેટલાક કર્મો ઉદીરણા કરીને તેની સ્થિતિ પાકયા અગાઉ પણ ભોગવવામાં આવે છે, તેનું એ પ્રકરણમાં સ્વરૂપ બતાવેલું છે.

ઉદયના બે પ્રકાર બતાવ્યા છે. ૧ પ્રદેશ ઉદય ને ૨ વિપાક ઉદય; એટલે કેટલાક કર્મો માત્ર **પ્રદેશ ઉદયથીજ** ભોગવાઇ જાય છે. તેનું ફળ કાંઇ આત્માને દેખાતું નથી અને કેટલાંક કર્મ–પ્રાયે ઘણા કર્મ ભોગવવાથીજ છુટે છે તે **વિપાક ઉદય** કહેવાય છે. આમાં પણ એક કેદી, જેમ તેને સજા કરેલી પૂરી મુદતે છુટે છે અને એક કેદી સારી ચાલથી તેમજ કોઈ શુભ નિમિત્તથી (રાજાને ત્યાં પુત્રજન્માદિ કારણથી) વહેલો છુટી જાય છે, તેમ કર્મને માટે પણ બને છે. કેટલાંક કર્મ લાંબી સ્થિતિના બાંધ્યા હોય છતાં શુભ નિમિત્તો મળવાથી શુભ અધ્યવસાયથી વહેલા પણ છુટી જાય છે.

કર્મનો બંધ થયા પછી જ્યાંસુધી ઉદયમાં ન આવે ત્યાંસુધી તે કર્મ આત્માની સાથે **સત્તા** તરીકે આત્માને ચોંટેલા રહે છે. તે સંબંધી હકીકત સત્તા નામના ચોથા પ્રકરણમાં આવે છે.

કર્મપ્રકૃતિ ને પંચસંગ્રહ શિવાયના બાકીના કર્મ સંબંધી ગ્રંથોમાં ઉપર જણાવેલ ચાર બાબત (બંધ, ઉદય, ઉદીરણા ને સત્તા) નોજ વિસ્તાર છે. જ્ઞાનદૃષ્ટિએ તેનું જે જે પ્રકારનું જુદું જુદું સ્વરૂપ સમજવામાં આવ્યું તે સર્વજ્ઞોએ કહ્યું છે અને તેને ગણધરોએ તેમજ ત્યારપછીના પૂર્વાચાર્યોએ ગ્રંથરૂપે ગુંથ્યું છે. તે અત્યારે આપણને મહા ઉપકારક થઇ પડયું છે. તેમનો જેટલો ઉપકાર માનીએ તેટલો થોડો છે.

આઠ કર્મના ઘાતી ને અઘાતી એવા બે ભેદ પાડ્યા છે. ચાર ઘાતી છે ને ચાર અઘાતી છે. **ઘાતી** કર્મો આત્માના જ્ઞાનાદિ ગુણોનો ઘાત કરે છે અને **અઘાતી** કર્મો આત્માના ગુણોનો ઘાત કરતા નથી, પણ તે કર્મો હોય ત્યાંસુધી

આ જીવને સંસારમાં રહેવું પડે છે. સર્વ કર્મનો ક્ષય થાય ત્યારેજ પ્રાણી મુક્તાવસ્થા-સિદ્ધાવસ્થા પામે છે.

કર્મપ્રકૃતિ—નામના ગ્રંથમાં આઠ કરણ ને ઉદય, સત્તા-એમ દશ પ્રકરણો છે. આઠ કરણ ખાસ જાણવા જેવા છે. તેના નામ-૧ બંધન, ૨ સંક્રમણ, ૩ ઉદીરણા, ૪ ઉપશમના, ૫ ઉદ્વર્ત્તના, ૬ અપવર્ત્તના, ૭ નિધત્તિ ને ૮ નિકાચના છે. આ આઠેનું સ્વરૂપ તે ગ્રંથમાં તો ઘણું વિસ્તારે આપેલું છે. અહીં તો માત્ર તેનું ટુંકું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે, કે જે જાણવાથી વધારે જાણવાની અભિલાષા થાય તો તે ગ્રંથ વાંચવા પ્રયત્ન કરે.

૧ બંધન—જીવનું કર્મની સાથે બંધાવું-એકરૂપ થઈ જવું તે.

૨ સંક્રમણ—અધ્યવસાયના ફેરફારથી-શુભના અશુભ થઈ જવાથી અને અશુભના શુભ થઈ જવાથી પૂર્વે બાંધેલા શુભ કર્મો અશુભ કર્મપણે સંક્રમે છે અને અશુભ કર્મો શુભપણે સંક્રમે છે તે. (બીજી રીતે બીજા કારણથી પણ કર્મોનું સંક્રમણ થાય છે.)

૩ ઉદીરણા તેનું લક્ષણ ઉપર બતાવેલું છે; અર્થાત્ ઉદયમાં આવવાની સ્થિતિ થયા અગાઉ ઉદીરણા કરીને કર્મોને વહેલા ઉદયમાં લાવવા તે.

૪ ઉપશમના—ઉદયમાં આવેલા કર્મોને પ્રદેશે વેદવા અને અનુદય કર્મને ઉદય આવતાં રોકવા તે ઉપશમના કહેવાય છે. જે કર્મપ્રકૃતિની ઉપશમના કરી હોય તે વિપાક ઉદયે વેદાતી નથી.

૫ ઉદ્વર્ત્તના—શુભ અથવા અશુભ અધ્યવસાયની તીવ્રતાથી પૂર્વબદ્ધ કર્મોના રસમાં ને સ્થિતિમાં વૃદ્ધિ થાય તે.

૬ અપવર્ત્તના—શુભ અથવા અશુભ અધ્યવસાયની તીવ્રતાથી પૂર્વબદ્ધ કર્મોના રસમાં ને સ્થિતિમાં હાનિ થાય-ઘટાડો થાય તે.

૭ નિધત્તિ—અધ્યવસાયની તીવ્રતાથી-પૂર્વે કરેલા શુભ અથવા અશુભ કાર્યની વધારે વધારે ચોયણા-પ્રતિચોયણા કરવાથી પૂર્વે બાંધેલા શુભ કે અશુભ કર્મોને વધારે દૃઢ-મજબુત કરવા તે.

૮ નિકાચના—ઉપર જણાવેલા કારણનીજ વધારે પુષ્ટતા કરવાથી પૂર્વે બાંધેલા કર્મો અવશ્ય ભોગવવાંજ પડે, ભોગવ્યા વિના છુટકોજ ન થાય એવા કરવા તે.

આ આઠ કરણ કહેવાય છે. તે ઉપરાંત કર્મપ્રકૃતિના ઉદય અને સત્તાની હકીકત પણ કર્મપ્રકૃતિમાં દાખલ કરેલ છે. કર્મગ્રંથો કરતાં આ કર્મપ્રકૃતિ ગ્રંથમાં ઘણી વિશેષ હકીકત છે. તેની ઉપર બે ટીકા છે. પ્રથમ ટીકાકાર મલયગિરિજી છે, બીજા ટીકાકાર યશોવિજયજી ઉપાધ્યાય છે. તેમણે મલયગિરિજીએ કહેલ તમામ હકીકત કહ્યા ઉપરાંત બીજી વધારે હકીકતો કર્મના અંગની દાખલ કરી છે, તેથી પ્રથમની ટીકા ૮૦૦૦ શ્લોક પ્રમાણ છે ને બીજી ટીકા ૧૩૦૦૦ શ્લોક પ્રમાણ થઈ છે.

પંચ સંગ્રહ—આ ગ્રંથના બે વિભાગ છે તેના પહેલા વિભાગમાં પાંચ અધિકારનો તેમજ બે ભાગમાં થઈને પાંચ ગ્રંથોનો સમાવેશ કરેલો છે. તે પાંચ ગ્રંથો પૈકી શતક, સપ્તતિકા ને કર્મપ્રકૃતિ લભ્ય છે અને સત્કર્મ તથા કષાય પ્રાભૃત નામના બે ગ્રંથ હાલ લભ્ય નથી. એ ગ્રંથના બીજા વિભાગમાં કર્મ પ્રકૃતિ ગ્રંથનોજ બહોળો ભાગ અક્ષરશઃ દાખલ કરેલો છે.

કર્મ સંબંધી ગ્રંથોનું લીસ્ટ આ સાથે આપેલ છે, તેમાંથી બહોળો જરૂરી ભાગ છપાયેલો પણ છે, તેનું લીસ્ટ પણ તેની નીચે આપેલ છે. આ કાર્ય મુનિમહારાજની પૂરતી સહાયતાથી **શ્રી જૈન** ધર્મ પ્રસારક સભા તથા **શ્રી જૈન** આત્માનંદ સભાએ વિશેષે કરેલ છે.

કર્મનો વિષય જેટલો ગૂઢ છે તેટલોજ જાણવાની જરૂરીયાતવાળો છે. જો આપણે જાણીએ કે અમુક જાતિનું સુખ કે દુઃખ આપણે અમુક કર્મપ્રકૃતિના ઉદયથી ભોગવીએ છીએ અને તે પ્રકૃતિનો બંધ અમુક કારણોથી થાય છે, તો કદી આપણે ઉદયને તો રોકી ન શકીએ પણ નવા બંધને તો રોકવા અવશ્ય પ્રયત્ન કરીએ કે જેથી ફરીને તેવો સંતાપકારી ઉદય ભોગવવો ન પડે. સુજ્ઞ મનુષ્યો આ હેતુને ધ્યાનમાં લઈને કર્મસંબંધી ગ્રંથોનો ગુરૂગમથી અભ્યાસ કરશે અને જેમ બને તેમ કર્મથી હલકા થવા તેમજ અશુભકર્મ બંધને રોકવા પ્રયત્ન કરશે એટલું ઈચ્છીને આ ટુંકો લેખ સમાપ્ત કરવામાં આવે છે.

આશા છે કે આ લેખનો અવશ્ય સદુપયોગ થશે.

કુંવરજી આણંદજી.



કર્મના સંબંધમાં જૈન સાહિત્ય.

(પ્રાકૃત અને સંસ્કૃતમાં.)

૧ કર્મપ્રકૃતિ ગ્રંથ-મૂળ ગાથા ૪૭૫. શ્રી શિવશર્મસૂરિવિરચિત.
ચૂર્ણિ ૭૦૦૦ ટિપ્પન ૧૯૨૦ મુનિચંદ્રસૂરિ કૃત.
વૃત્તિ ૮૦૦૦ મલયગિરિજી કૃત, ૧૩૦૦૦ યશોવિજયજી કૃત.

૨ પંચ સંગ્રહ ગ્રંથ—શ્રી ચંદ્રર્ષિ મહત્તર કૃત-ગાથા ૯૬૩
વૃત્તિ સ્વોપજ્ઞ[1] શ્લોક ૯૦૦૦
વૃત્તિ મલયગિરિજી કૃત. ૧૮૮૫૦
દીપક જિનેશ્વરસૂરિ શિષ્ય વામદેવજી કૃત. શ્લોક ૨૫૦૦

૩ પ્રાચીન કર્મગ્રંથ. કુલગાથા ૫૬૭ (છની)
કર્મગ્રંથ પહેલો. (કર્મ વિપાક) ગાથા ૬૮ ગર્ગર્ષિકૃત.
„ વૃત્તિ પરમાનંદ કૃત ૯૨૨. ટિપ્પન ઉદયપ્રભ કૃત ૪૨
વ્યાખ્યા (કર્ત્તાનું નામ નથી) ૧૦૦૦
કર્મગ્રંથ બીજો. (કર્મ સ્તવ) ગાથા ૫૭ (કર્ત્તાનું નામ નથી.)
„ ભાષ્ય તાડપત્રપર લખેલ છે. ગાથા ૨૪
„ વૃત્તિ. ગોવિંદાચાર્ય કૃત. ૧૦૯૦. ટિપ્પન ઉદયપ્રભ કૃત.૨૯૨
કર્મગ્રંથ ત્રીજો. (બંધસ્વામિત્વ) ગાથા ૫૪ [કર્ત્તાનું નામ નથી.]
„ વૃત્તિ. હરિભદ્રકૃત ૫૬૦
કર્મગ્રંથ ચોથો. (ષડશીતિ) ગાથા ૮૬. શ્રી જિનવલ્લભકૃત.
„ વૃત્તિ. હરિભદ્ર કૃત ૮૫૦. રામદેવ કૃત ૮૦૫. પ્રાકૃત.
„ મલયગિરિજી કૃત ૨૧૪૦. યશોભદ્ર કૃત ૧૬૩૦
„ અવચૂરિ ૭૦૦. ઉદ્ધાર ૧૬૦૦. વિવરણ—મેરૂવાચક કૃત.
કર્મગ્રંથ પાંચમો [શતક] ગાથા ૧૧૧ શિવશર્મસૂરિ કૃત.
„ લઘુ ભાષ્ય ગાથા ૨૪. વૃહદ્ભાષ્ય ચક્રેશ્વરસૂરિ કૃત. ૧૪૧૩૦
„ ચૂર્ણિ ૨૩૮૦. વૃત્તિ ૩૭૪૦ મલધારી હેમચંદ્ર કૃત.
„ ટિપ્પન ૯૭૪ ઉદયપ્રભ કૃત. અવચૂરિ પત્ર ૨૫ ગુણરત્ન કૃત.

---

* આમાં જે સંખ્યા આપેલ છે તે ૩૨ અક્ષરોનો એક શ્લોક ગણીને તેવી શ્લોક સંખ્યા સમજવી.

૧ પોતાની કરેલી [ગ્રંથકર્ત્તાએજ કરેલી.]

૩ સૂક્ષ્માર્થ વિચાર સારોદ્ધાર સાર્ધશતક (કર્મગ્રંથ.) જિનવલ્લભસૂરિ કૃત. ગાથા ૧૫૨. ભાષ્ય ગાથા ૧૧૦

„ ચૂર્ણિ ૨૨૦૦ મુનિચંદ્ર કૃત. વૃત્તિ ૮૫૦ હરિભદ્ર કૃત.

„ વૃત્તિ ૩૭૦૦ ધનેશ્વરસૂરિ કૃત. ટિપ્પનક ૧૪૦૦ (કર્તાનું નામ નથી)

૪ પાંચ નવ્ય કર્મગ્રંથ. કુલ ગાથા ૫૨૨. શ્રી દેવેંદ્રસૂરિ કૃત.

„ વૃત્તિ સ્વોપજ્ઞ. ૧૦૧૩૭. અવચૂરિ ૨૯૫૮ મુનિશેખર કૃત.

„ અવચૂરિ. ૫૪૦૭ ગુણરત્નકૃત. (૬ કર્મ ગ્રંથની ભેળી)

૫ સત્તરી [સપ્તતિકા છઠ્ઠો કર્મગ્રંથ] ગાથા. ૯૧ ચંદ્રર્ષિ મહત્તર કૃત.

„ ચૂર્ણિ પત્ર ૧૩૨ કર્ત્તાનું નામ નથી.

„ વૃત્તિ સ્વોપજ્ઞ ૨૩૦૦. શ્રી મુનિશેખરસુરિ કૃત ૪૧૫૦

„ મલયગિરિજી કૃત ૩૭૮૦ ટિપ્પનક ગાથા ૫૪૭ રામદેવ કૃત.

„ ભાષ્ય શ્રી અભયદેવ સૂરિકૃત ગાથા ૧૯૧. તેની ઉપર વૃત્તિ શ્રી મેરૂતુંગ આચાર્ય વિરચિત. ગ્રંથાગ્ર. ૪૧૫૦

૬ સંસ્કૃત કર્મગ્રંથ ૪. શ્રી જયતિલકસૂરિ વિરચિત. શ્લોક ૫૬૯

૧ પ્રકૃતિવિચ્છેદ પ્રકરણ. ૧૩૯ ૨ સૂક્ષ્માર્થસંગ્રહ પ્રકરણ. ૨૦૨

૩ પ્રકૃતિ સ્વરૂપ સંરૂપણ પ્રકરણ. ૧૮૧ ૪ બંધસ્વામીત્વ પ્રકરણ. ૪૭

૭ કર્મસ્તવ વિવરણ, કમળસંયમ ઉપાધ્યાય કૃત.

૮ કર્મ સંબંધી હકીકતવાળા ૫--૭ નાના નાના પ્રકરણો–સટીક છે.

ગુજરાતી ભાષાંતર સાથે (છપાયેલ.)

૧ પ્રકરણમાળામાં ૬ કર્મગ્રંથ અર્થ સહિત. (અમદાવાદ વિદ્યાશાળા)

૨ મહેસાણા જૈન શ્રેયસ્કર મંડળ તરફથી ૬ કર્મગ્રંથ વિસ્તાર અર્થયુક્ત.

૩ પંડિત સુખલાલજી કૃત, હિંદી વિવેચનવાળા. ચાર કર્મગ્રંથ.

૪ પ્રથમ કર્મગ્રંથ વિવેચન સહિત. [પંડિત ભગવાનદાસ હરખચંદ]

૫ કર્મપ્રકૃતિ ગ્રંથ સટીકનું ભાષાંતર. (શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ)

૬ કર્મવિચાર ભાગ ૧ લો. [પરભુદાસ બેચરદાસ પારેખ] સ્વતંત્ર લેખ.

૭ યંત્રપૂર્વક કર્મગ્રંથાદિ વિચાર. [શ્રી જૈન ધર્મ પ્રસારક સભા]

૮ કર્મબોધ પ્રભાકર, વાગરાનિવાસી વરજંગ સદાજી જૈન વિરચિત. (બહુ ઉપયોગી સંગ્રહ)

સંસ્કૃતમાં છપાયેલ

૧ પ્રાચીન ચાર કર્મગ્રંથ સટીક. (શ્રી જૈન આત્માનંદ સભા)
૨ નવ્ય કર્મગ્રંથ પાંચ. સટીક. (શ્રી જૈન ધર્મ પ્રસારક સભા)
૩ સપ્તતિકા (છઠ્ઠો) કર્મગ્રંથ મલયગિરિજીકૃત ટીકા યુક્ત. ,,
૪. સંસ્કૃત ચાર કર્મગ્રંથ મૂળ ,,
૫ સપ્તતિકા ભાષ્ય મેરૂતુંગસૂરિકૃત ટીકાયુક્ત ,,
૬ કર્મપ્રકૃતિ ટીકા મલયગિરિજી કૃત ,,
૭ ,, ટીકા યશોવિજયજી કૃત ,,
૮ સૂક્ષ્માર્થ વિચાર સારોદ્ધાર સાર્ધશતક ટીકા સહિત ,,
૯ પંચસંગ્રહ સટીક. મલયગિરિજી કૃત. વિભાગ ૧ લો (શ્રીજૈન આત્માનંદ સભા)
૧૦ બીજા કર્મ સંબંધી વિવરણવાળા નાના નાના પ્રકરણો સટીક છપાયેલા છે.
(શ્રી જૈન આત્માનંદ સભા તરફથી)



કર્મ સંબંધી દિગંબરીય સાહિત્ય.



૧ મહાકર્મપ્રકૃતિ પ્રાભૃત. આચાર્ય પુષ્પદંત ને ભૂતબલિકૃત. છ ખંડ
શ્લોક સંખ્યા ૩૬૦૦૦
તેની ઉપર જુદી જુદી છ ટીકાઓ છે.
૧ પદ્મનંદી આચાર્ય કૃત. ત્રણ ખંડ ઉપર ૧૨૦૦૦
૨ શામકુંડ આચાર્ય કૃત. પાંચ ખંડ ઉપર ૬૦૦૦
૩ તુંબુલૂર આચાર્ય કૃત. કાનડીમાં પાંચ ખંડ ઉપર ૫૪૦૦૦
છઠ્ઠા ખંડ ઉપર પંજિકા. ૭૦૦૦
૪ સમંતભદ્રાચાર્ય કૃત પાંચ ખંડ ઉપર ૪૮૦૦૦
૫ બપ્પદેવગુરૂ કૃત. પ્રાકૃતમાં (કર્મ પ્રાભૃત ને કષાયપ્રાભૃત ઉપર) ૧૪૦૦૦
૬ વીરસેન આચાર્ય કૃત. પ્રાકૃત, સંસ્કૃત ને કાનડીમાં ૭૨૦૦૦

૨ કષાય પ્રાભૃત, ગુણધર આચાર્ય કૃત. ગાથા ૨૩૬
૧ ચૂર્ણ વૃત્તિ. યતિવૃષભાચાર્ય કૃત. ૬૦૦૦
૨ ઉચ્ચારણ વૃત્તિ. ઉચ્ચારણાચાર્ય કૃત. ૧૨૦૦૦
૩ શામકુંડ આચાર્ય કૃત. ૬૦૦૦
૪ તુંબુલૂરાચાર્ય કૃત. (કર્મ પ્રાભૃતની આની ગણીને) ૮૪૦૦૦
૫ બપ્પદેવગુરૂ કૃત. પ્રાકૃતમાં ૬૦૦૦૦
૬ વીરસેન ને જિનસેન કૃત. જયધવળા નામની. પ્રાકૃત, સંસ્કૃત, કર્ણાટકી ભાષામિશ્રિત. ૬૦૦૦૦

આ ઉપર જણાવેલ ગ્રંથ કે ટીકા છપાયેલ નથી. લખેલ છે પણ દુર્લભ્ય છે.

૩ ગોમ્મટસાર–ગાથા ૧૭૦૫, નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી કૃત. એમાં જીવકાંડ ગાથા ૭૩૩ માં ને કર્મકાંડ ગાથા ૯૭૨ માં છે. એનું નામ પંચ સંગ્રહ પણ છે. તે જીવસ્થાન, ક્ષુદ્રબંધ, બંધસ્વામી, વેદનાખંડ ને વર્ગણાખંડ— એ પાંચ વિષય હોવાથી પડેલ છે. એની ઉપર કનડી, સંસ્કૃત ને હિંદીમાં ઘણી ટીકાઓ બનેલી છે. તેમાં મુખ્ય નીચે પ્રમાણે છે.

કર્ણાટકી ટીકા ચામુંડરાય કૃત. સંસ્કૃત ટીકા કેશવવર્ણી કૃત.
સંસ્કૃત ટીકા, બીજી, શ્રીમદભયચંદ્ર કૃત. હિંદી ટીકા ટોડરમલજી કૃત.
તે ભાષા ટીકા સાથે છપાયેલ પણ છે.

૪ લબ્ધિસાર–નેમિચંદ્રાચાર્ય કૃત.–એમાં પાંચ લબ્ધિઓ ને ઉપશમ તથા ક્ષપક શ્રેણિનું વર્ણન ગાથા ૬૫૦ માં છે.

૫ ક્ષપણાસાર–માધવચંદ્ર ત્રૈવિદ્યદેવકૃત, સંસ્કૃત ગદ્યમાં છે; ટોડરમલજીએ કરેલી ગોમ્મટસારની ભાષા ટીકામાં લબ્ધિસાર ને ક્ષપણાસાર બંનેનો સમાવેશ કર્યો છે.

૬ પંચસંગ્રહ–અમિતગતિ વીતરાગ કૃત–સંસ્કૃત.



જૈનહિતૈષી પુ. ૧૨ માના પૃષ્ટ ૩૭૪-૭૫ ઉપરથી શ્રીયુત્ મુનિ જિનવિજયજીના લેખમાંથી જરૂરી વિભાગ.

જૈનધર્મકા તત્ત્વજ્ઞાન 'કર્મવાદ' કે મૂલ સિદ્ધાન્તપર રચા ગયા હૈ, કર્મવાદકો જૈનધર્મકા મુદ્રાલેખ માનના ચાહિએ, જિસ પ્રકાર શ્રીકૃષ્ણકા મુખ્ય પ્રબોધ નિષ્કામ કર્મયોગ, બુદ્ધદેવકા સમાનભાવ, પતંજલિકા રાજયોગ ઔર શંકરાચાર્યકા જ્ઞાનયોગકો પ્રકટ કરનેકે લીયે થા, વૈસે હી શ્રમણ ભગવાન્ શ્રી મહાવીરકે ઉપદેશકા લક્ષ્ય-બિન્દુ કર્મવાદકો પ્રકાશિત કરનેકા શ્રીમહાવીરદેવને કર્મકે કુટિલ કાર્યોંકા ઔર કઠોર નિયમોંકા જૈસા ઉદ્ઘાટન કિયા હૈ વૈસા ઔરોંને નહીં કીયા. ભગવાન્ મહાવીરકા યહ કર્મવાદ અનુભવગમ્ય ઔર બુદ્ધિગ્રાહ્ય હોનેપર ભી સ્વરૂપમેં અત્યન્ત સૂક્ષ્મ ઔર ગહન હૈ. ઈસકી મીમાંસા બહુત વિકટ ઔર રહસ્ય વિશેષ ગંભીર હૈ. ઈસ વિષયકા સમ્યગ્-અવગાહન કરનેકે લીયે શાસ્ત્રીય જ્ઞાન સમ્બન્ધી યોગ્યતાકી આપેક્ષાકે સિવા, ઈસ તત્ત્વકે ખાસ અનુભવી જ્ઞાતાકી ભી આવશ્યકતા રહેતી હૈ. કેવલ પુસ્તકકે આધારપર મનુષ્ય ઇસકે સ્વરૂપસે યથાર્થ પરિચિત નહીં હો સકતા. યહી કારણ હૈ કી બહુતસે વિદ્વાન્ જૈનધર્મકે સામાન્ય ઔર કુછ વિશેષ સિદ્ધાન્તોંકો જાનતે હુએ ભી કર્મવાદકે વિચારોંસે સર્વથા અપરિચિત હોતે હૈં. હમારે ઈસ કથનકી સત્યતાકે પ્રમાણમેં, યહી બાત કહી જા સકતી હૈ કિ આજપર્યંત અનેક જૈનેતર વિદ્વાનોંને જૈનધર્મકે ભિન્ન ભિન્ન વિચારોંકા આલોચન-પ્રત્યાલોચન કીયા હૈ, પરન્તુ ઈસ કર્મવાદકા કીસીને નામ તક ભી નહીં લીયા.

જૈનધર્મકા યહ કર્મવાદ સર્વથા ભિન્ન, અપૂર્વ ઔર નવીન હૈ. જિસ પ્રકાર જૈન, બૌદ્ધ ઔર વૈદિક ધર્મકે અન્યાન્ય તત્ત્વોંકા એક દુસરેકે સાહિત્યમેં પ્રતિબિમ્બ (છાયા) દૃષ્ટિગોચર હોતા હૈ વૈસા ઇસ કર્મવાદકે વિષયમેં નહીં પ્રતિત હોતા. યદ્યપિ—

પુણ્યો વૈ પુણ્યેન કર્મણા ભવતિ, પાપઃ પાપેન । (બૃહદારણ્યક)
કર્મણો હ્યપિ બોદ્ધવ્યં બોદ્ધવ્યં ચ વિકર્મણઃ ।
અકર્મણશ્ચ બોદ્ધવ્યં ગહના કર્મણાં ગતિઃ ॥ (ભગવદ્ગીતા ૪, ૭.)
યેષાં યે યાનિ કર્માણિ પ્રાક્ સૃષ્ટ્યા પ્રતિપેદિરે ।
તાન્યેવ પ્રતિપદ્યન્તે સૃજ્યમાનાઃ પુનઃ પુનઃ ॥
(મહાભારત. શાંતિ૦ ૨૩૧. ૪૮.)
શુભાશુભફલં કર્મ મનોવાગ્દેહસમ્ભવમ ।
કર્મજા ગતયો નૃણામુત્તમાધમમધ્યમાઃ ॥ (મનુસ્મૃતિ ૧૨, ૩.)

ઇત્યાદિ કર્મતત્ત્વ પ્રતિપાદક વિચાર વૈદિક સાહિત્યમેં ઔર—

" कम्मस्स कोमूहि कम्मदायादो कम्मयोनि कम्मबन्धु कम्मपरिसरणो,
यं कम्मं करिस्सामि कल्याणं वा पापकं वा तस्स दायादो भविस्सामि । "
(अंगुत्तरनिकाय तथा नेत्तिपकरण.)

' कम्मना वत्तती लोको कम्मना वत्तती पजा ।
कम्मनिबंधना सत्ता रथस्साणीव यायतो । (सुत्तनिपात. वासेठ सुत्त, ६१.)

ઇસ પ્રકાર કર્મ-સત્તાકો પ્રદર્શિત કરનેવાલે ઉદ્‌ગાર બૌદ્ધ-સાહિત્યમેં અવશ્ય ઉપલબ્ધ હોતે હૈં; પરન્તુ જૈનધર્મકે કાર્મિક વિચારોંકે સાથ ઇનકા કોઈ સામ્ય નહીં. ભગવાન્ મહાવીરકે કાર્મિક વિચાર શ્રીકૃષ્ણ ઔર બુદ્ધદેવકે વિચારોંસે સર્વથા ભિન્ન સ્વરૂપ રખતે હૈં.

કિતનેક આધુનિક વિદ્વાનોંકે ઐસે વિચાર દૃષ્ટિગોચર હોતે હૈં કિ " જૈન ધર્મ ઔર બૌદ્ધધર્મ કોઈ સ્વતંત્ર મત નહીં હૈ, પરન્તુ વૈદિકધર્મહીકે ભેદવિશેષ હૈં. યે દોનો ધર્મ વૈદિકધર્મહીકે અપને પિતાકે સમીપસેં અપની આવશ્યકતાકે અનુસાર વિચાર-સંપત્તિકા હિસ્સા લેકર કીસી કારણવશ જુદા નિકલે હુએ પુત્ર સમાન હૈં, અર્થાત્ યે ધર્મ પરકીય-ભિન્નજાતિય ન હોકર ઇનકે પૂર્વવર્ત્તિ બ્રાહ્મણધર્મહીકી પૃથક્-ભૂત શાખાયેં હૈં. યહાં હમ કેવલ ઇતના હી કહ કર આગે બઢતે હૈં કિ યે વિચાર જૈનસિદ્ધાન્તોંકા સમ્યગ્ અભ્યાસ-વિશેષાવલોકન-કીયે બિના હી પ્રદર્શિત કીયે ગયે હૈં, અતએવ ઇનમેં સત્યકી માત્રા બહુત કમ હૈ. જૈન ધર્મકે સ્યાદ્વાદ, જીવવાદ, કર્મવાદ, ઔર પરમાણુવાદ આદિ અનેક પ્રૌઢ વિચાર-તત્ત્વ હૈં જિનકા વૈદિક-સાહિત્યમેં કહીં પર આભાસ ભી દૃષ્ટિગોચર નહીં હોતા. યદિ જૈનધર્મકે સિદ્ધાન્તોંકા મૂળસ્થાન વૈદિકધર્મ માના જાય, તો ભગવન્મહાવીર પ્રતિપાદિત જૈનતત્ત્વોંકા મૂલ સ્વરૂપ વૈદિકસાહિત્યમેં અવશ્ય ઉપલબ્ધ હોના ચાહીએ; પર વહાં ઉસકા કોઈ ચિન્હ નહીં મીલતા. જૈનધર્મકે ઉપર્યુક્ત અનેક વાદોંકો છોડકર કેવલ અકેલે કર્મવાદહીકો લેકર વિચાર કીયા જાય, જો ઇસ લેખકા ઉદ્દિષ્ટ વિષય હૈ, તો પ્રતિત હોગા કી જો કર્મવાદવિષયક સાહિત્ય જૈન-સમાજમેં વિદ્યમાન હૈ ઔર ઉસમેં કર્મસંબંધી જિન હજારોં વિચારોંકા સંગ્રહ હૈ ઉસકે એક ભી અંશ યા વિચારકા સામ્ય કર સકે ઐસા કોઈ ઉલ્લેખ વૈદિક સાહિત્યમેં નજર નહીં આતા. હજારોં વર્ષોંકે પ્રચંડ આઘાત-પ્રત્યાઘાતોંકે કારણ કલિકાલકે કરાલ ગાલોંમેં વિલીન હોતે હોતે ભી જો કુછ અત્યલ્પ ભાગ, જૈનધર્મકે ઇસ કર્મવાદવિષયક સાહિત્યકા ઉપલબ્ધ હૈ ઉસકા ઠીક ઠીક અવલોકન કરનેસેં હમારે ઇસ કથનકી સત્યતાકા અનુભવ હો સકતા હૈ. જો કુછ કાર્મિક-સાહિત્ય ઇસ સમય વિદ્યમાન હૈ વહ ભી ઇતના વિશાલ હૈ કી ઉસકા યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરનેકે લીયે મનુષ્યકો અપને આયુષ્યકા બહુત બડા ભાગ લગાના પડતા હૈ. ઐસી દશામેં, જૈનધર્મકે વિચારોં-સિદ્ધાન્તોંકા મૂલસ્થાન વૈદિક ધર્મ હૈ, યહ કથન કૈસે યુક્તિ-યુક્ત માના જા સકતા હૈ.

૩ પાશ્ચાત્ય વિદ્વાનો ને જૈન સાહિત્ય



(લેખકઃ—રા. રા. કુલચંદ હરિચંદ શાહ.)

એક સમય એવો હતો જ્યારે જૈન ધર્મ–જૈન સાહિત્ય ને જૈન ઇતિહાસ વિષે પાશ્ચાત્ય તેમજ પૌર્વાત્ય વિદ્વાનોમા ભારે અજ્ઞાન હતું. જૈન ધર્મને નવો ધર્મ–જૈન સાહિત્યને કંટાળા ભરેલું સાહિત્ય ને જૈન ઇતિહાસને અવ્યવસ્થિત માનવાની લાગણી ફેલાઇ રહી હતી.

ડો. હોપકિન્સે તો ત્યાસુધી કહેવાની હિંમત કરી હતી કે "જે ધર્મ મનુષ્યને પૂજે છે ને કીડી મકોડીને પોષે છે તેને જગતમાં જીવવાનો અધિકાર નથી." કેટલું બધું અજ્ઞાન ને અપમાન !

આજસુધી પણ અનેક વિદ્વાનોની માન્યતા ભૂલભરેલી છે. આ માન્યતાઓ એ છે કે ૧. જૈન ધર્મ બુદ્ધ ધર્મની શાખા છે; ૨. મહાવીર તેના સ્થાપક છે; ૩. જૈન ધર્મ હિંદુ ધર્મમાંથી ઉત્પન્ન થયેલ નવો ધર્મ છે; ૪ જૈન ધર્મ નાસ્તિક ધર્મ છે કારણ કે તે ઇશ્વરને માનતો નથી. આ માન્યતાઓ મહાન વિદ્વાન ગણાતા ડો. વેબર, પ્રો. લાસેન, મી. બાર્થ, મી. વિલ્સન વગેરેની હતી. બુદ્ધધર્મની શાખા એ ઉપરથી કે શ્રી મહાવીર સ્વામી બુદ્ધ ભગવાનના સમકાલીન હતા, બન્ને ધર્મ યજ્ઞ–યાગાદિના વિરોધી હતા, બન્ને મહાન તપસ્વીઓ અને અહિંસાના પ્રચારક હતા, તેમજ બન્ને ધર્મના સિદ્ધાંતોમાં પણ કેટલુંક સામ્ય ઉપર ઉપરથી જણાઇ આવે છે. મેજર–જનરલ ફોરલોંગે પણ પોતાનાં (Rivers of Life) પુસ્તકમાં જૈનધર્મને બુદ્ધધર્મની શાખા તરીકે ગણાવ્યો હતો પણ પાછળથી તેમણે જ ૧૭ વર્ષ આબુના મંદિરો ને પહાડોમાં શોધખોળ કરી લખ્યું કે "Jainism thus appears as the earliest faith in India."–ભારતવર્ષમાં જૈનધર્મ જુના કાળથી છે તેમ જણાય છે.

ડો. પેરરોન્ડે પોતાના એક Comparative Science of Religions "તુલનાત્મક ધર્મ–શાસ્ત્ર" વિષેના ભાષણમાં જૈનધર્મ વિષે જે કહ્યું છે તેમાંથી બે વાક્યો નીચે પ્રમાણે છેઃ–

"The Jain view of God is a very natural one for a thinking being. I am strongly opposed to those, who may call Jainism an *Atheism* and there-by deny its being a religion at all."

અર્થાત્–એક વિચારક મનુષ્યને તો જૈનધર્મનો ઇશ્વર વિષેનો વિચાર ઘણો જ સ્વાભાવિક જણાય છે. જૈનધર્મને નાસ્તિક ધર્મ કહેનાર અને તેથી તેને ધર્મ તરીકે સ્વીકારવા ના કહેનારનો હું મજબૂત રીતે વિરોધ કરું છું.

"To make a final conclusion I venture to say, that the Jain religion is for the comparative Science of religion one of the

most important developed religions because of its advanced view of religious matter as well as of the methods. "

અર્થાત્—છેવટે હું કહેવાને હિમત કરૂં છું કે ધાર્મિક બાબતો અને પદ્ધતિઓમાં તેના વિચારો આગળ પડતા હોવાથી જૈનધર્મ તુલનાત્મક ધર્મ-શાસ્ત્ર માટે વિકસિત ધર્મોમાં અત્યંત ઉપયોગી છે.

આમ આજે અનેક વિદ્વાનોના પ્રયાસથી આ અજ્ઞાનનો નાશ થતો જાય છે. બૌદ્ધ સાહિત્યમાં જૈનધર્મના ઉલ્લેખ છે તેમજ ડો. ફુહરે (Fuhrer) મથુરામાં કરેલી શોધ-ખોળના પરિણામે માલુમ પડયું છે કે મથુરા ક્રાઇસ્ટ પહેલાં પહેલી બીજી સદીમાં જૈન-ધર્મનું કેન્દ્ર હતું જે ત્યાંથી કંકાલી ટીલામાંથી નીકળેલ મૂર્તિઓ અને સ્તૂપના લેખોથી જણાય છે.

શ્રી ઋષભદેવ-જૈન ધર્મના પ્રથમ તીર્થંકરનું જીવન ને નામ ભાગવત પુરાણમાં આવે છે તેથી સાબીત થાય છે કે જૈન ધર્મના સ્થાપક શ્રી મહાવીર નહિ પણ શ્રી ઋષભદેવ હતા અને શ્રી મહાવીર, શ્રી પાર્શ્વનાથ ત્યાર પછીના સુધારક ગણાયા છે. વિદ્વાનો પણ હવે ધીમે ધીમે આ માનવા લાગ્યા છે.

જૈન ધર્મ વિષે હજી આજે પણ દુનિયાના ઘણાખરા ભાગમાં ભારે અજ્ઞાન છે એટલું જ નહીં પણ આ દેશમાં પણ તે માટે ગંભીર અજ્ઞાન ફેલાઇ રહ્યું છે-જે લાલા લજપતરાયના ભારતવર્ષના ઇતિહાસમાં જૈને ધર્મ વિષેની નોંધથી-પંડિત શીવશંકર મિશ્રના ભારતના ધાર્મિક ઇતિહાસના જૈન ધર્મનાં ઉલ્લેખ ઉપરથી તથા-ડૉ. બ્લૂમ (અમેરિકા કોલમ્બીયા યુની.) જે હમણાં જ મુંબઇ અને લાહોરમાં ભાષણો આપી ગયા તેમણે જૈન ધર્મ વિષે બતાવેલ અજ્ઞાનથી સાબીત થાય છે. પાશ્ચાત્ય વિદ્વાનોમાં જૈન ધર્મ વિષેનું અજ્ઞાન દૂર કરવા માટે વિદ્વાન ડો. યાકોબી જે વર્ષો થયાં જૈન સાહિત્યના ઉંડા અભ્યાસી છે તેમણે અથાગ પરિશ્રમ કર્યો છે અને ડો. બુલર તથા ડો. હોર્નલે અત્યંત ઉત્સાહથી આ વિદ્વાનને મદદ કરી છે. આજે જે ઘણા ખોટા ખ્યાલ નાશ પામ્યા છે તે તેઓને આભારી છે.

પાશ્ચાત્ય પ્રદેશોમાં જૈન ધર્મ ને જૈન ધર્મનાં પવિત્ર પુસ્તકો-સૂત્રોના અભ્યાસની-સંશો-ધનની શરૂઆત કરનાર જર્મન પ્રો. વેબર હતા. તેઓજ જૈન ધર્મના અભ્યાસના પ્રથમ પ્રચારક કહેવાય છે.

પહેલ વહેલા-સને ૧૮૭૬ માં પ્રો. વેબરે હિન્દી સાહિત્યનો ઇતિહાસ લખ્યો તેમાં જૈન ચરિત્ર વિષે ટુંક નોધ તેમણે લખી હતી-તેમજ જૈન ધર્મનાં પવિત્ર પુસ્તકો વિષે ઉલ્લેખ કર્યો હતો અને જૈન સાહિત્યની અને તેમાં પણ વ્યાકરણ અને કોષનું જૈન સાહિ-ત્યમાં શું મહત્વ છે તે તેઓશ્રીએ બતાવ્યું હતું.

સને ૧૮૮૭ માં પ્રો. લીબોપોલ્ડ-ફોન-શ્રોડરે Literature and Culture of India માં માત્ર અર્ધા પાનામાં જૈન જાતિનો ઉલ્લેખ કર્યો હતો-સને ૧૯૦૦ માં એ. મેકડોનેલે સંસ્કૃત વાંગ્મયના ઇતિહાસમાં નહિ જેવો ઉલ્લેખ કર્યો હતો.

સને ૧૯૦૨ માં એ. બોમગાર્ટનરે તેના " Die-literaturen-Indiens und Pstasiens " માં ચાર પાનામાં જૈનો અને તેના સાહિત્યનો ઉલ્લેખ કર્યો હતો. સને

૧૯૦૩ માં એચ. વીંટરનીટ્ઝે પોતાના Literature of Ancient India માં જૈનો વિષે ત્રણ લીટી જ લખી છે.

સને ૧૮૯૮ માં (P. W. Frazer) પી. ડબલ્યુ. ફ્રેઝરે પોતાના Literary History of India માં દ્રવિડીયન સાહિત્યમાં જૈન ધર્મની ને જૈન સાહિત્યની મહાન અસર બતાવી છે અને કહ્યું છે કેઃ

" It was through the fostering care of the Jains, that the South first seems to have been inspired with new ideals and its literature enriched with new forms of expression.

" તે જૈનોની કાળજી ભરી સંભાળનું પરિણામ છે કે દક્ષિણમાં પહેલવહેલા નવા આદર્શોને ઉત્તેજના મળી અને તેનું સાહિત્ય નવીન પદ્ધતિથી સમૃદ્ધ બન્યું. "

૨૫–૩૦ વર્ષ પહેલાં આ સ્થિતિ હતી તે આજે નથી–આજે યુરોપમાં અનેક દિશામાં પ્રયત્ન થાય છે. જૈન સાહિત્ય તરફ અભિરુચિ ને માન વધતું જાય છે. અભ્યાસકો. ઉત્સાહ ને પ્રેમથી કામ કરી રહ્યા છે અને અનેક અંધારા ને અજ્ઞાનમાંથી પ્રકાશ થવા લાગ્યો છે. જ્યારે ૨૫ વર્ષ પહેલાં ગણ્યા ગાંઠયા જ વિદ્વાનો હતા ત્યારે આજે સ્થળે સ્થળે અનેક કામ થઇ રહ્યાં છે.

આ ઉપરાંત સૌ કહેવા લાગ્યા છે કે " જૈન ધર્મ પ્રાચીન ધર્મ છે–તુલનાત્મક Science of Riligion (ધર્મ–શાસ્ત્ર) માં જૈન ધર્મના સિદ્ધાંતોએ ઉંચો ભાગ ભજવ્યો છે, જૈન સાહિત્ય સમૃદ્ધ, વિશાળ અને વ્યવસ્થિત છે. એની એક પણ શાખા નથી જેમાં જૈન સાહિત્ય ન લખાયું હોય—

જૈન આગમોમાં દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ ને કથાનુયોગ એક સમૃદ્ધ સાહિત્યની સાક્ષી પૂરે છે. કોષ ને વ્યાકરણ ઉત્તમ કોટીનાં છે. ન્યાય, જ્યોતિષ, અધ્યાત્મ, વૈદક અને જંતુશાસ્ત્રમાં ઉચ્ચતમ ગ્રંથોનો ખજાનો છે ને જૈન ધર્મમાં મહાન પ્રચંડ વિદ્વાનો થઇ ગયા છે. "

પ્રો. વીન્ટરનીટ્ઝે પોતાના Jains in the History of Indian Literature માં લખ્યું છે કેઃ " It would take a fairly big volume to give a History of all that the Jains have contributed to the treasures of Indian literature. "

" Jains have contributed their full share to the Religious, ethical, poetical, and Scientific literatures of Ancient India.

" હિન્દી સાહિત્યના ખજાનામાં જૈનોએ જે સઘળો હિસ્સો આપ્યો છે તે બધાનો ઇતિહાસ આપવા જતાં એક મોટું પુસ્તક ભરાય. જૈનોએ પ્રાચીન હિંદી સાહિત્યમાં ધાર્મિક નૈતિક કાવ્ય સંબંધી અને વૈજ્ઞાનિક સાહિત્યનો સુંદર ને સંપૂર્ણ હિસ્સો આપ્યો છે."

પશ્ચિમમાં જૈન સાહિત્ય તત્ત્વજ્ઞાન ને સિદ્ધાંતોનો પ્રચાર કરવામાં જે સમર્થ ધર્મ–વીર પુરુષોનાં નામ જૈન કોમ સદાને માટે યાદ કરશે. તેઓશ્રીની ઉદારતા, ધર્મ–પ્રેમ, સાહિત્ય-

સેવા અને પ્રચાર-કાર્ય જૈન સમાજ આજસુધી ભલે નથી પીછાણી શકી-પણ અનેક વિદ્વાનો-જૈન ધર્મના અભ્યાસકો તેઓના હંમેશના ઋણી ને આભારી છે તેમાં શક નથી. એક તો સ્વર્ગસ્થ પૂજ્યપાદ શ્રી આત્મારામજી (વિજયાનંદ સૂરિ) કે જે પ્રખર વિદ્વાન અને જૈન સમાજના તે વખતના નેતા ને આચાર્ય હતા-સને ૧૮૯૩ માં અમેરિકાના ચિકાગો શહેરમાં "જગતની સર્વ ધર્મ-પરિષદ્" માં તેઓશ્રીને નિમંત્રણ કરવામાં આવ્યું હતું. સાધુ હોઇને અને જૈન સાધુ સદાને માટે પગે ચાલીને ગામેગામ ને દેશેદેશ વિચરનાર અને દર ચોમાસામાં એક જ સ્થાનમાં રહેનાર તેમ જ બિક્ષા લાવીને જીવન નિર્વાહ ચલાવનાર તે સત્ય-બ્રહ્મચર્ય-અહિંસા-અસ્તેય અને અપરિગ્રહના વ્રત વાળા હોઇને તેઓ ત્યાં જઇ શકે તેમ નહોતું, તેથી તેમણે મહુવાના વતની તે વખતના જૈન એસોસી-એશનના મંત્રી રા. વીરચંદભાઇ રાઘવજી ગાંધીને પોતાના પ્રતિનિધિ તરીકે મોકલ્યા અને રા. વીરચંદ રાઘવજી ગાંધીએ પરિષદમાં અત્યુત્તમ ભાષણ આપી જૈન ધર્મના ઉત્તમ સિદ્ધાંતોની ઝાંખી વિદ્વાનોને કરાવી. તેઓએ ત્યાર પછી અમેરિકા અને યૂરોપમાં પ્રવાસ કરી સ્થળે સ્થળે ભાષણો આપી અનેક વિદ્વાનોને આકર્ષ્યા, કેટલાકને જૈન ધર્મનું રહસ્ય સમજાવ્યું-શીખવ્યું અને ત્યારથી અનેક વિદ્વાનો આ દિશામાં વળ્યા.

શ્રીયુત ગાંધીએ અનેક વિદ્વાનોને જૈન ધર્મ તરફ એટલા આકર્ષ્યા કે મી. હર્બર્ટ વોરન અને મી. એ ગોર્ડન જેવા વિદ્વાનોએ Jain તરીકે પોતાની સરનેમ રાખી અને જૈન કહેવડાવવાને તેઓ ગૌરવ માનવા લાગ્યા. મી. હર્બર્ટ-વોરન પોતાના પત્રમાં લખે છે કે "મારી ૩૪ વર્ષની ઉમરે શ્રીયુત વીરચંદ ગાંધીના સહવાસથી ૧૯૦૦ ના માર્ચમાં જૈનધર્મ વિષે મને પહેલો પરિચય થયો. આજે પણ લંડનમાં તેઓ અને બીજા વિદ્વાનો "Jain Literature Society" ચલાવી રહ્યા છે.

ડૉ. હોર્નલ આચાર્યશ્રી આત્મારામજી મહારાજના આભારી હતા. તેમના ઘણા પ્રશ્નોના જવાબ તેઓશ્રીએ આપ્યા હતા. ડૉ. હોર્નલે તેમનું ઇંગ્રેજીમાં તૈયાર કરેલું ઉવાસગ-દસાઓ સૂત્ર તેમણે આચાર્યશ્રીને અર્પણ કર્યું હતું.

બીજા વીર પુરુષ સ્વ. આચાર્યશ્રી વિજયધર્મસૂરિ હતા, જેઓએ દોઢ વર્ષ પહેલાં શિવપુરીમાં સ્વર્ગવાસ કર્યો અને જેનાં સંસ્મરણો અનેક વિદ્વાનો અને તેમના યૂરોપીય શિષ્યોએ લખેલ હૃદયોદ્ગાર આજે પ્રેસમાંથી બહાર પડી ચૂક્યાં છે.

એ આચાર્યશ્રીએ પાશ્ચાત્ય વિદ્વાનોમાં જેટલું કામ કર્યું છે, જેટલો પ્રચાર ને પ્રયાસ કર્યો છે તેટલો કોઇ પણ વિદ્વાને નથી કર્યો તેમ તટસ્થ દ્રષ્ટિએ પણ કહેવા મન થઇ જાય છે.

આચાર્યશ્રી પોતે પ્રખર વિદ્વાન અને સાહિત્યપ્રેમી હતા. તેમણે અનેક કામો કરી-અનેક સંસ્થાઓ ખોલી-ગામેગામ ને દેશોદેશ ભ્રમણ કરી ધર્મ-વીર નામ સાર્થક કર્યું છે.

અનેક વિદ્વાનોના કાગળો ને પ્રશ્નો-આભારો ને અભિનંદનો-મારી સામે હું જોઇ રહ્યો છું અને તે વાંચી તેમની ઉદારતા, વિદ્વાનોને અપનાવી લેવાની શક્તિ, પ્રચંડ ઓજસ્ ને અનેક યોજનાઓની ઝાંખી થાય છે.

કોઇને પત્રદ્વારા, કોઇને પ્રશ્નોનાં સમાધાન લખી, કોઇને સૂચના ને સલાહ આપી કોઇને હસ્તલિખિત પ્રતો જોવા અપાવી, કોઇને જૈન સાહિત્યના પુસ્તકોના સંગ્રહ મોકલી

કોઇને જરૂર પડયે ઉત્તેજનાર્થે કાંઇક મદદ અપાવી, કોઇને રૂબરૂ મળી અને કોઇને આમંત્રી અનેક વિદ્વાનોને અપનાવ્યા છે.

તેઓનું આ પ્રચારકાર્ય જો કે હજી જૈન સમાજની દૃષ્ટિપથની બહાર છે, પણ નજીકના ભવિષ્યમાં તેનું રૂડું ફળ ને પરિણામ બહાર આવવા સંભવ છે.

તેમના યૂરોપીય શિષ્યોમાં ડો. ઓટોસ્ટાઇન, ડો. વીન્ટરનીટઝ, ડો. પેરરોલ્ડ, ડો. ફ્રેંગોન, ડો. થોમસ, ડો. હેલમાઉથ, ડો. શ્રિંગ, ડો. ગ્રીયર, ડો. સ્ટેન કોનો, ડો. જીકુચી અને ડો. સીલ્વન લેવી વગેરે છે. આજે પણ તેઓશ્રીના વિદ્વાન શિષ્ય આચાર્યશ્રી વિજયેન્દ્ર સૂરિ આ દિશામાં કામ કરી રહ્યા છે અને તેને વ્યવસ્થિત કરવા ધારે છે.

આટલું આવશ્યક અને ટુકું વિવેચન તે બે મહાન્ પુરુષોના પ્રચારકાર્ય સબંધી લખવાની જરૂરીયાત જણાયાથી લખ્યું છે. તે સિવાય આ નિબંધ અધૂરો જ ગણાત.

પચાસ વર્ષ પહેલાં કોણ જાણતું હતું-કોની કલ્પનામાં પણ હશે કે જૈન સૂત્રોનાં પ્રકાશનો જર્મન-યુરોપીયન વિદ્વાનો કરશે, તેના અનુવાદ અંગ્રેજી અને જર્મનમાં થતા જશે, એક બે કે પાંચમાંથી વધતા વધતા સો વિદ્વાનો આ દિશામાં ઝૂકશે અને સ્વપ્નમાં પણ કોને ખ્યાલ હતો કે મિસ કાઉઝ જેવી જર્મન કુમારિકા Ph. D. થઇને હિંદી-ગુજરાતી-મારવાડી-સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરી આપણા ધર્મ પુસ્તકોનું તેની ભાષામાં ભાષાંતર કરશે તેમ જ અમેરિકન કન્યા મિસ. જોન્સન Ph. D. પણ મહાવીર ચરિત્રનું ભાષાંતર કરશે !

આજે યુરોપમાં શું શું કામ થઇ રહ્યું છે ? આજ સુધીમાં કેટલું થયું છે ? તેના સવિસ્તર સમાચાર હું અભ્યાસી ન આપી શકું અને આ ટુંક નિબંધમાં તે આવી પણ ન શકે. બની તેટલી હકીકતો મેળવી-વાંચી-અભ્યાસની દૃષ્ટિએ આવડયું તેમ-લખવા પ્રયાસ કર્યો છે. તોપણ-પશ્ચિમમાં અને ખાસ કરી જર્મનીમાં જૈન સાહિત્યના સબંધમાં જે કામ થઇ રહ્યું છે તે પ્રશંસનીય છે. તેવા કામને ઉત્તેજન આપવામાં આવે તો જૈન સાહિત્યનું પ્રકાશન કામ જલ્દી પ્રચાર પામ્યા વિના ન રહે.

પાશ્ચાત્ય વિદ્વાનોએ જૈન સાહિત્ય સબંધી અનેક સંશોધન ભર્યા લેખો લખ્યા છે, અભ્યાસ દૃષ્ટિએ તુલનાત્મક દૃષ્ટિએ નિબંધો લખ્યા છે, સૂત્રોનાં પ્રકાશન કર્યા છે, અનેક ભાષામાં અનુવાદ કર્યા છે અને હજી તો કામ વધતું જ જાય છે. આજે તો ઇટલી ને ઝેકોસ્લાવીયા, જર્મની ને અમેરીકા, ઇગ્લાંડ અને ફ્રાન્સ ચારે દિશામાં-દેશેદેશમાં વિદ્વાનો કામ કરી રહ્યા છે-અને જૈન ધર્મનો અભ્યાસ કરે છે, અનેક તુલનાત્મક નિબંધો લખે છે. અનેક સંસ્કૃત ગુજરાતી, હિન્દી, માગધી ભાષા શીખે છે તેથી એ દિવસ પણ આવશે કે જ્યારે જૈન ધર્મ સાહિત્યરસિક વિદ્વાનોના મગજમાં ઉચ્ચ સ્થાન પામશે.

કેટકેટલા વિદ્વાનો કામ કરી રહ્યા તેની ચોકસ સંખ્યા તો હું નથી મેળવી શકયો પણ મળ્યાં તેટલાં નામ આ નીચે જણાવ્યાં છે. ડો. ઓટોસ્ટાઇન (પ્રાગ), ડો. લેન નોબલ (બર્લીન) ડો. જો. પેરરોલ્ડ (પ્રાગ) પ્રો.-મી.-ફ્રોંગોન (હોલેન્ડ) મી. જોય વારેન (લંડન) ડો. હર્મન યાકોબી (જર્મની), ડો. સ્ટેન કોનો (ક્રીશ્ચીયાનીયા) પ્રો. સ્યૂબન

(જર્મની), ડૉ. વીન્ટરનીટઝ (પ્રાગ), ડૉ. હેલમાઉથ (જર્મની) ડૉ. કિરફેલ (જર્મની) ડૉ. મિસ–કાઉઝ (લીપઝીગ) , ડૉ. પ્રૉ. ઝેચરીમ (જર્મની) ડૉ, શૂબ્રિંગ (જર્મની), ડૉ, ઝીમર (જર્મની) ડૉ. જોલી (જર્મની) ડૉ. જોન્સહર્ટલ, મી. એ. ગોર્ડન, ડૉ. એલેાની-શીલીપ (ઇટલી) ડૉ. એગેરીનેાટ (પારિસ) ડૉ. સિલ્વન લેવી (ફ્રાન્સ) ડૉ. જી. ટુચી (ઇટલી) ડૉ. મેસન ઓરસેલ (ફ્રાન્સ) ડૉ. થેામસ (લંડન) ડૉ. ફ્રેન્કલીન–મિસ. જોન્સ અમેરિકા––આ અને બીજા અનેક વિદ્વાનેા કામ કરી રહ્યા છે. આ નિબંધને અંતે એક લીસ્ટ આપ્યું છે જેમાં બહાર પડેલ અને તૈયાર થતાં પુસ્તકેાનું સૂચીપત્ર આપ્યું છે, તેથી પણ ઘણું જાણવાનું મળશે.

જૈન સમાજમાં આટલું પણ જાણવાની ઉત્કંઠા ધરાવનાર બહુ થેાડા છે તેા આવી પ્રવૃત્તિને પેાષણ ને સિંચન આપવાની તેા વાતજ ક્યાં કરવી ?

જૈન સાહિત્યનેા અપૂર ખજાનેા સંભાળી રાખવેા—તેનેા પ્રચાર કરવેા–તેનેા વિકાસ કરવેા–તેમાં સંશેાધન કરાવવું તે આજે જૈન શ્રીમંતેાની પહેલી ફરજ છે.

આજે તેા જૈન વિદ્વાનેા આ દેશમાં બહુજ ઓછા છે, જે છે તેને સમાજ અપનાવી નથી શકી, તેઓને ઉત્તેજન પ્રેરણા ને બળ આપનાર ઘણા થેાડાજ છે અને તેથી વ્યવસ્થિત કાર્ય થવામાં પણ સમય લાગશે, એમ જણાય છે.

આજની કેળવણી પદ્ધતિ તેા એટલી દેાષવાળી છે કે શ્રીમહાવીરના જીવન ઉપર યા કાંઇ પણ તુલનાત્મક દૃષ્ટિએ નિબંધ લખવા માટે ઇનામ કાઢેા તેા પાંચ આઠ લેખ સાધારણ લખાણના પણ ન આવી શકે. જૈન સાહિત્ય ઇતિહાસ ને તત્ત્વજ્ઞાનના અભ્યાસીને અજ્ઞાસ કરવા સ્થળ ને સાધનજ નથી. આ લેખ ધાર્યા કરતાં મેાટેા થઇ ગયેા છે, હવે થેાડુંક ઉમેરવાની ઇચ્છા છતાં મન ના કહે છે. તેાપણ ભવિષ્યના પ્રચારકાર્ય માટે દિશાસૂચન કરી મારેા નિબંધ પુરેા કરીશ.

જૈન સાહિત્યના પ્રચાર માટે નીચે પ્રમાણે વ્યવસ્થિત કાર્ય હાથ ધરવાની પ્રથમ આવશ્યકતા મને લાગે છે. જૈન સમાજ દર વર્ષે લાખેા રૂપીઆ ખર્ચે છે તેનેા ખરેા સદ્ ઉપયેાગ વ્યવસ્થિત રીતે કરવા યુવકેા ને શ્રીમંતેા, મુનિમહારાજો ને વિદ્વાનેા પ્રયાસ કરે તેા થેાડા વખતમાં ઘણું પરિણામ આવેજ.

૧ * જૈન ડીરેક્ટરી કરવી કે જેમાં પાશ્ચાત્ય તેમજ પૂર્વના વિદ્વાનેાની કાર્ય દિશાની નેાંધ આવી જાય.

૨ એક "જૈન ઇન્ફર્મેશન બ્યૂરેા" સ્થાપવા પ્રયાસ કરવેા કે જે પાશ્ચાત્ય જૈન વિદ્વાનેાને આ દેશમાં છપાતા પુસ્તકેાની નેાંધ ત્રીમાસિક મેાકલે, જરૂરી પ્રશ્નેાના

* જૈન ડીરેક્ટરી માટે મારા વિદ્વાન મિત્ર લાલા ધનારસીદાસ જૈન એમ. એ. પંજાબ યુનિવર્સીટીની સાથે અમે કામ શરૂ કર્યું છે. પાશ્ચાત્ય વિદ્વાનેાએ ઠીક જવાબ આપ્યેા છે પણ આ દેશના વિદ્વાનેા તેમજ સાધુ–સાધ્વીએ મૌનજ સેવ્યું છે. એક પૂજ્ય મહારાજશ્રી કેશરવિજયજી ગણી સૂચવે છે તેમ એક મુસાફરી કર્યા પછી જોઇએ તે કામ થશે એમ ધારી તે માટે ઉત્તેજન મળ્યે વિચાર રાખ્યેા છે.

જવાબ વિદ્વાન વર્ગ કે મુખ્ય મહારાજાને પૂછીને આપે. બહારી સહાય તેમના પુસ્તકપ્રકાશનમાં આપે, તેઓના કાર્યની ત્રિમાસિક નોંધ આ દેશમાં કેલાવે અને તેઓને બહારી પુસ્તકો વગેરે સાધનો મેળવી આપે.

૩ જ્યાં જ્યાં પુસ્તક-સંગ્રહ કે ભંડાર હોય તેનો જીર્ણોદ્ધાર થાય. કીડાના ડરમાં જતા કેટલાક બહુમાનનાં પુસ્તકો બચે ને રહેતે રહેતે જ્ઞાનમંદિર બોલાય ને વ્યવસ્થિત થાય.

૪ જૈનસાહિત્યના અભ્યાસકો વધારવા-ઉત્તેજન ને ઇનામી નિબંધ-પત્રિકાઓ ને ટ્રેક્ટો દ્વારા પ્રયાસ કરવો.

૫ બહાર રહેતા જૈનસાહિત્યમાં રસ લેનાર વિદ્વાનોને પ્રસંગે પ્રસંગે આમંત્રણ કરી દિલ્હી બોલાવવા ને આપણે બોલાવવા.

૬ આ દેશના ઉત્સાહી જૈનસાહિત્યના અભ્યાસની આકાંક્ષા રાખનાર વિદ્યાર્થીઓ-યુવકોને જર્મની કે અમેરિકા-યોગ્ય પણ તાલીમ આપીને મોકલવા ને તેઓને સારી સ્કોલરશીપ આપવી.

૭ એક જૈન-વિદ્યાપીઠ સ્થાપવા પ્રયત્ન કરવો જેની દ્વારા જૈનસાહિત્યનો સ્વતંત્ર પ્રચાર થાય, વિદ્વાનોને કાર્ય કરવા ક્ષેત્ર મળે, સ્વતંત્ર ફિલસૂફ બનાય અને તે અનેક સંસ્થાઓનું કેન્દ્ર બને.

આજ સુધી થયેલા કામકાજની ટૂંક નોંધ

૧ આચારાંગ સૂત્ર ડૉ. થોમ્સ, પાલી ટેક્સ્ટ સોસાયટી. લંડન ૧૮૮૨ (મૂળ)

૨ આચારાંગ સૂત્ર ડૉ. હર્મન જેકોબી, હર્મન જેકોબીગ્રંથ સોસાયટી લીપઝીગ ૧૯૧૦ પ્રથમ મુદ્રિતગ્રંથ-પ્રાકૃત સંસ્કૃત શબ્દકોષ સાથે.

૩ અક્ષરની (બ્રહ્મ દેવ) ડૉ. વેબર, બર્લીન ૧૮૬૬-૬૭.

૪ આવશ્યકસૂત્ર ડૉ. રોડોલ્ફ, લીપઝીગ-૧૮૮૧ પ્રથમ પ્રકાશન.

૫ ઉપાસકદશાંગ ડૉ. હોર્નલે કલકત્તા ૧૮૮૮ મૂળ-ટીકા.

૬ અનુત્તરોપપાતિક સૂત્ર—એસ. ટી. આરોક, લંડન ૧૯૦૭.

૭ ઔપપાતિક સૂત્ર ડૉ. લ્યુમેન લીપઝીગ ૧૮૮૩ (પ્રાકૃત સંસ્કૃત શબ્દકોષ સાથે)

૮ નિરયાવલી સૂત્ર એસ. જે. વોરન અમદાવાદ ૧૮૯૬ (પ્રા. મૂ. શબ્દકોષ).

૯ કલ્પસૂત્ર ડૉ. થોમ્સ લીપઝીગ. ૧૮૬૫ (, ,)

૧૦ ઉત્તરાધ્યયન ડૉ. લ્યુમેન ૧૮૮૨ જર્મની

૧૧ દશવૈકાલિક સૂત્ર ડૉ. સ્યુબ્રીંગ ૧૯૨૧

૧૨ આવશ્યકનિર્યુક્તિ જર્મની

અંગ્રેજી-અનુવાદ

૧ આચારાંગ, કલ્પસૂત્ર, ઉત્તરાધ્યયન, સૂત્રકૃતાંગ, (ચાર)
સેક્રેડ બુક્સ ઓફ ધી ઈસ્ટ સિરિઝ-Sacred Books of the East Series

૨ ઉવાસગદસાઓ-હોર્નલ-૧૮૫૨.

૩ અંતકૃત્સૂત્ર-અનુત્તરોપપાતિક સૂત્ર-એલ. ડી. બેરનેટ-લંડન. ૧૯૦૭.

ડૉ. ફુહરરે મથુરામાં શોધ ખોળ કરી છે. તે વિશે-વિન્સેન્ટ સ્મિથે-મથુરા-જૈન સ્તૂપ વિષે પુસ્તક લખ્યું છે.

ડૉ. ગ્રે. ગેરીનોટે ફ્રેન્ચ ભાષામાં જીવવિચાર લખ્યો છે.
ડૉ. બેલોની ફીલીપીએ ઇટાલીઅન ભાષામાં યોગશાસ્ત્ર પ્રકાશિત કર્યું છે.
ગ્રન્થોળ્યો—બેલીનીએ ઉપમિતીભવ-પ્રપંચકથા ઇટાલીઅન ભાષામાં ઉતારી છે.
ડૉ. પીશેલે હેમચંદ્ર પ્રાકૃત વ્યાકરણનું જર્મન ભાષાંતર કર્યું છે.
જૈન પ્રાકૃત વિષે ઇ. મૂલરે (જર્મન) નિબંધ લખ્યો છે.
હિન્દી સાહિત્યનો ઇતિહાસ (જર્મન) ભાગ. ૨ વીન્ટરનીટઝ.

મી. પીટર્સન—ડૉ. કીલહોર્ન અને ડૉ. વેબરે હસ્તલિખિત પુસ્તકોના કેટલોગના રીપોર્ટ સંશોધન કરી બહાર પાડયા છે તેમાં જેપુર-ખંભાત (૧૮૮૨) અલવર ૧૮૮૩-૮૪, ખંભાત ૧૮૮૪-૮૬, પાટન-૧૮૮૭-૯૨-૯૫-૯૮-તેમ જ બર્લીનની રોયલ-લાયબ્રેરીના સંસ્કૃત ને પ્રાકૃત હસ્તલિખિત પુસ્તકોનાં કેટલોગ પણ છે.

આજે જે કામ થઇ રહ્યું છે તેની વિગત.

ડૉ ઓટો સ્ટાઇન-Ph. D. એ જૈન આગમોમાંથી દુર્ગ, શહેરો, ગ્રામવ્યવસ્થા, ભૂગોળ, ન્યાય, નીતિ અને રાજ્ય વ્યવસ્થાના સૂત્રોનું સંશોધન કર્યું છે.

પ્રો. ડૉ હેલમાઉથ- Ph.D. (બર્લીન) તેમણે ૫૦૦ પાનાનું " જૈન ધર્મ " નામનું જર્મન અને અંગ્રેજી ભાષામાં પુસ્તક લખ્યું છે તે પ્રેસમાં છે. તેમાં નીચે પ્રમાણે પ્રકરણો રાખ્યાં છે.

ઇતિહાસ, સાહિત્ય, સિદ્ધાંત, તત્ત્વજ્ઞાન, નીતિ, લોકપ્રકાશ, ચરિત્ર, સમાજ, ક્રિયાવાદ, કળા અને દુનિયામાં જૈન ધર્મનું સ્થાન.

મિસ-કાઉઝ Ph. D. (લીપઝીગ) આચાર્ય શ્રીવિજયધર્મસૂરિજીની ધર્મદેશનાનું જર્મન ભાષાંતર કરે છે.

પ્રો. બ્લૂમફીલ્ડ (અમેરિકા) Ph. D. શાલીભદ્ર ચરિત્ર અંગ્રેજી ભાષામાં તૈયાર કરી પ્રેસમાં મોકલ્યું છે.

મિસ. જોન્સન Ph. D. (અમેરિકા) મહાવીર ચરિત્ર દસમા પર્વના ૧૧ મા સર્ગનો અનુવાદ કરી ડૉ. બ્લૂમફીલ્ડ પર છપાવા મોકલ્યો છે.

પ્રો. પેરેરાએ "જૈનધર્મ" વિષે એક પુસ્તક લખી રજુ કર્યું છે. જે માસમાં બહાર પડશે.

આ ઉપરાંત અનેક વિદ્વાનોએ નિબંધો લખ્યા છે. તે પણ વિદ્વત્તા ભરેલા-સંશોધન પૂર્વક લખેલા છે.

આ ઉપરાંત અનેક વિદ્વાનો પ્રો. હેલમાઉથ-પ્રો. બોરસેલ વગેરે પોતપોતાની વિદ્યાપીઠમાં જાહેરો આપી રહ્યા છે તે જુદું જ.

વાસ્તવિક જે કામ થઈ રહ્યું છે, તેની આ ઝાંખી રૂપરેખા માત્ર છે.

આટલાથી શું જૈન સાહિત્ય-પ્રેમીને આનંદ નહિ થાય! મારી દૃઢ માન્યતા છે કે આ દિશામાં કામ કરવા ક્ષેત્ર વિશાળ છે.

ઉત્તેજન—સાધન ને વ્યવસ્થિત કામ કરવાથી ભવિષ્યમાં શું રંગ મળશે. પ્રેમી મહાવીરનાં સૂત્રો ને સિદ્ધાંતોનો પ્રચાર અવશ્ય વિશેષ થશે. એક વિદ્વાને ઠીક જ કહ્યું છે કે—

The Spirit of Jainism is the Spirit of India.

૪ જૈન કવિઓ

(લેખકઃ—આચાર્ય શ્રી મુનિ ન્યાયવિજયજી)

પ્રસ્તાવના.

સુજ્ઞ પ્રમુખ સાહેબ, ભગિનીઓ અને ભાઇઓ,

મેં મારા આ નિબંધો સાહિત્ય પરિષદે નક્કી કરેલ નિબંધો પૈકી જૈન નિબંધમાંથી જૈનાચાર્યો જૈન રાજાઓ જૈન મંત્રીઓ અને જૈન દાનવીરો એ નિબંધ મારા વિષય તરીકે સ્વીકારી તે કામ મારી શક્તિ મુજબ કર્યું છે. જો કે આ કાર્ય મારા જેવા સામાન્ય અભ્યાસી કરતાં કોઇ બીજા વિશેષ અભ્યાસી સાહિત્યપ્રેમી મહાશયે બહુ સુંદર રીતે કર્યું હોત, તોપણ મહાપુરુષોનાં વચનાનુસાર એ મહાન્ નિયમને અનુસરી આ પ્રયત્ન કર્યો છે. હવે મેં લીધેલા વિષયમાંથી કેટલીએક મહાન્ વ્યક્તિઓની ટુંકાણમાં ઓળખાણ કરાવીશ.

પ્રાચીન કાલમાં જૈન ધર્મ અને જૈન પ્રજા ભારતવર્ષના દરેક પ્રદેશમાં ઉચ્ચ સ્થાન ભોગવતી હતી. કર્નલ ટૉ'ના કથન પ્રમાણે હિંદુસ્થાનના દરેક શહેરો પ્રાયઃ જૈન ધનાઢ્યો—શ્રાવકોથી ગૌરવ ભર્યા શોભી રહ્યાં હતાં. પૂર્વમાં બંગાલ અને ઓરિસાથી માંડી પશ્ચિમમાં ઠેઠ સમુદ્રના કાંઠા સુધી અને ઉત્તરમાં છેક હિમાલયથી માંડી દક્ષિણમાં છેક કન્યાકુમારી સુધી દરેક દેશો અને સુંદર સ્થાનો, પવિત્ર જૈન તીર્થો અને ગગનચુમ્બી ભવ્ય મંદિરોથી સુશોભિત હતાં. જૈન પ્રજાએ પોતાનાં તીર્થસ્થળો અને ભવ્ય મંદિરો બંધાવવામાં જે અગણિત દ્રવ્યનો વ્યય કર્યો છે તેનો નમુનો હિંદુસ્થાનના ઇતિહાસમાં મળવો મુશ્કેલ છે બલકે અલભ્ય છે.

જૈનાચાર્યોના ઉપદેશથી જેવાં ભવ્ય આદર્શ સ્થાનો ધનાઢ્ય ધર્મપ્રેમી જૈન ગૃહસ્થોએ બંધાવ્યાં છે તેવાં ભવ્ય આદર્શ સ્થળો હિંદુસ્થાનના મોટા મોટા રાજા મહારાજાઓ પણ નથી કરાવી શક્યા એમ કહેવામાં કંઇ અતિશયોક્તિ નથી.

પ્રથમ જૈનાચાર્યોએ ભારતવર્ષમાં જે અગણિત ઉપકાર કર્યા છે તેની નોંધનો આ સમય નથી. જૈનાચાર્યોએ ભારતવર્ષના દરેક પ્રદેશોમાં વિચરી આપણા ધર્મનું મૂલ-અહિંસાને ટકાવી રાખવાનું સતત કામ કર્યું છે. તેઓએ નિસ્પૃહપણે ઉઘાડે માથે અને ઉઘાડે પગે ભારતવર્ષના શહેરે શહેર અને ગામો ગામડામાં વિચરી અનેક મનુષ્યોને ન્યાય અને નીતિના સુંદર ઉપદેશો પોતાની મનોહર વાણીમાં આપ્યા છે-હતા. તેઓના ઉપદેશમાં ભારતવર્ષના અન્ય સાધુમહાત્માની પેઠે ભીક્ષા સિવાય કોઇ પણ જાતની સ્પૃહા-ઇચ્છા કર્યા સિવાય પોતાના ઉચ્ચ ચારિત્ર દ્વારા અનેક મનુષ્યોને ઉત્તમ ચારિત્રવાન કર્યા છે.

ભારતવર્ષને ઉન્નત બનાવવામાં જૈનાચાર્યોએ અથાગ પ્રયત્ન સેવ્યો છે. જેવી રીતે હિંદુસ્થાનને ધર્મપ્રેમી અને દયા દેવીનો પરમ ભક્ત બનાવવામાં તેમનો મુખ્ય હિસ્સો છે તેવીજ રીતે સંસ્કૃત, પ્રાકૃત, માગધી, સૌરશેની, પિશાચી, અપભ્રંશ, ગુજરાતી આદિ ભાષા સાહિત્યો

જ્ઞાનને સિંચી સિંચી નવવિકસિત બનાવવામાં પણ તેઓએ નિર્જન વનોમાં રહીરહીને પણ અથાગ પ્રયત્ન સેવ્યો છે.

મહાન્ પ્રખર નૈયાયિક આચાર્યવર્ય શ્રી સિદ્ધસેન દિવાકર ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા. શ્રીહરિભદ્રસૂરિ, અને કલિકાલ સર્વજ્ઞ બાલબ્રહ્મચારિ પંડિતવર્ય શ્રીહેમચંદ્રસૂરીશ્વર જેવા ધુરંધર આચાર્યોની અથાગ સેવાથી જૈન પ્રજ્જન નહિ બલ્કે સમસ્ત આર્યાવર્ત ગર્વભર્યુ હાસ્ય કરી રહ્યું છે. તેમાંથી સિદ્ધસેન દિવાકરે મહાન્ વીર વિક્રમની સભા શોભાવી હતી. આચાર્ય શ્રીબપ્પભટ્ટ સૂરિએ ગોપુર (ગ્વાલિયર) ના મહારાજાની આમ સભા શોભાવી હતી. નવાંગીટીકાકાર શ્રીઅભયદેવસૂરિએ ગુજરાતના મહારાજા ભીમદેવની સભા શોભાવી હતી. તેમજ બાલબ્રહ્મચારિ શ્રીહેમચંદ્રસૂરિશ્વરે ચક્રવર્તી કુમારપાલની સભા શોભાવી હતી અને છેલ્લે જગદ્ગુરૂ શ્રીહીરવિજયસૂરીશ્વરે મોગલ કુલતિલક સમ્રાટ અકબર જેવા વિદેશી રાજ્ય-કર્ત્તાની સભા શોભાવી અહિંસાના પવિત્ર મંત્રથી તેના હૃદયને કોમળ બનાવ્યું હતું.

આ સિવાય ઘણા જૈન સાધુ મહાત્માઓએ ભારતવર્ષમાં અહિંસાના પવિત્ર મંત્રો ફેલાવી ભારતવર્ષને નંદનવન બનાવવાનું મહત પુણ્ય ઉપાર્જન કરેલ છે. જેમ તેમણે ભારતવર્ષની અથાગ સેવા કરી છે તેમ આપણા ભાષા સાહિત્યરૂપી બગીચાને પોતાની વાણી અને કલમ દ્વારા વિકસિત બનાવી સુંદર ફૂલોથી લચકતો બનાવ્યો છે.

આવી રીતે જૈન કવિઓએ પણ પોતાની સુંદર કલમથી સુંદર કવનો કરી સાહિત્યને અપૂર્વ રીતે ખીલવ્યું છે. જો કદી સંસ્કૃત, પ્રાકૃત કે ગુજરાતી ભાષાં સાહિત્યમાંથી જૈનોનો ફાળો બાદ કરવામાં આવે તો બાકીનું સાહિત્ય નહિ જેવુંજ થોડુંક જ રહેશે. ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા, ષડ્દર્શન શાસ્ત્રવેત્તા શ્રીહરિભદ્રસૂરિશ્વર તથા શ્રીહેમચંદ્રસૂરિશ્વરને બાદ કરીને સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્ય રડે તેમ છે. જૈન સાધુમહાત્માઓનાં સુંદર કાવ્યો ઘણાં છે. પરંતુ હું લાચાર છું કે તેમાંથી કોઇ પણ સાધુ મહાત્માનું જીવનચરિત્ર–તેમના જીવનના નામ નિશાન પણ નથી મેળવી શકયો. માત્ર પ્રખ્યાત કવિઓનાં પણ ક્વચિતજ જીવન-ચરિત્ર મળી શકે છે કે જેમાંના પ્રખ્યાત કવિઓમાં, કવિ શિરોમણી શ્રીહેમચંદ્રસૂરિશ્વર કે જેઓશ્રીનાં મહાકાવ્યો એ દ્વયાશ્રય, ત્રિષષ્ટિ તથા સાહિત્યમાં કાવ્યપ્રકાશની કક્ષાનો કાવ્યાનુ-શાસન એક અદ્ભુત ગ્રંથ છે.

આ સિવાય જયન્તવિજય કાવ્યના કર્ત્તા શ્રીઅભયદેવસૂરિ (બીજા) તથા શ્રીવર્ધમાન સૂરિ પણ મહાકવિ હતા કે જેમનું અત્યારે પ્રખ્યાત વાસુપૂજ્ય ચરિત્ર કે જે ચરિત્ર કરતાં મહાકાવ્યની ગણતરીમાં પણ શ્રેષ્ઠ છે. આ બન્ને મહાત્માના જીવનચરિત્ર મને નથી મળી શક્યાં તેમજ શ્રીસોમપ્રભસૂરિ કે જેઓ મહાન્ ગ્રંથકાર, પ્રસિદ્ધ આચાર્ય અને મહા કવિ તરીકે, સુપ્રસિદ્ધ છે. તેઓશ્રીની સૂક્તમુક્તાવલી, વૈરાગ્યતરંગિણી તેમજ પ્રાકૃતમાં કુમારપાલ પ્રતિબોધ મહાકાવ્ય તરીકે પ્રસિદ્ધ છે. ગુ. વિ. આ. શ્રીજિનવિજયજી તેમને છેલ્લા પ્રાકૃત કાવ્યના કર્ત્તા તરીકે ઓળખાવે છે, તેમજ સમ્મેધાન મહાકાવ્ય (કે જેમાં એકી સાથે સાત મહાપુરૂષોનાં જીવનચરિત્ર શરૂ થાય છે.) ના કર્ત્તા મહોપાધ્યાય શ્રીમેઘવિજયજી ગણી આ બને મહાપુરૂષોનાં જીવનચરિત્ર પ્રસિદ્ધ હોવાથી મેં નથી આપ્યાં. હું કવિઓનાં જીવનચરિત્ર બહુ ઓછાં મેળવી શક્યો છું તેમાં મુખ્ય દોષ મારો છે; તો પણ ઘણા જૈન ગ્રંથકારો કે

૪ જૈન કવિઓ

(લેખકઃ—આચાર્ય શ્રી મુનિ ન્યાયવિજયજી)

પ્રસ્તાવના.

સુજ્ઞ પ્રમુખ સાહેબ, ભગિનીઓ અને ભાઇઓ,

મેં મારા આ નિબંધો સાહિત્ય પરિષદે નક્કી કરેલ નિબંધો પૈકી જૈન નિબંધમાંથી જૈનાચાર્યો જૈન રાજાઓ જૈન મંત્રીઓ અને જૈન દાનવીરો એ નિબંધ મારા વિષય તરીકે સ્વીકારી તે કામ મારી શક્તિ મુજબ કર્યું છે. જો કે આ કાર્ય મારા જેવા સામાન્ય અભ્યાસી કરતાં કોઇ બીજા વિશેષ અભ્યાસી સાહિત્યપ્રેમી મહાશયે બહુ સુંદર રીતે કર્યું હોત, તોપણ મહાપુરુષોનાં વચનાનુસાર એ મહાન્ નિયમને અનુસરી આ પ્રયત્ન કર્યો છે. હવે મેં લીધેલા વિષયમાંથી કેટલીએક મહાન્ વ્યક્તિઓની ટુંકાણમાં ઓળખાણ કરાવીશ.

પ્રાચીન કાલમાં જૈન ધર્મ અને જૈન પ્રજા ભારતવર્ષના દરેક પ્રદેશમાં ઉચ્ચ સ્થાન ભોગવતી હતી. કર્નલ ટૉડના કથન પ્રમાણે હિંદુસ્થાનના દરેક શહેરો પ્રાયઃ જૈન ધનાઢ્યો-શ્રાવકોથી ગૌરવ ભર્યાં શોભી રહ્યાં હતાં. પૂર્વમાં બંગાલ અને ઓરિસાથી માંડી પશ્ચિમમાં ઠેઠ સમુદ્રના કાંઠા સુધી અને ઉત્તરમાં છેક હિમાલયથી માંડી દક્ષિણમાં છેક કન્યાકુમારી સુધી દરેક દેશો અને સુંદર સ્થાનો, પવિત્ર જૈન તીર્થો અને ગગનચુમ્બી ભવ્ય મંદિરોથી સુશોભિત હતાં. જૈન પ્રજાએ પોતાનાં તીર્થસ્થળો અને ભવ્ય મંદિરો બંધાવવામાં જે અગણિત દ્રવ્યનો વ્યય કર્યો છે તેનો નમુનો હિંદુસ્થાનના ઇતિહાસમાં મળવો મુશ્કેલ છે અથવા અલભ્ય છે.

જૈનાચાર્યોના ઉપદેશથી જેવાં ભવ્ય આદર્શ સ્થાનો ધનાઢ્ય ધર્મપ્રેમી જૈન ગૃહસ્થો-એ બંધાવ્યાં છે તેવાં ભવ્ય આદર્શ સ્થળો હિંદુસ્થાનના મોટા મોટા રાજા મહારાજાઓ પણ નથી કરાવી શક્યા એમ કહેવામાં કંઇ અતિશયોક્તિ નથી.

પ્રથમ જૈનાચાર્યોએ ભારતવર્ષમાં જે અગણિત ઉપકાર કર્યા છે તેની નોંધનો આ સમય નથી. જૈનાચાર્યોએ ભારતવર્ષના દરેક પ્રદેશોમાં વિચરી આપણા ધર્મનું મૂલ-અહિંસા ટકાવી રાખવાનું સતત કામ કર્યું છે. તેઓએ નિસ્પૃહપણે ઉઘાડે માથે અને ઉઘાડે પગે ભારતવર્ષના શહેરે શહેર અને ગામો ગામડામાં વિચરી અનેક મનુષ્યોને ન્યાય અને નીતિના સુંદર ઉપદેશો પોતાની મનોહર વાણીમાં આપ્યા છે-હતા. તેઓના ઉપદેશમાં ભારતવર્ષના અન્ય સાધુમહાત્માની પેઠે ભીક્ષા સિવાય કોઇ પણ જાતની સ્પૃહા-ઇચ્છા કર્યા સિવાય પોતાના ઉચ્ચ ચારિત્ર દ્વારા અનેક મનુષ્યોને ઉત્તમ ચારિત્રવાન કર્યા છે.

ભારતવર્ષને ઉન્નત બનાવવામાં જૈનાચાર્યોએ અથાગ પ્રયત્ન સેવ્યો છે. જેવી રીતે હિંદુસ્થાનને ધર્મપ્રેમી અને દયા દેવીનો પરમ ભક્ત બનાવવામાં તેમનો મુખ્ય હિસ્સો છે તેવીજ રીતે સંસ્કૃત, પ્રાકૃત, માગધી, સૌરશેની, પિશાચી, અપભ્રંશ, ગુજરાતી આદિ ભાષા સાહિત્યો-

ઘાનને સિંચી સિંચી નવવિકસિત બનાવવામાં પણ તેઓએ નિર્જન વનોમાં રહીરહીને પણ અથાગ પ્રયત્ન સેવ્યો છે.

મહાન્ પ્રખર નૈયાયિક આચાર્યવર્ય શ્રી સિદ્ધસેન દિવાકર ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા, શ્રીહરિભદ્રસૂરિ, અને કલિકાલ સર્વજ્ઞ બાલબ્રહ્મચારિ પંડિતવર્ય શ્રીહેમચંદ્રસૂરીશ્વર જેવા ધુરંધર આચાર્યોની અથાગ સેવાથી જૈન પ્રજાજ નહિ પરંતુ સમસ્ત આર્યાવર્ત ગર્વભર્યું હાસ્ય કરી રહ્યું છે. તેમાંથી સિદ્ધસેન દિવાકરે મહાન્ વીર વિક્રમની સભા શોભાવી હતી, આચાર્ય શ્રીબપ્પભટ્ટ સૂરિએ ગોપુર (ગ્વાલિયર) ના મહારાજાની આમ સભા શોભાવી હતી. નવાંગીટીકાકાર શ્રીઅભયદેવસૂરિએ ગુજરાતના મહારાજા ભીમદેવની સભા શોભાવી હતી. તેમજ બાલબ્રહ્મચારિ શ્રીહેમચંદ્રસૂરિશ્વરે ચક્રવર્તી કુમારપાલની સભા શોભાવી હતી અને છેલ્લે જગદ્‌ગુરુ શ્રીહીરવિજયસૂરીશ્વરે મોગલ કુલતિલક સમ્રાટ અકબર જેવા વિદેશી રાજ્યકર્ત્તાની સભા શોભાવી અહિંસાના પવિત્ર મંત્રથી તેના હૃદયને કોમળ બનાવ્યું હતું.

આ સિવાય ઘણા જૈન સાધુ મહાત્માઓએ ભારતવર્ષમાં અહિંસાના પવિત્ર મંત્રો ફેલાવી ભારતવર્ષને નંદનવન બનાવવાનું મહત પુણ્ય ઉપાર્જન કરેલ છે. જેમ તેમણે ભારતવર્ષની અથાગ સેવા કરી છે તેમ આપણા બાપા સાહિત્યરૂપી બગીચાને પોતાની વાણી અને કલમ દ્વારા વિકસિત બનાવી સુંદર ફૂલોથી લચકતો બનાવ્યો છે.

આવી રીતે જૈન કવિઓએ પણ પોતાની સુંદર કલમથી સુંદર કવનો કરી સાહિત્યને અપૂર્વ રીતે બીલવ્યું છે. જો કદી સંસ્કૃત, પ્રાકૃત કે ગુજરાતી ભાષા સાહિત્યમાંથી જૈનોનો ફાળો બાદ કરવામાં આવે તો બાકીનું સાહિત્ય નહિ જેવુંજ થોડું જ રહેશે. ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા, પદર્શન શાસ્ત્રવેત્તા શ્રીહરિભદ્રસૂરિશ્વર તથા શ્રીહેમચંદ્રસૂરિશ્વરને બાદ કરતાં સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્ય રડે તેમ છે. જૈન સાધુમહાત્માઓનાં સુંદર કાવ્યો ઘણાં છે. પરંતુ હું લાચાર છું કે તેમાંથી કોઇ પણ સાધુ મહાત્માનું જીવનચરિત્ર–તેમના જીવનના નામ નિશાન પણ નથી મેળવી શક્યો. માત્ર પ્રખ્યાન કવિઓનાં પણ ક્વચિતજ જીવનચરિત્ર મળી શકે છે કે જેમાંના પ્રખ્યાત કવિઓમાં, કવિ શિરોમણી શ્રીહેમચંદ્રસૂરિશ્વર કે જેઓશ્રીનાં મહાકાવ્યો એ દ્વયાશ્રય, ત્રિષષ્ટિ તથા સાહિત્યમાં કાવ્યપ્રકાશની કક્ષાનો કાવ્યાનુશાસન એક અદ્‌ભુત ગ્રંથ છે.

આ સિવાય જયન્તવિજય કાવ્યના કર્ત્તા શ્રીઅભયદેવસૂરિ (બીજા) તથા શ્રીવર્ધમાન સૂરિ પણ મહાકવિ હતા કે જેમનું અત્યારે પ્રખ્યાત વાસુપૂજ્ય ચરિત્ર કે જે ચરિત્ર કરતાં મહાકાવ્યની ગણતરીમાં પણ શ્રેષ્ઠ છે. આ બન્ને મહાત્માના જીવનચરિત્ર મને નથી મળી શક્યાં તેમજ શ્રીસોમપ્રભસૂરિ કે જેઓ મહાન્ ગ્રંથકાર, પ્રસિદ્ધ આચાર્ય અને મહા કવિ તરીકે સુપ્રસિદ્ધ છે. તેઓશ્રીની સૂક્તમુક્તાવલી, વૈરાગ્યતરંગિણી તેમજ પ્રાકૃતમાં કુમારપાલ પ્રતિબોધ મહાકાવ્ય તરીકે પ્રસિદ્ધ છે. ગુ. વિ. આ. શ્રીજિનવિજયજી તેમને છેલ્લા પ્રાકૃત કાવ્યના કર્તા તરીકે ઓળખાવે છે, તેમજ સપ્તસંધાન મહાકાવ્ય (કે જેમાં એકી સાથે સાત મહાપુરુષોનાં જીવનચરિત્ર શરૂ થાય છે.) ના કર્તા મહોપાધ્યાય શ્રીમેઘવિજયજી ગણી આ બંને મહાપુરુષોનાં જીવનચરિત્ર પ્રસિદ્ધ હોવાથી મેં નથી આપ્યાં. હું કવિઓનાં જીવનચરિત્ર બહુ ઓછાં મેળવી શક્યો છું તેમાં મુખ્ય દોષ મારો છે; તો પણ ઘણા જૈન ગ્રંથકારો કે

કવિઓએ પોતાના જીવનની રૂપરેખા પણ નથી આપી. માત્ર પોતાના ગુરુની પરંપરા જ ઘણા આચાર્યોએ જણાવી છે કે જે પરંપરા ઉપરથી મૂળ વતન, માતપિતાનું નામ આદિ મેળવવામાં બહુ મુશ્કેલી પડે છે, બલકે ન મળી શકે એમ કહું તો પણ ચાલે. હવે માત્ર રહ્યા મહાકવિ ધનપાલ અને કવિ શિરોમણિ શ્રીશોભનાચાર્ય (કે જેમનાં જીવનચરિત્ર ટુંકાણમાં મેં આપ્યાં છે) કે જેઓ મહારાજા ભોજની સભાના પંડિતરત્ન હતા અને શોભનાચાર્ય તેના ગુરુ હતા. મહાકવિ ધનપાલની તિલકમંજરી કે જે " બાણની કાદમ્બરી જ્યારે રસિક વાચકભ્રમરોને લાંબા લાંબા સમાસો, લાંબાં લાંબાં વાક્યો અને અનૌચિત્ય વર્ણનોથી કંટાળો આપે છે " ત્યારે તિલકમંજરી રસલોલુપી રસિક વાચકભ્રમરોને ટુંકાં અને સરલ વાક્યો, ટુંકા સમાસો અને ઉચિત વર્ણનો સાથે થોડા પદ્યથી સુંદર મધુનો રસ આપે છે અને આ વિશેનો ટકોર પોતેજ પોતાની પ્રસ્તાવનામાં કરે છે. આ સિવાય ધનપાલ પંચાશિકા કે જેનાં વખાણ પ્રખર પંડિત હેમચંદ્રસૂરિશ્વરે પણ કર્યાં હતાં. આ સિવાય બીજી પણ કૃતિઓ હોવી જોઇએ. તેમજ તેમના લઘુબંધુ શ્રીશોભનાચાર્ય કે જેઓ મહાન્ કવિ હતા તેમણે ગોચરી જતાં રસ્તામાં શોભનસ્તુતી બનાવી હતી કે જેના ૬૬ શ્લોક છે અને જે વર્ણાલંકાર શબ્દાલંકાર અને યમકથી ભરપુર છે. આવીજ રીતે સપ્તક્ષેત્રી રાસના કર્તા કે જેમને અત્યારે તો હું આદ્યકવિ તરીકે ઓળખાવું છું. તેમજ ગૌતમ રાસના કર્તા શ્રી ઉદયવંત કે જેમનું ચરિત્ર હું નથી મેળવી શકયો, તેમજ પ્રખ્યાત મહા કવિ શ્રી લાવણ્યસમય કે જેમનાં કાવ્યો વિમલપ્રબંધ આદિ ગુજરાતી સાક્ષરોથી અજાણ નથી તેઓશ્રીનું જીવનચરિત્ર પ્રખ્યાત હોવાથી મેં નથી આપ્યું. ત્યાર પછી શ્રાવક કવિ શ્રીઋષભદાસ કે જેમનું જીવનચરિત્ર પાંચમી સાહિત્ય પરિષદ ઉપર રા. મોહનલાલ દેશાઇએ રજુ કર્યું હતું. ત્યાર પછી મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કે જેઓએ ગુજરાતી ભાષામાં બહુ સારાં કાવ્યો કર્યાં છે જેમાં દ્રવ્યગુણપર્યાયનો રાસ, શ્રીપાલરાસો ઉત્તરાર્ધ આદિ પ્રસિદ્ધ છે, તેમની ઓળખાણ ટુંકાણમાં મેં કરાવી છે. તેમજ તેમના કાકાગુરુ મહોપાધ્યાય શ્રીવિનયવિજયજી પણ બહુ સારા કવિ હતા. તેઓશ્રીનો શ્રીપાલરાસ પૂર્વાર્ધ, વિનયવિલાસ આદિ પ્રસિદ્ધ છે. આ સિવાય મહાયોગીશ્વર આનંદઘનજી પણ બહુ સારા કાવ હતા. ત્યાર પછી છેલ્લા મહાકવિ શ્રીવિરવીજયજી અને રૂપવિજયજી કે જેમાંના મહાકવિ શ્રીવીરવિજયજીની ઓળખાણ મેં કરાવી છે.

જૈન રાજાઓના વિષયમાં ચંપાપતિ શ્રેણીક અને વિશાલાનો મહારાજા ચેડા (ચેટક) કે જેઓ પરમ કૃપાળુ શ્રી મહાવીર સ્વામીના સમકાલીન હતા. તેઓ પહેલાં બૌદ્ધ ધર્મ પાળતા પરંતુ પાછળથી શ્રી મહાવીર સ્વામીના પરમ ભક્ત થયા હતા કે જેમની ઓળખાણ મેં કરાવી છે. આ સિવાય શ્રી મહાવીર સ્વામીના સમકાલીન ઘણા રાજાઓ હતા કે જેમાં ચંપાપતિ અશોકચંદ્ર (શ્રેણીકનો પુત્ર અજાતશત્રુકોણીક) કાશી અને કૌશલના નવમલ્લીક અને નવલ્લેચ્છીક રાજાઓ, પુલાશપુરનો વિજયરાજા, વિતભદ્રપટ્ટનનો ઉદાયન જેણે મહાવીર પ્રભુ પાસે દીક્ષા લીધી હતી અને જૈન ગ્રંથોમાં જેને અંતિમ રાજર્ષિ તરીકે ઓળખાવ્યો છે. કૌશામ્બીનો ઉદાયનવત્સ, ક્ષત્રિય કુંડનો રાજા નંદિવર્ધન (શ્રી મહાવીર સ્વામીના મોટાભાઇ) ઉજ્જયનીશ ચંડપ્રદ્યોત, હિમાલયની ઉત્તરે પૃષ્ટચંપાના સ્વામી શાલ અને મહાશાલ, પોતનપુરનો પ્રસન્નચંદ્ર (તેણે મહાવીર પ્રભુ પાસે દીક્ષા લીધી હતી અને તે પણ

રાજર્ષિ તરીકે ઓળખાય છે.) હસ્તશીર્ષનો અદિનશત્રુ, ઋષભપુરનો ધનવાહ, વીરપુરનો વીરકૃષ્ણમિત્ર, વિજયપુરનો વાસવદત્ત, સૌગંધિકનો અપ્રતિહત, કનકપુરનો પ્રદીપચંદ્ર, મહાપુરનો બલ, સુઘોષપતિ અર્જુન, અને શાકેતપુરનો રાજા દત્ત ઇત્યાદિ અનેક રાજાઓ શ્રી મહાવીર પ્રભુના સમયમાં મહાવીર ભક્ત-ચુસ્ત જૈન હતા. આ બધા રાજાઓની ઓળખાણ જૈન સૂત્રમાં કરાવી છે પરંતુ મને તે જોવાનો સમય નહિ મળવાથી હું આ રાજાઓની ઓળખાણ નથી કરાવી શક્યો. આ સિવાય સાર પછી બૌદ્ધ સમ્રાટ્ અશોકનો પૌત્ર ચક્રવર્તિ સંપ્રતિ (સંપદ) મહાન્ ચુસ્ત જૈન રાજા હતો. તેણે જૈન દર્શનની ઉન્નતિમાં બહુ કીંમતી મદદ આપી છે કે જેની ઓળખાણ મેં ટુંકાણમાં કરાવી છે. તેમ જ વીર વિક્રમ શ્રી સિદ્ધસેન દિવાકરના ઉપદેશથી ચુસ્ત જૈન થયો હતો. ત્યાર પછી બપ્પભટ્ટ સૂરિના ઉપદેશથી ગ્વાલીયરનો આમરાજા જૈન થયો હતો. આ અને બીજા ઘણા જૈન રાજાઓ છે જેઓએ જૈન ધર્મની ઉન્નતિ પાછળ પોતાના રાજ્યની પણ દરકાર કર્યા સિવાય પુષ્કળ ફાળો આપ્યો છે. આ બધા મહારાજાનાં જીવન ચરિત્ર મને નથી મળ્યાં. સમય મળ્યે જૈન રાજાઓનાં જીવન ચરિત્ર આપવાની વૃત્તિ છે. છેલ્લો જૈન રાજા "મહારાજાધિરાજ પરમાર્હત" કુમારપાલ કે જે શ્રીહેમચંદ્રસૂરિશ્વરના ઉપદેશથી ચુસ્ત જૈન થયો હતો તે રાજર્ષિની મેં ઓળખાણ કરાવી છે.

જૈન મંત્રીઓમાં બુદ્ધિનિધાન શ્રી અભયકુમાર મંત્રી કે જેઓ શ્રી મહાવીર સ્વામીના પરમ ભક્ત હતા અને મહારાજા શ્રેણીકના મુખ્ય મંત્રી હતા, તેઓનું જીવન ચરિત્ર જૈન સમાજમાં બહુ હર્ષથી ગવાય છે. સમયે ગુર્જર સાક્ષરોને તેની ઓળખાણ કરાવીશ. આ સિવાય નવમા નંદના મહામાત્ય શકટાલ (શકડાલ) મંત્રી (સ્થુલીભદ્રજીના પિતા) અને તેમનો પુત્ર મહામંત્રી સિદ્ધિયક (શ્રીયક) તેમ જ ગુજરાતમાં વનરાજથી માંડી ઠેઠ વીરધવલ સુધી ઓછાવત્તા પ્રમાણમાં જૈનોએ મંત્રીપણું ભોગવ્યું છે. તેમાં મુખ્ય મંત્રીઓમાં વનરાજનો મંત્રી ચાંપો કે જેણે ગુજરાતની ગાદી સ્થાપવામાં વનરાજને અણમોલી મદદ કરી હતી. ત્યારપછી ઓસવાલકુલતિલક શ્રી વિમલમંત્રી કે જેમની ઓળખાણ મેં કરાવી છે અને જેણે માળવાના ભોજની પ્રતિસ્પર્દ્ધામાં ગુજરાતનો ગર્વ બહુ સારી રીતે સાચવ્યો હતો અને જેમણે આબુનાં જગપ્રસિદ્ધ જૈન મંદિરો બંધાવી ગુજરાતને અદકે હિંદુસ્તાનને ગૌરવવાન બનાવ્યું છે; તેમ જ ગુજરાતનો નાથ સિદ્ધરાજદેવના મહામાત્ય મુંજાલ કે જે પાકકો મુસદ્દી અને મહાન્ યોદ્ધો હતો અને ચુસ્ત જૈન હતો. આ સિવાય ઉદાયનમંત્રી, સૌરાષ્ટ્રનો અધિપતિ સજ્જન તેમ જ તેનો પુત્ર પરશુરામ, સિદ્ધરાજનો ધર્મપુત્ર ચાહડ (ઉદાયન મંત્રીનો પુત્ર) આદિ ચુસ્ત જૈન હતા. તેઓ અહિંસાના પરમ ઉપાસક હતા છતાં તીક્ષ્ણ કલમની બાજુએ હાથમાં ઉઘાડી તરવાર લઇ રણાંગણમાં વીર યોદ્ધાની માફક લડયા હતા અને ગુજરાતનું ગૌરવ સદાને માટે ટકાવ્યું હતું.

કુમારપાલનો મંત્રી વાગ્ભટ, બાહડ, આમ્રભટ આદિ પણ ચુસ્ત જૈન હતા. તેમણે શત્રુંજયતીર્થના મંદિરનો ઉદ્ધાર કરાવ્યો હતો. આ સિવાય વીરધવલના મંત્રી વસ્તુપાલ તેજપાલ પણ પ્રસિદ્ધ છે કે જેમની ઓળખાણ મેં ટુંકાણમાં કરાવી છે. તેઓએ ગુજરાતની ઓલવાઇ જતી વીરતાને સતેજ બનાવી હતી-કરી હતી. આ બંન્ને ભાઇઓ

ચુસ્ત જૈન હતા અને યુદ્ધવિશારદ પણ હતા. તેમણે આબુમાં લાખ્ખો રૂપિયા ખર્ચી હિંદુસ્તાનની શિલ્પકળામાં શ્રેષ્ઠ મંદિરો કરાવ્યાં છે. આ સિવાય મોગલ સમ્રાટ અકબરના મંત્રી ટોડરમલ્લ અને કર્માશાહ પણ પ્રસિદ્ધ છે જેમાં ટોડરમલ્લ મુસદ્દી મંત્રી અને વીર યોદ્ધો હતો. તેણે જ અકબરના સમયમાં જેતરોની માપણી કાઢી હતી કે જે માપણી થોડા ઘણા ફેરફાર સાથે હજુ પણ ચાલુ છે. લંબાણના ભયથી હું બધા મંત્રીઓનાં જીવન નથી આપી શકયો. ધીમે ધીમે તેમની પણ ઓળખાણ કરાવીશ.

હવે છેલ્લે જૈન દાનવીરો સંબંધે દુકાણમાં કહી હું વિરમીશ. જૈન દાનવીરોની ઓળખાણ કરાવવી એ તો સૂર્યને દીપકવડે ઓળખાવવા સરખું છે.

જૈનોની દાનવીરતા ઘણે સ્થલે પ્રસિદ્ધ છે. જૈનધર્મના સિદ્ધાંતો જ એવા ઉદાર છે કે જેમાં દરેક મનુષ્યોએ થોડે ઘણે અંશે ઉદાર બનવું જ જોઇએ. તેઓએ દરકોઇ રીતે શક્તિ પ્રમાણે દરરોજ થોડું ઘણું દાન આપવું જોઇએ. જૈન રાજાઓએ, મંત્રીઓએ અને જૈન શેઠીયાઓએ અનેક સ્થળે અઢળક પૈસો ખર્ચી પોતાની દાનવીરતા બતાવી છે. તેમાંય મંદિરો પાછળ, જૈન દર્શનની ઉન્નતિ પાછળ અને દેશના રક્ષણ માટે ભયંકર દુષ્કાળોમાં લગાર પણ આંચકો ખાધા સિવાય પુષ્કળ પૈસો ખર્ચી પોતાની દાનવીરતા કાયમ રાખી છે. તેમાંના ઐતિહાસિક દૃષ્ટિએ મહમ્મદ બેગડાના સમયમાં ૧૩૬૫ ના ભયંકર દુષ્કાળમાં ગુજરાતના દાનવીર શેઠ એમાહાડશીએ પોતાની ઉદારતાથી ગુજરાતમાં દુષ્કાળને બદલે સુકાળ જેવું કરી પોતાનાં બીરૂદો સાચવ્યાં હતાં.

તેમજ કચ્છભદ્રેશ્વરના શેઠ જગડુશાહે (ગુજરાતના કુબેર ભંડારી) પણ ભયંકર દુષ્કાળના સમયમાં આખા હિંદુસ્તાનને મદદ કરી કાળના મુખમાંથી ઘણા મનુષ્યોને બચાવ્યા હતા. તે વખતના હિંદના પ્રખ્યાત રાજા મહારાજાઓને પણ તેણે પૈસો અને દાણા આપી બહુ મદદ કરી હતી. આ ગુજરાતના કુબેર માટે ઘણું ઘણું કહેવાનું છે પરંતુ સમય ન હોવાથી વિશેષ કંઇ નથી લખતો. તેને માટે કહેવાય છે કે જ્યારે આ દાનવીર શેઠ મરણ પામ્યો ત્યારે હિંદુસ્તાનની પ્રજાએ અને રાજા મહારાજાઓએ તેના ઉપકારો સંભારી ઘણા દિવસ સુધી શોક પાળી તેના મરણ પછી આજે બરો કળીયુગ માન્યો હતો. અત્યારે પણ જૈનોની દાનવીરતા કંઇ ઓછી નથી. છેલ્લે થયેલા શાંતિદાસ, શેઠ પ્રેમચંદ રાયચંદ અને મોતીશા શેઠ આદિની દાનવીરતા કાંઇ અપ્રસિદ્ધ તેમ ઓછી નથી. તેમજ ૧૯૫૬ના દુકાળમાં અને ૧૯૬૪-૭૫ ના ઇન્ફ્લુએન્ઝામાં પણ કંઇ જૈનોની સેવા કે દાનવીરતા ઓછી નહોતી. તેમ જ અત્યારે પણ કચ્છના એક ગૃહસ્થે કચ્છમાં દુષ્કાળમાં ૫૦૦૦૦ રૂ. જેટલી રકમની ઉદારતા બતાવી છે. ખરેખર એવા પ્રસિદ્ધ અપ્રસિદ્ધ દાનવીર ગૃહસ્થોને સદાને માટે અમારાં અભિનંદન છે.

મેં આ નિબંધમાં મુખ્યપણે નીચેના ગ્રંથોની મદદ લીધી છે. કલ્પસૂત્ર, ચતુર્વિંશતી પ્રબંધ, વિમલપ્રબંધ, પ્રબંધચિંતામણી, જૈનઐતિહાસિક રાસમાલા ભા. ૧, વીરવંશાવલી (જૈનસાહિત્ય સંશોધકમાંથી). જૈન ધર્મનો ઇતિહાસ, તપગચ્છની પટ્ટાવલી, જૈન કોન્ફરન્સ હેરલ્ડનો દિવાળીનો અંક, પુરાતત્ત્વ અને આત્માનંદ પ્રકાશ માસિક આદિ ઘણા ગ્રંથો અને નિયતકાલિકોની મદદ લીધી છે, તેટલે અંશે તેમનો હું આભારી છું.

મહાકવિ ધનપાલ



વિક્રમના તેરમા સૈકામાં જૈન સાહિત્યનો સૂર્ય ગગન મધ્યે ઉપર ચડયો. જૈન સમર્થ કવિઓ ભારતવર્ષના ભૂષણરૂપ વિદ્યમાન હતા. તેઓમાં મહાકવિ ધનપાળ અને શોભન મુખ્ય હતા. તેઓ બંને ભાઇ થતા હતા. તેઓ ઉદારચરિત ભોજ રાજાના સમયમાં થઈ ગયા. ધનપાળની કાવ્ય ચમત્કૃતિ અદ્‌ભુત હતી. તેણે જૈન ધર્મના ઘણા ગ્રંથો રચ્યા છે. તેના દરેક ગ્રંથમાં તેની બુદ્ધિનું ચમત્કાર ભરેલું ચાતુર્ય પ્રકાશી નીકળે છે. ધનપાળની કવિતામાં કોઇ અનેરા ઓજસ સ્થળે સ્થળે ઝબકી રહેલ છે. તેની અદ્‌ભુત પ્રતિભા, તેની લોકોત્તર કવિત્વશક્તિ આદી ગુણો તેના કાવ્યના વાચકોને રસમગ્ન બનાવી દે છે. ભોજરાજા સંસ્કૃત સાહિત્યનો અતિ પ્રેમી હતો. તે સ્વયં સારો કવિ પણ હતો. તેની સભામાં આર્યાવર્તના બધા ભાગોમાંથી કવિઓ અને વિદ્વાનો આવતા અને પોતાનું પાંડિત્ય પ્રદર્શન કરી રાજા અને સભાજનોનું ચિત્ત આકર્ષણ કરતા. રાજા પણ તેમને યોગ્ય સત્કાર આપી પ્રજાનું મનરંજન કરતો. તેના આશ્રય હેઠળ સંખ્યાબંધ કવિઓ વિદ્વાનો રહેતા અને સાહિત્યની સેવા કરી યશોરાશિને મેળવતા. મહાકવિ પદ્મનાભ વિદ્વાનોની સભાનો પ્રમુખ હતો અને ભોજનો ગાઢ પ્રેમી હતો. બાલ્યાવસ્થાથી ભોજ અને ધનપાલ મિત્ર હતા. ધનપાળના પ્રખર પાંડિત્ય ઉપર મુગ્ધ થઇ મુંજરાજે તેને જ "સરસ્વતી" નું ગૌરવસૂચક બિરૂદ આપ્યું હતું. ધનપાલ પ્રથમ વૈદીક ધર્માવલંબી હતો અને પાછળથી તે જૈન ધર્માવલંબી થયો હતો. તેનું જન્મ સ્થળ ધારાનગરી હતું. તેના પિતાનું નામ સર્વદેવ હતું અને તે પણ ચુસ્ત બ્રાહ્મણ હતો. એક વખતે ધારાનગરીમા પ્રસિદ્ધ વિદ્વાન શ્રી મહેન્દ્ર સૂરિ પધાર્યા અને તેમનો ઉપદેશ સાંભળવા સર્વદેવ દરરોજ આવતા[૧]. પછી અમુક કારણસર તેણે પોતાના પુત્ર શોભનને શ્રી મહેન્દ્ર સૂરિને વહોરાવ્યો. જો કે આ કામ શોભનની ઇચ્છાથી જ થયું હતું પરંતુ ધનપાલને ખોટું લાગવાથી તેણે ભોજરાજાને કહી ધારાનગરીમાં સાધુઓને આવવાનો રસ્તો જ લગભગ બંધ કરાવ્યો.

બીજી બાજુ ધનપાલના ભાઇ શોભન દીક્ષા લઇ પોતાના ગુરુ પાસે અભ્યાસ કરી પ્રખર વિદ્વાન થયા. તેમના ગુરુએ તેમની યોગ્યતા જોઇ આચાર્ય પદવી આપી. હવેથી શોભમુનિ શોભનાચાર્યના નામથી પ્રસિદ્ધ પામ્યા તેમની વક્તૃત્વ શક્તિ બહુ અસાધારણ હતી. તેમની શક્તિની કીર્તિ દેશોદેશ ફેલાવા લાગી. ધારાનગરીના જૈન સંઘે પણ તેમનો આ દિગ્વિજયનાદ સાંભળ્યો. તેમને ઇચ્છા થઇ કે શોભનાચાર્ય અત્યારે પધારે તો સારું. તેમને વિનંતિ કરવાને માટે સંઘના શેઠીઆને તેની પાસે મોકલ્યા. શોભનાચાર્ય ગુરુ આજ્ઞા લઇ ધીમે ધીમે ત્યાં આવ્યા. શોભન મુનિની અસાધારણ વક્તૃત્વ શક્તિથી ધારા-

---

૧. જૈન સમાજમાં આને માટે એક દંતકથા ચાલે છે પરંતુ મને તેમાં વસ્તુદ નદિ લાગવાથી મેં સ્થાન નથી આપ્યું. કેટલાએક લોકો તેને મહત્વની ગણે છે પરંતુ કદાચ આમ પણ બન્યું હોય કે એક વાતમાં બીજી વાતનો સેળભેળ થઇ ગયો હોય કે જેથી વાચકને કે લેખકને માન્ય ન થાય.

નગરીની પ્રજામાં નવચેતન આવ્યું. એક વખતે તેમના શિષ્યો શ્રી ધનપાલને ત્યાં વહોરવા ગયા. (ધનપાલને લાંબે વખતે ડૂબ ઓછો થઇ ગયો હતો તેથી જ તેમના ભાઇ જૈનમુનિ ત્યાં આવી શકયા હતા) ધનપાલ નહાતો હતો. ઘરમાં તેની સ્ત્રીએ દહીં લાવી વહોરાવા માંડયું ત્યારે તેમણે પુછ્યું. કેટલા દિવસનું છે? ત્યારે તેણે કહ્યું કે ત્રણ દિવસનું દહીં છે. ત્યારે તેમણે કહ્યું કે સાધુને તે લેવું યોગ્ય નથી, કારણ કે તેમાં જીવ પડી જાય છે. ધનપાલ આ સાંભળી કાંઇક આશ્ચર્ય પામ્યો અને કાંઇક મશ્કરી જેવું લાગ્યું. તેણે કહ્યું કે આપ શા ઉપરથી એમ કહો છો? ત્યારે તેમણે કહ્યું કે તમને પ્રત્યક્ષ દેખાડીએ પછી વાંધો નથીને? તેમણે અળતાનો રંગ ભંગાવી દહીંમાં નાંખ્યો કે જેથી અંદર રહેલા જીવો પ્રત્યક્ષ દેખાવા લાગ્યા. ધનપાળે આશ્ચર્ય સાથે પોતાની ભુલ કબુલી મુનીઓને ભક્તિથી પુછ્યું કે આપના ગુરુ કોણ? ત્યારે તેમણે કહ્યું કે અમારા ગુરુ શ્રી શોભનાચાર્ય છે. બીજે દિવસે ધનપાલ તેમની પાસે આવ્યો શોભનાચાર્યને પૂર્વ ભ્રાતૃપ્રેમ એકદમ ઉભરી આવ્યો અને એકદમ ઉઠી તેને પ્રેમથી ભેટયા. ધનપાલની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં. પોતાની ભુલ માટે માફી માગી. ઉદાર દીલના શોભનાચાર્યે તેને માફી આપી. પછી બન્ને ભાઇએ ખુબ ધર્મચર્ચા કરી. અંતે ધનપાળે પોતાના ભાઇનાં વખાણ કરતાં કહ્યું કે ભાઇ તેં તારું સુધાર્યું. આવો પવિત્ર સત્ય સનાતન ધર્મ અંગીકાર કરી તારા જીવનને સાર્થક કર્યું અને આપણા કુળને તેં તાર્યું. ધનપાળને શોભનાચાર્ય ઉપર અનન્ય પ્રેમ ઉત્પન્ન થયો. ધીમે ધીમે તેણે જૈન સિદ્ધાંતોનો અભ્યાસ તેમની પાસે શરૂ કર્યો. તેણે સંસર્ગથી શ્રી મહેન્દ્ર સૂરી પાસે જૈન ગાર્હસ્થ્ય દીક્ષા અંગીકાર કરી. ધનપાળના આમ એકાએક ધર્મપરિવર્તનથી વૈદિક ધર્મમાં ચુસ્ત ભોજને કાંઇક આશ્ચર્ય થયું અને વારંવાર ધનપાળ સાથે જૈન ધર્મ વિશે વાદવિવાદ કરતા. પરંતુ જૈન દર્શનમાં નિષ્ણાત પામેલા ધનપાળની યુક્તિઓ સાંભળી મહારાજા ભોજને કાંઇક નમતું આપવું પડતું-અટકે નિરુત્તર થતો. વખતના વહેવા સાથે રાજાનો આગ્રહ કાંઇક મંદ થયો. તે જૈન સાહિત્ય ઉપર સદભાવ ધરાવવા લાગ્યો. ધનપાલ પણ પોતાના ગુરુ શ્રી મહેન્દ્ર સૂરિ પાસે અભ્યાસ કરી જૈન દર્શનનો પારંગત થયો. ભોજ-રાજા પણ સ્વયં પંડિત અને તત્ત્વજ્ઞ હોવાથી સ્વધર્મ-વૈદિક ધર્મમાં નિષ્ણાત હતો. જૈન ધર્મના વિશેષ પરિચયના અભાવે જૈનના સ્યાદ્વાદથી તે અજાણ્યો હતો. હવે તેને તે જાણવાની રુચિ થઇ અને કવિએ તે ઇચ્છા પુરી પણ કરી છે. (કવિએ તેની ઇચ્છાથી પ્રેરાઇને જ તિલકમંજરીની અદ્‌ભુત કથા રચી હતી) હવે આપણે તેમની કૃતિ તરફ વળીએ. કવિએ પોતાની પછવાડે અસાધારણ મૌલીકતાવાળાં ત્રણ રત્નો મુક્યાં છે જે આઠ આઠ શતાબ્દિઓ થઇ ગઇ છે છતાં હજી જ્વલંત ભાવે શોભી રહેલ છે. તેમાં તિલકમંજરી, ત્રૈપભપંચાશિકા અને પાર્શ્વભ્યુદયકાવ્યમાલા (કોશ, આ કોશ પ્રાકૃત છે). શોભનસ્તુતિ ઉપર ટીકા પણ તેમણે રચી છે. તે બધામાં તિલકમંજરી એક અદ્‌ભુત ગદ્યમય મહાકાવ્ય છે. તેમાં કવિનું અસાધારણ પાંડિત્ય સ્થળે સ્થળે પ્રકાશી રહેલ છે. તિલકમંજરીની રચના બાણની કાદંબરી જેવી વિસ્તૃત આખ્યાયિકાના રૂપમાં બનેલી છે. પાત્ર અને વસ્તુ કવિએ કલ્પેલાં હોવાથી તે સંસ્કૃત સાહિત્યનું અદ્‌ભુત પુસ્તક કહી શકાય. સુબંધુની વાસવદત્તા, દંડિનું દશકુમાર, વિક્રમની નલકથા અને બાણની કાદંબરીમાં ઘણો ફેર છે. ગુલાબના કંટક સમાન કાદંબરીનાં લાંબાં વાકયો રસપ્રવાહમાં આઘાત પહોંચાડે છે, ત્યારે ધનપાલની તિલકમંજરી કાવ્યમધુ લોલુપ રસિક ભ્રમરોના ચિત્તવિનોદ

માટે ઋતુનાં પુષ્પોથી સુગંધિત અને નવનવા રસથી પૂરિત કમનીય કાવ્ય છે.[૧] સાથે વચ્ચે વચ્ચે ઉપયોગી શ્લોકો આપી તેની શોભામાં ઓર વધારો કર્યો છે.

આ કવિને માટે પ્રભાવકચરિત્રકાર કહે છે કે **रसान् नव परांकोटि प्रापिता कविचक्रीणा:** આમાં સહૃદય વાંચકોને અતિશયોક્તિનો લેશ પણ માલુમ નથી પડતો. શ્રી હેમચંદ્રાચાર્ય જેવા પ્રખર વિદ્વાન પણ ધનપાળની મુક્તકંઠે સ્તુતિ કરી તેનું ગૌરવ-મહત્તા બતાવી ગયા છે. આવી રીતે કાવ્યાલંકાર આદિ ગ્રંથોમાં ગદ્ય કાવ્યોના ગ્રન્થોનાં નામ આપતાં પ્રથમ નામ ધનપાલની તિલકમંજરીનું છે. ધનપાળની તિલકમંજરી જૈન શ્વેતામ્બર સાહિત્યસાગરમાં એવું અદ્‌ભુત રત્ન છે કે જેની કીર્તિને અન્ય સંપ્રદાયના દિગંબર જેવા આગ્રહી સભાજના વિદ્વાનો પણ નમસ્કાર કરે છે. અને તેની આવી અનન્ય કીર્તિ–અસાધારણ કીર્તિ જોઇ તેના ઉપર મુગ્ધ થઇ પોતાના સામાન્યિકોને લાભ આપવા પ્રશંશનીય પ્રયત્ન કરી તિલકમંજરી સાર પુસ્તક રચી (શ્વેતાંબરોમાં પણ દિગંબરીનો તિલકમંજરી સાર જોઇ તિલકમંજરી સાર ગ્રંથ રચવામાં આવ્યો છે, સ્પર્ધાથી પણ એક રીતે સાહિત્ય તો વધ્યું જ) કર્તાના વિષયમાં પોતાની કૃતજ્ઞતા પ્રગટ કરી છે. પ્રબંધચિંતામણીકાર કહે છે કે:—

वचनं श्री धनपालस्य चंदनं मलयस्य च
सरसां हृदि विन्यस्य का भून्नामनिर्वृतिः ॥

---

૧. તિલકમંજરીની ઉત્પત્તિ માટે જૈન સમાજમાં એક દંતકથા પ્રચલિત છે અને તે બહુ રસિક હોવાથી તેને અહીં ટાંકવાની લાલસા હું રોકી શકતો નથી. આના સંબંધમાં જૈન ઇતિહાસ લેખકો જણાવે છે કે-ભોજરાજાએ કેટલા દિવસ સુધી ધનપાલકવિને અનુપસ્થિત જોઇ એક દિવસ તેનું કારણ પુછતાં કવિએ જણાવ્યું કે હું આજ કાલ એક તિલકમંજરી નામની અસાધારણ કથા રચું છું. (આ ઠેકાણે **सम्यक्त्व सप्त-तिका** ના લેખકે ભરતરાજકથાનું તથા ઉપદેશપ્રાસાદમાં **युगादिचरित्र** નું નામ આપેલું છે) તે કાર્યની અંદર વ્યગ્ર મનવાળો હોવાથી નિયમિત સમયે આપની સભામાં હાજર થઇ શકતો નથી. રાજાએ વાત સાંભળી પોતાને તે કથા સંભળાવવા કવિને આગ્રહ કર્યો. કવીશ્વરની વિનંતિથી રાજા નિરંતર પાછલી રાત્રીએ તે કથા સાંભળતો (તે સમય બહુ રમણીય હોવાથીજ રાજા તેમ કરતો, નહિ કે રાજકાર્યના અભાવને લીધે એમ સમ્યક્ત્વ સપ્તતિકાકાર કહે છે) કથા સાંભળતી વખતે રાજા કથાના પુસ્તક નીચે સુવર્ણ પાત્ર જેવા આશયથી રાખતો કે રખેને કથામૃત વહી ન જાય. સંપૂર્ણ કથા સાંભળ્યા પછી રાજા અતિ આનંદિત થયો. કથાની સર્વોત્કૃષ્ટતાએ રાજાનું મન બહુ આકર્ષ્યું. આ કથાની સાથે મારૂં નામ અંકિત થાય તો યાવત્ચંદ્રદિવાકરૌ મારો યશ આર્યાવર્તની પવિત્ર ભૂમિપર અખંડિત રહે એવી અસહ્ય અભિલાષાને વશ થઇ રાજા કવિને કહેવા લાગ્યા કે કથાના નાયકને સ્થાને મારૂં નામ, અયોધ્યા નગરીને ઠેકાણે અવંતીનું નામ, એને શત્રુંજયાવતાર તીર્થને ઠેકાણે મહાકાલનું નામ દાખલ કરો તો બહુ માન, ધન, અને ઇચ્છિત વર પ્રદાન કરૂં. રાજાની

મહા કવિ શોભનાચાર્ય

જેમ ધનપાલ અસાધારણ કવિ હતા તેમ તેના નાનાભાઇ શોભનાચાર્ય પણ અસાધારણ કવિ હતા. તેઓશ્રી કૃત શોભનસ્તુતિ વિદ્યમાન છે. તે સ્તુતિ બહુ કઠણ છે. જો કદી તેની ટીકા યા ટીપણ ન હોય તો તેનો અર્થ કરતાં વિદ્વાનોને લગાર વિચાર કરાવે તેવી છે. તેમાં તેમણે એક અદ્‌ભુત ખુબી કરી છે. દરેક શ્લોકનું બીજું અને ચોથું પદ સમાન છે. છતાં અર્થમાં અસાધારણ નવીનતા છે આપણે તેને માટે થોડા છુટા છુટા શ્લોકો જોઇશું તો અસ્થાને નહિ કહેવાય.

भव्यां भोजविबोधनैक तरणे विस्तारि कर्मावली
रंभा सामज नाभिनंदन महा-नष्टा पदा भासुरै।
भक्त्या वंदित पादपद्म विदुषां संपादय प्रोज्झितम्
रंभासामजनाभिनंदन महानष्टा पदा भासुरै ॥

અર્થ:—

ભવ્યાત્મારૂપી કમલોને વિકાસ પમાડવામાં સૂર્ય સમાન અને વિસ્તાર પામેલી કર્મની પંક્તિરૂપી કેળને માટે તો હસ્તિ સરખા (હસ્તિને કેળ ખાતાં જેટલી વાર લાગે તેટલી વારમાં કર્મના વિસ્તારને તેમણે હણ્યાં-હઠાવ્યાં છે) અને મોટી નાશ પામી ગઇ છે આપત્તિ-દુઃખ જેને અને કાન્તિના સમૂહવડે કરીને શોભતા, દેવોવડે કરીને પુજાયેલા છે ચરણકમળ જેના, એવા અને પ્રકર્ષ રીતે તજ્યા છે સાવદ્ય આરંભ (સાવદ્ય એટલે પાપ સહિત

આ અનુચિત પ્રાર્થના સાંભળી કવીશ્વર બોલ્યો કે શ્રોત્રીઓના હાથમાં રહેલો અને પવિત્ર-જળથી ભરેલો પૂર્ણ કુંભ જેમ મદ્યના એક બિંદુથી અપવિત્ર થઇ જાય છે તેમ ઉપર્યુક્ત નામોના પરિવર્તનથી સંપૂર્ણ કથાનું પાવિત્ર્ય નષ્ટ થઇ જાય છે અને તેના પાતકથી કુલ, રાજ્ય અને રાષ્ટ્રનો નાશ થાય છે. માની રાજાએ આ ઉત્તર સાંભળી ક્રુદ્ધ થઇ પાસે પડેલી ભડભડતી અંગારાની સગડીમાં મુર્ખતાને વશ થઇ તે પુસ્તક બાળી નાખ્યું. રાજાનાં એ દુષ્ટ કૃત્યથી કવીશ્વર બહુ ખિન્ન થયો. પોતાને સ્થાને આવી નિશ્વાસ નાખતો એક જુના ખાટલામાં બેઠો. કવિને સાક્ષાત સરસ્વતી સરખી એક નવ વરસની તિલકમંજરી સુંદર બાળા હતી, તેણે પોતાને પિતાને કાર્યશૂન્ય, ખિન્નમનસ્ક જોઇ તેનું કારણ પુછ્યું. પુત્રીના અત્યાગ્રહને વશ થઇ કવિએ કથાના વિષયમાં બનેલો સમગ્ર વૃત્તાંત સંભળાવ્યો. સાંભળીને તે બાળા બોલી કે પિતાજી આપ ખેદ ન કરો. આપ સ્નાન પૂજન અને ભોજન કરી લ્યો મને તે કથા સંપૂર્ણ યાદ છે, તેથી હું આપને તે બધી ઉતરાવીશ. કવિ એ સાંભળી હર્ષિત થયો અને પોતાનો નિત્ય નિયમ કરી પુત્રીના મુખકમળથી આખી કથા લખી; અને પોતાની પુત્રીનું નામ ચિરસ્મરણીય કરવાને માટે તેનું નામ તિલકમંજરી રાખ્યું. આ વૃત્તાંત સમ્યકત્વ સપ્તતિકામાં આપેલું છે.

જો કે પ્રભાવકચરિત્રમાં આ કથા થોડા ફેરફાર સાથે ઉપલબ્ધ છે પરંતુ લંબાણના ભયથી તેને હું સ્થાન આપવું ઉચિત ધારતો નથી (આત્માનંદ, પુ. ૧૭. અં. સાથ. પૃ. ૧૫૮, ૧૫૯.).

તન્યા છે વ્યાપાર જેમણે) અને નથી રોગ જેમને એવા અને મનુષ્યોને આનંદ આપનાર એવા હે નાભિરાજાના પુત્ર (આદિનાથ) પંડિતોને ઉત્સવ-આનંદ આપ.

આ શ્લોકમાં નાભિરાજાના પુત્રનો સૂર્યની સાથે સમાન ભાવ કવિએ બતાવ્યો છે. હવે આગળ એક શ્લોકમાં જૈન આગમ-સૂત્રનું વર્ણન કરતાં કવિવર્ય લખે છે કેઃ—

श्रान्तिच्छिदं जिनपरागममाश्रयार्थ-
मारामरामलशं तमसंगमानाम् ।
धामाग्रीमम् भयसरित् पतिगशेतुमसी-
मारामरामलशं तमसंगमानाम् ॥

અર્થઃ—

શ્રમ-થાકને છેદવાવાળું અને સાધુઓના આશ્રય માટે તો સુંદર બગીચા સરખું (ગૃહસ્થો તો બાહ્ય બગિચામાં નિરંતર ફરી ઉક્ત શ્લોક સંબંધી આનંદ ભોગવે છે પરંતુ ત્યાગી સાધુઓ કે જેઓને માટે આ બાગ બગિચા નકામા છે તેમને માટે જૈન આગમો એક સુંદર બગિચા સરખા આનંદદાયક છે. તેમાંથી સાધુપણાને યોગ્ય જીવનનાં મનોહર સૂત્રો રૂપી સુગંધ સ્થળે સ્થળે બહેકી રહેલી-શોભી રહેલી છે.) અને મોટા મોટા આલાવા (પેરીગ્રાફ) ના સ્થાન સરખું અને આ ભવસાગર ઉતરવાને માટે પુલ સરખું અને નાશ કર્યા છે કામ, રોગ, અહંકાર, પાપ, અને અજ્ઞાન જેણે એવા આગમને હે મનુષ્યો તમે નમસ્કાર કરો.

આવી રીતે એક દેવીનું સુંદર વર્ણન કરતાં કવિવર્ય લખે છે કેઃ—

સૂર્યનું પ્રતિસ્પર્ધી અને (સૂર્ય કરતાં પણ રત્નની કાન્તિ વધારે છે એમ કવિવર્યનો આશય છે.) પાણિદાર રત્ન અને કાન્તિવડે અસ્ત કર્યો છે સૂર્યને જેણે એવી નવી તરવાર-ખડગને ધારણ કરતી અને હાથીઓનો શત્રુ-સિંહ તેના ઉપર બેઠેલી અને રણ-યુદ્ધ ક્ષેત્રના શબ્દથી ક્ષય પામેલી-ત્રાસ પામેલી શત્રુની પંક્તિને-સમૂહને નાશ કરતી એવી મહા માનસી દેવી (મનુષ્યોને) ઇચ્છિત આપ.

આવી રીતે કવિએ ચોવીસ ભગવાનની સ્તુતિમાં ૯૬ શ્લોકો બનાવ્યા છે અને દરેક શ્લોકોમાં નવીન અર્થો અલંકારો અને રસો સ્થળે સ્થળે મુક્યા છે. કહે છે કે કવિવરે આ સ્તુતિ ગોચરી-મધુકરી જતાં રસ્તામાંજ બનાવી હતી. આ ઉપરથી આપણને પ્રતીતિ થાય છે કે કવિમાં કેવી અસાધારણ નૈસર્ગિક કવિત્વશક્તિ હશે!

ગુજરાતી મહાકવિ શ્રી વીરવિજયજી

કવિવર્ય શ્રી વીરવિજયજી જૈન સમાજમાં એક મહા કવિ તરીકે સુપ્રસિદ્ધ છે. આ મહા કવિથી આબાલવૃદ્ધ ભાગ્યેજ કોઇ અજાણ્યું હશે. તેમણે ગુજરાતી ભાષામાં પૂજાઓ, સ્તવનો, ચોખલીયાં, રાસા આદી ગ્રંથો બનાવી પોતાનું નામ અમર કરેલ છે. ગુજરાતી ભાષાની પૂજામાં અસાધારણ ઝમક ભાવો અને જુદા જુદા રસો તેમણે ચોળ્યા છે. તેમની પૂજાઓ જૈન દર્શનનો જ્ઞાતા એક બાળક પણ સહેલાઇથી–સરલતાથી ગાઇ શકે છે, સમજી શકે છે. તેમને જૈન સમાજમાં અંતિમ કવિ કહીએ તો પણ કાંઇ અતિશયોક્તિ ભરેલું નથી.

તેમનું જન્મ સ્થળ ગુજરાતનું પાટનગર અમદાવાદ છે. તેઓ જ્ઞાતે ઔદીચ્ય બ્રાહ્મણ હતા. પિતાનું નામ જગનેશ્વર અને માતાનું નામ વીજકોરબાઇ હતું. તેમનો જન્મ ૧૮૨૯ માં વિજયા દશમીને દિન થયો હતો. તેમનું નામ કેશવરામ હતું. તેમને એક બ્હેન હતી. તેમનું નામ ગંગા હતું. કેશવરામનું ૧૮ વર્ષના ઉમરે દેહગામનાં રળીયાત બાઇ સાથે લગ્ન થયું હતું. ત્યાર પછી થોડા વખતમાં તેમના પિતા મરણ પામ્યા. પિતાના મરણ પછી કોઇ કારણસર તેમને તેમની માતા સાથે કજીયો થયો; પોતે રીસાઇ ઘર છોડી ચાલી નીકળ્યા. માતા તેમને શોધવાને માટે નીકળી પરંતુ પુત્રનો પતો ન લાગ્યો. પુત્રપ્રેમી માતાને બહુ આઘાત લાગ્યો અને પુત્રના શોકથી અંતે મૃત્યુ પામી. માતાનું મરણ અને ભાઇનો વિયોગ આ માઠા સમાચાર સાંભળી તેમની બ્હેન ગંગા પણ મૃત્યુ પામી.

આ બાજુ કેશવરામ ત્યાંથી નીકળી જૈનોના પવિત્ર અને સૌરાષ્ટ્રના શિરતાજ શત્રુંજયની યાત્રા કરવા ગયા અને ત્યાં જૈન મુનિશ્રી શુભવિજયજીના સમાગમમાં આવ્યા (ધોલેરા નજીક ભીમનાથ ગામમાં મળ્યા એમ પણ છે.) પાલીતાણે તેમની તબીયત લથડી અને ગુરુકૃપાથી શાંતી વળી તેથી તેમને તે ગુરુ (શ્રી શુભવિજયજી) ઉપર અનન્ય શ્રદ્ધા બેઠી. પછી ગુરુ સાથે ત્યાંથી વિહાર કરી ખંભાત તરફ નીકળ્યા. રસ્તામાં કેશવરામની ઇચ્છા દીક્ષા લેવાની થઇ. તેના ખુબ આગ્રહથી પ્રેરાઇ શ્રી શુભવિજયજીએ વીર સં. ૧૮૪૮ માં ખંભાત પાસેના કોઇ ગામડામાં દીક્ષા આપી. આ વાતની ખબર ખંભાતમાં શ્રાવકને પડી. તેઓ ત્યાં સામા આવ્યા અને ગુરુને બહુ ઠાઠમાઠથી પ્રવેશ કરાવ્યો.

શુભવિજયજીને શિષ્યને ભણાવવાની બહુ કાળજી હોય તેમ જણાય છે, કારણ કે દીક્ષા આપ્યા પછી તુરતજ ખંભાતમાં પાંચ વરસ સુધી તેમને ભણાવવાને ત્યાં રહ્યા અને શીષ્યને ખુબ કાળજી પૂર્વક ભણાવી પોતાના અમુલ્ય જ્ઞાનનો વારસો શીષ્યને આપ્યો (આ ઉપરથી સમજી શકાશે કે આગળના સાધુઓ પોતાના શીષ્યોને પોતાના હાથેજ પઠન પાઠન કરાવતા હતા. અત્યારે આ પ્રવૃત્તિમાં ઘણીજ મંદતા આવી ગઇ છે. જો કે કયાંક કયાંક આ પ્રવૃત્તિ ચાલુ છે. પરંતુ પૂર્વની પ્રવૃત્તિ તો અત્યારે શિથિલ છે એમ કહ્યા સિવાય તો નહી ચાલે.)

ગુરુએ યોગ્યતા જોઇ શ્રીવીરવિજયજીને અમદાવાદમાં પન્યાસપદ—પંડિતપદ આપ્યું, અને ત્યાર પછી એટલે સં. ૧૮૬૭ માં ફાગણ વદી ૨ ના દિવસે વીરવિજયજીના ગુરુ શ્રી શુભ-

વિજયજી સ્વર્ગે સીધાવ્યા. વીરવિજયજીને ગુરુનો આ વિયોગ બહુ આકરો લાગ્યો. તેમને પોતાના ગુરુપર બહુ પ્રેમ હતો. ગુરુએ તેમને સંસારસાગરમાંથી તાર્યા–બચાવ્યા અને વળી ઉચી વિદ્યા આપી તેમને ઋણી બનાવ્યા હતા. શીષ્યે ગુરુની ભક્તિ કરી ઋણ પતાવવા કાંઇક પ્રયત્ન કર્યો હતો. પોતપોતાના ગુરુની સ્તુતિ કરતાં "શુભવેલી" માં કહ્યું છે કે (આ શુભવેલી પોતાના ગુરુની હૈયાતીમાં સં. ૧૮૬૦માં લખી હતી–

એ ગુરુના ગુણ જલનિધિ, મુજ મતીએ ન કહાય
ગુણનિધિ જલનિધિ જલ ભર્યો, ગરગરીએ ન અપાય.

આ ઉપરથી જણાઈ આવે છે કે પોતાના ગુરુના ગુણ ઉપર તેમને કેટલાં અનહદ પ્રેમ-ભક્તિ હતાં. તેમણે દીક્ષા લીધા પછી તરત જ એટલે પાંચ વરસ પછી પોતાની કવિત્વ શક્તી ખીલવવા માંઢી અને તેના પ્રથમ સુગંધી પુષ્પ તરીકે ગોડી પાર્શ્વનાથના ખલીયા સં. ૧૮૫૩ માં બનાવ્યા ત્યાર પછી સં. ૧૮૫૭ માં સુરસુંદરી રાસ અને પરમ કારુણિક શ્રી મહાવીર દેવની પાંત્રીસ પ્રકારની વાણીના ગુણનું વર્ણન લખ્યું છે.

તેમની ઉપદેશક શક્તિ બહુ આકર્ષક હતી. તેમનો ઉપદેશ સાંભળવા મનુષ્યોની મેદની એટલી બેગી થતી કે પોતે જ્યાં હોય ત્યાં ઉપાશ્રય મનુષ્યોથી ચીકાર ભરાયેલો રહેતો. તેઓ જેમ સારા ઉપદેશક હતા તેમ નીડર પણ હતા. તેમણે ઢુંઢકો અને શિથિલ યતીઓનું જોર તોડવા પોતાના ઉપદેશસાગરનો પ્રવાહ વાળ્યો હતો. તે વખતના ઘણા શિથિલ યતીઓ અને ઢુંઢકો તેમના આ સુંદર કાર્યથી બહુ નારાજ રહેતા. તેમણે પંડિતજી વીરવિજયજીને હેરાન કરવામાં કાંઇ બાકી નથી રાખી. તેમણે વીરવિજયજીને કોર્ટે પણ ચડાવેલા; પરંતુ આપણો સનાતન સિદ્ધાંત—सत्यमेव जयते પ્રમાણે તેમનો કોઇથી પરાભવ નથી થયો. ન્યાયાધીશો પણ તેમનાં ત્યાગ તપસ્યા ઉચ્ચ ચારિત્ર અને અસાધારણ વક્તૃત્વ શક્તિ જોઇ તેમના પર મુગ્ધ થતા અને તેમને માનભેર નમસ્કાર વંદન કરી રજા આપતા.

તેઓને જૈનોનાં પરમપવિત્ર સૂત્રોનું જ્ઞાન બહુ ઉંચું હતું. તેનો પ્રજાને લાભ આપવા સ્થળે સ્થળે સૂત્રોના પાડો સ્તવનો સઝાયો–સ્વાધ્યાય રાસ તથા પૂજામાં મુક્યા છે તેને માટે તેમનો એક દુહો હું ટાંકું છું.

ઉતરાધ્યયને સ્થીતી લગો, અંતર મૂર્ત કહાય;
પન્નપણામાં બારતે, શાતા બંધ સંપ્રાય ॥ ૧ ॥
સાત વેદની બંધનું કારણ પ્રભુ પુર ધુપ,
મીચ્છત દુર્ગંધ દુર ટળે, પ્રગટે આતમસ્વરૂપ, ॥ ૨ ॥
(વિવિધ પૂજાસંગ્રહ પૃષ્ટ ૧૬૭)

આ દુહામાં જૈનોનાં બે સૂત્રો (ઉતરાધ્યયન અને પન્નવણા) ના ભાગ છે. આવી રીતે ઘણેજ સ્થળે તેમણે સૂત્રોના પાઠ આપ્યા છે.

શ્રી વીરવિજયજીના ગ્રંથો જોવાથી તેમની અસાધારણ વિદ્વત્તા અને કવિત્વશક્તિ વાચકોને ખ્યાલ આપે છે. એમની કૃતિઓ ઘણે સ્થળે બહુ ઉંચું સ્થાન ભોગવે છે. ગમે

તે જૈન મંદિરમાં જ્યારે પૂજા ભણાવવી હોય ત્યારે પ્રથમ તેમની પૂજાઓ ભણાવવાનું સૂચવવામાં આવે એ જ તે પૂજાઓનું ગૌરવ બતાવવાને બસ છે. તેમની કવિતાઓ બહુ સરસ અને બાળક પણ સહેલાઇથી સમજી શકે તેવી છે. સાથે સાથે કવિએ પોતાનું પાંડિત્ય દેખાડવા કેટલાક સ્થળે ગહન અર્થો પણ મુકયા છે. ભલભલા પંડીત પણ તેનો અર્થ કરતાં મસ્તક નમાવ્યા સીવાય નહી રહે. તેમણે જૈન સાહિત્યોદ્યાન પોતાના નીર્મલ આત્મોદ્‌ગાર રૂપી નીર્મલ જલથી–અમૃતથી સીંચી ષડ્ ઋતુના નવનવા વિકસિત પુષ્પોથી સુગંધિત બનાવ્યું છે અને તે સાહિત્યોદ્યાનના મધુકરના સુંદર ગણુગણાટનો રણકાર હજી સુધી સુંદર રીતે ગણુગણી રહ્યો છે. જૈન ગુજરાતી સાહિત્યના આ મનનું સ્થાન જૈન ઇતિહાસમાં ધ્રુવના તારાની પેઠે જવલંત ભાવે પ્રકાશશે–પ્રકાશી રહેશે.

તેમની અદભુત કવિત્વશકિતના થોડા દાખલા ટાંકીશ તો તે અસ્થાને નહી કહેવાય.

રૂડો માસ વસંત ઋણી વનરાજીરે,
રાયણને સહકારવાલા કેતકી જાયને માલતીરે,
ભ્રમર કરે ઝંકાર વાલા, કોયલ મદભર ટહુકતીરે,
એહી આંબાડાળ વાલા, હંસ યુગલ જળ ઝીલતારે,
વિમળ સરોવરપાળ વાલા, મંદ પવનની લહેરમાંરે.
માતા, સુપન નિહાળ વાલા,
... ... વિ. વિ. પૂ. સં. પૃ. ૫૩૦

જીવહિંસાના પચ્ચખ્ખાણ, થુલથી કરીયેરે,
દુવિહતિવિહેણ પાઠ, સદા અનુસરિયેરે
વાસિ ભોળા વિદલનિશિ ભક્ષ, હિંસા ટાળું રે,
સવા વિશ્વા કેરી જીવ, ધ્યાનિત્ય પાળુંરે.
... ... વિ. વિ. પૂ. સં. પૃ. ૧૦૪

બીજું વ્રત ધરી જુઠ ન બોલું, પણ અતિમારે ર્યો રે,
વસુરાજા આસન સેં પડીયેા, નરકાવાસ જયેા રે.
... ... વિ. વિ. પૂ. સં. પૃ. ૧૦૫

શ્રી શુભવિજય સુગુરુ નમી, માતપિતા સમજેહ,
બાળપણુ બતલાવિયેા, આગમનિધિ ગુણગેહ
ગુરૂ દીવેા ગુરૂ દેવતા, ગુરૂથી લહિયે નાણુ,
નાણુ થકી જગ જાણીયે, મોહનીનાં અહિઠાણુ.
... ... વિ. વિ. પૂ. સં. પૃ. ૧૭૪

કરપી ભુંડા સંસારમાંરે, જેમ કપિલા નાર,
દાન ન દીધું મુનિરાજનેરે શ્રેણીકને દરબાર. ૬૦ ૧.
... ... વિ. વિ. પુ. સં. પૃ. ૨૨૧

મન મંદિર આવેારે, કહું એક વાતલડી,
અજ્ઞાની સંગેરે રમીયેા રાતલડી. મન૦ ૧

વ્યાપાર કરે વારે, દેશ વિદેશ ચલે,
પરસેવા હેવારે, કોડી ન એક મળે. મન૦ ૨
... ... વિ. વિ. પુ. સં. પૃ. ૨૨૨
અખિપન મેં અવિકારા, જીણુંદા તેરી અખિયનમેં અવિકારા,
રાગ દોષ પરમાણુ નિપાયા સંસારી સવિકારા. જી૦
શાંત રુચિ પરમાણુ નિપાયા, તુજ મુદ્ર મનોહારા. જી૦ ૧
... ... વિ. વિ. પુ. સં. પૃ. ૨૨૭
વાહન વૈગાન નિવાસ; સંકીર્ણ થયું આકાશ,
કેઇ બોલે કરતા તાડા, સાંકડા ભાઇ પર્વના દહાડા. પ્રભુ૦ ૫
... ... વિ. વિ. પુ. સં. પૃ. ૫૬
થયો કમા ભરી મેઘ માળી, આવ્યો વિભંગે નિહાળી,
ઉપસર્ગ કર્યા બહુ ભાતિ; નિશ્ચલ દીઠી જીન છાતીરે, મન૦ ૫
ગગને જલા ભરી વાદળીયો વરસે ગાજે વીજળીયો,
પ્રભુનાસા ઉપર જળજ્વે, ધરણેંદ્ર પ્રિયા સહુ આવેરે મન૦ ૬
... ... વિ. વિ. પુ. સં. પૃ. ૬૨
શ્રી. વીરવિજયજી કૃત દ્વાદશવ્રત પૂજા પૃ. ૬૨.

મુંબઇના દાનવીર શેઠ મોતીશાહે સતુંજય ઉપર અઢળક ધન ખર્ચી પોતાના નામની એક ભવ્ય ટુંક[૧] (આ ટુંક મોતીશાહ શેઠની ટુંક તરીકે બહુ પ્રસિદ્ધ છે અને સતુંજય ઉપરના મોટા મોટા ગણ્યાનાં મંદીરોમાં પણ તેની ગણના થાય છે) બંધાવી ત્યારે અંજન સલાકાની શુભ ક્રિયા શ્રી વીરવિજયજીએ કરી હતી (નવી પ્રતિમા-ભગવાનમાં જે પ્રભુત્વના ગુણોનું આરોપણ કરવાની ક્રિયા તેને જૈનો અંજનસલાકા કહે છે) અને અમદાવાદના શેઠ હઠીસંગ તરફથી દિલ્હી દરવાજા બહારની વાડીમાં ભવ્ય મંદીર બંધાવ્યું ત્યારે પણ તેમણે અંજનસલાકારની શુભ ક્રિયા કરી હતી. (આ બહારની વાડી હઠીસંગની વાડી તરીકે અમદાવાદમાં પ્રસિદ્ધ છે અને તેમાં બંધાવેલ ભવ્ય મંદીરનાં શિખરનો ઉજ્વલ સુવર્ણ કલશમાં તેના કર્તાનો સુંદર યશ પ્રકાશી રહ્યો છે. આ બન્ને શેઠનાં નામ અને ભવ્ય કામ અમર કરવા પંડિત શ્રી વીરવિજયજીએ તેના ખલીયા બનાવ્યા છે તે ખલીયો જૈન સમાજમાં અત્યારે પણ બહુ હોંશથી ગવાય છે.

વિ. સં. ૧૯૦૫ અમદાવાદના નગર શેઠ પ્રેમાભાઇ હેમાભાઇએ સતુંજયનો મહાન સંઘ કાઢ્યો હતો અને તેમાં કવિશ્રી વીરવિજયજી પણ સાથે હતા. કવિશ્રીએ આ સંઘનું વર્ણન બહુ સુંદર બાનીમાં રચી તેનું નામ પણ અમર કર્યું છે. આ મહા કવિએ કદી કોઇનાં ખોટાં કવન નથી કર્યા, તેમ કોઇની ખુશામત સરખી પણ નથી કરી. તેમણે માત્ર પ્રભુભક્તિ, ધાર્મિક કાર્યો અને આગળના મહા પુરુષ સાધુસંતો અને ભૂતપૂર્વ થઈ ગયેલા જૈન રાજાઓ અને રાજર્ષિઓનાં યથાયોગ્ય રીતે સુંદર વર્ણન કર્યા છે. તેમના ગ્રંથોમાં ભક્તિરસ મુખ્ય ભાગ ભજવે છે.

---

૧ ટુંકનો ટુંકો અર્થ એવો થાય છે કે એક જ સ્થાને ઝાઝા મંદીરોનો સમૂહ.

૫ જૈન દાનવીરો



(લેખક–આચાર્યશ્રી મુનિ ન્યાયવિજયજી)

૧ ભવડશાહ.

આ જૈન દાનવીર ગૃહસ્થ વિક્રમની પ્રથમ સદીમાં વિદ્યમાન હતો, અત્યારે તેને શતાબ્દિઓ વહી ગયા છતાં આ બહાદુર નરની કીર્તિ જૈન ઇતિહાસમાં જ્વલંત ભાવે પ્રકાશી રહેલ છે. જૈન ઇતિહાસકારો–ગ્રંથકારોની ભાવડનાં યશસ્વી કામોની નોંધે તેના યશને ચિરકાલીન બનાવ્યો છે. શત્રુંજયમાહાત્મ્યના કર્તા સુપ્રસિદ્ધ વિદ્વાન શ્રી ધનેશ્વરસૂરિએ પોતાના ગ્રંથમાં તેનાં યશોગાન બહુ લંબાણપૂર્વક કર્યાં છે; અને ત્યાર પછીના બીજા ગ્રંથકારોએ પણ તે યશસ્વી પુરુષના યશ હર્ષભેર ગાયા છે. જૈન ત્યાગી મુનિવરો કે જેઓએ કદી પણ કોઇનાં ખોટાં કથન નથી કર્યા, તેઓ પણ જ્યારે એક ગૃહસ્થના આટલી હદે ગુણ ગાય એ જ તેની મહત્તા અને ગૌરવને માટે બસ છે.

ભવડના પિતા ભાવડ મૂળ કાંપિલ્યપુરમાં રહેતા હતા. તેઓ પહેલાં તો કોટ્યાધિપતિ શેઠ હતા અને તેમનું નામ કાંપિલ્યપુરમાં સારા પ્રતિષ્ઠિત ગૃહસ્થ તરીકે પ્રસિદ્ધ હતું. ભાવડ વેપારમાં બહુ સાહસિક ગૃહસ્થ હતો. તે દેશપરદેશમાં વહાણો ભરી ભરી પોતાનો માલ મોકલતો અને બદલામાં ધન લાવતો. એક વખતે તે સાહસિક વેપારીએ પોતાની સઘળી મિલ્કતનો માલ લઇ વહાણો ભરી પરદેશ મોકલ્યાં, પરંતુ તેનું નસીબ વાંકુ હોવાથી રસ્તામાં જ તેનાં વહાણો સમુદ્રદેવને આધીન થયાં. ભવડ જેટલો તવંગર હતો તેટલો જ ગરીબ થઇ ગયો. પરંતુ "ભાગ્યું તોય ભરચ" એ હિસાબે તેની ખાનદાની અને તેની પ્રતિષ્ઠા કાંઇ ઓછાં નહોતાં થયાં. પોતે ધીમે ધીમે વેપાર કરવા લાગ્યો અને બાકીનો સમય ધર્મકાર્યમાં કહાડવા લાગ્યો. એક વખતે એક સાધુ તેને ત્યાં "ગૌચરી" આવ્યા અને તેનું ભાગ્ય ચડતું જોઇ મુનિવરે તેને કહ્યું કે–મહાનુભવ કાલે તમારે ત્યાં કોઇ ઘોડી લઇને આવે તો તમે તે ખરીદી લેજો, અને તેનું યોગ્ય લાલનપાલન કરજો. તમારો ભાગ્યરવિ હવે ઉદય થવાની તૈયારીમાં છે. ભાવડ મુનિવર્યનું આ વચન સાંભળી ખુશી થયો અને આ પરોપકારી મુનિશ્રીનો આભાર માન્યો.

બીજે દિવસે તેને ત્યાં એક વેપારી ઘોડી લઇને આવ્યો. ભાવડે મુનિશ્રીનાં વચન પ્રમાણે માંગ્યા દામ આપી તે ખરીદી લીધી. તેણે તેનું યોગ્ય લાલનપાલન કરી મોટી કરી. તેણે એક વછેરાને જન્મ આપ્યો. ભાગ્યનો જાણે કોઇ અદ્વિતીય રવિ હોય તેમ તેની અદ્‌ભુત કાન્તિ હતી. આ સિવાય સૂર્યના કિરણો સરખા બીજા વછેરાનો તેણે જન્મ આપ્યો. ભાવડે તે બધા વછેરાને ખુબ ખવડાવી પીવડાવી પુષ્ટ કર્યા. જે પહેલું અવ્વું હતું તે તો એક અશ્વરત્ન હતું. તે સારા રાજવીને ત્યાં શોભે તેવું હતું. આ અશ્વરત્નની કીર્તિ ચોતરફ ફેલાઇ અને ઘણા ઘણા રાજાઓએ તેનાં માગાં કર્યાં, પરંતુ તેણે કોઇને તે આપ્યો નહિ. એ વખતે તપન રાજાએ તે ઘોડાની કીર્તિ સાંભળી અને તેનું માંગું કર્યું.

તેણે ત્રણ લાખ દ્રવ્યથી તે ઘોડો ખરીદી લીધો. ભાવડનું ભાગ્ય હવે બરાબર ઉદય થવા માંડયું. તેણે ઘોડાથી થયેલાં બીજા બચ્ચાં મહારાજા વિક્રમને ભેટ આપ્યાં. ઉદાર દિલના રાજાએ આના બદલામાં તેને મધુમતિ (મહુઆ) આદિ બાર ગામનો રાજા-સુબો નીમ્યો. ભાવડ ગરીબ મટી પહેલાં કરતાં પણ વધારે સુખી થયો. તેણે મધુમતિમાં ખુબ ઠાઠથી પ્રવેશ કર્યો અને પોતાનાં બાર ગામ સંભાળ્યાં. આગળના વાણીયા કેવા બુદ્ધિકુશળ હતા તેનો આ નમુનો છે. જે શેઠીઓ પહેલાં પોતાની કલમના બળથી વહીવટ ચલાવતો હતો તેણે હવે પોતાના બુદ્ધિબળથી રાજવહીવટ ચલાવવા માંડયો. રાજાએ તેને રાજા બનાવ્યો કે તરત જ મારાથી રાજ્ય થશે કે કેમ તેનો વિચાર કર્યા સિવાય એકદમ બાર ગામ સંભાળ્યાં, અને એક સુનિપુણ રાજાની પેઠે પોતાનો રાજ વહીવટ દીપાવ્યો. ભાવડને અહિયાં તેની સ્ત્રી ભાવલાથી એક પુત્રરત્ન ઉત્પન્ન થયું.[૧] અને તેનું નામ જાવડ (આ ચરિત્રનાયક) પાડયું. ભાવડે પોતાના પુત્રને યોગ્ય અવસ્થા થયા પછી યોગ્ય કેળવણી આપી તેનાં બેટીના શેઠની પુત્રી સુશિલા સાથે સ્વયંવરથી લગ્ન કર્યા.

થોડા વખત પછી વૃદ્ધ ભાવડ સ્વર્ગે ગયો અને તેના બહાદુર પુત્રે રાજકારભાર સંભાળ્યો. ભાવડે પોતાના પિતાની પેઠે ન્યાય અને નીતિથી પ્રજાનું પાલન કર્યું. તેણે પોતાની પ્રજાના સુખને માટે વાવ, કુવા તળાવ આદિ સગવડો બનાવી પ્રજાના આશિર્વાદ મેળવ્યા.

એક વખતે અચાનક મોગલ સૈન્ય ત્યાં ચઢી આવ્યું.[૨] મોગલ સૈનિકો સાથે જાવડ હાર્યો અને બાદશાહ તેને તથા બીજા ઘણા માણસોને પોતાની સાથે લઇ ગયો. પરંતુ ત્યાં ગયા પછી મોગલ બાદશાહ તેની સાથે બહુ ઉદારતાથી વર્ત્યો હોય તેમ જણાય છે કારણ કે તે ત્યાં રહીને પણ પોતાના ધર્મની ક્રિયા ખુશીથી કરતો હતો. આને માટે રાસકાર લખે છે કે:-

આ રજ દેશ જેમ આપણા ન્યાતિ વસાવિસ્યે વાસ રે
તિહાપિણિ ચૈત્ય કરાવિસ્યે, મહારો ધર્મ અભ્યાસરે. ૬

આ. કા. મ. પૃ. ૬૬૧

જાવડ જ્યાં રહેતો હતો ત્યાં વિહાર કરતા જૈન મુનિઓ આવે છે. (આ ઉપરથી એમ લાગે છે કે આ નિસ્પૃહી મુનીશ્વરો ઉપદેશને માટે પ્લેચ્છ દેશમાં પણ ફરતા હશે-હતા)

---

૧ આ પુત્ર કેવો થશે તેને માટે શત્રુંજય રાસના કર્તા કહે છે કે-

સૂરજ સમ અશ્વે કરી, એક ભુવન દીપાવે તેહરો
એહનો સૂત તિનલોકને કરિસ્યે ઉદ્યોત ગુણ ગેહરો.

આનંદકાવ્ય મહોદધિ પૃ. ૬૫૬

૨ આ મોગલ બાદશાહનું નામ નથી આપ્યું પરંતુ શત્રુંજય રાસના કર્તા તેનો ઉલ્લેખ આ પ્રમાણે કરે છે:-

દુઃખમ કાલના મહાત્મયી મુગલ તણા બલ જોર રે
સમુદ્રના પુર જેમ સહુ ધરા લેસ્યે પ્રાણ જેમ બહુ ફોર રે

આનંદકાવ્ય મહોદધિ મૌક્તિક ૩-૪ પૃ. ૬૬

અને શત્રુંજય માહાત્મ્ય ભાવડને સંભળાવે છે. ભાવડ તેમાં શત્રુંજય તીર્થના ઉદ્ધાર કરનાર તરીકે પોતાનું નામ સાંભળી આશ્ચર્ય પામે છે અને ઉત્કંઠાસર પૂછે છે કે એ ભાવડ હું કે કોઇ બીજો. મુનિઓ પોતાના જ્ઞાનથી જોઇ તેને કહે છે કે તે ભાવડ તમે જ છો.

પછી ભાવડે તે મુનિઓના કહેવા પ્રમાણે ઘેર જઇ ઉપવાસ શરૂ કર્યા. ત્યાગ અને તપસ્યા એ આપણા આર્યાવર્તનું મુખ્ય શસ્ત્ર છે. તેના બળથી અને તેની શક્તિથી ગમે તેવા જાલિમને પણ નમાવવો સહેલ છે. આપણા પૂર્વના ઋષિમુનિઓએ ત્યાગ અને તપસ્યાના બળથી ઇંદ્રનાં ઇંદ્રાસન પણ ડોલાવ્યાં છે. તો પછી ભાવડે એક માસના ઉપવાસ કર્યા તે તેને કેમ નિષ્ફળ જાય ? તેને દૈવી સહાય મળે તેમાં કંઈ આશ્ચર્ય પામવા જેવું નથી અને દૈવી સહાય માગી એટલે ચક્રેશ્વરી દેવી ત્યાં સાક્ષાત્ પધાર્યા અને તેને સહાય આપી. ભાવડ દેવીની સહાયતાથી તક્ષશિલાથી આદિનાથ પ્રભુની સુંદર પ્રતિમા લઇ તે સહિત વહાણમાં બેસી મધુમતિ (મહુઆ) આવ્યો.

હવે ભાવડનો ભાગ્યરવિ મધ્યાહ્ન લગભગ આવી પહોંચ્યો. પોતે મહુઆ આવ્યો કે થોડા દિવસ પછી તેનાં પહેલાંનાં માલ ભરીને ગયેલાં વહાણો પણ આવ્યાં. આ બાજુ જ્યારે કીંમતી ભરેલાં વહાણો આવ્યાં ત્યારે બીજી બાજુ બાલબ્રહ્મચારી પ્રખર વિદ્વાન આચાર્યવર્ય શ્રી વજ્રસ્વામી ત્યાં પધાર્યા. વહાણ અને આચાર્ય આવ્યાની વધામણી એક સાથે તેની પાસે આવી. તેને વિચાર થયો કે પહેલાં આચાર્ય પાસે જાઉં કે વહાણની ખબર કહાડવા જાઉં ? આ સંબંધે ખુદ રાસકાર બહુ સારી રીતે વર્ણન કરે છે તો તેમના શબ્દોમાંજ જણાવું તે વધારે ઉચિત ગણાય.

બીજે દ્વાદશ વરસને, પ્રાન્તે આવ્યા પોત
કહિ આનંદ ઉપજાવિયે, કનકધાતુ ભૃત ઓપ. ૭
તીણે ચિત્ત ડોલાવિઓ તે ચિંતિવયો એમ
પાપકર લક્ષ્મી કિહાં, કિહાં મુનિ પૂજ્ય સુપ્રેમ. ૮
... ...
ચિંતે ભવડ મનમાંહિરે, ધરમ તણી કરણી સારીઓ,
બીજે નહિ છે કોઇ રે —
પહિલી નમિસ્યું વજ્રમુનિને, સુણસુ તેહની વાણીરે;
તેહના દરસણથી તે આવસ્યે, લખમી પિણિ ખંચાણીરે ચિં ૨
એહવો ચિંતવી ઉત્તમ નરને, જંગમ તીરથ આવેરે
મહા મહોછવ લોક સંઘાતે, વાંદિસી ભવડ ભાવેરે. ચિં. ૩

આવી રીતે તે લક્ષ્મીને તુચ્છ ગણી આચાર્યને વંદવા જાય છે અને ત્યારપછી વહાણ ઉતારવા જાય છે.

આચાર્યશ્રીએ તેને શત્રુંજય તીર્થના ઉદ્ધાર માટે ઉપદેશ આપ્યો. આચાર્યશ્રીના સચોટ ઉપદેશથી પ્રતિબોધ પામી મહાન્ સંઘ કહાડી આચાર્ય સહિત પોતે શત્રુંજય ગયો.

ત્યાં જઇ શત્રુંજય પર્વતને તેણે દુધથી પખાળ્યો-ધોયો અને તે પવિત્ર થયેલા ડુંગર ઉપર પ્રતિમા સહિત ત્યાં ગયો. પરંતુ સાંનો જુનો દેવ કે જે હિંસક થઇ ગયો હતો તેણે તેને નવી પ્રતિમા બેસાડવા ન દીધી અને ભવડે દિવસે પધરાવેલી પ્રતિમાને નીચે મુકી આવ્યો. જુના દેવે તેને આ પ્રમાણે એક વાર નહિ પરંતુ ઘણી વાર હેરાન કર્યો એટલે તેણે પોતાના ગુરુ આચાર્યવર્યશ્રી વજ્ર સ્વામીને[1] બધી બીના કહી.

વજ્રસ્વામીએ તે દુષ્ટ દેવને શિક્ષા કરી નવા દેવને સ્થાપ્યો. આને માટે પણ રાસકાર કહે છે કે:—

કેતલેકે અસુરે હો, વૃત દુષાતમાં
અનરથ ઇચ્છાઇ હો, તે અધમાધમા ૧૯
એભસ્પદ વર્ણ હો, બાલ નૂતનમાં હે
થાપું ધમચિંત વીરો, ઉધરસ્યે નાહે ૨૦ આ. કા. મ. પૃ. ૬૬૯

વજ્રસ્વામી મંત્રે હો, સ્થંભ્યા અસુરસહુ
કરિ ન સકે ઉપદ્રવ હો, કરિસ્યે રાવ બહુ ૨૧

... ...

પૂરવયક્ષ બિહુંતોરો, નાસી સમુદ્ર તટે
ચંદ્રપ્રભાસક્ષેત્રાંતે હો, રહિસ્યે ગુપ્ત વટે ૨૬

આવી રીતે દુષ્ટ દેવને શિક્ષા કરી નવા દેવની સહાયથી નવા ગગનચુંબી ભવ્ય મંદિરમાં શ્રી આદિનાથ પ્રભુની પ્રતિમા બેસાડી. આ સમયનું વર્ણન પણ રાસકાર બહુ સુંદર રીતે આપે છે. પરંતુ લંબાણના ભયથી તેને સ્થાન નહિ આપું. હવે પ્રતિષ્ઠા પુરી થયા પછી ધ્વજા ચડાવવાનો દિવસ આવ્યો. તે દિવસે ખુબ હર્ષથી સારી પેઠે પૈસાનો વ્યય કરી ભવડ અને તેની સ્ત્રી સુશિલા ધ્વજા ચડાવવા શિખર ઉપર ચડ્યાં અને ત્યાં પોતાના આત્માને ધન્ય માનતો નીચે પ્રમાણે ભાવના કરવા લાગ્યો.

અદ્‌ભુત એહ પૂણ્ય મેં કીધો, વલી કર્મ વસિ પ્રાણી
આર્તરૌદ્ર ધ્યાનાદિક કરીને કલંકિત આતમ પ્રમાણીરે ૬૭૧

આ પ્રમાણે ભાવના કરતાં હર્ષના અતિરેકથી ભવડ અને તેની સ્ત્રીનું હૃદય ફાટી ગયું અને ત્યાં મૃત્યુ પામી સ્વર્ગે ગયો.

એ સંસાર વાસ મુકીને, શ્રીજીન ધ્યાન સનાયે
કર્મ ખપાવો જો હું ભવારા, સિદ્ધિ થાયે મુજ હાયે રે ૧૦
શેઠ શેઠાણી એમ ચિંતવતાં આતમ ભાવ વસાવે
નિકલંક શુભ ધ્યાન ક્ષણિકમાં, થાસ્યે આતમ ભાવે રે ૧૧

---

[1] આ વજ્રસ્વામી બહુ પ્રતિભાસંપન્ન મહાપુરુષ હતા. તેમણે દક્ષિણના તે વખતના પ્રસિદ્ધ બૌદ્ધ સમ્રાટને પ્રતિબોધી જૈન બનાવ્યો હતો. તેમને તેમની માતાએ ત્રણ વર્ષની નાની ઉમ્મરે તેમના પિતા-સાધુને વહોરાવી દીધા હતા એટલે તેમણે બહુ નાની ઉમ્મરે દીક્ષા લીધી હતી.

ઘણા વરસ આ ઉંબુ પાલી અંત સમય શુભ ભાવે
મરી ઉતરાં ચોથે સુર લોકે, બે જણ સુર સુખ પાવે રે ૧૨

શત્રુંજય ઉપર અઢળક દ્રવ્ય વાપરી જેમ પોતાની દાનવીરતા દેખાડી છે તેમ તે વખતે કવિઓને ભાટચારણોને યાચકોને અને ગરીબોને પુષ્કળ દ્રવ્યથી નવાજી પોતાની દાનવીરતા દેખાડવામાં તેણે કચાશ નથી રાખી.

૨ બેમાદેરાણી.

મહમદ બેગડાના સમયમાં એક ભયંકર દુષ્કાલ સમયે એક વર્ષ સુધી દેશને મફત અન્ન પુરૂં પાડી વાણીયાઓની "શાહ" પદવી કાયમ રાખનાર દડાલાનો બેમો શેઠ હતા. તેનો સંબંધ નીચે મુજબ છે.

ગુજરાતમાં પવિત્ર પાવાગઢની તલેટીમાં ચાંપાનેર નગરમાં એક વખતે કેવી જાહોજલાલી હતી તે ઇતિહાસવાચકોથી અજાણ્યું નહિ હોય. મહાન વીજયી મહમદબેગડો[1] ગુજરાતમાં રાજ્ય કરતો હતો ત્યારે તેનો માનીતો ઉમરાવ સાદુખાન ચાંપાનેરનો સુબો હતો તથા તે જ વખતે ચાંપાનેરનો નામીચો નગરશેઠ ચાંપશી મહેતો હતો. એક વખતે ચાંપાશી શેઠ સમસ્ત મહાજન સાથે રાજ દરબારમાં જતો હતો ત્યારે સાદુલખાનનો રસ્તામાં ભેટો થયો અને પછી બન્ને સાથે સાથે રાજમહેલ તરફ ચાલવા લાગ્યા. તે વખતે બોલવામાં ચાલાક બંભા ભાટ બેઠો હતો. તેણે ઉભા થઇ સુબા સામે આવી પોતાના જાતિસ્વભાવ પ્રમાણે ઉમરાવનાં કેટલાક સામાન્ય વખાણ કર્યા અને પછી મહાજનની સન્મુખ ઉભા રહી હાથ જોડી તેમનાં પણ કેટલાંક બીરૂદ ગાયાં. તે મહાજનને ઉદ્દેશીને બોલ્યો કે—

બરદ કહે દકાલ દોહથ્થ, રાયેં બંધ છોડણ સમરથ.
રાયેં થાપના ચારજરૂપ જીવોજીવદયા પ્રતિભૂપ.
કરણિ કુબેર બરદ બહુધાર વડહથ જગડું અવતરિ
બંભે કહી કીરત અત્ય ઘણી તવ તેં શ્રવણે બાંને સુણી

આવી રીતે કરણીમાં કુબેર સરખા અને જગડુના અવતાર સરખા ઇત્યાદિ વિશેષણો આપ્યાં. સાદુલખાને આ વિશેષણો બાદશાહને કહી સંભળાવીને કાન ભંભેર્યા કે—જહાંપના આ ભીખારીની જાત તમારૂં બાઇને વાણીયાને વખાણે છે. કાચા કાનના શાહે સહેજ પણ આઠોઆવળો વિચાર કરવાની તસ્દી લીધા સિવાય જ બંભાભાટને પકડી મંગાવવા હુકમ કર્યો, આથી સાદુલખાન ખુશી થયો. પરંતુ ચાંપશી શેઠને ચિંતા થઇ કે "ભૂંડી થઇ—પણ હશે જે થવાનું હતું તે થયું" થોડી વારમાં તો ત્યાં ભાટ આવ્યો તેને દેખી પાદશાહે પૂછ્યું કે—તમો મારૂં અન્ન બકાલનાં બોટાં વખાણ કરો છો તે કેમ? બટાકબોલા નીડર

[1] કહેવાય છે કે તે ૧૭૦૦૦ ગુર્જરનો ધણી હતો. તેની પાસે ઉત્તમ સવા લાખ ઘોડા, દશ હજાર હાથી, સીત્તેર ખાન અને બહોંતેર ઉમરાવની સાહ્યબી હતી. બીજા ઘણાય રાવરાણા તેની તાબેદારી ઉઠાવતા—તેના કદમમાં શીર ઝુકાવતા હતા.

ભાટે ચોકખો ઉત્તર આપ્યો કે-હે પાદશાહ અમે વાણીયાની સ્તુતિ કરીયે છીએ તે ઠીક કરીએ છીએ. અમે તો માત્ર તેમનાં વડવાનાં જે બીરૂદો હતાં તે ગાઇયે છીએ. કરણીમાં કુબેર સરીખા અને દુકાળના દોહ્યમ વિગેરે બીરૂદાવલી તેમના સુવિખ્યાત દાનેશ્વરી વડવા જગડુથી તેમને પ્રાપ્ત થઇ છે. કારણ કે સંવત ૧૩૧૫માં દુકાલ પડયો જે પનરોત્તરા તરીકે હજી પણ પ્રખ્યાત છે, તે વખતે ભદ્રેશ્વરના જગડુશાહે રાવરાણા, રંક, જતી, સતી આદિ ઘણા જીવોને બચાવ્યા હતા. હજી પણ કહેવાય છે કે એવો મોટો દુકાળ હજીસુધી કોઇ પડયો નથી અને જગડુ જેવો દાતા કોઇ જન્મ્યો નથી. આ શબ્દ સાંભળતાં પાદશાહને પગથી માથા સુધી ઝાળ લાગી અને ક્રોધથી ધુંધવાતી આંખે તે ભાટ સામે જોઇ રહ્યો. બાદશાહે હૃદયમાં તે બીનાનો ડાઘ રાખી સભા બરખાસ્ત કરી મહેલનો રસ્તો પકડયો. આ તરફ નગર શેઠે બંબને કહ્યું કે—મોટા સામે વાદ કરવો નહીં તેમાં હાર્યા તોય તુકશાની છે અને જીત્યા તોય ગેરલાભ છે.

કહે શેઠ કીજે નહીં વડા સરીખું વાદ—
હારે જીતે રાણ હુએ વાત વધે વિખવાદ

આથી ભાટ બોલ્યો કે:—

શેઠ પ્રત્યે શું કથ્ય કહે એવો અમ આચાર,
બોલું બોલ ન પાલું જે કોપ્યો કીરતાર;

એટલે—કદી પરમેશ્વર કોપે તો પણ બોલેલ બોલ ઉથ્થાપવાનો નથી.

કાયર ખડગ ને કૃપણ વચન કાચજકોટ નિધાન
જ્ઞાની દાન ભટવચન એ ગજદંત સમાન

આ સાંભળી શેઠ ચુપ થઇ ગયો. ભાટે વળી કહ્યું કે-

લોદા રસોઇજને કથ્યજી આ બોલે નહોઇ મુલ,
દાતા જયમ દેતો થકો ન ગણે પાત્ર કુપાત્ર;
બોલ્યું ભાટ ન સંસહે મરણ તૃપણા માત્ર.

આ સાંભળી શેઠે કહ્યું-ફીકર કરશો નહિં. રાજા મુખેથી જે માંગશે તે આપીશું. આમ કેટલીક મુદત થયા પછી એક વરસ નરસું આવ્યું અને બીલકુલ વરસાદ પડયો નહિં, જેથી અન્ન પાણી વિના લોકો બહુ હેરાન થવા લાગ્યા. પિતા પુત્રને ન જોઇ શકે અને ભાઇ ભાઇને ન જોઇ શકે. આ પ્રમાણે પાદશાહે ઠેકાણે ઠેકાણે લોકોને દુઃખી થતા જોયા, દુર્બલોના દયાદ પોકાર સાંભળ્યા તથા દીવાન પાસેથી દુકાળની હકીકતના વાકેફગાર થઇ બંબ ભાટને બોલાવ્યો અને કહ્યું કે-તમો વાણીયાની વડાઇનાં બીરૂદ ગાતા હતા તેનો પ્રત્યક્ષ દાખલો બેસાડો. જો વાણીયા દરેકને અન્ન આપે તો તેમનું બીરૂદ સાચું, નહીં તો ખાનાર અને ગવરાવનાર બન્ને ગુન્હેગાર છે. ભાટ ત્યાંથી ઉઠી શેઠ પાસે આવ્યો અને મદાજન બેસું કરી તેમની બીરૂદાવળી બોલવા લાગ્યો.[૧]

---

૧ મદાજન બસગે સમો કરે, કરે તે ઉત્તમ કાજ, આગળથુદી વાણીયા, સોમે દીયા આ જગ
બીજ દીયે જેવે કરી લાભ કોટ મન ધીર, વણીક સમો કો અવર નહી બલ્યો ભૂપ મંઝર ૫૬

બહુ બીરૂદાવલી કહ્યાં પછી વળી પાછો ભાટ બોલ્યો–તમારાં બીરૂદ માટે બાદશાહ સાથે રોડ થઇ છે. બાદશાહ કહે છે કે કાંતો મહાજન અન્નદાન દઇ પોતાનું બીરૂદ ખરૂં કરી બતાવે અથવા તો તે બીરૂદ છોડી દે.

પછી મહાજનની સલાહ લઇને ભાટ બાદશાહ પાસે ગયો અને એક માસની મુદત માગી જણાવ્યું કે કાંતો મહાજન મહીનામાં અન્નદાન પુરૂં પાડવાના નિશ્ચય ઉપર આવશે અથવા તો પોતાનું બીરૂદ–તુર છોડી દેશે. બાદશાહે તે વાત કબુલ રાખી. હવે શું કરવું તેને માટે સમસ્ત મહાજન ભેગું થયું. (નાના મોટા બધાય મહાજન કહેવાય) મુખ્યમાં નગરશેઠ ચાંપશી મહેતા અને તેમના ભાઇ કરમશી, કલ્યાણ, કમલશી, વેમલશી, તેરશી, પ્રતાપ, પદમશી[૧].....માણેકચંદ, લાલજી, લક્ષ્મીચંદ આદી મહાજનસમસ્ત એકઠું થયું. ચાંપશી મહેતાએ કહ્યું કે એક દીવસ હું આપીશ. બીજા ચાર જણે મળી એક દીવસ લીધો. એમ એકંદર સવૈંના દીવસો મેળવતાં ચાર મહીના થયા. હવે બાકી રહેલા મહીનાનો ખર્ચ લેવા તે વખતના પ્રખ્યાત સમૃદ્ધિશાળી પાટણ તરફ તેમની નજર ગઇ અને તેઓ ત્યાં જવા તૈયાર થયા. તેમાં ખુદ નગરશેઠ પોતે જ ખાસ નીકળ્યા અને બીજા પણ સારા પ્રતિષ્ઠિત ગૃહસ્થો નીકળ્યા. પાટણ નજીક તેઓ પહોંચ્યા ત્યારે પાટણના સમૃદ્ધિશાળી શેઠીઆઓએ ચાંપાનેરના મહાજનનું સારૂં સ્વાગત કર્યું. પાટણના મહાજને બે મહીના માથે લીધા એટલે તેઓ ત્યાંથી વેરાટ ગયા અને ત્યાંથી દસ દીવસ લખી આવ્યા. પાટણ અને વેરાટ વચ્ચે વીસ દીવસ તો નીકળી ગયા. હવે એક મહીનામાંથી માત્ર દસ દીવસ રહ્યા અને તેટલા દીવસમાં તો ચાંપાનેર જઇ પાદશાહને કહેવાનું રહ્યું. જો તેમ ન થાય તો પોતાની નેક અને–બીરૂદ જાય ને ભાટ પણ આપઘાત કરીને મરી જાય. મહાજનને આ ખરેખરી કસોટીનો સમય હતો. તોય મહાજન વેરાટ (ધંધુકા) થી ધોળકે જવા નીકળ્યા. રસ્તામાં હડાળા ગામ આવ્યું. હડાળા નીવાસી ખેમાદેરાણીને ખબર પડી કે ચાંપાનેરનું મહાજન ગામની ભાગોળે થઇને જાય છે. એટલે એ મેલાં લુગડાંવાળો ખેમો શેઠ મહાજનની સામે ગયો અને કહેવા લાગ્યો કે મારી માગણી સ્વીકારો, અને એ પ્રમાણે વિનંતી કરવા લાગ્યો.

મેલાંઘેલાં કપડાંવાળા આ વાણીયાની અત્યંત આજીજી ભરેલી વિનંતી સાંભળી નગરશેઠને વિચાર થયો કે–

મેં તો મન માંહે વીચ્યારે ધન માગે મુઝ સહુ પાસે.

ત્યાર પછી શેઠે કહ્યું કે વીચારીને જે માગવું હોય તે ખુશીથી માગો. ત્યારે ખેમાએ કહ્યું કે મારે ઘેર છાસ (ભોજન) પીને જજો. ખેમાની આ વિનંતી સાંભળી ભોજનનું નોતરૂં પાછું ન ઠેલાય એમ વિચારી તેની વિનંતી સ્વીકારી મહાજન તેને ઘેર ગયું. ત્યાં ખેમાએ તેઓને બહુ સારી રીતે ભોજન કરાવ્યું અને તેનું ખરેખરૂં વર્ણન કાવ્યકાર પોતે જ બહુ સારી રીતે આપે છે.

માંડી થાળ અનોપમ લાવે સાકરનો શીરો પ્રીસાવે
દાંત જોર કાંઇ ન કરાવે ધરડાં બુઢાં તેપણ ચાવે. ૯૫

---

૧ બીજાં નામો ઘણાં છે પરંતુ લંબાણના ભયથી નથી આપ્યાં.

સીયાલામાં ઘણેરો ભાવે તેનો ગુણ કહ્યો ન જાવે.
પાસે પાપડ વડી પીરસવે તે તો કેર કેરી અણાવે. ૯૬
મેલમલીઓ છે હુરમકેરો સર્યો રસ ઘૃત ઘણેરો.
સાકર પીરસી અતી ચતુરાઇ પ્રેમે ઘણી કીધી ભલાઇ. ૯૭

આવી સારી રીતે મહાજનની ભક્તિ કરી બધાને જાયફળ પાન સોપારી આદી મુખવાસ આપ્યા પછી બધા ડેરે ભેગા થયા. શેઠ પણ ત્યાં આવી બેઠા. એટલે ખેમે વિનયથી પુછ્યું કે મહાજન શા સારૂ બહાર નીકળ્યું છે તે મને કૃપા કરી જણાવો. ત્યારે ચાંપસી શેઠે દીપના કાગળમાં ખેમાનું નામ લખી કાગળ આપ્યો અને અથથી ઇતી સુધી બધી બીના કહી સંભળાવી. ખેમો દીપમાં પોતાનું નામ જોઇ રાજી થઇ કહેવા લાગ્યો કે સેવકને સંભાર્યો એ બહુ સારૂં કર્યું. આને માટે મારા પિતાને પુછી જવાબ આપું છું. ખેમો પિતાને પુછવા ગયો ત્યારે તે રાજવી સરખા ઉદાર દિલના પિતાએ પુત્રને કહ્યું કે બેટા આવો અણમોલો સમય ફરીફરી નહી આવે. આતો ઘેર બેઠાં ગંગા આવી છે. તારાથી જેટલો લાભ લેવાય તેટલો લઇ લે. [૧] ખેમા, જે મનુષ્ય સમયને જાણે તે જ બહુ ઉદાર નર છે, માટે આ પચીસમા તીર્થંકર સરખા સંઘનું માન તારાથી થાય તેટલું થોડું છે. પિતાનો આવો સચોટ ઉપદેશ સાંભળી ખેમો ઘણો રાજી થયો. જેના પિતા ઉદાર દિલના હોય તેનો પુત્ર પણ તેવો જ હોય તેમાં નવાઇ નથી. બસ થઇ ચુકયું. પિતાની આજ્ઞા મળી ચુકી એમ સમજી ખેમો વાજતે ગાજતે સંઘ પાસે આવ્યો, અને તેમનાં વખાણ કરી પોતે જણાવ્યું કે સંઘે મારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે. હું સંઘનો બદલો આપવાને સમર્થ નથી પરંતુ મારી એટલી વિનંતી છે કે મારા ૩૬૦ દિવસો સ્વીકારો. મહાજન તો આ સાંભળી દીંગ થઇ ગયું. એક મેલાંઘેલાં કપડાંવાળો તેની આટલી બધી ઉદારતા, અરે સાથે તેનો વિનય અને ભક્તિ જોઇ કેટલાકને તો એમ લાગ્યું કે આ મોઢાની મીઠાશ લાગે છે. નહિતર આવો પૈસાદાર ગૃહસ્થ આવી સ્થિતિમાં કેમ સંભવી શકે? ત્યાં તો ચાંપશી મહેતો બોલ્યો–ખેમા, પોતાની શક્તિ હોય તેથી ચડયું બોલીયે તો ઠીક નહી, નહીંતર તેની કીંમત નથી રહેતી. માટે જે બોલવું હોય તે વીચારીને બોલો. ત્યારે ખેમો બોલ્યો–શેઠ મેં તો બહુ વિચાર કરીને અને મારી શક્તિથી હજી ઓછું બોલ્યો છું. શ્રીમંતાઇમાં ઉછરેલા અને શ્રીમંતાઇનો મોભો જાળવનાર ચાંપશી મહેતો તો આભો જ બની ગયો અને વિચાર કર્યો કે આની પાસે કંઇક હશે નહીંતર આટલી હીંમત ન ભીડે. પછી શેઠે ખેમાને કહ્યું શેઠ તમે તમારાં આ મેલાંઘેલાં કપડાં ઉતારી નાઇ ધોઇ સારાં કપડાં પહેરો; ત્યારે તે ઉદાર દીલના ખેમે શેઠને વિનયથી કહ્યું કે–શેઠ

---

૧ ખેમા જાણુ જે ઘર બેઠા આવી ગંગા ચાલણીરે,
ખેમા અવશે આચાર, ખેમા ભેદ રાખીશરે ૧૦૭
ખેમા પચવીસમો તીર્થંકર જીનેશરે ભાખીયોરે,
ખેમા ખરચે નહી ધન ધર્મ મતકો નર રડોરે. ૧૦૮
ખેમા હેમ હુંગરી નવનીધ્ય તે સાગરમાં રહીરે,
ખેમા લો સરીની રીદ્ધ હતી તે ક્યાં ગઇરે. ૧૧૦

અમે વીવા વાર તહેવાર સવાંગ ન પાલટુંરે,
નવી જાણું સાલ દુશાલ,..... ૧૧૮
અમે ગામડીયા ગમાર, નગર ના જાણીયેરે,
અમે મેલડીયા હીંગતોલ અમે તો વાણીયારે. ૧૧૯

સ્વપ્નેય નહિ ધારેલો ખેમાનો ઉત્તર સાંભળી શેઠ તો વિસ્મય પામી ગયા અને મનમાં વિચાર કરવા લાગ્યા કે ધન્ય છે એની ઉદારતાને અને સત્યને શોભાવે તેવા તેના વિનયને. ચાંપશી મહેતાએ ખેમાને કહ્યું કે શેઠ શ્રીમંત કે દાતા તો તમે છો, અમે તો તમારા નોકર થવાને યોગ્ય છીએ. પછી મહાજન ખેમાને પાલખી[1]–મયાનામાં બેસાડી ચાંપાનેર લાવ્યા. મહાજન તેને પાદશાહ પાસે લઇ ગયું અને જણાવ્યું કે પાદશાહ આ શેઠ ૩૬૦ દીવસે આપશે. પાદશાહ તો આ મેલાં ઘેલાં જાડાં કપડાં જોઇ આશ્ચર્ય પામતો તેને પુછવા લાગ્યો કે તમારે ઘેર કેટલાં ગામ છે; ત્યારે ખેમો બોલ્યો–મારે ઘેર બે ગામ છે. પાદશાહે પુછ્યું–કયાં કયાં બે ગામ છે? ત્યારે તેણે કહ્યું પળી અને પાલી. પળી અને પાલી પાદશાહ આગળ મુકી કહ્યું–આ બે ગામ છે. પળી ભરીને આપું છું અને પાલી ભરીને લઉં છું

તવ ખેમો બોલીયો મહારે છે બે ગામ,
સાહ કહે જો ગામ રે, દોનું કયાં કયા નામ. ૧૨૬
મુકે તવ પાલી પળી મુખ આગલ સુલતાંન,
દેઉ તેલ પલી ભરઇ પાલીયું લેઉં ધાન. ૧૨૭

પાદશાહ આ સાંભળી ઘણો ખુશ થયો અને વિચારવા લાગ્યો કે મારી પ્રજામાં આવા ઉદારચરિત ભડવીર નરો વસે છે માટે મારે પણ ખુશી થવા જેવું છે.

ત્યાર પછી પાદશાહે ખુશી થઇ મહાજનને પણ બીરૂદથી નવાજ્યા અને ત્યારથી એક શાહ વાણીયો અને બીજો શાહ બાદશાહ આ કહેવત બરાબર ચાલતી રહી.

ખરેખર ધન્ય છે ખેમાની ઉદારતાને તેના વિનયને તેની સાદાઇને કે જે પાદશાહ એટલે તે વખતના મનાતા દેવસરખા પુરુષ પાસે જતાં જેણે પોતાની સાદાઇ નમ્રતા ન છોડી. અંતે તેણે એક વરસ સુધી દુષ્કાળમાં પુષ્કળ પૈસો ખર્ચી ગુજરાતને ઉગાર્યું અને શાહની પદવી સાચવી. અત્યારે તે હૈયત નથી છતાં તેની ઉદારતા ગુજરાતીની સેવા તેનું ગાંભીર્ય સાદાઇ આદી ગુણો તો અત્યારે પણ સૂર્યના પ્રકાશની જેમ ઝળહળી રહ્યા છે. આવા ઉદાર અને દિલાવર દિલના ગૃહસ્થના ગુણને ધન્યવાદ સિવાય આપણાથી શું બીજું આપી શકાય તેમ છે? તે દુષ્કાલનું વર્ષ પુરૂં થયા પછી સપવિત્ર તીર્થ શ્રી શત્રુંજયની યાત્રા કરી સ્વર્ગસ્થ થયો. તેવા સાધુપુરુષને આપણા કરોડવાર નમસ્કાર હો. સાથે અત્યારના આ ભારતવર્ષના સંધમાંથી કોઇક ખેમો પાકે એમ ઇચ્છી હું આગળ વધીશ.

---

૧ તે વખતના સમયમાં પાલખીમાં બેસવું એ એક મહોટું માન ગણવામાં આવતું હોય તેમ જણાય છે.

૪ જગડૂશાહ (ગુજરાતનો કુબેર)

જે વખતે મહમદ બેગડો ગુજરાતમાં રાજ્ય કરતો હતો તે વખતે ૧૩૧૫ માં એક ભયંકર દુષ્કાળ પડયો હતો. એ દુષ્કાળ એકલા ગુજરાતમાં નહોતો પરંતુ કચ્છ, સીંધ, પંજાબ, દક્ષિણ આદિ દરેક દેશોમાં તેનું જોર સખ્ત હતું. જેમ ગુજરાતમાં ખેમાદેરાણીએ તે વરસમાં લોકોને અનપાણી પુરાં પાડયાં હતાં તેવી રીતેજ સીંધ, કચ્છ, માળવા, પંજાબ, દક્ષિણ આદિ દેશમાં જગડુશાહે અન્ન પાણી પુરાં પાડવાની ઉદારતા દર્શાવી પોતાના ધનનો સદુપયોગ કર્યો હતો. જગડુશાહ વિક્રમની ૧૪ મી સદીમાં વિદ્યમાન હતો. તેનો જન્મ કચ્છ-ભદ્રેશ્વરમાં થયો હતો. તેના પિતાનું નામ સોલ્હા—સોખા હતું અને માતાનું નામ ખેતી હતું. સોલ્હા પોતે બહુ ગરીબ હતો—એક વખતે અમુક નિમિત્તે તેને ખબર પડી કે તેના ઘરમાં ધન દાટેલું છે એટલે પોતે તે ધન કાઢી લીધું અને પોતાનો દારિદ્રચકુંગર ભેદી નાખ્યો. ત્યાર પછી થોડા સમયમાં ૧૩૧૫ માં ભયંકર દુષ્કાળ પડયો અને તેમાં અનેક મનુષ્ય અન્નપાણી વિના મોતને શરણ થતાં ગયાં. જગડુને આ દેખી દયા આવે એ બનવા જોગ છે. તે વખતે તેણે દરેક દેશના રાજાઓને પોતાની ખાણમાં ભરેલું અન્ન આપ્યું અને તેમાં સિંહના રાજ હમીરને ૧૨૦૦૦ મુડા અનાજ આપ્યું; ઉજ્જયનીના રાજા મદનવર્માને ૧૮૦૦૦ મુડા અનાજ આપ્યું; દીલ્હીના બાદશાહ મોજઊદીનને ૨૧૦૦૦ મુડા અનાજ આપ્યું; પ્રતાપસીંહને ૪૨૦૦૦ મુડા અનાજ આપ્યું; કંદહારના મહારાજાને ૧૨૦૦૦ મુડા અને પાટણના રાજા વિમલદેવને ૮૦૦૦ મુડા ધાન્ય આપ્યું. આવી રીતે ૯૯૯૦૦૦—નવલાખ નવાણું હજાર મુડા ધાન્ય આપ્યું. તેની ઉદારતા હજી આટલેથી નથી અટકી. તેણે ૧૧૨ સાર્વજનિક દાનશાળા મંડાવી હતી. હરકોઇ આવે અને જમે. એમ કહેવાય છે કે દરરોજ લાખ મનુષ્યો આનો લાભ લેતા હતા. તેણે ૧૮ કરોડ દ્રમ્મ[1] યાચકોને ભેટ આપ્યા હતા. આવી રીતે તે ભયંકર દુષ્કાળમાં અનેક મનુષ્યોને કોઇ પણ જાતનો જાતિભેદ રાખ્યા સિવાય છુટે હાથે દાન આપી તેણે તે વખતના "કુબેર" નું યોગ્ય પદ મેળવ્યું હોય તેમાં નવાઇ નથી. આવી રીતે તેણે જૈન ધર્મને દીપાવવામાં પણ મણા નથી રાખી. તેણે ૧૦૮ જૈન મંદિર બંધાવ્યાં હતાં અને પવિત્ર તીર્થાધિરાજ સત્રુજયના ત્રણ વખત મહાન સંઘ કહાડી યાત્રા કરી હતી. તેણે ભદ્રેશ્વરનું મહાન મંદિર પણ બંધાવ્યું હતું કે જેની કીર્તિ કલશને શોભાવી રહી છે. અત્યારે તો તે જગડુના ભદ્રેશ્વરનું જુનું નીશાન કે કંઇ પણ રહ્યું નથી. હજુ પણ કહેવાય છે કે નીચે ખોદતાં કેટલીક જુની હાથીદાંતની કારીગરી નીકળે છે. કાળની ગતિ વિષમ છે. ભલે જગડુ તો જીવતો નથી છતાં તેની કીર્તિ જવલંતભાવે પ્રકાશી રહી છે. ધન્ય છે જગડુ તને અને તારા દેશને કે જેણે પોતાના ભુગર્ભમાંથી તારા જેવાં નરરત્નો ઉત્પન્ન કર્યા.

તા. ક. આ લેખ લખાઇ રહ્યા પછી મને જગડુશાહનું એક વધુ સાર્વજનિક ઉપયોગી કાર્ય—જેની નોંધ મને કાઠિયાવાડ સર્વસંગ્રહમાંથી મળી છે તે ખાસ ઉપયોગી અને તેના જીવનમાં નવો પ્રકાશ પાડનાર હોવાથી હું અક્ષરશઃ તેનો ઉતારો આપું છું.

---

૧ તે વખતનું ચલણી નાણું.

" ગાંઢવીની પાસે કેટલીક નાની નાની ડુંગરીઓ છે. તે કોયલાની ડુંગરીઓ કહેવાય છે. કહે છે કે પાર્વતીને શિવની સાથે કલહ થયો તેથી તેણે કોયલ સ્વરૂપ ધારણ કરી અહીં વાસ કર્યો હતો ત્યારથી એ ડુંગરીઓ કોયલા ડુંગરીઓ નામે ઓળખાતી આવી છે. ડુંગરીઓ નદીના તટ ઉપર જ આવેલી છે. એ ડુંગરી ઉપર હરસદ માતાનું (મહાકાળીનું) દહેરૂં છે; પણ ત્યાં કોઇ રહેતું નથી તેમ કોઇ જતું પણ નથી. હાલમાં એ માતાનું દહેરૂં ડુંગરીની તળેટીમાં આણેલું છે. દહેરૂં ડુંગરી પર હતું ત્યારે જે કોઇ વહાણની દૃષ્ટિએ તે પડતું તે જરૂર ભાંગતું જ. આખરે કચ્છના એક વેપારી નામે જગદુશાહ જેનાં વહાણ અહીં ભાંગ્યાં હતાં તેણે ઘોર તપ આચરી મહા મહા દેહકષ્ટથી માતાને પ્રસન્ન કર્યા ને તેમને ડુંગરીની તળેટીમાં ઉતરી આવવા વિનંતી કરી. માતાએ કહ્યું પગલે પગલે એક એક પાડાનું બલિદાન આપે તો ઉતરૂં. જગદુશાહ કબુલ થયો પણ માતા એટલાં ધીમે ધીમે ઉતર્યાં કે તળેટીમાં આવતા પહેલાં જ ભોગ આપવા આણેલા સઘળા પાડાઓ ખપી ગયા. ત્યારે જગદુશાહે પોતાની સ્ત્રીનો, છોકરાંનો ને છેલ્લે પોતાનો ભોગ આપ્યો. જગદુશાહની ભક્તિથી માતા ઘણાં તુષ્ટમાન થયાં ને તેને તથા તેની સ્ત્રી છોકરાંને સજીવન કરી બોલ્યાં ' પુત્ર, વર માંગ.' વણિકે વર માગ્યો કે " મારો વંશ અક્ષય રહે " એટલે માતા 'તથાસ્તુ' બોલી અંતર્ધાન થયાં ને ડુંગરીની તળેટીમાં આવી વાસ કીધો. તે વખત પછી ત્યાં આગળ વહાણો ભાંગતાં પણ બંધ થયાં. તળેટીમાં તેનું દહેરૂં જગદુશાહ શેઠે બંધાવ્યું છે." (કાઠિયાવાડ સર્વસંગ્રહ પૃ. ૩૪૫) આ તેના અદભુત આત્મત્યાગથી વાંચકો સમજી શકશે કે તેને દરેક મનુષ્ય ઉપર કેટલો પ્રેમ હતો. તેણે ભેટને માટે બૈરી છોકરાં અને અંતે પોતાનો આત્મા પણ આપ્યો. જૈનો પરોપકારી કાર્યોમાં પણ કેવી રીતે મરી જાણે છે તેનું આ જ્વલંત દૃષ્ટાંત જગત આગળ ચિર કાલ સુધી રહેશે.



૬ જૈન મંત્રીઓ

(લેખક:—આચાર્ય મુનિ ન્યાયવિજયજી)

૧ વિમલ મંત્રી.

ભીમ બાણાવળીનો મંત્રી વિમલમંત્રી ચુસ્ત જૈન, અને દયાધર્મ પાળનાર શ્રાવક હતો છતાં એક સારો યુદ્ધવિશારદ તરીકે એક સારા મુત્સદી તરીકે એક દાનવીર તરીકે તેની કીર્તિ તેનું નામ અને કામ ગુજરાતના ઇતિહાસમાં જ્વલંત આવે પ્રકાશી રહેલ છે.

વિમલનું જન્મસ્થળ પાટણ હતું. તેના પિતાનું નામ વીર અને માતાનું નામ વીરમતિ હતું. તેના દાદા (વીરના પિતા) ગુજરાતના પ્રથમ રાજા, ગુજરાતના રાજ્યના પ્રથમ સ્થાપક શ્રી વનરાજ ચાવડાના દંડનાયક હતા. "ગુજરાતની રાજ્ય ગાદીના મુળ પુરુષથી માંડી અંતિમ ચક્રના-સારંગદેવ સુધી જૈનોએ ઓછાવત્તા પ્રમાણમાં સત્તા ભોગવી છે." તેવી રીતે વિમલના દાદા લાહીર પણ વનરાજના દંડનાયક હતા. તેઓ બહુ પ્રતાપી અને મુત્સદી હતા. તેઓ પોરવાડ વંશના હતા કે જેના પૂર્વજો ક્ષત્રિય વંશના હતા. તે વખતે ઘણા રજપુતો જૈનો હતા. એટલે લાહીરના શરીરમાં પોતાના પૂર્વજ ક્ષત્રિયોનું લોહી પણ ફરતું હતું. વિમલનો પિતા વીર બહુ ધર્મચુસ્ત હતો અને પોતાની જીંદગીનો ઘણો ખરો વખત તેણે ધર્મકાર્યમાં જ ગાળ્યો હતો.

વિમલ દિવસે દિવસે બીજના ચંદ્રની જેમ વૃદ્ધિ પામવા લાગ્યો. તેના પિતાએ તેને પાંચ વર્ષની ઉંમરે નિશાળે મુક્યો. વિમલ પોતાની તીક્ષ્ણ બુદ્ધિના બળે બહુ થોડા વખતમાં જ્ઞાન સંપાદન કરી બહુવાનું [1] છોડી પોતાને ઘેર બેઠો. હવે પુત્રને યોગ્ય વયનો જાણી ધર્મી પિતાએ પુત્ર ઉપર ઘરનો બધો ભાર મુકી પોતે દીક્ષા લઇ ત્યાંથી ચાલી નીકળ્યો.

તેના પિતા દીક્ષા લઇને ગયા પછી તેની માતાને એમ લાગ્યું કે મારો પુત્ર નાની ઉંમરનો છે અને તેના દુશ્મનો રખેને તેને મારી નાખે એ બયથી પોતાના પુત્રને લઇને રહેવાને પીયર ગઇ. વિમલ મામાઘરમાં મામા અને સાદું જીવન ગાળતો અને ત્યાં તેણે બાણ ફેંકવાની કળામાં સારી પ્રવીણતા મેળવી. તેની આ અદ્‌ભુત બાણકળા અને બાહુબળની સર્વત્ર પ્રશંસા થવા લાગી. [2] અને આ પ્રશંસા સાંભળી પાટણના નગરશેઠે લાહીર મંત્રીના પૌત્ર વિમલને પોતાની બેટની બેઠ કન્યા આપી.

> શીલ લજ્જા તૂટી અભિકા, ત્રિભુવન દીધા પોતિષ થકા.
> બાણ પ્રમાણ ગાઉ તે પંચ, કય લક્ષણના લક્ષ પ્રપંચ—૭૨.

---

૧. તે બાબી જતાં ત્યારનું તેનું રમમય વર્ણન કરતાં કવિવર શ્રી લાવણ્યસમય વિમલની વિદ્યારંભની પ્રશંસા બહુ સારી રીતે કરે છે. સંબંધ માટે જુઓ વિમલપ્રબંધ પૃષ્ઠ-૧૨૨.

૨. આને માટે કવિ લાવણ્યસમય વદે છે કે તેને અંબા માતાની કૃપા હતી. અને માતાએ તેને જય વરદાન આપ્યાં હતાં. તેને માટે જુઓ વિમલપ્રબંધ પૃષ્ઠ ૧૩૧.

નવ નવ રૂપ નિરતિઈં નિર્મલા, ત્રીજી અદ્‌ભુત અક્ષર કલા.
વર દેઇ દેવી સંચરી, વિમલ વધાવિઉ વિદ્યાધરી—૭૩.

વિમલનું મોસાળ બહુ ગરીબ હતું એટલે તેનાથી વિમલને પરણાવવાનું ખર્ચ થઇ શકે તેમ નહોતું. વિમલની માતાએ પણ કહ્યું કે પૈસા સિવાય હું વિમલનાં લગ્ન નહિ કરું. કારણ કે તેના દાદા લાહીર મંત્રી હતા માટે તેમના કુટુંબને છાજે તેમ તેનાં લગ્ન થવાં જોઇએ. આમ રકઝક કરતાં એક વખતે વિમલને ખેતરમાંથી ખોદતાં પુષ્કળ ધન મળ્યું.[૧] અને તે પૈસાથી તેના કુટુંબને છાજે તેવા સારી રીતે લગ્ન કરવામાં આવ્યાં. વિમલ હવે પાટણ રહેવા આવ્યો અને ત્યાં પોતાની અદ્‌ભુત બાણકળાનો પરિચય એક વખતે ગુર્જરેશ ભીમને કરાવ્યો.[૨] ભીમે તેની બાણકળાથી ખુશી થઇ તેને મોટો સેનાધિપતિ નીમ્યો. વિમલ પોતાની ચતુરાઇથી ધીમે ધીમે આગળ વધ્યો અને ઠેઠ ગુર્જરેશનો મહામંત્રી પણ થયો.

વિમલની મંત્રી તરીકેની કારકીર્દી બહુ પ્રશસ્ય હતી. તે વખતના ગુજરાતના બધા ખંડીઆ રાજાઓ અને મંડલીકો તેનાથી બીતા હતા. તે વખતનો મરૂ ધરાધીશ ભોજને પણ તેણે હરાવ્યો હતો તથા ઠઠ્ઠાનો રાજા બંભણી–પંડીઆને પણ તેણે હરાવ્યો હતો. આ સિવાય બીજી મુખ્ય લડાઇ કયાંય થઇ નથી લાગતી. પરંતુ વિમલપ્રબંધકાર કહે છે કે પૂર્વના રોમનગરના બાર સુલતાનોને તેણે હરાવ્યા હતા. આને માટે અત્યારે તો વિશેષ પુરાવો મળવો મુશ્કેલ છે બલ્કે નથી. છતાં રા. મણીલાલ વ્યાસ આ સંબંધી કાંઇક સમાધાન કરે છે તે આ પ્રમાણે છે. સંવત ૧૦૮૦ માં શહાબુદ્દીન ગોરીએ ગુજરાત ઉપર ચઢાઇ કરી અને તેણે ગુજરાત જીત્યું. ગુર્જરેશ હાર્યો નાઠો અને કંથકોટના કિલ્લામાં ભરાયો હતો. પછી સુલતાનનું વિજયી સૈન્ય પાછું જતું હતું તે વખતે વિમલે ત્યાં જઇ લાગ સાધી તેના પટાવતો ઉપર જીત મેળવી હોય અને જૈન સાધુઓએ પટાવતોને સુરગાણ નામથી ઓળખાવ્યા હોય તે હકીકત સંભવે છે. (રા. વ્યાસનું આ સમાધાન કંઇક અંશે ઠીક છે પરંતુ હજી વિશેષ માહીતીની જરૂર તો છે જ.) આ સિવાય વિમલે કઇ કઇ લડાઇ કરી તેનો કોઇ ખાસ ઉલ્લેખ નથી. પરંતુ જે હકીકત મળે છે તે ઉપરથી માલમ પડે છે કે "વિમલ એક બહાદુર યોદ્ધો હતો, પાકો મુત્સદી હતો તો તેણે

---

૧. કવિ કહે છે કે આ ધન મળ્યું તે પણ માતાના પ્રતાપથી જ.
જુઓ વિમલપ્રબંધ. પૃ. ૧૮૩.

૨. ધમ કરતાં જુ તુમનિ કોડ, બાંણુ તણા દેખાડું મોડ
બાલ સુચ્યારી કરૂ સાથરૂ, પેટી પાન અઠોત્તર ધરઉ—૨૨
કુહુ તેતાં વીંધું મનરંગિ, બાંણુ ન લાગિ બાલક અંગિ
જુ અધિકું ઊછઉં વીંધાઇ, તુ માયૂં અહ્મારૂં જાઇ—૨૩
કલા દિખાડું અવર પ્રકારિ, વિલોણઉં વિલોવઇ નારી.
ઝમકઇ વેધી જાઇ ઝાલિ, ષંપણુ પસર ન લાગિ ગાલિ—૨૪
અર્થ સમજાય તેમ છે.

પોતાના શાકંભરી (અજમેર) મરૂસ્થલી (મારવાડ) મેદપાટ (મેવાડ) જ્વાલાપુર વિગેરે સો રાજાને જીતીને **भूपालशतसेवितः** થયો હશે. ગુર્જરેશે પણ અંતે પોતાની ભુલ સ્વીકારી. અને તેને મનાવવા ખાતર છત્રચામર [૧] મોકલાવ્યાં. પોતાની ભુલનો રાજાએ પશ્ચાતાપ કર્યો અને વિમલે પણ પોતાના રાજાની ભેટ સહર્ષ સ્વીકારી.

વિમલની કીર્તિ હવેથી એક રાજવી તરીકે પ્રસરી અને તે **चंद्रावइश** અને ચંદ્રાવતીશ આદિ બીરૂદોથી પ્રસિદ્ધિ પામ્યો.

આવી રીતે વિમલ ચંદ્રાવતીમાં રહી રાજ્ય કરી રહ્યો હતો તેવામાં ત્યાં શ્રી ધર્મઘોષસૂરિ પધાર્યા. તેમણે ચંદ્રાવતીશને ખૂબ ઉપદેશ આપ્યો અને તેના આગ્રહથી તે ત્યાં ચોમાસું રહ્યા. સૂરીશ્વરના નિરંતર ઉપદેશથી વિમલને ધર્મ ઉપર અડગ શ્રદ્ધા બેઠી. ગુરુએ પણ તે શ્રદ્ધાનો બરાબર યોગ જોઇ લાભ લીધો અને વિમલને કહ્યું કે અત્યાર સુધીની આખી જીંદગી અર્થ અને કામમાં ગાળી છે માટે હવે કાંઇક ધર્મકાર્ય કરો, પરલોકને માટે કાંઇક ભાથું બાંધો. વિમલને પણ તે ગળે ઉતર્યું. જીંદગીનાં કામો તેને સાંભર્યા. તેણે કહ્યું, ગુરુદેવ આપ કહો તેમ કરવાને તૈયાર છું. ગુરુએ કહ્યું આબુ ઉપર આપણું એકે મંદિર નથી માટે ત્યાં મંદિર બંધાવો. વિમલે તે વાત ખુશીથી સ્વીકારી અને તે દ્વારા પોતાના પાપને ધોઇ નાખી-નિર્મળ થવા પ્રયત્ન આદર્યો.

વિમલે આબુ ઉપર જઇ યોગ્ય જગા જોઇ અને તેના પુજારીઓની પાસે જમીનની માગણી કરી, પરંતુ તેમાં કંઇ વળ્યો નહિ. પછી તેણે પોતાની સત્તાના બળે જમીન લીધી, પરંતુ પુજારીઓને ખૂબ સમજાવી પુજારીઓના કહેવા પ્રમાણે ન્યાયસર પોતાને જેટલી જમીન જોઇતી હતી તેટલી જમીન સુવર્ણ ટંકાથી પુરી વેચાતી લઇ મંદિર બંધાવવું શરૂ કર્યું. વિમલે તે મંદિરમાં અઢળક દ્રવ્ય વાપરી ઉત્તમ શિલ્પકળાના નમુના રૂપ ભવ્ય, મનોહર, વિશાળ, જિનચૈત્ય બંધાવ્યું. વિમલ ભલે અત્યારે જોતો નથી પરંતુ તેના નિર્મળ આત્મા સમું આ મંદિર તેની કીર્તિને હજી પણ જ્વલંત ભાવે પ્રકાશી રહેલ છે. તે મંદિરનાં ગગનચુંબિ શિખરો ઉપરની ધ્વજાઓ હજી પણ વિમલના યશઃપ્રવાહના ઝંકાર ફડફડાટ દ્વારા, જગતને સુણાવી રહેલ છે. અત્યારે વિમલનાં મંદિર જગપ્રસિદ્ધ છે. તેની ઉત્તમ શિલ્પકળાનો નમુનો ભારતવર્ષમાં બીજે બળવો અલભ્ય છે બલકે નહિ મળે. તે મંદિરમાં બેસાડવા માટે તેણે અઢાર ભાર પિત્તળની આદિનાથ પ્રભુની (જૈનોના પ્રથમ તિર્થંકર-દેવ) પ્રતિમા કરાવી, અને સં. ૧૦૮૮ માં પોતાના પરમ ગુરુ શ્રી ધર્મઘોષ સૂરી પાસે તેની પ્રતિષ્ઠા કરાવી. જ્યારે આબુ ઉપર મંદિર પૂર્ણ થયું અને પ્રભુને પધરાવી પ્રતિષ્ઠા-સ્થાપન કરાવી તે વખતે તેણે ભાટ ચારણોને પુષ્કળ દાન આપ્યું હતું. આ દાનનું મનોહર વર્ણન કવિ લાવણ્યસમય બહુ લંબાણથી આપે છે. પરંતુ તે જ ભયે એ અહીં નથી આપ્યું.

આવી રીતે જે નગરમાં પોતે રહેતો હતો તેમાં પણ તેણે ઘણાં ભવ્ય અને ગગન-

---

૧ કથાકોષ અને પ્રબંધસંગ્રહમાં લખ્યું છે કે **विमलपत्तनेशभीमेन छत्रचामरादि दत्त्वा नृपति कृतः विमलः** જુઓ વિમલપ્રબંધ પૃષ્ટ ૬૭.

ચુંથી જિન મંદિરો કરાવ્યાં હતાં. તે વખતે ચંદ્રાવતી[૧] જૈનપુરી તરીકે પણ ઓળખાતી હતી આવી રીતે વિમલમંત્રીએ જેમ પોતાની પૂર્વ જીંદગી અર્થ અને કામમાં વાપરી, રાજાના મંત્રી તરીકે, એક યોદ્ધા તરીકે અને અંતે એક રાજા તરીકે જેમ પોતાની કીર્તિ તેણે મેળવી તેમ એક ધર્મી પુરુષ, દાનેશ્વરી પુરુષ, અને ગુજરાતને શોભાવનાર તરીકે પણ તેની કીર્તિ અખંડ રહેશે. અંતમાં આપણે તેની કીર્તિનું કવિવર શ્રી લાવણ્યસમયનું બનાવેલું એકાદ કવિત જોઇએ તો તે અસ્થાને નહિ કહેવાય.

आम कित्ति किहां लगइ, जोइ उत्तर अणु उत्तर,
जाम कित्ति किहां लगइ, पुव्वि नही निरति निरंतर,
आम कित्ति किहां लगइ, पेक्खि पश्चम समुद्र पर.
आम कित्ति किहां लगइ, देषि दक्षण दिगि अंतर,
पायालि कित्ति पनंग करइ, उंची इंद्र सभा लगइ.
लावण्यसमय कहि विमल तूह, कित्ति त्रिभोवनि झगमगइ,

જુઓ વિમલ પ્રબંધ પૃષ્ટ ૩૬૨, ૭૮

આ અર્થ સુગમ હોવાથી આપેલ નથી.

આવી રીતે વિમલની કીર્તિ ગુર્જરેશના મહામંત્રી તરીકે, એક સેનાધિપતિ તરીકે-ચંદ્રાવતીશ-રાજા તરીકે, જગપ્રસિદ્ધ છે. પરંતુ એક વ્યાપારી તરીકે વિમલની કીર્તિ નથી પ્રસરી, છતાં પણ એક ગુજરાતી પંચાંગમાં વિમલમંત્રીને મંત્રીશ્વર તરીકે નહિ ઓળખાવતાં વેપારી તરીકે ઓળખાવવાની બાળચેષ્ટા થઇ હતી. આ ઉપરથી સુજ્ઞ વાંચકો જોઇ શકશે કે વિમલની કીર્તિ મંત્રી તરીકે કેટલી પ્રસરી છે, અને વેપારી તરીકે કેટલી પ્રસરી છે ? તે વખતના બધા કવિઓ અને લેખકો જ્યારે વિમલને મંત્રી તરીકે ઓળખાવે છે ત્યારે એક કોઇ વિમલને વેપારી તરીકે ઓળખાવવાનો પ્રયત્ન કરી ન્યાય (!) નું દર્શન કરાવી રહ્યા છે તે કેટલું યોગ્ય છે.

આ જગપ્રસિદ્ધ આણુ ઉપરનાં મંદિર બંધાવ્યા પછી વિમલનો આત્મા આ ભૂલોક છોડી સ્વર્ગે સિધાવ્યો.

૨ મહામંત્રી વસ્તુપાલ.

ગુજરાતના મહારાણા વીરધવળના મહામંત્રી શ્રી વસ્તુપાળ અને તેજપાળનાં નામ અને કામથી ગુજરાત અજાણ્યું નથી. તે બંન્ને મંત્રીઓની કીર્તિનો રણકાર હજી સુધી ભેરીની પેઠે મધુર અને આનંદદાયક રીતે વાગી રહેલ છે.

---

૧ કાળચક્રના ક્રમાનુસાર કોઇ પણ વસ્તુ અમર નથી. અત્યારે કળીયુગના પરિબળે મોટાં મોટાં નગરોનાં ખંડિએર થઈ ગયાં છે. અરે તેના અસ્તિત્વની નીશાની સરખી પણ હાથ નથી આવતી. તેવી રીતે વિમલની એ રાજ્યધાની ચંદ્રાવતી પણ મુસલમાન રાજાઓની ક્રૂરતાનો ભોગ થઇ પડી લાગે છે. અત્યારે ત્યાં પુરાતની નિશાની પણ નથી રહી.

તેમનું જન્મ સ્થળ.

આ બંન્ને ભાઇઓનું જન્મસ્થળ સુંટાલક નગર હતું અને તેમના પિતા પ્રાગવાટ (પોરવાડ) વંશીય નામે અશ્વરાજ મંત્રી અને માતા સાહુરાજ મંત્રીની પુત્રી કુમારદેવી હતું. કુમારદેવીને ત્રણ પુત્રો હતા–નામે મલદેવ[1], વસ્તુપાળ, તેજપાળ અને ઝાંઝમાં આદિ સાત બહેનો હતી. અશ્વરાજ મહારાણા વીરધવલની આજ્ઞાથી સુંટાલક નગરના મંત્રી તરીકે ત્યાંજ રહેતો હતો. તેણે પોતાના પુત્રોને સારી રીતે વિધિ અભ્યાસ કરાવી પોતાનું સ્થાન સાચવે તેવી ઉત્તમ કેળવણી આપી હતી. આપણા ચરિત્રનાયક શ્રી વસ્તુપાળનાં સાક્ષાત્ લક્ષ્મી સરખી લીલાવતી નામે સ્ત્રી સાથે લગ્ન થયાં હતાં અને તેજપાળનાં સાક્ષાત્ સરસ્વતી સરખી અનોપમા દેવી સાથે લગ્ન થયાં હતાં. થોડા વખત પછી અશ્વરાજ મંત્રીનું મરણ થયું એટલે ભાતાના આગ્રહથી ત્યાંથી નીકળી માંડલમાં આવી વાસ કર્યો. ત્યાં તેઓ પોતાના દિવસો આનંદમાં ગાળતા હતા. એક વખતે તેઓ માતાની સાથે યાત્રાએ નીકળ્યા. બધે સ્થાને યાત્રા કરી પાછા વળતાં ધવલકપુર (ધોલકા) માં રાજ્ય પુરોહિત સોમેશ્વર ભટ્ટ સાથે તેમને મૈત્રી થઇ અને તેમના આગ્રહથી તેઓ ધોલકામાં રહ્યાં.

તે વખતે ગુજરાતના રાણા વીરધવલને એક સારા મંત્રીની જરૂર હતી. તેને સામાન્ય રીતે તપાસ કરતાં ખબર પડી કે તે પદવીને યોગ્ય વસ્તુપાળ અને તેજપાળ છે (વસ્તુપાળ ચરિત્રકાર કહે છે કે તેમને સ્વપ્નામાં કોઇ દેવ આવી કહી ગયો હતો.) બીજે દીવસે બાનગીમાં રાજાએ પુરોહિતને પુછયું અને તેમાં તેણે ખાસ સમંતિ પૂર્વક કહ્યું કે તેમનાથી આપણા રાજ્યની આબાદી થશે. કારણ કે એ સમયે ગુજરાતના ઘણાખરા રાજાઓના મંત્રીઓ વાણીયા જ હતા. માટે તેમને તે પદવી બાસ આપવી રાજાએ તે વખતે વસ્તુપાળ તેજપાળને બોલાવી મંત્રીપદ સ્વીકારવા આગ્રહ કર્યો. વસ્તુપાળે એક સરત પૂર્વક[2] મંત્રીપદ સ્વીકાર્યું.

વસ્તુપાલ હવે એક સામાન્ય મનુષ્ય મટી ગુજરાતનો મહાન મંત્રી થયો. તેનું જીવન (૧) પ્રધાન તરીકે (૨) મહાન યોદ્ધા તરીકે (૩) પરદુઃખભંજન તરીકે (૪) કવિ તરીકે અને કવિના આશ્રયદાતા તરીકે અને (૫) ધર્મી તરીકે સંપૂર્ણ છે. હવે આપણે ટુંકાણમાં તેના જીવનની કારકીર્દિ જોઇશું.

પ્રધાન તરીકે.

આપણે પ્રથમ તેની પ્રધાન તરીકેની કારકીર્દિ જોઇએ. વસ્તુપાળચરિત્રકાર ટુંકમાં તેનું બહુ સારૂં બ્યાન આપે છે. તેનો સાર નીચે પ્રમાણે છે.

---

૧ મલદેવ વસ્તુપાલનો મોટો ભાઇ છે છતાં તેના જીવન સાથે અહીં સંબંધ નહિ હોવાથી માત્ર નામથી જ ઓળખાણ કરાવી છે.

૨ કે જ્યારે કોઇ ચાઢીયો પુરૂષ આપને અમારી વિરૂદ્ધ બોટું ભરમાવી જાય અને આપને કોપ આવે ત્યારે તમારે અમારૂં અત્યારે જેટલું દ્રવ્ય છે તે અને કુટુંબ સહિત રજા આપવી.

વસ્તુપાલે મંત્રીપદ લીધા પછી આખો રાજ્યકારભાર પોતાના કબજે કરી તેની બરાબર વ્યવસ્થા કરી. કારણ કે " પોતાના પગ નીચે બળતું પ્રથમ જોવું એ સજ્જન પુરુષનું કામ છે. " તેણે રાજ્યવ્યવસ્થા બરોબર કર્યા પછી પોતાની પ્રજાના બાનગી સુખ દુઃખ નીહાળી તેમનાં દુઃખ દૂર કરવા પ્રયત્ન આદર્યો. તેણે ગુજરાતની પ્રજાને ફરીથી સિદ્ધરાજ અને કુમારપાળ આદિ રાજવીઓની યાદી કરાવી. તેણે સંત પુરુષોને માન અને ખલ પુરુષોને દંડ આપી રાજ્ય નિષ્કંટક બનાવ્યું. જુના મંત્રીના વખતના કેટલાએક નોકરો પાખંડ અને લાંચીયા થઇ ગયા હતા. તેમની પાસેથી લાંચથી એકઠું કરેલું બધું ધન પાછું કઢાવી તે ધનથી તેણે સૈન્યમાં ભરતી કરી; અને જુના પૂજ્ય પુરુષનું પૂજન કરતા, વૃદ્ધોને તેમની યોગ્યતા પ્રમાણે માન આપી રાજ્ય ગુરુશ્રી સોમેશ્વર દેવને પ્રસન્ન રાખતા, ગુણવંત જનોને બહુ માન આપતા, ધાર્મિક જનોને વધાવતા, પ્રવીણ જનોને અગ્રેસર કરતા અને દુષ્ટ જનોને ભય બતાવતા. રાજ હંસની પેઠે રાજાના " માનસ " સરોવરમાં રમતાં યથાયોગ્ય રાજ્યવ્યવહાર કરતા અને દુર્જનોની તપાસ રાખતા. " સુમિત્રા " ને આનંદ આપનાર લક્ષ્મણની સાથે જેમ રામચંદ્રે સ્વકાર્યની સિદ્ધિ કરી તેમ પોતાના અનુજ બંધુ તેજપાલની સાથે વસ્તુપાલે પણ સ્વકાર્ય (મંત્રીપદ) ની સિદ્ધિ કરી. " તેના મનમાં એમજ હતું કે સજ્જનોનો સત્કાર કરવો અને દુર્જનોનો દંડ કરવો. ધન અને ધર્મની વૃદ્ધિ કરવી અને સર્વે લોકો ઉપર ઉપકાર કરવો એ રાજ્ય શાસનનો નિયમ છે." આ પ્રમાણે બીચારી પ્રજાને પીડનારા દુષ્ટ લક્ષ્મીથી મદોન્મત્ત બનેલા એવા અનેક પુરુષોનો મદ ઉતારી તેમને આમ્રવૃક્ષની પેઠે નમ્ર બનાવ્યા. આવી રીતે તે પ્રજાને સંતોષ પમાડવામાં કુશલ હતો તેમ પાકો મુત્સદ્દી પણ હતો. તેનું જવલંત ઉદાહરણ નીચે પ્રમાણે છે.

એક વખતે દીલ્હીના બાદશાહ મોજુદ્દીનની માતા મક્કે હજ કરવા પોતાના રાજ્યમાં થઇને બાનગી રીતે જતી હતી અને તેની ખબર મંત્રીને પડી એટલે તેણે તરતજ પોતાના ચરપુરુષો પાસે લુંટાવી. આમ હેરાન થઈ માટે રાજમાતા ફરીયાદ લઇને વસ્તુપાલ પાસે ગઇ. મંત્રીએ જાણે કાંઇ બન્યુંજ નહોય તેમ ઠાવકાઇ રાખી તેની બધી બીના સાંભળી લઇ તેને આશ્વાસન આપી પોતાને ત્યાં ઉતારો કરાવી લુંટનાર મનુષ્યોને પાસે બોલાવી ધમકાવી બધો માલ પાછો અપાવ્યો અને પછી પોતે પણ તેની સાથે ઠેઠ મક્કા યાત્રા કરવા ગયો અને ત્યાં જઇ કીંમતી મુક્તાફલનું એક તોરણ ચઢાવ્યું. પછી તે રાજ્યમાતા સાથેજ પાછો આવ્યો અને તેમના આગ્રહથી ઠેઠ દીલ્લી ગયો. પછી જ્યારે રાજ્યમાતાના મુખથી બધા સમાચાર બાદશાહે સાંભળ્યા ત્યારે તે બહુ ખુશી થયો અને વસ્તુપાલને એક ઉદાર અને પરોપકારી નર જાણી માન આપ્યું અને વસ્તુપાલ સાથે મૈત્રી બાંધી. આવી રીતે એક વીરોધી મુસલમાન બાદશાહ સાથે એક રાજના મંત્રી તરીકે મૈત્રી બાંધી પોતાના રાજ્યને નિષ્કંટક બનાવ્યું. ટુંકાણમાં એટલુંજ કે તેની મંત્રી તરીકેની કારકીર્દિ બહુ ઉત્તમ હતી. હવે આપણે તેનું યોદ્ધા તરીકેનું જીવન જોઇએ.

યોદ્ધા તરીકેનું જીવન

તે વખતના સૌરાષ્ટ્રના મદોન્મત્ત રાજવી સાંગણ અને ચામુંડકે જેઓ વીરધવળના સાળા થતા હતા તે બન્ને જણાએ એક સંપ કરી ગુર્જરેશ્વરની આજ્ઞા સ્વીકારવાની નાપાડી. વીર-

ધવલે સલાહને માટે ઘણાં કહેણ મોકલ્યાં. અંતે પોતાની સ્ત્રી સાંગણની બ્હેન જયલતાને પણ તેને સમજાવવા મોકલી. પરંતુ મદોન્મત્ત રાજવીએ તેનું માન્યું નહી અને ગુર્જરેશ્વરની પત્ની (પોતાની બ્હેન) નું અપમાન કર્યું. આનો બદલો લેવા વસ્તુપાલ મહારાણા વીરધવલ સહિત ત્યાં ગયો અને બહાદુરીથી લડી તે બન્ને ભાઇને માર્યા અને તેમના પુત્રોને ગાદીએ બેસાડી ગુર્જરેશ્વરને ડંકો વગડાવ્યો. આવી રીતે ભદ્રેશ્વર (કચ્છ) ના મહારાણા ભીમસિંહે ગુર્જરેશ્વરની આજ્ઞાનો અનાદર કર્યો હતો. વીરધવલે તેની પાસે ખંડણી માગી પરંતુ તેણે તે આપવાની ના પાડી તેનું મુખ્ય કારણ તો એમ હતું કે માળવાના રાજાના ત્રણ કુંવરો ત્યાંથી રીસાઇને પહેલાં ગુર્જરેશ્વર પાસે ગયા હતા અને ત્યાં નોકરીની માગણી કરી અને પગારમાં એક લાખ દ્રમ્મ માગ્યા. ગુર્જરેશ્વરે તેની ના પાડી જો કે ખરી રીતે આ ત્રણે ભાઇઓને રાખી લીધા હોત તો રાજ્ય દૃષ્ટિએ લાભ હતો, કારણ કે એ ત્રણે ભાઈ બહુ યુદ્ધકુશલ અને બલિષ્ટ હતા.

પછી ત્રણે ભાઇ ત્યાંથી નિરાશ થઇ ભદ્રેશ્વરમાં ગયા અને ત્યાંના ભીમસિંહે તેમને રાખી લીધા. એ ત્રણે ભાઇની યુદ્ધકુશલતા અને બહાદુરીના બલથી ભીમસિંહને ગર્વ ચડયો અને તેથીજ ગુર્જરેશ્વરની આજ્ઞાનો તેણે અનાદર કર્યો હતો. ગુર્જરેશ્વર પોતે ત્યાં યુદ્ધ કરવા ગયો પરંતુ સૈન્ય થાકેલું હોવાથી પ્રથમ હાર ખાવી પડી. ત્યાં તો વસ્તુપાલ બીજી બાજુથી સૈન્ય લઇ ત્યાં આવી ચડયો. વસ્તુપાલના યુદ્ધકૌશલ્યની અત્યારે ખરેખરી કસોટી હતી. ગુર્જરેશ્વર હતાશ થયો હતો. શત્રુ એ ત્રણે ભાઇઓના બલથી બહુ જોમાં હતો અને વળી પેલા પણ શત્રુનાજ દેશમાં હતા. વસ્તુપાલે કપટથી સૈન્યને ચારે બાજુ વ્હેંચી નાંખી થોડા સૈન્ય સાથે યુદ્ધ આદર્યું. જ્યાં શત્રુ બરાબર મધ્યમાં આવ્યો કે તેની ચારે બાજુથી સૈન્યે મારો ચલાવ્યો. આ ચારે બાજુના મારે ભીમસિંહના સૈન્યમાં ભંગાણ પાડયું. અંતે ભીમસિંહ હાર્યો, મરાયો અને ગુર્જરેશ્વરનો વિજય થયો. તેના છોકરાને ગાદીએ બેસાડી ગુર્જરેશ્વરની આણ પ્રવર્તાવી ત્યાંથી વિજયલક્ષ્મી સહિત પાછો રાજધાનીમાં આવ્યો.

હજી તો યુદ્ધમાંથી હમણાંજ વસ્તુપાલ આવ્યો ત્યાં તો ખબર સાંભળી કે ગોધરાના રાજા ધુધરે ગુર્જરેશ્વરની ધુંસરી ફેંકી દઇ સ્વતંત્ર રીતે પ્રજાને ત્રાસ આપવા માંડયો છે. ગુર્જરેશ્વરે નીતિ પ્રમાણે દૂતદ્વારા ખબર આપી પરંતુ તે મદોન્મત્ત બનેલા રાજવીએ કાંઇ માન્યું નહિ અને સાથે પોતાના દૂતદ્વારા કાજળ કાંચળી અને સાડી ગુર્જરેશ્વરને માટે ભેટ મોકલી અને સાથે પત્ર લખી ગુર્જરેશ્વરનું આખી ગુજરાતનું સખ્ત અપમાન કર્યું. ગુર્જરેશ્વર આ જોઇ ચકિત થયો. તેની આંખમાંથી અંગારા ઝરવા માંડયા. તેણે પોતાની લાલચોળ આંખો સભામાં ફેરવી કે કોઇ વીર પુરુષ ઉઠે; પરંતુ તેની સભામાંથી તે મદોન્મત્ત બનેલા રાજવી સામે જવાની કોઇની હીંમત ન ચાલી ધુધરની હાક આખા ગુજરાતમાં બહુ સખ્ત હતી. તેણે ફરી વાર સભામાં જોયું પરંતુ કોઇ ન ઉઠયું. અંતે તેની નજર મંત્રી પર ઠરી. વસ્તુપાળ સમજી ગયો. તે બીડું ઝડપવા ઉઠયો અને તેણે હાકલ મારી. તેનામાં હજી પણ પોતાના પૂર્વજો (ક્ષત્રિઓ) નું લોહી ઉછળી રહ્યું હતું. તેની હાકલથી સભા ગાજી ઉઠી. પોતે બીડું સ્વીકારવાની હા પાડી. ત્યાં તો તેના નાનાભાઇ તેજપાલે તે

બીહું પોતાના ભાઇ પાસેથી ઝુંટવી લઇ પોતે તેનો સ્વીકાર કર્યો. આખી સભાએ, ખુદ ગુર્જરેશ્વરે તેને ધન્યવાદ આપ્યો. બીજે દિવસે સવારે તે નવું સૈન્ય લઇ ધુધર સામે ગયો. ધુધર તેનું સ્વાગત કરવા પહેલેથી જ તૈયાર હતો. જો કે લડાઇના બહાનાની જરૂર નહોતી છતાં તેજપાળે જતાં વેંતજ તેનું અમૂલ્ય એવું ગૌધનનું હરણ કર્યું. તેજપાળે સાપને ફરી છંછેડ્યો. લડાઇ શરૂ થઇ. ધુધર બળવાન હતો. સૈન્યસામગ્રી પણ તેની પાસે જબરી હતી. યુદ્ધના પહેલા ઉફાળામાં શત્રુ મદોન્મત્ત હોવાથી કંઇક જીતતો જણાયો, પરંતુ ઉફાળો તે ઉફાળો જ. તેજપાળે પેલા ઉફાળામાંજ શત્રુનું બળ માપી લીધું અને તેને નિર્બળ બનાવ્યો. બીજે દિવસે તેજપાળે સૈન્ય ગોઠવી વ્યૂહ રચ્યો. ધુધર તેમાં સપડાયો અને અંતે જીવતો પકડાયો. તેજપાળે કાજલ કાંચળી અને સાડી યાદ કરાવી તેને કાષ્ઠના પીંજરમાં પુર્યો. આવી રીતે ગુર્જરેશ્વરની આજ્ઞા પ્રવર્તાવી તેજપાળ તેનો અખૂટ ધનભંડાર લુંટી ઠોકાઇ થઇ શત્રુ સહિત રાજધાનીમાં આવ્યો. ગુર્જરેશ્વરે તેને બહુ સન્માનપૂર્વક પુરપ્રવેશ કરાવ્યો અને સભામાં પણ પુષ્કળ માન આપ્યું અને ધુધરને ગુર્જરેશ્વર માટે મોકલેલી કાજળ કાંચળી અને સાડી ભર સભા વચ્ચે તેને પરાણે પહેરાવી. માની ધુધરને આ અપમાન અસહ્ય લાગ્યું અને જીભ કરડી સભા વચ્ચે આપઘાત કરી મુવો. બીજાં છુટક યુદ્ધો પણ તેણે કર્યા હતાં પરંતુ તે એટલાં બધાં પ્રસિદ્ધ નથી. સામંતપાળ આદિના યુદ્ધો સામાન્ય છે એટલે તેનું વર્ણન હું નહી આપું. આવી રીતે સારા યુદ્ધવિશારદ તરીકે પણ તેની કીર્તિ બહુ સારી છે. તે ચુસ્ત જૈન ધર્મી હતો (કે જેના દાખલા આગળ આવશે) છતાં તે કાયર કે નિર્બળ નહોતો. અત્યારના કેટલાએક વાણીઆઓની દુર્બળતા જોઇ કોઇ કોઇ લેખક મહાશયો એમ ઠસાવવા માગે છે કે જૈનોએ હિંદુસ્તાનને અહિંસાનો ઉપદેશ આપી બાયલો કરી નાખ્યો છે. પરંતુ તે લેખક મહાશયો દીર્ઘદૃષ્ટિથી જોશે તો માલમ પડશે કે તેમના તે આક્ષેપમાં કેટલું સત્ય છે. વસ્તુપાળ, તેજપાળ તથા આગળ થયેલા સંપ્રતિ, આમ, કુમારપાળ, આદિ રાજાઓ તથા અભયકુમાર, વિમલ, ઉદો, મુંજાલ, આદિ મંત્રીઓનાં જ્વલંત ઉદાહરણ મોજુદ છે. ઘણા ચુસ્ત વાણીઆઓએ પોતાના દેશ માટે પોતાના રાજા માટે અને સ્વરક્ષણ માટે કલમની પેઠે તીક્ષ્ણ પાણીદાર તરવાર પણ ઉપાડી છે. માટે તેવો આક્ષેપ કરનાર લેખક મહાશયોને મારી નમ્ર પ્રાર્થના છે કે તેમણે આક્ષેપ કરતાં પહેલાં દીર્ઘદૃષ્ટિથી વિચાર કરવો. આ જરા વિષયાંતર થયું. હવે મુળ બાબત ઉપર આવીને આપણે પરદુઃખભંજન તરીકેની તેની કારકીર્દિ જોઇએ.

પરદુઃખભંજન તરીકે.

આપણે પ્રથમ જોઇ ગયા છીએ કે તેણે શઠ પુરુષોને શિક્ષા કરી સંત પુરુષોને સુખી કર્યા હતા. બીજી રીતે પણ ઘણાં મનુષ્યોને ગુપ્ત દાન આપી કાળનાં ગ્રાસમાંથી બચાવી લીધા હતા તથા વાવ કુવા સરોવર તથા પરબ આદિ મંડાવીને પણ પોતાની પરદુઃખભંજકતા દેખાડી છે.

એક વખત ખંભાતમાં આકાશના સૂર્ય સમાન અભિમાનનું પુતળું અને સત્તાના અવતાર સરખા અને લક્ષ્મીના મદથી મદોન્મત બનેલા અને રણાંગણમાં વીરરત્ન સરખા સદીક નામના વેપારીએ ખંભાતની પ્રજાને બહુ પીડા કરવા માંડી. તેની બીકથી

પ્રજા ત્રાસી રહી હતી. ત્યાં તો તેણે એક કરપીણ કામ કરી પ્રજાને દુઃખનો એક વધારે પ્રસંગ ઉભો કર્યો. તેણે ત્યાંના એક પ્રખ્યાત સમૃદ્ધિવાન્ અને પોતાના ભાગીદાર નગરશેઠને એક ક્ષુદ્ર ગુન્હા માટે તેનાં ઘરબાર લુંટી લઇ તેનું ખાનગીરીતે ખુન પણ કરાવ્યું. પ્રજા આ સાંભળી ત્રાસી ગઇ આ દુઃખદાયક બીના જણાવવાને તેનો પુત્ર રાજધાનીમાં ગયો અને ત્યાં જઈ મંત્રીને અથ થી ઇતિ સુધી બધી બીના કહી સંભળાવી. મંત્રીને આ સાંભળી ઘણો ખેદ થયો. તેને વિચાર થયો કે રાજ્યના એક પ્રતિષ્ઠિત અને ધનવાન ગ્રહસ્થને એકદમ હેરાન કરવો તેની લાજ લેવી તે ઉચિત નહી. તેથી તેણે તેને ખાનગી રીતે સમજાવવા પ્રયત્ન કર્યો; પોતે જાતે ત્યાં ગયો તેને સમજાવ્યો. પરંતુ ધનથી મદોન્મત બનેલા સદીકે મંત્રીને યુદ્ધનું આવાહન આપ્યું. સદીકને સંખરાજાએ સૈન્યની મદદ આપી. યુદ્ધ શરૂ થયું. સંખરાજા પોતે પણ આવ્યો પરંતુ તે ટકી શકયો નહિં. વસ્તુપાળે એક કાંકરે બે ઘા માર્યા. એક રાજદ્વારી શત્રુને માર્યો અને બીજા સદીકને પણ માર્યો. તેનું બધું ધન લુંટી લઇ. રાજધાનીમાં પહોંચતું કર્યું[૧]. ગુર્જરેશ્વર આથી બહુ પ્રસન્ન થયો અને વસ્તુપાળને સભામાં ત્રણ બીરૂદ આપ્યાં (૧) સદીકકુલસંહારી (૨) સંખમાનમર્દન (૩) અને રાજેંદ્રસ્થાપનાચાર્ય. આવી રીતે પરદુઃખભંજક તરીકે તેની કારકીર્દિ પુરી કરી કવિ તરીકેની તેની કારકીર્દિ તરફ વળીએ.

કવિ તરીકે.

કવિ તરીકેની વસ્તુપાળની ખ્યાતિ ઘણે સ્થળે મળી આવે છે. પોતે જ પોતાના કાવ્યમાં પોતાને સરસ્વતી પુત્ર તરીકે ઓળખાવે છે. ગિરનારના એક મંદિરની એક પ્રશસ્તિમાં પણ તેને કાવ્ય દેવીના પુત્ર તરીકે વર્ણવ્યો છે, તથા કવિચક્રવર્તી આદિ ઘણાં બીરૂદોથી તે મહાકવિ વિભૂષિત હતો. સોમેશ્વર દેવ જેવા ચુસ્ત હીંદુઓ પણ તેને એક સારા કવિ તરીકે વર્ણવે છે અને તેણે વસ્તુપાળને આબુની પ્રશસ્તિમાં પણ શ્રેષ્ઠ કવિ તરીકે વર્ણવ્યો છે. આવીજ રીતે અલંકારમહોદધિના કર્તા જણાવે છે કે કાવ્યશાસ્ત્રની સુંદર રચના માટે વસ્તુપાળને પણ માન ઘટે છે. તેની કૃતિઓમાં નરનારાયણાનંદ મહાકાવ્ય કે જે સોળ સર્ગનું છે અને તેમાં કૃષ્ણ અને અર્જુનની મૈત્રી, તેમનો ગિરનાર ઉપર આનંદવિહાર, સુભદ્રાહરણ આદિ સુંદર રચના કરી છે. તે અને તેવાં બીજાં વર્ણનો જેવાં કે સૂર્યોદય, ચંદ્રોદય, શહેર, રૈવત, રાજા, પુષ્પાવચય, આદિવર્ણન બહુ સારી રીતે કર્યા છે. આ ઉપરાંત તેની બનાવેલી સુક્તીઓ પણ બહુ વખણાય છે. તેની સુક્તીઓ છુટક છુટક ઘણાં કાવ્યોમાં આવે છે. આદિનાથ સ્તોત્ર પણ તેણે રચ્યું[૨] છે. આ મહાકવિની બીજી પણ કૃતિઓ હોય તો ના ન કહેવાય. વસ્તુપાળમાં એક વિદ્વાન તટસ્થ ટીકાકાર તરીકે તથા કાવ્યોના ગુણદોષ પરિક્ષક તરીકે

---

૧ તેની સંખ્યા આ પ્રમાણે છે. પાંચ હજાર સુવર્ણની ઇંટો, ચૌદસો ઘોડી અને રત્નભાંડેક અને મોતીના થાળ ભરી ભરી ધન હતું.

૨ સીયાજીરાવ સીરીજમાં નરનારાયણાનંદ મહાકાવ્ય છપાયું છે અને તેમાં તેની સુક્તીઓ આદિનાથ સ્તોત્ર તથા વસ્તુપાળકીર્તિ પ્રબંધોનો પણ સાર કહેવો છે.

અસાધારણ શક્તિ હતી. તે કાવ્યકળાનો બહુ પ્રશંસક હતો. તેને કવિઓ ઉપર બહુ માન હતું. પોતે કવિઓની કદર પણ સારી રીતે કરી જાણતો. રાજ્ય કવિ હરિહરની ઈર્ષા સોમેશ્વર ઉપર ઝુઝુમતી હોવા છતાં જ્યે સોમેશ્વર દરબારમાં સ્થાન પામ્યો હોય તો તે કવિપૂજક વસ્તુપાળના જ રૂડા પ્રતાપ હતા.

તેની કવિઓ તરફની દાનવીરતા એટલી બધી પ્રસિદ્ધ હતી કે તે "લઘુ ભોજરાજા" નું બીરૂદ પામ્યો હતો. તેનું બીજું નામ વસંતપાળ હતું કે જે નામ સોમેશ્વર અને હરિહરે આપ્યું હતું અને તેથી જ બાલચંદ્ર કવિએ તેની પ્રશંસારૂપે સુંદર કાવ્ય રચ્યું હતું. આવી રીતે જેમ તે કવિ તરીકે પ્રસિદ્ધ હતો તેમ કવિઓના આશ્રયદાતા તરીકે પણ તે પ્રસિદ્ધ હતો. હરિહર, સોમેશ્વર, દામોદર, નાનક, જયદેવ, મદન, વીકળ, અને કૃષ્ણસીંહ આદિ કવિઓનો તે આશ્રયદાતા હતો. આ સિવાય ઘણા કવિઓ અને ભાટ ચારણોનો પણ તે આશ્રયદાતા હતો. તેણે તેમાંના ઘણાને ધનવાન બનાવ્યા હતા. તેની આ દાનવીરતા-ને લીધેજ એક કે બીજે કોઈ પ્રસંગ આવી પોતાના આશ્રયદાતાનું નામ અમર રાખતો તેની પ્રશંસારૂપે ઘણાં કાવ્યો રચાયાં છે જેવાં કે સોમેશ્વરની કીર્તિકૌમુદી વગેરે. બીજાં છુટાં કાવ્યોમાં તથા અરિસિંહનાં સુકૃતસંકીર્તનમાં તેની દાનવીરતા તથા અસાધારણ પ્રરાક્રમનું વર્ણન આપ્યું છે. એજ રીતે હમીરમદમર્દન તથા ઉદયપ્રભકૃત ધર્મા-ભ્યુદય આદિ કાવ્યમાં તેના આશ્રિતોએ કાવ્યો રચી પોતાનું ઋણ પતાવવા કાંઇક પ્રયત્ન કર્યો છે. આવી રીતે કવિ તરીકે અને તટસ્થ ટીકાકાર તરીકે તથા કવિઓના આશ્રયદાતા તરીકે તેનો કીર્તિકલશ બહુ સારી રીતે શોભી રહ્યો છે. એક રાજ્યમંત્રી તરીકે અહો-નિશ કાર્યમાં ગુથાઇ રહ્યા છતાં તે એક મહા કવિ તરીકે પ્રશંસા મેળવે અને તેમાંય વળી તેના વિરોધીઓ સુદ્ધાંત તેની મહાકવિ તરીકે પ્રશંસા કરે એ એક આશ્ચર્ય તો છે જ. મને તો એમજ લાગે છે કે વસ્તુપાળ અદ્‌ભુત પ્રતિભાસંપન્ન પુરુષ હોવો જોઇએ. નહિતર દરેક કાર્યોમાં આટલી બધી પ્રશંસા મેળવવી એ અલભ્ય નહી તો મુશ્કેલ તો છેજ હવે આપણે તેની ધર્મી તરીકેની કારકીર્દિ જોઇએ.

ધર્મી તરીકે

ધર્મી તરીકે તે ચુસ્ત શ્રાવક હતો. તે શ્રાવકનાં બાર વ્રત તથા દરરોજ પ્રતિક્રમણ દેવપૂજા ગુરુપૂજા આદિ કાર્યો નિયમિત કરતો. તે સિવાય તે વખતના પ્રખર ધુરંધર આચાર્યો પાસે પણ તે દરરોજ જતો અને ઉપદેશ સાંભળતો. તેના કુલક્રમાગત ગુરુ શ્રી જયસેનસૂરી તથા તે વખતના સમકાલીન આચાર્યો શ્રી દેવપ્રભ-સૂરી, શ્રી નરચંદ્રસૂરી આચાર્ય શ્રી દેવેંદ્રસૂરી તથા નાગેંદ્રસૂરી આદિ આચાર્યો પાસે ઘણી વખત ઉપદેશ સાંભળવા જતો અને તેમના ઉપદેશથી તેણે ઘણાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો તથા આબુનાં જગપ્રસિદ્ધ મંદિરોમાં પણ અઢળક દ્રવ્ય વાપર્યું હતું. બીજાં પણ ઘણાં નવાં મંદિરો કરાવ્યાં હતાં. તેણે સાડા બાર વાર મોટા સંઘ કાઢી સંઘપતિની પદવીયુક્ત યાત્રાઓ કરી હતી.[૧] તપસ્યામાં પંચમી તપ, ચતુર્દશી આદિ તપસ્યા

૧ છેલ્લી તેરમી યાત્રા કરવા જતાં રસ્તામાં તે કાળગ્રસ્ત થયો હતો એટલે બાર આખી અને તેરમી અધૂરી એમ થઇ સાડાબાર યાત્રા તેણે કરી હતી.

કરી તેનું ઉજમણું પણ બહુ સારી રીતે કરતો. તેણે ઉદયપ્રભસૂરિનો આચાર્ય પદવીના સમારંભ ઉપર પણ બહુ સારૂં દ્રવ્ય ખરચ્યું હતું અને તે વખતથી દર વરસે એક ક્રોડ દ્રમ્મ શ્રાવકોને આપવાનો તેણે નિયમ કર્યો હતો.

તે ધર્મી હતો છતાં ધર્માંધ નહોતો. તેણે કોઇ પણ ધર્મ ઉપર અન્યાય થતો જોઇ યોગ્ય ઇન્સાફ આપ્યો છે તો પછી પોતે તો અન્યાય કરે જ શાનો ? તેણે અન્ય ધર્મીઓનાં મંદિરો પણ ઘણાં બંધાવ્યાં છે તેણે ૩૨૦૦૦ બીજા ધર્મવાળાનાં દેવગૃહ કરાવ્યાં હતાં અને સવા લાખ શિવલિંગ કરાવ્યાં હતાં, તથા ૭૫૦ બ્રહ્મશાળાઓ કરાવી હતી.

આવી રીતે જેણે અપૂર્વ પરાક્રમ કરી રાજ્ય કારભાર ચાણક્યબુદ્ધિથી વહી ગુજરાતના રાણા વીરધવલના રાજ્યને મજબુત બનાવ્યું હતું. તેની વિદ્વત્તા તેની સત્તા અને શક્તિ કેવાં હતાં તેનો ખ્યાલ તેનાં અપૂર્વ પરોપકારી સાર્વજનિક કાર્યોથી અને આબુ ઉપર બંધાવેલાં જગવિખ્યાત મંદિરો જોવાથી આવે છે. તે દરેક સંપ્રદાયના પક્ષમાં સહાનુભૂતિ દર્શાવતો અને પ્રજાનું હૃદય આકર્ષવાને માટે તે કેટલો આતુર હતો તેનો ખ્યાલ તેણે મુસલમાનોને માટે બંધાવેલી મસીદો નીહાળતાં આપણને આવે છે. તેના કીર્તિલેખો, પરોપકારી કૃત્યો, અને સાર્વજનિક કાર્યો તથા અનેકવિધ પ્રશસ્તિઓ બસોથી અઢીસો શિલાલેખો ચતુર્વિંશતિ પ્રબંધ, પ્રબંધ ચિંતામણી, કીર્તિકૌમુદી, સુકૃતસંકીર્તન વગેરેમાંનાં તેનાં કીર્તિ સ્તવનોએ તેને અમર કર્યો છે. વસ્તુપાળના અવસાન પછી વસ્તુપાલના પુત્રની અભિલાષાના અંગે બાલચંદ્ર મહાકવિએ વસંતવિલાસ રચી તેની કીર્તિ અમર કરી છે. તેમજ મુનિજિનહર્ષરચિત વસ્તુપાળચરિત્ર આદિ સાહિત્ય જોવાથી તેના જીવનમાં કોઇક અનેક ઓજસ ઝળહળી ઉઠે છે. હવે હું ટુંકાણમાં તેણે કરેલાં કાર્યોની નોંધ લઇ વિરમીશ.

તેણે ૧૩૧૩ જિન ચૈત્ય નવાં કરાવ્યાં તથા ૩૩૦૦ જિનમંદિરોનો ઉદ્ધાર કરાવ્યો હતો. સવાલાખ પ્રતિમા, એક લાખ શિવલિંગ, ૩૨૦૦ અન્ય ધર્મવાળાંનાં મંદિરો, ૭૫૦ બ્રહ્મશાલાઓ, ૭૦૧ તપસ્વીઓને રહેવાના મઠ, ૭૦૦ દાનશાલાઓ, ૯૮૪ ઉપાશ્રયો તથા ૮૪ સુંદર સરોવરો, ૪૬૪ વાવ્યો, ૧૦૦ પુસ્તકાલયો[1] તથા ૧૦૦ તપસ્વીઓને માટે વરસાશન બાંધી આપ્યું હતું; ૩૦ નવા દીક્ષા બંધાવ્યા હતા અને ૬૩ યુદ્ધ કર્યાં હતાં. આવી રીતે ટુંકાણમા તેના કાર્યોની નોંધ મેં લીધી છે. જો કે આથી વધારે નોંધ વસ્તુપાળચરિત્રમાં મળે છે, પરંતુ લંબાણના ભયથી મેં નથી ટાંક્યું. વસ્તુપાલનું જીવન સુયોગ્ય મંત્રી તરીકે મહાન યુદ્ધવિશારદ તરીકે પરદુઃખભંજન તરીકે કવિ તરીકે અને સારા ધર્મી તરીકે સંપૂર્ણ છે.

આવા સુનિપુણ મનુષ્યોચિત જીવન પરિપૂર્ણ કરી પોતાની કીર્તિ રૂપી ગંગાને ત્રિલોકમાં ભમાવીને જ્યારે પોતે છેલ્લીવાર યાત્રા કરવા સંઘ સહિત નીકળ્યો ત્યાં રસ્તામાંજ તેને વ્યાધિ થયો. અંતે તે વ્યાધિ પ્રાણઘાતક નીકળ્યો અને ત્યાં તે સંવત ૧૨૯૮ માં સ્વર્ગે ગયો.

ભલે તેનો નાશવંત દેહ નાશ પામ્યો હોય પરંતુ તેના નિર્મળ આત્મોદ્ગાર તો નિર્મળ નભોમંડલના ચમકતા તારાની પેઠે જ્વલંત ભાવે પ્રકાશી રહેલ છે અને તેની કીર્તિ " અમરગીના શુભ્ર પ્રવાદની જેમ " ચો તરફ કૈલાશ અમરસ્થાન ભોગવી રહેલ છે–રહેશે.

---

૧ તેણે પોતાને ઘેર ખાનગી પણ જબરજસ્ત પુસ્તકાલય કરાવ્યાં હતાં.

જૈન રાજાઓ.



(લેખક—આચાર્ય મુનિ ન્યાયવિજયજી)

૧ મહારાજા ચેટક–ચેડા.

જૈન સાહિત્યમાં વૈશાળીનો ચેટક રાજા શ્રી મહાવીરસ્વામીના પરમ ભક્ત તરીકે બહુ પ્રસિદ્ધ છે તેવીજ રીતે વ્યવહારિક પ્રસંગોથી પણ તેની ખ્યાતિ પ્રસિદ્ધ છે. એ પ્રસિદ્ધિનું પ્રથમ કારણ તો શ્રી મહાવીર સ્વામીની માતા ત્રિસલા ચેટકરાજાની બેન થતી હતી અને શ્રી મહાવીર સ્વામીના મોટાભાઇ નંદીવર્ધન સાથે ચેટકની વચલી પુત્રી–જ્યેષ્ઠાનાં લગ્ન થયાં હતાં જેમ મહાવીર સ્વામી સાથે તેને ઘાટો સંબંધ હતો તેમ ભારતના તે વખતના પ્રસિદ્ધ પ્રસિદ્ધ રાજાઓ સાથે પણ તેને સારો સંબંધ હતો.

સિંધુસૌવીરનો રાજા ઉદાયન, અવંતિનો રાજા પ્રદ્યોત, કૌશંબીનો રાજા શતાનિક, ચંપાનો રાજા દધિવાહન, મગધનો રાજા અને રાજગૃહનો સમ્રાટ શ્રેણિક આદિ તેના જમાતા થતા હતા. તેમજ બૌદ્ધ અને જૈન સાહિત્યમાં પ્રસિદ્ધિ પામેલ અજાતશત્રુ (કોણિક) તેનો દૌહિત્ર થતો હતો.

મહારાજા ચેટક બહુ ચુસ્ત જૈનધર્મી હતો અને તેણે પ્રતિજ્ઞા કરી હતી કે પોતાની પુત્રીઓનું કન્યાદાન જૈન રાજાઓ સિવાય બીજા કોઇને ન આપવું. તે પ્રતિજ્ઞા તેણે દેહ સુધી પાળી હતી. તેણે શ્રેણીકને પોતાની પુત્રી ન આપવાથી શ્રેણીકે તે કન્યાનું હરણ કર્યું હતું અને પરણ્યો હતો. જૈન સૂત્રોમાં ચેટક રાજા માટે છુટક છુટક ઉલ્લેખો ઘણે સ્થળે મળી આવે છે તેમાંથી થોડા દાખલા અત્રે ટાંકું છું. જૈનોના આગમમાં ગણાતા આવશ્યક સૂત્રની ચૂર્ણીમાં નીચે પ્રમાણે ઉલ્લેખ મળે છેઃ—

भगवतो मायात्ति चेडगस्सभगिनी, भो (जा) यीई चेढगस्सधुया

અર્થઃ—

" ભગવાન મહાવીર સ્વામીની માતા તે ચેટકની ભગિની હતાં અને મહાવીર સ્વામીની ભોજાઇ તે ચેટકની પુત્રી હતી. " આ ઉલ્લેખ ધ્યાનમાં રાખીને ત્યાર પછીના બીજા ગ્રંથકારોએ પણ ચેટકને મહાવીર સ્વામીના મામા તરીકે ઓળખાવ્યા છે. જૈનોના પ્રથમ ગણાતા સૂત્ર આચારાંગમાં મહાવીર સ્વામીના જીવનની ઓળખાણ આપતાં નીચે પ્રમાણે ઉલ્લેખ કરેલ છેઃ—

यथा–समणस्सं भगवओ महावीरसअमावासोट्ठसकुला तिसेणंतिनि नामधिज्जा एव भाही जन्ति. तन्जहा तिसला इवा विदेहदिन्ना इवा प्रियकारिणी इवा (આચારંગ સૂત્ર, આગમોદય સમિતિ દ્વારા પ્રકાશિત. પૃ. ૪૨૨).

અર્થ:—

સમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીની માતા જેનું વાસિષ્ઠ ગોત્ર હતું તેનાં ત્રણ નામ હતાં. ત્રિસલાદેવી, વિદેહદિન્ના, અને પ્રિયકારિણી.

મહારાજા ચેટકને પોતાના પૌત્ર સમર્થ સમ્રાટ્ કોણીક સાથે એક ખુનખાર લડાઇ થઇ હતી. તેનું મુખ્ય કારણ જૈન ગ્રંથકારો નીચે પ્રમાણે આપે છે.

શ્રેણીકને અમુક કારણસર કોણિક દેખે પ્રસન્ન થઈ અમુલ્ય કુંડલ અને એક ગંધ હસ્તી ભેટ આપ્યો. શ્રેણીકે તે વસ્તુ પોતાની સ્ત્રીને આપી અને તેમણે પોતાના પુત્રને આપી.[૧] શ્રેણીકના મરણ પછી કોણીક ગાદી ઉપર આવ્યો અને તેણે સત્તાના મદથી પોતાના ભાઇ ઉપર હુકમ કર્યો કે હસ્તિ અને કુંડલ મને સ્વાધીન કરો. ખરો હકદાર હું જ છું. બંને ભાઇઓએ રોકડું પરખાવી દીધું કે પિતાએ અમને હસ્તિ અને કુંડળ આપ્યાં છે અને તમને રાજ્ય આપેલું છે એટલે તે વસ્તુઓમાં તમને કંઈ લાગે વળગે નહિ. આથી કોણીક ખીજ્યો અને તેમને મારવા પ્રયત્ન કરવા માંડયો. બંને ભાઇ ત્યાંથી પોતાના માતામહ પાસે ગયા. ચેટકે પોતાનાં દૌહિત્રોને આશ્વાસન આપી પોતાના આશ્રિત તરીકે રાખ્યા. કોણીકે પોતાના માતામહ પાસે ભાઇની માગણી કરી પણ બહાદુર ક્ષત્રિય રાજાએ જવાબ આપ્યો કે આશ્રિતોનું રક્ષણ કરવું એ અમારી ફરજ છે. આ સાંભળી કોણીકને ક્રોધ ચડયો અને મોટું સૈન્ય લઇ ધુમતો યુદ્ધ કરવા આવ્યો. ચેટકને વિચાર થયો કે દૌહિત્રને મારીને રાજ્ય મેળવવું એ પણ એક જાતનું કલંક છે. અંતે તેણે લાચારીથી યુદ્ધ માંડયું. બંને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. અને યુવાન રાજા કોણીકે કપટથી પોતાના માતામહને હરાવ્યો. તેને છાતીમાં બાણ મારી ભૂમિ ચાટતો કર્યો. ચેટક રાજા દૌહિત્રના હાથે મરાયો.[૨] કોણીકને આથી વિશેષ ધિક્કાર મળ્યો. તેણે પિતાને માર્યો, માતામહને માર્યો અને અંતે ભાઇને પણ માર્યા.

જૈન સૂત્ર ગ્રંથોમાં ચેટક રાજા માટે છુટક છુટક ઘણા લેખો મળે છે પરંતુ આ મહાન રાજાને હિંદના ઐતિહાસિક રાજા તરીકેનું હજી સ્થાન પ્રાપ્ત થયું નથી. કોઇ જૈન વિદ્વાન્ મહાશય આ રાજાને બહાર લાવવા શુભ પ્રયત્ન કરશે એમ આશા છે. આ સિવાય બીજા ઘણા રાજાઓ છે કે જેમનાં નામ જૈન ઇતિહાસ સિવાય આપણે બીજે સ્થાને સાંભળ્યાં નથી.

તા. ૬. ચેટક રાજા માટે સાહિત્યપ્રેમી આચાર્ય શ્રી જિનવિજયજી તરફથી "વૈશાલીનો ગણસત્તાક રાજ્યનો નાયક રાજા ચેટક" નામનો લેખ પુરાતત્ત્વમાં શરૂ થયો છે. તેમાં તેમણે તે રાજાને ઐતિહાસિક દૃષ્ટિએ સિદ્ધ કરવા બહુ સારો પ્રયત્ન કર્યો છે. આચાર્ય શ્રીને સાથે સાથે એટલી પણ વિશેષ વિનંતી છે કે ક્રમશઃ બીજા જૈન રાજાઓના સંબંધમાં કંઇક જાણવા જેવું બહાર પાડે.

---

૧ અથવા તો એમ પણ મળે છે કે પોતાના મોટા પુત્રને રાજ્ય અને નાના કુંવરને કુંડલ અને હસ્તિ આપ્યાં.

૨ ચેટક રાજા કોણીથી મરાણા નથી. તેણે અનશન કરીને કુવામાં પડતું મુક્યું હતું.

મહારાજા ઉદાયન (અન્તિમ જૈન રાજર્ષિ.)

સિંધુ સૌવીરના આ પ્રખ્યાત રાજાના સંબંધમાં જૈન સૂત્રોમાં ઘણે સ્થળે ઉલ્લેખો મળે છે. આ રાજા અન્તિમ જૈન રાજર્ષિ તરીકે પ્રસિદ્ધ છે તેમજ મહારાજા ચેટકના જમાતા તરીકે પણ પ્રસિદ્ધ છે. આ રાજર્ષિ માટે જૈનોના અતિપવિત્ર આગમ-સૂત્ર શ્રી ભગવતીજીમાં નિચે પ્રમાણે ઉલ્લેખ મળે છેઃ—

तेणं कालेणं समयेणं सिंधुसैवीरेसु जणवएसु वीतीभए नाम नगरे होत्था. । तस्सणं वीतीभयस्स नगरस्स बहिया उत्तरपुरच्छिमे दिसीभाए एत्थणं मियवणं नामं उज्जाणे होत्था । तत्थणं वीतीभए नगरे उदायणे नामं राया होत्था...तस्स...रन्नो प्रभावती नामं देवी होत्था...तस्स णं उदायणरस रन्नो पुत्ते प्रभावतीए देवीए अत्तए अभीति नामं कुमारे होत्था.।...तस्सणं उदायणस्स रन्नो नियए भायणेज्जे केसी नामं कुमारे होत्था ।... से णं उदायणे राया सिंधु सैवीरप्पामेक्खाणं सोलसण्हं जणवयाणं वीतीभयप्पामोक्खाणं तिण्हं ते सट्ठिणं नगरागर सयाणं महासेणप्पामोक्खाणं दसण्हं राइणं बद्ध भाउ डाणं विदिन्नछत्तचामरबालवीयाणं तेसिं च बहूणं राईसरतलवर जावसत्थवाहप्पभिईणं आहेवच्चंजाव कारेमाणे पालेमाणे समणेवासए अभिगयजीयाजीवे जावविहरइ । (આગમોદય સમિતિદ્વારા પ્રકાશિત ભગવતી. પૃ ૬૧૮.)

તે કાલ અને તે સમયમાં સિંધુસૌવીર નામના દેશમાં વીતિભય નામે એક શહેર હતું, તે શહેરની ઉત્તર-પૂર્વ બાજુએ મૃગવન નામે ઉદ્યાન હતું. તે વીતિભય શહેરમાં ઉદાયન નામે રાજા હતો. તે રાજાને પ્રભાવતી નામે પટરાણી હતી. તેને અભિત નામે પુત્ર હતો. તે ઉદાયન રાજાને કેસી નામે એક કુમાર ભાણેજ હતો. તે ઉદાયન રાજા સિંધુસૌવીર આદિ સોળ જનપદ, વીતિભય આદિ ત્રણસો ત્રેસઠ નગર અને આકર (ખાણ) તથા મહાસેન આદિ દસ મોટા મુકુટબદ્ધ રાજાઓનો, તેમજ બીજા અનેક નગર રક્ષક, દણ્ડનાયક, શેઠ, સાર્થવાહ આદિ જનસમૂહનો સ્વામી હતો. એ શ્રમણોપાસક અર્થાત જૈન શ્રમણોનો ઉપાસક હતો, અને જૈન શાસ્ત્ર પ્રતિપાદિત જીવ અજીવ આદિતત્ત્વ-પદાર્થનો જાણકાર હતો ઇત્યાદિ.

આ સૂત્ર ઉપરથી સમજાય છે કે તે બહુ ધર્મયુક્ત અને જૈન દર્શનનો યથાર્થ જ્ઞાતા હતો. આ સૂત્રમાં લખ્યું છે કે તે મહાસેન પ્રમુખ દસ મુકુટબદ્ધ રાજાઓ તેના આજ્ઞાંકિત હતા. મહાસેન સિવાય બીજા નવ રાજાઓનાં નામ ક્યાંય જોવામાં આવ્યાં નથી. મહાસેન જેનું બીજું નામ ચંડપ્રદ્યોત છે તે તેનો આજ્ઞાંકિત કેવી રીતે બન્યો તેનો ઉલ્લેખ જૈન સૂત્રોમાંથી નીચે પ્રમાણે મળે છે અને તેનો ઉલ્લેખ આચાર્ય શ્રી જિનવિજયજીએ પુરાતત્ત્વમાં આપ્યો છે, તેનો ટુંકાણમાં ઉતારો આપું છું.

" એક વખતે કેટલાએક મુસાફરો સમુદ્રની યાત્રા કરતા હતા ત્યાં રસ્તામાં અચાનક તોફાન થવાથી તેમનાં વહાણ એક ખરાબે ચડ્યાં અને કોઈ રીતે આગળ વધે નહિ તેથી

લોકો બહુ ગભરાયા. તેમની આ દશા નજીકના એક દેવના જોવામાં આવી. તેણે પોતાની શક્તિથી વહાણ બહાર કઢાડયું અને તેણે લોકોને પોતે બનાવેલી એક ચંદનમય શ્રી મહાવીર દેવની પ્રતિમા લાકડાની એક પેટીમાં પેક કરીને આપી અને કહ્યું કે આ પેટીમાં દેવાધિદેવની મુર્તિ મુકેલી છે; એના માહાત્મ્યથી તમે સહિસલામત પાર ઉતરી જશો. થોડા દિવસમાં વહાણ સિંધુસૌવીરના કાંઠે આવ્યું અને અહીં તેમણે તે પેટી પ્રતિમા સહિત ઉતારી મુકી અને તે પ્રતિમાને ઉદાયનની રાણી પ્રભાવતીએ પોતે ઘેર એક ચૈત્ય બનાવી પધરાવી અને હંમેશાં તેની પૂજા કરવા લાગી.

રાજા જો કે પહેલાં તાપસધર્મી હતો પરંતુ પાછળથી જૈન થયો હતો અને ધીમે ધીમે આ નવી આવેલી પ્રતિમા ઉપર બહુ શ્રદ્ધાવાળો થતો ગયો. એક દિવસે રાણી નાચ કરતી હતી અને પોતે વીણા વગાડતો હતો તે વખતે રાજાની દૃષ્ટિમાં રાણીનું માથું દેખાયું નહિ તેથી રાજા બહુ ગભરાયો અને તેના હાથમાંથી વીણા વગાડવાનો ગજ સરકી પડયો. રાણીના તાલમાં ભંગ થવાથી ગુસ્સે થઇ બોલી કે સ્વામિન્ મારી કંઇ ભૂલ થઇ કે જેથી તમે એકદમ વીણા વગાડવી બંધ કરી દીધી? રાણીના આગ્રહથી રાજાએ બનેલી બીના કહી. આ સાંભળી રાણી સમજી ગઇ કે મારૂં આયુષ્ય થોડું છે માટે કંઇક આત્મસાધન કરવું એમ સમજી દીક્ષા લેવા માટે સ્વામીની રજા માગી, ત્યારે રાજાએ તું મરીને દેવી થા તો મને બોધ કરવા આવજે એમ કહી દીક્ષા લેવાની રજા આપી. રાણી દીક્ષા લઇ થોડા વખતમાં મૃત્યુ પામી સ્વર્ગલોકમાં ગઇ અને ત્યાં જઇ તેણે સ્વર્ગમાંથી આવીને રાજાને સદ્‌બોધ કર્યો અને રાજા ત્યારથી ધર્મ ઉપર વધારે દૃઢ મનનો થતો ગયો.

રાણીના મરણ પછી તે મુનિની પૂજા તેની એક વિશ્વાસુ કુબડી દાસી નિયમિત કરતી હતી. એક વખતે દર્શનને માટે આવેલા કોઇક દેવે પ્રસન્ન થઇ તેને એક સુવર્ણ ગુટિકા આપી અને તેના પ્રતાપથી તે કુબડી મટી સુડોળ અને કંચનવર્ણી કાયાવાળી થઇ. દાસીનાં રૂપનાં વખાણ ચોતરફ ફેલાયાં અને અવન્તિનાથ ચંડપ્રદ્યોતે પણ તે સાંભળ્યાં. દાસીનાં રૂપનાં વખાણ સાંભળી તેના રૂપ ઉપર તે મોહિત થયો અને તેને પરણવાને માટે પેરવી રચી. પછી એક દિવસે બાનગી રીતે કુબડી દાસીના કહેવા પ્રમાણે એક નવી બનાવટી પ્રતિમા લઇ તે ત્યાં આવ્યો. દાસીએ પેલી નવી પ્રતિમા જુની પ્રતિમાને સ્થાને મુકી પેલી પ્રભાવશાળી જુની પ્રતિમા સાથે ઉપાડી લીધી. રાજાને આ વાતની ખબર બીજે દિવસે પડી કે પ્રતિમા સહિત દાસીનું ચંડપ્રદ્યોત રાજા હરણ કરી ગયો છે. તેણે ચંડપ્રદ્યોત પાસે તેની માગણી કરી પરંતુ ગર્વિષ્ટ અવન્તિનાથે તે આપી નહિ. ઉદાયને કહ્યું કે તું દાસીને લઇ ગયો તેની મને ચિન્તા ઓછી છે પણ પ્રતિમાને તું પાછી મોકલાવી દે. પરંતુ તેણે કંઇ માન્યું નહિ. પછી ઉદાયન રાજા પોતાના મોટા સૈન્ય સાથે લડાઇ કરવા તેની સામે ગયો. અવન્તિનાથ તેનું સન્માન કરવા તત્પરજ હતો. બે શત્રુ જોગા મળ્યા. ઉદાયને અવન્તિનાથને કહ્યું કે સૈન્યોનો ઘાણ કઢાડવા કરતાં આવી જાઓ આપણે બન્ને એકલા લડીએ. અવન્તિનાથે તે કબુલ કર્યું. બન્ને જણા રણાંગણમાં આવ્યા પરંતુ થોડી વાર પછી તરતજ અવન્તિનાથ હાથી ઉપર બેસી ગયો અને લડાઇ કરવા માંડી. ઉદાયને જરા પણ વિચાર કર્યા સિવાય

ઉભાં ઉભાં લડવા માંડયું. તેણે પોતાના ભાલાથી શત્રુના ગજનાં કુંભસ્થલ ઉપર ભાલા માર્યો. હાથી હેઠો પડયો કે તરતજ ઉદાયને બહાદુરીથી શત્રુની અંબાડીમાં પેસી તેને જીવતો કેદ કર્યો. અવન્તિનાથ ભાગ્યો; તેના સૈનિકોએ નાસ ભાગ કરી પછી ઉદાયને શત્રુનું રાજ્ય સંભાળ્યું. અને રાજકેદી-ચંડપ્રદ્યોતને સાથે લઇ પોતાના દેશભણી આવવા નીકળ્યો. રસ્તામાં તેને ચોમાસું નડવાથી એક મોટા મેદાનમાંજ જુદા જુદા કીલ્લા બાંધી સૈન્ય વિશ્રાંત માટે રહ્યું.

ત્યાં પર્યુષણ પર્વ આવ્યાં. ઉદાયન રાજા ચુસ્ત જૈન હતો એટલે સંવત્સરી[૧] ને દિવસે પોતાના શત્રુ રાજાને[૨] પણ ઉદાર દિલથી માફી આપવા છોડી દીધો.

પોતે ઘેર આવ્યા પછી એક વખતે જગદુદ્ધારક શ્રી વીરપ્રભુના ઉપદેશથી દીક્ષા લીધી અને પોતે ધીમે ધીમે ઉપદેશને માટે અન્ય સ્થળે વિહાર કરવા લાગ્યો. સાધુપણામાં નિરંતર તપસ્યાના કારણથી તેના દોષણ શરીરને વ્યાધિ થયો. વૈદ્યોએ તેને દહીં ખાવાનું કહ્યું અને તે ગ્રન્થમાં રહ્યો. એક દિવસે પોતે પોતાની રાજધાનીમાં ગયો. ત્યાં તેના ભાણેજના મંત્રીઓએ તેના ભાણેજને ખોટું ભરમાવ્યું કે ઉદાયન દીક્ષાથી કંટાળી રાજ્ય લેવા આવ્યો છે. તેના ભાણેજે પહેલાં તો કંઇ માન્યું નહિ પરંતુ તેઓએ તેને સમજાવ્યું કે તે વાત સાચી છે ત્યારે તેણે કહ્યું કે રાજ્ય તેમનું છે ને લઇ લે તો કંઇ વાંધો નથી. તેઓએ કહ્યું કે રાજધર્મ એવો નથી. અને તેમણે એમ નક્કી કર્યું કે તેને વિષ આપવું પછી એક ગોવાલણ પાસે દહીંમાં ઝેર અપાવ્યું. રાજા ત્યાંથી મૃત્યુ પામી સ્વર્ગે ગયો. રાજાના મૃત્યુથી ત્યાં નજીકના નગરદેવતા બહુ કુપિત થયા અને તેણે ધુળનો વરસાદ વરસાવી એક કુંભાર કે જે ઉદાયનની ભક્તિ કરતો હતો તેના સિવાય આખા ગામને દાટી દીધું. અત્યારે પણ તે ધુળનો ઢગલો મોજુદ છે.[૩]

૨ મહારાજા શ્રેણીક

મહારાજા શ્રેણીક અત્યારે જીવંત રૂપે નથી; તે તો આજથી ૨૫૦૦ વરસ પહેલાં થઇ ગયા; છતાં તેની કીર્તિ જૈન સમાજમાં અત્યાર સુધી જ્વલંત ભાવે પ્રકાશી

---

૧ જૈનોનો અતિ પવિત્ર દિવસ મનાય છે. તે દિવસે લોકો પોતાનાં આખા વર્ષનાં પાપોનું પ્રાયશ્ચિત કરે છે અને જેની સાથે કંઇ પણ બોલાચાલી થઇ હોય તેને ખુલ્લા દિલથી ખમાવે છે-માફી માગે છે.

૨ જ્યારે ઉદાયને ચંડપ્રદ્યોતને હરાવ્યો ત્યારે "દાસીપતિ" શબ્દ કપાલમાં લખ્યા હતા, પરંતુ જ્યારે એક સધર્મી તરીકે તેને છોડયો ત્યારે તે શબ્દો ન દેખાય તેને માટે તેના કપાલમાં એક પટ્ટબંધ બાંધ્યો હતો. ઉદાયને ચંડપ્રદ્યોતને એક સધર્મી બંધુ જાણી છોડી દીધો હતો અને તેનું મુખ્ય કારણ એમ હતું કે તેણે પણ સંવત્સરીને દિવસે ઉપવાસ કર્યો હતો.

૩ આ હકીકત માટે વધુ જાણવા ઇચ્છનાર મહાશયે આવશ્યક ચૂર્ણિ આદિ ગ્રંથો જોવા તસ્દી લેવી.

રહી છે. જૈનોના અંતિમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીના પરમ ભક્ત તરીકે એક ન્યાયી પ્રજાપાલ તરીકે અને યુદ્ધવિશારદ તરીકે તેનાં યશોગાન જૈન સૂત્રો અને ગ્રંથોમાંથી, હેમચંદ્રાચાર્ય-ના પર્વમાં તથા શ્રેણીકચરિત્ર આદિ કથામાં જૈન ત્યાગી મુનીવરો–આચાર્યોએ આદર-ભાવથી ગાયાં છે એ જ તેની કારકીર્દિ જણાવવાને ખરાં સાધનભૂત છે.

હાંદના એક ઐતિહાસિક રાજા તરીકેની કીર્તિ તથા તેનું નામ જૈન ગ્રંથોમાં જેટલું પ્રસિદ્ધ છે તેટલું બૌદ્ધ ગ્રંથોમાં પણ અજાતશત્રુના પિતા તરીકે ઘણે સ્થળે મળી આવે છે. છતાં આ પુરુષ હાંદના પ્રાચીન રાજાઓના ગણમાં એટલો બધો પ્રસિદ્ધ નથી કે જેટલો જૈન અને બૌદ્ધ ગ્રંથોમાં પ્રસિદ્ધ છે. જો કે અત્યારે આ રાજાને ઐતિહા-સિક દૃષ્ટિએ સિદ્ધ કરવાનો સમય નથી, એટલે હું અત્યારે તે સંબંધી ચર્ચા કરવા નથી ઇચ્છતો, છતાં આ રાજાના એક નજીકના સગા મહારાજા ચેટક અને શ્રેણીકને શો સંબંધ હતો અને એ ચેટક કોણ હતો તેનું વર્ણન ટુંકાણમા આપીશ તો અસ્થાને નહિ ગણાય. મહારાજા ચેટક તે વખતનો એક સુપ્રસિદ્ધ રાજા હતો અને તેની રાજધાનીનું મુખ્ય શહેર વિશાલ નગરી હતું. તેને સાત કુંવરી હતી તેમાં ચેલણા બધાથી નાની હતી. તેને આપણો ચરિત્રનાયક શ્રેણીક હરણ કરી પરણ્યો હતો, એટલે શ્રણીક ચેટક રાજાનો જમાઇ થાય. તેની પોતાની પ્રથમ પુત્રી ઉદાયન સાથે પરણી હતી, બીજી ચંપાના દધિવાહનને, ત્રીજી મૃગાવતી કોસંબીના સેનાનિકને, ચોથી ઉજ્જયનીના પ્રદ્યોતને પાંચમી કુંડગામમાં મહા-વીર સ્વામીના મોટા ભાઇ નંદિવર્ધનને પરણાવી હતી. તેમાં છેલ્લીએ દીક્ષા લીધી હતી અને ચેલણાને શ્રેણીક રાજા હરણ કરી પરણ્યો હતો. આવી રીતે તે વખતના મુખ્ય મુખ્ય રાજા સાથે તેને સંબંધ હતો. (વંશ માટે જુઓ ભારતીય પ્રાચીન રાજ્યવંશો ભાગ ૧ લો.)

મહારાજા શ્રેણીક સાહસિક અને ધૈર્યવાન હતો. તેના પિતાનું નામ પ્રસેનજીત હતું. શ્રેણીકને બત્રીસ ભાઇ હતા તેમાં તેનો નંબર સૌથી છેલ્લો હતો. શ્રેણીકને એક ચક્રવર્તી રાજા થવાની યોગ્યતા હતી. તે નાનપણથી જ હોશીયાર હતો. તેના પિતાએ પુત્રની યોગ્યતા પહેલેથી જ જોઈ લીધી હતી. પિતાએ બધામાંથી રાજ્યને યોગ્ય કોણ છે તેની બારીક તપાસ કરવા માંડી. આપણે તેનાં થોડાંક દૃષ્ટાંતો જોઇશું તો અસ્થાને નહિ ગણાય. એક વખતે રાજ્યમહેલમાં અગ્નિ દેવે કૃપા કરી બધી વસ્તુઓનું ભક્ષણ કરવા માંડયું. પિતાએ કહ્યું કે આ અગ્નિ દેવના મુખમાંથી જે મનુષ્ય જે વસ્તુ બચાવી લે તે વસ્તુ તેની. ઘણા મનુષ્યો આ લાભ લેવા જીવના જોખમે પણ ઝુક્યા અને તેમાં રાજાના બત્રીસ કુંવરો પણ તે લોભ ન છોડી શક્યા. કુમારોમાંથી કોઇએ નવલખો હાર તો કોઇ હીરા મોતીનો હાર, તો કોઇએ કિંમતી કુંડલ આદિ લઇ લીધાં, પરંતુ શ્રેણીકે યુદ્ધની ભંભા લીધી.[૧]

બધાએ શ્રેણીકની અમુલ્ય તથા તેમના મનથી તુચ્છ વસ્તુ માટે તેની હાંસી મશ્કરી કરી. આવીજ રીતે એક બીજી પરીક્ષા કરી તેમાં પણ શ્રેણીક પ્રથમ નંબરે ઉતર્યો છતાં તેના પિતાએ તો તેની ગૂઢ મશ્કરીજ કરી. તેણે બધા કુમારોને થોડા થોડા દેશના સુબા નીમ્યા પરંતુ શ્રેણીકને પોતાની રાજધાનીમાં જ રાખ્યો. જો કે પિતાની ઇચ્છા તો

૧ આ એક જાતનું યોદ્ધાઓને શૂર ચઢાવનાર વાજીંત્ર છે.

એવી હતી કે શ્રેણીક રાજા થવાને સર્જેલો છે માટે તેને અહીંઆંજ રાખવો. શ્રેણીકને આ વાતની ખબર નહોતી એટલે અભિમાની શ્રેણીકને ઘણું ખોટું લાગ્યું અને પોતે પોતાનું ભંભા નામનું કીંમતી વાજીંત્ર લઇ ત્યાંથી છાનો માનો ચાલી નીકળ્યો. રસ્તામાં પોતાનું ક્ષાત્ર તેજ પ્રકાશતો તે રાજવી ત્યાંથી બેનાતીમાં ગયો અને ત્યાં એક વણિકની દુકાને જઇ પોતાનો ઉતારો કર્યો. તે ઉદાર દિલના વાણીઆએ અમુક નિમિત્તથી તેનું ભાગ્ય તપાસી પોતાને ઘેર ઉતારો આપ્યો અને તેને પોતાની કુંવરી પણ પરણાવી. હવે પોતે ત્યાં પોતાના ભાગ્યની પરિસીમાના બળથી એક રાજવી તરીકે સુખ ભોગવવા લાગ્યો.

હવે આ બાજુ તેના પિતાએ પણ શ્રેણીકની ઘણી તપાસ કરાવી. પહેલાં તો તેનો પત્તો ન લાગ્યો. વૃદ્ધ પિતાને પોતાની ભુલ ઉપર ઘણો પસ્તાવો થયો. અન્તે તપાસ કરતાં માલુમ પડયું કે શ્રેણીક ત્યાં બેનાતીમાં મજા ઉડાવે છે. પછી પુત્રવત્સલ પિતાએ તેને એક માણસ દ્વારા એક ગુઢ શ્લોકથી ખબર આપી અને તેમાં પોતે અંતમાં જણાવ્યું કે હવે હું છેલ્લી ઘડી તારું મુખ જોઉં કે જેથી મારા આત્માને શાંતિ મળે. પિતાપ્રેમી પુત્રને આ વાંચી ઘણું દુઃખ થયું અને પોતાની ભુલ પોતે જાણી ઘણો પસ્તાવો કર્યો, અને તે જ સમયે પોતાની સ્ત્રી જેને ગર્ભ રહ્યો હતો તેને પોતાના સસરાના આશ્રયે મુકી તેની સપ્રેમ રજા લઇ પોતાના વતન તરફ રવાના થઇ ગયો.

ત્યાંથી મજલ દર મજલ કરતો જલ્દી તે પોતાના પિતા પાસે ગયો. જ્યારે તે તેના પિતાને મળ્યો તે વખતે તેનો પિતા અંતિમ સ્થિતિએ હતો–મરવાની અણી પર હતો. તેણે પોતાના પુત્રનું મુખ જોઇ રાજી થઇ પોતાનું સમગ્ર રાજ્ય શ્રેણીકને આપ્યું અને સાથે સાથે કહ્યું કે તારા વડીલ ભાઇઓને પણ યોગ્ય સન્માનપૂર્વક સાચવજે. આવી ભલામણ કરી પુત્રને ચુંબી સ્નેહાળ પિતા સ્વર્ગે સિધાવ્યો.

શ્રેણીકને કંઇક આશ્ચર્ય તો થયું કે હું તો એમ સમજતો હતો કે પિતાનો મારા ઉપર પ્રેમ નથી અને મને તો રાજ્ય આપ્યું. પરંતુ તેને પછી માલુમ પડયું કે પોતેજ સમજવામાં ભૂલ કરી હતી. પોતાને પોતાની ભૂલ અને પિતાના શોક માટે ઘણું ખોટું લાગ્યું અને અમુક દિવસ સુધી તો પોતે ઘરબહાર પણ ન નીકળ્યો. પછી મંત્રીઓએ ખુબ સમજાવી તેને રાજકારભાર સોંપ્યો. શ્રેણીકે પોતાના હાથમાં રાજકારભાર લઇ તેની બરાબર સંભાળ લીધી અને આખા રાજને સંતોષ પમાડયા પછી પોતે વિજયયાત્રા કરવા નીકળ્યો.

તેણે પિતાએ જીતેલા દેશો ઉપરાંત બીજા પણ કેટલાએક રાજાઓને જીત્યા હતા. પરંતુ તે વખતનો સુપ્રસિદ્ધ મહારાજા ચેટક તેની આજ્ઞા નહોતો માનતો. બે રાજાઓ બહાદુર, બળવાન, અને વૈર્યમાં એક સરખા હતા એટલે બેમાંથી કોઇ એક બીજાની આજ્ઞા નહોતો માનતો, તોપણ એ બન્ને મિત્રો તરીકે રહેતા હતા. આ સંબંધ શ્રેણીક સુધી જ ચાલ્યો હતો.

મહારાજા શ્રેણીક જેમ સારો યોદ્ધો હતો તેમ પંડિતો ઉપર પણ તેને સારો પ્રેમ હતો. તે પંડિતોને બહુ સારું માન આપતો અને પોતાના મંત્રીઓ તરીકે વિદ્વાન અને

ડાહ્યા પુરુષોને જ રાખતો. એમ કહેવાય છે કે તેને ૫૦૦ મંત્રીઓ હતા.[1] તેમાં પણ ૪૯૯ મંત્રીઓ કરતાં છેલ્લો મંત્રી શ્રી અભયકુમાર કોઈક અલૌકિક પ્રતિભાસંપન્ન પુરુષ હતો. તે મહારાજા શ્રેણીકનો મોટો છોકરો થતો હતો. મહારાજા શ્રેણીકે એક વખતે પોતાના પાડોશી અને મિત્રરાજા ચેટકની પુત્રી સુજ્યેષા કે જેના રૂપનાં વખાણ દેશોદેશમાં બહુ પ્રસરી રહ્યાં હતાં તેનું માગું કર્યું પરંતુ ચેટક રાજાને તે વાત પસંદ ન પડી અને તેણે તે માટે શ્રેણીકનું અપમાન કર્યું.

શ્રેણીકને ચેટકની મૈત્રી તોડવી ન ગમી પરંતુ તેને કન્યા ન મળી તેના કરતાં પણ અપમાનથી બહુ દુઃખ થયું. તેણે વિચાર કર્યો કે ગમે તેમ કરી અપમાનનો બદલો લેવો. તેનું શરીર ચિન્તામાં અને ચિન્તામાં ગળવા લાગ્યું. આ ખબર તેના પુત્ર અને મહામંત્રી અભયકુમારને મળ્યા. તેણે પિતાને કહ્યું કે હું ગમે તેમ કરી તમને ચેટકની પુત્રી મેળવી આપીશ આપ ચિન્તા ન કરો.

અભયકુમાર એક વેપારીનો વેશ લઈ શ્રેણીક રાજાની સુંદરમાં સુંદર તાદૃશ છબી ચિતરાવી વિશાલા નગરીમાં એક અત્તરના મહાન્ વેપારી તરીકે ગયો, અને રાજમંદિર પાસે પોતાનો વેપાર ચલાવ્યો. તેણે દુકાનોમાં ચારે બાજુ બધી છબીઓ ગોઠવી અને વચમાં ચૂડામણિ સરખા શ્રેણીકની છબી મૂકી. પછી દરરોજ આ સુજ્યેષાની દાસી તેની પાસે તેલ અત્તર આદિ લેવા આવે ત્યારે પોતે તે છબીને પગે લાગે ફૂલ ચડાવે. દાસીએ પૂછ્યું કે આ છબીને તમે શું કરો છો ? એટલે તેણે કહ્યું કે એ અમારા રાજા શ્રેણીક છે. તે દાસીએ તે છબી જોવા માગી ત્યારે તેણે કહ્યું કે અમારા રાજાનું અપમાન ન થાય તેવી રીતે ખુશીથી લઈ જાવ. પછી દાસી તે છબી સુજ્યેષા પાસે લઇ ગઈ. સુજ્યેષા શ્રેણીકનું અદ્‌ભુત રૂપ જોઈ તેના ઉપર મુગ્ધ બની. તેને શ્રેણીકને પરણવાનું મન થયું અને પોતે પગે ચાલી અભયકુમાર પાસે આવી કહ્યું કે મને તમારા રાજાના ગુણ સાંભળવાનું મન થયું છે. બુદ્ધિનિધાન અભયે તે યથાયોગ્ય વર્ણવી બતાવી આપ્યું અને સુજ્યેષાને ખાતરી કરી કે આ મને લાયક વર છે. તેણે અભયને ખાનગીમાં કહ્યું કે મને શ્રેણીક પાસે લઈ જાવ. અભયકુમારે વિશાલા નગરીની બહાર ખંડેરથી માંડી કેક શ્રેણીકની રાજધાની રાજગૃહ સુધી મોટી સુરંગ ખોદાવી. શ્રેણીકને બોલાવ્યો. શ્રેણીક બત્રીસ સુભટો સહિત ત્યાં ગયો અને સુરંગ બહાર જઈને જોયું તો સુજ્યેષા અને ચેલણા બંને બહેનો ત્યાં ઉભી હતી. શ્રેણીકને સુજ્યેષા પરણવી હતી, પરંતુ નાની બહેનને સુજ્યેષા પર બહુ હેત હોવાથી તેના આગ્રહથી તે ત્યાં આવી હતી. શ્રેણીકે કહ્યું કે તમે રથમાં બેસી જાવ; ત્યાં સુજ્યેષાને કંઈક સાંભરી આવ્યું હોય તેમ તેણે કહ્યું કે હું ઘેર ઘરેણાનો કંડીઓ ભુલી ગઈ છું. માટે લઇ આવું ત્યાંસુધી અહીં થોભો. સુજ્યેષા ઘેર ગઇ, પાછળ શ્રેણીકના સુભટોએ કહ્યું કે શત્રુરાજ્યમાં નિર્ભય રીતે વધારે વખત રોકાવું ઠીક નથી માટે ચાલો. શ્રેણીક ચેલણાને લઈ ત્યાંથી ચાલી નીકળ્યો. થોડી વારમાં સુજ્યેષા પાછી આવી પરંતુ ત્યાં

---

૧ તેને ૫૦૦ મંત્રીઓ હોય તે વાત લગાર અસંભવિત લાગે છે. પરંતુ એમ હોય ખરૂં કે તેની સભાના ૫૦૦ સભ્યો હોય અને તેઓ તેને રાજકાર્યમાં મદદ આપતા હોય અને તેથી જ તેમને મંત્રી કહ્યા હોય તો તેમાં કાંઈ અયોગ્ય નથી.

તો કોઇ ન હતું. તે ગભરાઈ ગઇ અને તેણે ખુમ પાડી કે મારી બહેનને શ્રેણીક લઇ ગયો. બહાદુર ચેટકરાજા આ સાંભળી ત્યાં આવ્યો. શ્રેણીક તો પોતાના સુભટોથી ઘણે આગળ નીકળી ગયો હતો. તેને પછવાડે શું થાય છે તેની ખબર ઘણી મોડી પડી. તેના સૈનિકો લડયા અને બહાદુર બત્રીસ સુભટો મરાયા. ત્યાં રાજગૃહની હદ આવી એટલે ચેટકરાજા હાથ ઘસી પાછો વળ્યો.

શ્રેણીકરાજા ચેલણાને પરણ્યો તે પહેલાં બુદ્ધ ભગવાનનો પરમ ભક્ત હતો. પરંતુ ચેલણા જૈન હતી અને તેના ઉપદેશથી તેને પરમ કારુણિક શ્રી મહાવીર સ્વામી ઉપર શ્રદ્ધા બેઠી અને તે તેમની પાસે ઉપદેશ સાંભળવા જતો. ધીમે ધીમે તે ચુસ્ત શ્રાવક થયો અને તેણે ગાર્હસ્થ દીક્ષા સ્વીકારી. પોતાના રાજ્યમાં પણ તેણે જૈન ધર્મનો ફેલાવો સારો કર્યો હતો. એ તો કહેવાય જ છે કે **यथा राजा तथा प्रजा.** આ કથની બરાબર સાચી છે. તેને જૈન સાધુઓ ઉપર એટલો બધો હાર્દિક પ્રેમ હતો કે કોઇ એક બેટી રીતે એમ કહે કે અમુક સાધુની આ ભૂલ છે તોપણ તે માનતો નહિ; કારણ કે તેની ખાતરી હતી કે મહાવીર સ્વામીના શિષ્યમાં ભુલ ન હોઇ શકે. જેના ગુરુ સર્વજ્ઞ છે તેમના શિષ્યો ભુલ કેમ કરી શકે ?

શ્રેણીક રાજા બહુ ગુણગ્રાહી હતો. એક વખતે પોતે પોતાના સૈનિકો સહિત શ્રી મહાવીર પ્રભુને વંદવા જતો હતો ત્યાં રસ્તામાં એક કુતરાનું મૃત શરીર પડયું હતું. બધા સૈનિકો તેની તરફ થુંક્યા અને ઘૃણાની નજરે જોઇ ચાલતા થયા. શ્રેણીક રાજા કુતરાને જોઇ બોલ્યા કે મહંતોની દંતપંક્તિ કેવી સુંદર અને ઉજ્વલ છે ! આ સુંદર દાખલો તેની ગુણગ્રાહકતા માટે બસ થશે.

શ્રેણીક રાજાને પોતાની વહાલી સ્ત્રી ચેલણા રાણીથી કોણીક નામનો પુત્ર ઉત્પન્ન થયો. તે ગર્ભમાં હતો ત્યારથી જ તેની માતાને પોતાના પતિનું માંસ ખાવાની દુષ્ટ ઇચ્છા થઇ હતી. પુત્ર જન્મ્યો કે તરત જ તેણે તે પુત્રને દાસી દ્વારા ઉકરડામાં ફેંકાવી દીધો. શ્રેણીક આ ખબર સાંભળી બોલ્યો કે પુત્રને પાછો બોલાવો. દાસીએ તે પુત્રને પાછો આપ્યો ઉકરડામાં છોકરાની આંગળી કુકડે કરડી બાધી અને તેમાંથી લોહી નીકળતું હતું. પુત્ર-વત્સલ શ્રેણીકે પુત્રની તે આંગળી મુખમાં નાખી તેને શાંત કર્યો અને આજ પુત્ર અંતે તેનો ઘાતક નિવડયો. કોણીક લાલનપાલનથી ધીમે ધીમે મોટો થયો. તે જેવો યોગ્ય અવસ્થાએ પહોંચ્યો કે તરત જ તેને રાજ્ય મેળવવા ઉત્કંઠા વધી. રાજના લોભી પુત્રે અંતે વૃદ્ધ પિતાને કેદ કર્યો અને વળી થોડું બાકી હોય તેમ તેણે પિતાને મીઠાના પાણીમાં બોળેલ કોરડાનો માર મારવો શરૂ કર્યો. અને બોરાકમાં પણ બહુ જ તુચ્છતા વાપરવા માંડી. કોણીકની માતા પતિની આ સ્થિતિ જોઇ ઘણી દિલગીર થઇ પરંતુ પુત્ર પાસે તેનું કાંઇ ચાલતું નહિ.

એક વખતે કોણીક જમવા બેઠો હતો ત્યાં તેનો નાનો બાળુડો આવ્યો અને મુતર્યો, છતાં કોણીકને કંઈ ઘૃણા ઉત્પન્ન ન થઇ અને પોતે ગર્વથી માતા પાસે બોલ્યો કે મારા જેવો કોઇને પુત્રપ્રેમ હશે ખરો ? તેની માતાએ નિર્ભય પરંતુ શાંત ચિત્તે કહ્યું કે આથી પણ તારા ઉપર તારા પિતાનો ઘણો પ્રેમ હતો. તું જન્મ્યો ત્યારે મેં તને ઉકરડામાં નાખી દીધો હતો છતાં તેમણે તને પાછો મંગાવી તારી લોહીવાળી આંગળી મોંમાં નાખી તને રડતો છાનો

રાખ્યો હતો તેનો અત્યારે તો તું તારા પિતા ઉપર પૂર્વનો ક્રોધ બદલો આપતો હોય તેમ જણાય છે. કોણીક આ સાંભળી શરમાયો અને પોતે પોતાના હાથમાં કુહાડી લઇ પિતાનું પીંજર તોડી નાખી છોડાવવા ઉઘ્યો. રાજકેદી શ્રેણીક કોણીકની આવી ક્રૂર અવસ્થા જોઇ બીતો કે રખે પુત્ર મને મારી નાખશે! શ્રેણીકને મૃત્યુનો ભય ન હતો છતાં રખેને પુત્રને હાથે પિતૃ-હત્યા થાય તે તેને ઉચિત ન લાગ્યું એટલે પોતે પોતાના હાથે મરવું ઠીક ધારી પોતાની પાસે હાથમાં રહેલ હીરાની વીંટી ચુસી મરી ગયો. કોણીકે જોયું કે પરિણામ બહુ ખરાબ આવ્યું. તેને પિતાનો પ્રેમ સાંભરી આવ્યો અને તેણે ઘણું કલ્પાંત કર્યું. પરંતુ તે રાંડયા પછી ડહાપણ લાવવા જેવું હતું એટલે તેનું રુદન નિષ્ફળ ગયું. કોણિક પિતૃહત્યાનો ભડાન્ ભોગી થયો અને તેથી બૌદ્ધ અને જૈન ઇતિહાસમાં તેને એક નૃશંસ નર તરીકે આલેખ્યો છે. આવી રીતે મહારાજા શ્રેણીકનું જીવન મેં ટુંકાણમાં દેખાડયું છે. વિશેષ જોવા ઇચ્છનાર મહાશયે શ્રેણીકચરિત્ર તથા અભયકુમારચરિત્ર ઇત્યાદિનું અવલોકન કરવું.

૩ સમ્રાટ્ સંપ્રતિ

બૌદ્ધ સમ્રાટ્ અશોકના પૌત્ર સંપ્રતિના નામથી જૈનસમાજમાં શ્વેતામ્બર, દિગમ્બર, કે ઢુંઢક પંથમાં પણ કોઇ અજાણ્યો નહિ હોય. આ મહાન્ રાજાએ તો જૈન ધર્મને દિગંતવ્યાપી કર્યો છે. જેમ અશોકે બૌદ્ધ ધર્મ સ્વીકારી તે ધર્મને તેણે રાજધર્મ કર્યો હતો તેમ તેના પૌત્ર સંપ્રતિએ જૈન ધર્મ સ્વીકારી તેના સત્ય સનાતન સિદ્ધાંતોને વિશ્વવ્યાપી બનાવી રાજધર્મ તરીકે ફેલાવ્યો હતો.

તેનું જન્મ સ્થલ.

મહારાજા સંપ્રતિનો જન્મ મરૂ દેશ-મેવાડમાં ઉજ્જયનીમાં થયો હતો. તેના પિતાનું નામ કુણાલ કે જે સમ્રાટ્ અશોકનો પાટવી કુંવર હતો. તે કમનસીબ કુણાલ પોતાના પિતાનું વિસ્તૃત રાજ્ય ભોગવવા ભાગ્યશાળી થયો નહોતો. જૈનસમાજમાં આને માટે એક દંતકથા ચાલે છે તે નીચે પ્રમાણે છે.

મહારાજા સમ્રાટ્ને તેમની પટરાણીથી કુણાલ નામનો મુખ્ય પુત્ર થયો હતો. તે જન્મ્યો ત્યારથી ઉજ્જયનીમાં જ પોતાની માતા સાથે રહેતો, અને ત્યાંજ ઉછરતો મોટો થયો. ઉજ્જયનીના રાજા—સમ્રાટના સુબાએ અશોકને ખબર આપ્યા કે કુમારની ઉમ્મર ભણવા લાયક થઇ છે માટે તેનો યોગ્ય બંદોબસ્ત થાય તો ઠીક. અશોક આ વાંચી ઘણો ખુશી થયો અને તેણે એક પત્ર સુબા ઉપર લખ્યો. તેમાં લખ્યું કે તેના ઉપર બરાબર ચોકસાઇ રાખી તેને રાજ્યધર્મ બરાબર શીખવાડવો તેમજ બીજી પણ યોગ્ય સુચના તે પત્રમાં લખી અને કુમારને પણ લખ્યું કે **कुमारेण अधीयतां** ' ભણવાને માટે પ્રયત્ન કરવો. ' આ પ્રમાણે પત્ર લખી કવરમાં બીડી તેને બરાબર મ્હોર છાપ મારી સિવાય પોતાને ઉતાવળ હોવાથી બીજા કાર્યમાં ચાલ્યો ગયો. આ વાતની ખબર કુણાલની

ઓરમાન માતાને પડી. તેણે વિચાર્યું કે "યુવરાજ કુણાલ છે અને મારો પુત્ર યુવરાજ નથી માટે એવો ઉપાય કરૂં કે ભવિષ્યમાં મારો પુત્ર ગાદીએ બેસે અને હું રાજમાતા તરીકે પૂજાઉં." આ પ્રમાણે દ્વેષથી તેણીએ તે કવર ઉઘાડી પત્ર વાંચી જ્યાં **कुमारेण अधीयतां** લખ્યું હતું ત્યાં તેણીએ એક મીંડું વધારી **कुमारेण अंधीयतां** લખ્યું. થોડી વાર પછી સમ્રાટ આવ્યો અને તેણે તે પત્ર ફરી વાર વાંચ્યા સિવાય કવરને મજબુત પેક કરી ઉપર મ્હોર છાપ મારી એક બેપીઆ સાથે જલ્દી રવાના કરી દીધું. બેપીઆએ તે કવર જઇને ત્યાંના સુબાને આપ્યું. તેને આ પત્ર વાંચી ઘણો બેદ થયો. તેણે પત્ર અડધો કરી કુમારને વંચાવ્યો, પરંતુ કુમારે આખો પત્ર વાંચવાની હઠ લીધી. અંતે બલાત્કારે તે પત્ર તેણે વાંચ્યો અને **कुमारेण अंधीयतां** તે પણ વાંચ્યું. વિનયી પુત્રે વિચાર્યું કે પિતાની આજ્ઞા મારાથી કેમ લોપાય? હિંદના રાજાઓ પણ જેની આજ્ઞા નથી લોપતા અને અમારા વંશમાં કોઇએ પણ પિતાની આજ્ઞાનો લોપ નથી કર્યો, તો પછી હું મારા પિતાની આજ્ઞાનો લોપ કેમ કરી શકું? સુબાએ ઘણી ના પાડી, છતાં કુમારે લોઢના ઉના ઉના સળીયા આંખમાં ચાંપી દીધા અને પિતાની આજ્ઞા પાળી—સાથે પોતાનું જ્વલંત દૃષ્ટાંત પણ જગત આગળ રજુ કર્યું. સમ્રાટ અશોકને આ સાંભળી ઘણું આશ્ચર્ય થયું અને પોતે વાંચ્યા વિના પત્ર મોકલ્યો માટે પોતાને ઘણો બેદ થયો.

હવે કુણાલે અંધ અવસ્થામાં પોતાના પિતા પાસે જવું ઉચિત ન ધાર્યું. પોતે પોતાની દુઃખી જીંદગીના દિવસો ત્યાંજ ગાળવા લાગ્યો. ધીમે ધીમે તેને પોતાનું દુઃખ ઓછું થવા લાગ્યું. પછી તેણે સંગીતનો અભ્યાસ શરૂ કર્યો. ધીમે ધીમે તે સારા ગવૈયા તરીકે અને વિવિધ જાતનાં વાજીંત્ર વગાડનાર તરીકે તૈયાર થયો. તેણે દેશ દેશના સારા સંગીત-શાસ્ત્રીઓને બોલાવી તેમની પાસે જુદી જુદી જાતના ઘણા અનુભવો મેળવ્યા.

હવે તેણે દેશાન્તરમાં પોતાની કીર્તિનો વાવટો ફરકાવવા જુદા જુદા વેશે દેશાટન શરૂ કર્યું. બધે સ્થળે વિજય પામતો પોતાની વિજયપતાકા ફરકાવતો અશોકની રાજધાની પાટલી પુત્ર (પટના) ગયો. સમ્રાટે તેને ઓળખ્યો નહિ, પરંતુ કુણાલનું એક સારા ગવૈયા તરીકે ખુબ સન્માન કર્યું. બીજે દિવસે કુણાલે રાજસભામાં પોતાના પિતાને મુખ દેખાડયા સિવાય લાલ પડદો નખાવી ગાવાનું શરૂ કર્યું. સમ્રાટ પોતાના મંત્રીઓ સેનાધિપતિ અને સારા શેહીઆઓ સહિત ત્યાં હાજર હતો. કુણાલે એક પછી એક જુદી જુદી સુંદર ચીજો ગાઇ બતાવી. પછી જ્યારે બરાબર રંગ જામ્યો એટલે તેણે પોતાની આત્મકથા ગાઈ. સમ્રાટને પુત્ર સાંભર્યો. પુત્રની વાર્તા તાજી થઈ તેને એમ લક્ષી લાગ્યું કે આ પોતાનો પુત્ર કુણાલ છે. પછી પોતે કહેવડાવ્યું કે પુત્રે પિતા પાસે હાજર થવું પરંતુ કુણાલે તે વાત સ્વીકારવા ના પાડી. પછી સમ્રાટે કહ્યું કે તમારી ધીરજ, શૌર્ય, પાંડિત્ય જોઇ હું ખુશી છું. મૌર્ય વંશના કુંવરને આવી જ ઉદારતા ઘટે. તમારે માગવું હોય તે ખુશીથી માગો. કુણાલે સમય જોઈ પિતાનું સિંહાસન અને તાજ માગ્યું. પિતાએ કહ્યું કે તમે અંધ છો પછી રાજ્ય કેવી રીતે કરશો? ત્યારે તેણે કહ્યું કે મારે એક નાનો પુત્ર છે તેને રાજ્ય આપો. તે રાજ્ય ચલાવશે. પછી સમ્રાટ અશોકે ખુશી થઇ તે બાળકને પોતાને હાથે રાજતિલક કર્યું. આ બાળકને નાનપણથી ગાદી મળી એટલે તેનું નામ સંપ્રતિ પડયું.

હવે ધીમે ધીમે સંપ્રતિ ઉમ્મર લાયક થયો. તેનામાં નાનપણથી રાજાને યોગ્ય ગુણો બહુ સારી રીતે ખીલ્યા હતા. સમ્રાટ્ અશોકના મરણ પછી સંપ્રતિએ રાજની લગામ હાથમાં લીધી.

ગાદીએ બેઠા પછી થોડા સમયમાં નિર્ગ્રંથ ગચ્છના મુકુટમણિ સરખા આચાર્યવર્ય શ્રીઆર્યસુહસ્તિ મુનિનો તેને મેલાપ થયો. એક વખતે પાટલિપુત્રમાંથી રથયાત્રાનો મહાન વરઘોડો નિકળતો હતો અને સંપ્રતિ પોતાના મહેલના ગોખમાં બેઠો હતો તેને એ વરઘોડાની ભવ્યતા જોઈ ઘડીક વિચાર થયો. ત્યાં તેણે પોતાના પૂર્વના ગુરુ જોયા. તેને ખાત્રી થઇ કે એ મારા જ ગુરુ છે એટલે પોતે ગોખમાંથી નીચે ઉતર્યો. આચાર્ય શ્રી પાસે આવી વંદન કરી પુછ્યું કે—ગુરુદેવ મને ઓળખો છો? ત્યારે આચાર્યશ્રીએ ઉત્તર આપ્યો —મૌર્યવંશના મુકુટમણિ સરખા તને કોણ નથી ઓળખતું? રાજાએ ફરી કહ્યું કે—પ્રભુ એમ નહિ. આપ વિચાર કરો—ત્યાં તો આચાર્યશ્રીએ જ્ઞાનબળથી તપાસી જોયું કે અરે, આ તો તે જ છે કે જેણે પૂર્વ ભવમાં મારી પાસે દીક્ષા લીધી હતી અને લાંબો કાળ દિક્ષામાં મૃત્યુ પામ્યો હતો.[1] ને પછી રાજા પોતાના ઉપકારી ગુરુની સાથે વરઘોડામાં ચાલ્યો અને ત્યાંથી ઉપાશ્રયે જઇ તેમની પાસેથી ઉપદેશ સાંભળ્યો.

ઉપદેશ સાંભળીને તેને ગુરુ પ્રત્યે પ્રેમ થયો અને તેમા પૂર્વ ભવના પ્રેમે વૃદ્ધિ કરી. ત્યાર પછી તેણે જૈન ધર્મ સ્વીકાર્યો અને પ્રભુને તેના પવિત્ર સિદ્ધાંતો પહોંચાડવા અને પ્રભુએ પણ પ્રેમથી તેના પવિત્ર સિદ્ધાન્તોનો સ્વીકાર કર્યો.

ત્યાર પછી તે વિજયયાત્રા કરવા નીકળ્યો. તેની વિજયયાત્રાનું વર્ણન વિસ્તૃત રીતે કયાંય મારા જોવામાં આવ્યું નથી. પરંતુ એટલું બને છે કે તેણે આખા દીંદના રાજ મહારાજાઓને તાબે કરવા ઉપરાંત અફઘાનિસ્તાન, તુર્કસ્તાન, ઇરાન આદિ દેશોને પણ તેણે તાબે કર્યા હતા. પૂર્વમાં બંગાલ અને ઓરિસ્સાથી માંડી પશ્ચિમનાં દરેક સમુદ્ર સુધી અને ઉત્તરમાં હિમાલયથી માંડી દક્ષિણમાં છેક કન્યાકુમારી સુધી દરેક દેશ તેના તાબામાં હતો. જો કે સમ્રાટ્ અશોકે પહેલેથી તેને માટે રાજ્ય સંબંધી રાખ્યું હતું, છતાં સ્વતંત્ર રીતે પોતાની આજ્ઞા મનાવવા તેણે વિજયયાત્રા કરી હતી. તેમા મુખ્ય મુખ્ય રાજાઓને દબાવ્યા એટલે નાના રાજાઓ તો એની મેળેજ તાબે થઈ ગયા. જૈન ગ્રંથકારો કહે છે કે તેણે ચક્રવર્તીની માફક આખા ભારતવર્ષમા પોતાની આજ્ઞા ફેરવી હતી. આવી રીતે વિજયયાત્રા કરીને આવ્યા પછી તેણે પોતાના ગુરુના ઉપદેશથી જૈન-ધર્મની ઉન્નતિમાં પગલાં ભરવા માંડ્યા. તેમાં તેણે પ્રથમ દેશોદેશમા અનેક સુંદર રથો ભવ્ય જિન મંદિરો કરાવ્યાં. તેમાં ગગનચુમ્બી ભવ્ય શિખરોનાં નામ નિશાન પણ આજકાલ તો દાખ નથી લાગતાં; પરંતુ તેનાં એ ભવ્ય મંદિરો, તેની બાંધણી અને શિલ્પકળાના નમુનાના કયાંક કયાંક અવશેષ સંભળાય છે. તેના ઉપર જીર્ણોદ્ધાર થવાથી મૂળ મંદિરની ભવ્યતા તથા

---

[1] આ રાજાના પૂર્વ ભવની કથા બહુ લાંબી છે. સંક્ષેપના ભયથી મેં નથી આપી. વિશેષ જાણવા ઇચ્છનાર મહાશયને કલ્પસૂત્ર, પરિશિષ્ટ પર્વ, સંપ્રતિચરિત્ર વગેરે જોવા ભલામણ છે.

સુંદરતા કંઇક ઓછાં થયાં છે. તે એકલાં જિન મંદિરો કરાવી શાંત નહોતો રહ્યો. પરંતુ જૈન ઉપદેશકો-સાધુ મહાત્માઓને દરેક જાતની અનુકૂળતા કરાવી દરેક સ્થળે-મ્લેચ્છ દેશમાં પણ—તેણે વિહાર ચાલુ કરાવ્યો હતો. તે વખતે જૈનધર્મ રવિનો મધ્યાહ્ન સમય હતો. તેનાં પ્રખરો કરણો ભારતવર્ષમાં અને તેની બહાર પણ ઘેર ઘેર તપી-શોભી રહ્યાં હતાં. તેણે જૈન મંદિરો, જિન પ્રતિમાઓ, સાધુઓ, પુસ્તકો અને શ્રાવકોની વૃદ્ધિ કરવા સારો પ્રયત્ન સેવ્યો હતો અને તેમાં સફળતા પામી તે બધાની ખુબ વૃદ્ધિ કરી હતી.

ઐતિહાસિક નોંધ.

આ મહાન્ જૈન ચક્રવર્તિ રાજાની ઐતિહાસિક નોંધ જૈન સુત્રોમાં અને ખાસ કરી હેમચંદ્રાચાર્યકૃત પરિશિષ્ટ પર્વમાં છે.[૧] બૌદ્ધ ગ્રંથોમાં પણ તેનું થોડું ઘણું વર્ણન કર્યું છે અને તેમાં તેને 'સંપ્રતિ' તરીકે ઓળખાવ્યો છે. આ સિવાય સમ્રાટ અશોકની માફક તેના કીર્તિસ્તંભો, શિલાલેખો આજ્ઞાપત્રો કે તામ્રપત્રો કંઇ પણ મળી આવતું નથી. આ રાજાએ જૈનપ્રતિમાઓ ઘણી કરાવી છે કે જેની ભવ્યતા અને સુંદરતા બહુ અલૌકિક છે અને તેનો નમુનો બીજે મળવો મુશ્કેલ છે. અત્યારે અમદાવાદ, પાટણ, ખંભાત, પાલીતાણામાં શત્રુંજય ઉપર અને ગિરનાર જામનગર વ. માં તેની કરાવેલી પ્રતિમાઓ છે પરંતુ તે પ્રતિમાઓમાં ક્યાંય તેના નામના શિલાલેખો મળી આવતા નથી. કોઇ મહાશય તે બાબતમાં વિશેષ જાણવા જેવું બહાર પાડી તેની ઐતિહાસિક નોંધની ખોટને પુરી પાડે એમ હું ઇચ્છું છું. આનું મુખ્ય કારણ મને એકજ લાગે છે તે એ જ કે આગલા સમયમાં પોતાની નામના કાઢવામાં-બીજા શબ્દોમાં કહું તો આત્મપ્રશંસાના ભયથી ઘણા જણે પોતાનાં કાર્યોની નોંધ કરાવવાનું મોકુફ રાખ્યું હોય અને તે જ કારણે સંપ્રતિએ પણ તેમ કર્યું હોય એ બનવા જોગ છે. આ સિવાય પુરાણ સમયમાં ઘણા રાજા મહારાજાઓએ કરાવેલી પ્રતિમાઓમાં ઘણે સ્થળે શિલાલેખો મળી આવતા નથી અને આધુનિક સમયમાં ક્યાંક ક્યાંક તેવું બને છે પણ ખરૂં જોતાં મારા ઉપલા અનુમાનમાં કંઇક સત્ય હશે એમ માનવું પડે છે.

આ મહાન્ ચક્રવર્તિની ઐતિહાસિક દૃષ્ટિએ વિશેષ નોંધ નહિ મળી શકવાથી તેના જીવન સંબંધે વિશેષ લખવું મોકુફ રાખી તેનાં મળી આવતાં થોડાં સુકૃત્યોની નોંધ અને તેણે પોતે જૈન ધર્મ સ્વીકારી પોતાના તાબાના રાજાઓને પણ ચુસ્ત જૈન કેવી રીતે કર્યા હતા તે સંબંધે મળી આવતા થોડા શ્લોકો ટાંકી વિરમીશ.

તેણે ગગનચુમ્બી ભવ્ય સવાલાખ નવાં જિન મંદિરો કરાવ્યાં હતાં અને મનોહર સવા-કરોડ નવી જિન પ્રતિમાઓ કરાવી હતી. ૩૬૦૦૦ હજાર મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો અને પંચાણુ હજાર પિત્તળની પ્રતિમાઓ કરાવી હતી. દીનદુઃખીને માટે અનેક સદાવ્રત તથા વાવ, કુવા, તળાવ, પરબ આદિ ઘણાં લોકોપયોગી કાર્યોની નોંધ મળે છે. તેણે સવાલાખ જિનમંદિરો કરાવ્યાં હતાં એ ઉપરથી આપણે સમજી શકીશું કે તે કેટલો ધર્મચુસ્ત હતો છતાં તેણે ચક્રવર્તી રાજાની માફક એક સત્તાએ ભારતવર્ષમાં પોતાની આણ-

---

૧ આ પરિશિષ્ટ પર્વમાં જૈન સમાજના ઘણાખરા મહાપુરુષોનાં જીવનચરિત્રો સુંદર રીતે વર્ણવ્યાં છે.

આજ્ઞા મનાવી હતી–એટલાથી હતી. સંપ્રતિ ધર્મી હતો છતાં અશોક કે સિદ્ધરાજની જેમ ધર્માંધ નહોતો. તેણે ધર્મને માટે કદી તલવાર નથી ઉપાડી તેમજ કોઇ પણ પ્રકાર મંદિરોની ધ્વજા પણ નથી ઉતરાવી. તેણે પ્રેમથી બીજા રાજાઓને અને પ્રજાને પણ જૈન ધર્મ સ્વીકારાવ્યો હતો. તેને માટે સંપ્રતિચરિત્રકાર નીચે પ્રમાણે લખે છે,

महाप्रभावानां कुर्वंस्तमनुव्रज्य संप्रतिः तेषां राज्ञां विधिं सर्वं दर्शयित्वाऽगमत् गृहान् ॥ ४१४ ॥ ततः सर्वान् नृपान् स्माह न नः कार्यं धनेनेदः मन्यध्वे स्वामिनं चेन्मां, तद्भवन्तोऽत्रसंप्रतिः धर्मं प्रवर्तयन्त्वेनं, लोकद्वयसुखावहम् ॥४१५॥ स्वदेशेषु सर्वत्र प्रीतिरेवं यतो मम ॥ ४१६ ॥ ततस्तेऽपि गतास्तत्र जिनचैत्यान्यकारयन् कुर्वते तत्रयात्राश्च, रथयात्रोत्सवोद्भूताः ॥ ४१७ ॥ सदैवोपासते साधुनमारिं घोषयन्ति च राजाननुवृत्यतत्रापि लोकोऽभूद्धर्मतत्परः ॥ ४१८ ॥

ભાવાર્થ—" મહાપ્રભાવના ઉત્સવને કરતો અને તે રથની પછવાડે ચાલતો રાજા (સંપ્રતિ) બીજા બધા રાજાઓને એકઠા કરી તેમને સર્વ વિધિ દેખાડી પોતાને ઘેર ગયો.

ત્યાર પછી બધા રાજાઓને તેણે કહ્યું કે જો મને તમારો ઉપરી રાજા–સ્વામી માનતા હો તો મારૂં અનુકરણ કરો. મારે ધનથી કંઇ કામ નથી.

તમારા દેશમાં બધે ઠેકાણે પરલોક અને પરલોકના સુખના કારણભૂત ધર્મ (જૈનધર્મ) ને પ્રસરાવો–તેથી જ મને ખરેખરી પ્રીતિ થશે.

ત્યાર પછી બધા રાજાઓ ઘેર જઇને નવાં જિન મંદિરો કરાવતા હતા અને મોટા ઉત્સવવાળી રથયાત્રા અને યાત્રાઓ કરતા હતા અને હમેશાં સાધુઓની સેવા કરતા. અમારિપટહ (કોઇ પણ નિર્દોષ જીવની હિંસા ન કરે.) પણ વગડાવતા હતા, ત્યારે પ્રજા રાજાઓનું અનુકરણ કરી ધર્મ (જૈન ધર્મ) માં તત્પર બની. એ તો કહેવત છે કે " यथा राजा तथा प्रजा " યદિ રાજા ધર્મી અને ન્યાયી હોય તો પ્રજા પણ ધર્મી અને ન્યાયી બને એમાં કંઇ આશ્ચર્ય નથી.

હવે આગળ કલ્પસૂત્રકાર સંપ્રતિએ કયાં કયાં સારાં કાર્યો કરાવ્યાં તેની નોંધ નીચે પ્રમાણે આપે છે.

" श्रेणीकसुतोदायि पट्टोदित नवनंदपट्टोद्भूतचंद्रगुप्त अशोक श्री सुतपुत्रः संप्रतिनामामूत्, स च जातमात्र एव पितामहदत्तराज्ये रथयात्रा प्रवृत्त श्रीआर्यसुहस्तिदर्शनाज्जातजातिस्मृतिः सपाद लक्ष जिनालय सपाद कोटी नवीन बिंब षट्त्रिंशत् सहस्र जीर्णोद्धार पंचनवतिसहस्र पित्तलमय प्रतिमानेक शतसहस्र सत्रशालादिभिर्विभूषितां त्रिखंडामपि महीमकरोत्

કલ્પસૂત્ર ટીકાકાર વિનયવિજયજી ઉપાધ્યાય. (અર્થ સુગમ છે માટે આપ્યો નથી.)

ઉપરનાં વચનો ઉપરથી આપણને જાણવાનું મળે છે કે તે બહુ ધર્મયુક્ત ચક્રવર્તી રાજા હતો.

શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય પરિશિષ્ટ પર્વમાં તેનાં વખાણ નીચે પ્રમાણે કરે છે.

अभ्यगृहीदथ नृपस्तदग्रे तदनुज्ञया अर्हन् देवो गुरुः साधुः प्रमाणं मे अर्हतो वचः ॥ ६१ ॥ अणुव्रतगुणव्रतशिक्षाव्रतपवित्रितः प्रधान श्रावको जज्ञे सम्प्रति स्तत्प्रभृत्यपि ॥ ६२ ॥ त्रिसन्ध्यमर्च्यऽवन्द्य श्रीजिनचर्चाम मर्चति स्म सः साधर्मिकेषु वात्सल्य वन्धुष्विव चकार च ॥ ६३ ॥ आर्हताढ्यं प्रतापाढ्य स चकाराविकारधीः त्रिखण्डं भरतक्षेत्रं जिनायतनमण्डितम् ॥ ६४ ॥

ભાવાર્થ—તે (સમ્પ્રતિ) આચાર્યશ્રીની અનુજ્ઞા છે અરિહંત પ્રભુ મારા દેવ છે. સુસાધુ (કંચન કામિનીના ત્યાગી) મારા ગુરુ છે અને અરિહંત પ્રભુનું વચન મને માન્ય છે એ પ્રમાણે સ્વીકારનો હતો ॥ ૬૧ ॥ (સમ્યક્ત્વવ્રત ધારણ કર્યું) અને ત્યારથી માંડી અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતથી પવિત્ર એવો તે ચુસ્ત શ્રાવક થયો. ॥ ૬૨ ॥ દાનાવળી લક્ષ્મીવાળો ને ત્રણકાલ જિનેશ્વર પ્રભુની પૂજા કરતો હતો અને પોતાના ભાઇઓની જેમ સધર્મી તરફ વાત્સલ્ય કરતો હતો. ॥ ૬૩ ॥ પ્રતાપથી યુક્ત અને અવિકારી બુદ્ધિવાળો સંપ્રતિ વૈનાઢ્યથી માંડી ત્રણ ખંડ ભરતક્ષેત્રને જિન ચૈત્યોથી યુક્ત કરાવતો હતો.

આવી રીતે તે ચુસ્ત જૈનધર્મી મહાન્ રાજા હતો.

૪ "મહારાજાધિરાજ" કુમારપાલ

ગુજરાતનો આ મહાન્ વૈભવશાલી નૃપતિ, ચૌલુક્યવંશચૂડામણિ, ગુજરાતની જયસિંહદેવની કીર્તિનો કલશ ચઢાવનાર, ગુજરાતને સમૃદ્ધ તેમ જ શોભાવાન બનાવનાર "મહારાજાધિરાજ" પરમાર્હત કુમારપાલથી જૈન સાક્ષરો તથા ઇતર સાક્ષરો પણ અજાણ્યા નથી એટલું જ નહિ પરંતુ તેના જીવનથી પણ કેટલેક અંશે સુપરિચિત છે.

કુમારપાલની આટલી પણ ઓળખાણ કરાવવી એ તો ભગવાન સવિતાનારાયણને દીપકલિકાથી ઓળખાવવા બરાબર છે. તેમને કેટલાએક પરમાર્હત તરીકે, ચક્રવર્તી તરીકે, મહારાજાધિરાજ તરીકે તો વળી કોઇક હિંદુસ્તાનના નાશનું પ્રથમ બીજ રોપનાર તરીકે, જયસિંહદેવની ભાવનાને નહિ પોષનાર તરીકે તથા અહિંસાનો પુજારી બની પોતે નિર્માલ્ય બનવા સાથે સારા ગુજરાતને પણ નિર્માલ્ય-નમાલું બનાવનાર તરિકે, તથા બીજાં અવનવાં વિશેષણોથી ગુજરાતના સાક્ષરો-ગુજરાતીઓ તેને ઓળખે છે. આમાંથી કેટલાએક મહાશયો તેનું જીવન નિષ્પક્ષપાત રીતે તપાસ્યા વગર અને સાથે તેનું આંતરજીવન પણ તપાસ્યા સિવાય યોગ્ય ન્યાય ન આપી શકે-નથી આપી શકતા એ નિર્વિવાદ રીતે બનવા યોગ્ય છે-સંભવી શકે.

[1] ભીમબાણાવળીનો પુત્ર ક્ષેમરાજ તેનો પુત્ર દેવપ્રસાદ અને તેનો પ્રતાપી પુત્ર "સિદ્ધરાજદેવનો જમણો હાથ" ત્રિભોવનપાલ અને તેનો પુત્ર 'મહારાજાધિરાજ' ચક્રવર્તી આદિ બીરૂદધારી કુમારપાલદેવ આપણા વિષયનો મુખ્ય નાયક છે. તેની માતાનું નામ કાશ્મીરાદેવી હતું કે જે સિદ્ધરાજની માતા મીનલદેવીની ભત્રિજી થતી હતી. તેને કુમારપાલ


---

[1] નીચે મુળરાજથી માંડી હેઠ કુમારપાલ સુધીનું વંશવૃક્ષ આપ્યું છે તે જોવા ભલામણ છે.

સિવાય બે પુત્ર મહીપાલ, કીર્તિપાલ તથા બે પુત્રીઓ પ્રેમળદેવી અને દેવળદેવી હતી. તેમાં પ્રથમ પુત્રી જયસિંહદેવના મુખ્ય સેનાધિપતિ કૃષ્ણસિંહ વેરે અને બીજી પુત્રી શાકંભરીના રાજા સાથે પરણાવી હતી, અને કુમારપાલદેવની સ્ત્રીનું નામ ભોપાલદેવી હતું.

ત્રિભોવનપાલને જયસિંહદેવની સભામાં પાટણ ઘણી વખત આવવું પડતું અને તેની સાથે ગુજરાતનો ભાવિ બાલરાજા કુમારપાલ પણ ઘણી વખત આવતો. ત્રીભોવનપાલ પોતાના ચાલાક પુત્રને જયસિંહદેવની સભાનો બધો વૃત્તાંત કહેતો–કહી સંભળાવતો. બાલરાજા એ વાતો સાંભળી આશ્ચર્ય પામતો. તેને તે સમયે ખબર સરખીયે નહોતી કે પોતે ભવિષ્યમાં જયસિંહદેવના સિંહાસને બેસી સભામાં તે વાતોના કેન્દ્રરૂપ બનશે.

એક વખતે જયસિંહદેવની સાથે કુમારપાલને સાક્ષાત્ સરસ્વતીનો અવતાર, ધર્મની મૂર્તિ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય સાથે પરિચય થયો. કુમારપાલ તેમનું બ્રહ્મતેજ જોઈ પ્રથમ ક્ષણે જ તેમના તરફ આકર્ષાયો અને વળી 'ગુજરાતનો નાથ' જયસિંહદેવ પણ જેને ઘણું સન્માન આપે છે તે જોઈ હેમાચાર્ય ઉપર વિશેષ માનની દૃષ્ટિથી જોવા લાગ્યો. ત્યાર પછી તેણે સુશ્રિની બે ત્રણ વાર મુલાકાત લીધી. એક વખતે જયસિંહદેવ તેના મુખ્ય અમાત્યો,



અધિકારીઓ અને કુમારપાલ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યનો ઉપદેશ સાંભળવા બેઠા હતા. સૂરીશ્વરજીને પૂછ્યું કે "બધા ગુણોમાં શ્રેષ્ઠ ગુણ કયો છે" ત્યારે આચાર્ય શ્રીએ કહ્યું કે— મહાનુભાવ, બધા ગુણોમાં "પરદારસહોદર્યયુક્ત સત્ત્વગુણ" શ્રેષ્ઠ છે. કારણ કે સત્ત્વગુણ બધા ગુણગણોમાં મસ્તકમણી "જયશ્રી" ને આપનાર અને સર્વ પદાર્થની સિદ્ધિ કરવામાં લોકોત્તર કામધેનુ સમાન છે. બત્રિસ લક્ષણોથી અધિક સલ્લક્ષણ તરીકે સત્ત્વગુણ પ્રસિદ્ધ છે. સત્ત્વવાન પુરુષમાં ભલે બીજા ગુણો હોય યા ન હોય તો પણ તે શ્રેષ્ઠતમ છે. કહ્યું છે કે—

प्रयातु लक्ष्मीश्चपला स्वभावा गुणा विवेकप्रमुखाः प्रयान्तु
प्राणाश्चगच्छन्तु कृतप्रयाणा मा यातु सत्त्वन्तु नृणां कदाचित् ।

અર્થ "ચપળ સ્વભાવવાળી લક્ષ્મી જાઓ વિવેક પ્રમુખ ગુણ જાઓ અથવા પ્રયાણ કરેલા પ્રાણ જાઓ પરંતુ પુરુષોનું સત્ત્વ કદાપિ ન જાઓ" સકળ કાર્ય કરવામાં સમર્થ એવા એકજ પુત્રથી બસ છે વધારે સંતતિનું શું પ્રયોજન? એકલો નિશાપતિ જ (ચંદ્ર) દિગ્વધુના મુખમંડળને પ્રકાશિત કરવા સમર્થ છે. બાકીનો તારાગણ તો ઉગ્યા છતાં દિગ્વધુને પ્રકાશિત કરવા સમર્થ થતો નથી. સાત્ત્વિક શરીર આપણા હાથમાં છે અને સિદ્ધિ દૈવને આધીન છે માટે સત્ત્વ ન છોડવું. "જ્યાં સાહસ ત્યાં સિદ્ધિ." જુઓ વૈભવમાં અમરાપુરીને જીતે તેવી લંકા જીતવાની હતી અને મહાન રત્નાકર (સમુદ્ર) પગે ઉલ્લંઘવાનો હતો. જેનાથી દેવદાનવ અને મનુષ્યો કંપતા એવા રાક્ષસરાજ રાવણ જેવો મહાન પ્રતિસ્પર્ધી હતો અને કપિઓ પોતાના સહાયક હતા છતાં ભગવાન રામચંદ્રે સત્ત્વથી જ રાક્ષસ સૈન્યનું દળ છિન્ન કરી રાવણનાં દશ મસ્તક રણમાં રગદોળ્યાં. મહા પુરુષોની કાર્યસિદ્ધિ તેમના સાહિત્યમાં નહિ પરંતુ તેમના સત્ત્વમાંજ રહેલી છે. અને તે સત્ત્વ પણ જ્યારે પરદારસહોદરવ્રતથી સંજીવિત હોય છે ત્યારેજ તે પુરુષને લોકોત્તર ફળ-પ્રતિષ્ઠાના કારણભૂત થાય છે.

વિવેક વિનાનું સત્ત્વ સિંહ કે વાઘની માફક ક્રૂરતાને ઉત્પન્ન કરવાનું સાધન બને છે. એટલે કે વિચાર વગરનું સત્ત્વ (સાહસ) જાનવરી જોરને ઉત્પન્ન કરનાર છે. માટે પ્રતિષ્ઠા કીર્તિ, ધર્મવિજય આદિની વૃદ્ધિ કરવા ઇચ્છનારે પરસ્ત્રીથી વિરક્ત રહેવું જોઇએ. કારણ કે—

तावल्लोक विलोचनामृतरसस्तावन्मनो वल्लभं
तावद्धर्ममहत्त्वसत्यविलसत्कीर्ति प्रतिष्ठापदं ।
तावद्भूमिपतिप्रसादभवनं तावच्च सौभाग्य भूः
यावन्नो परदारसंगरसिको लोकेऽभवन् मानवः ॥

"જ્યાં સુધી પુરુષ પરદારા સંગનો રસિક નથી થયો ત્યાં સુધીજ તેના ઉપર લોકોની અમી દૃષ્ટિ રહી તેનું ચિત્ત પ્રસન્ન રહે છે; અને પ્રતિષ્ઠાનું પાત્ર, રાજાના પ્રસાદનું ભવન અને સૌભાગ્યની ભૂમી બની રહે છે." માટે જો જીવિતને વલ્લભ ગણતા હો તો પરસ્ત્રીનો સંગ મુકી દ્યો. એક મૃગલોચના સતી સીતાના નિમિત્તે જ રાક્ષસપતિ રાવણનાં મસ્તક રણમાં રોળાયાં, ત્રિકુટ શિખર પર શોભી રહેલી અલકા સરખી લંકા જેની રાજ્યધાની હતી, ધ્રુધવાટ કરતો સમુદ્રદેવ જે નગરની પરિખાઈ હતો, અનન્ય બલશાલી

કુંભકર્ણ જેનો બંધુ હતો, જગજ્જેતા અજેય ઇંદ્રજિત જેનો પુત્ર હતો અને પોતે કે જેના નામથી દુનીઆના વીર પુરુષો રાડ નાખતા, અનેક દેવો જેના નોકરો હતા અને અદ્‌ભુત વિદ્યાઓ જેની જીવ્હાગ્રરૂપી રંગભૂમી ઉપર નાચ કરતી હતી એવો લંકેશ્વર પણ સતી સીતાની આકાંક્ષા કરવાથી વૈભવ અને પ્રતાપથી રહિત બની દીનદીન દશાને પામ્યો. સ્વસ્ત્રી સ્વાધિન હોવા છતાં નીચ પુરુષો જ પરસ્ત્રીની ઇચ્છા કરે છે." આવી રીતે કુમારપાલને ઉપદેશ આપ્યો. કુમારપાલે પણ એ પરમ યોગીશ્વરના મુખકમળમાંથી નીકળતી ગંગાના ધોધ સમાન નિર્મલ વાણી સાંભળી તેમના ઉપદેશથી પરનારીસહોદરવ્રત સ્વીકારી તેમની ગંગાના પ્રવાહ સમાન પવિત્ર વાણીમાં પોતાના આત્માને નવરાવી કૃતકૃત્ય–પવિત્ર બન્યો અને ત્યાંથી પોતાના પિતા સાથે દધિસ્થળી ગયો.

હવે જયસિંહદેવની અવસ્થા વધવા સાથે ગૃહસ્થ ધર્મના ફળ રૂપ પુત્રપ્રાપ્તિની ચિંતા પણ વધવા લાગી. તેને સદા એમ લાગ્યા કરતું કે જો પિતૃદાન દેનાર એક પુત્ર થાય તો મારો જન્મ સફળ થયો ગણાય. પરંતુ વિધિ તેનાથી વાંકું હતું. 'સૂર્ય વિના આકાશ, ન્યાય વિના વિક્રમ, સિંહ વિના વન, ચંદ્ર વિના રાત્રી, બળ વિના પરાક્રમ, તેજ વિના લક્ષ્મી,' એ જેમ શોભતાં નથી તેમ પુત્ર વિના કુળ શોભતું નથી. તેણે પુત્રપ્રાપ્તિ માટે ઘણાં ઘણાં ફાંફાં માર્યા, અનેક કાળાં ધોળાં કર્યાં, અને અનેક જોગીઓનાં પડખાં સેવ્યાં; પરંતુ તેમાં તે નિષ્ફળ નિવડ્યો. તેણે અનેક જોશીઓને પૂછવા માંડ્યું પરંતુ તેમાંય તેને ક્યાંયથી સંતોષ ન મળ્યો. સાથે તેના કાને એમ પણ ભણકાર આવ્યા કે મારી પછી ત્રિભુવનપાલનો પનોતો પુત્ર કુમારપાલ ગાદીએ આવશે. તેને આ સાંભળી અસંતોષ વધતો ગયો; અને તે વાતને એકદમ તે સાચી પણ ન માનતો. એક વખતે પોતે સભા ભરી બેઠો હતો તે વખતે એક મહાન જ્યોતિષી પંડિત ત્યાં આવ્યો. સિદ્ધરાજે તેને પ્રશ્ન પુછ્યો; પંડિતે લગ્ન લક્ષ ચોકખો ઉત્તર આપ્યો કે " મહારાજા આપને કોઇ પણ પ્રકારે પુત્ર થશે નહિ અને આપની પછી ત્રિભુવનપાળનો વીર પુત્ર કુમારપાલ તમારી ગાદીએ આવી તમારી પેઠે ચક્રવર્તી થશે." પંડિત પાસે આવો ઉત્તર સાંભળી તેનું હૃદયમંદિર ભગ્ન થયું, તેને બહુ ખેદ થયો. તેણે આની આ વાત ફરીથી પોતાની સભાના પંડિત રત્ન બાલ-બ્રહ્મચારી, શ્રી હેમચંદ્રાચાર્યને પુછી. આચાર્યશ્રીએ પણ તે ને તે જ વાત ફરીથી કહી. તેણે જ્યારે પોતાના ગુરૂશ્રી પાસેથી આ ઉત્તર સાંભળ્યો ત્યારે તેને એમ ખાત્રી થઇ કે મારે પુત્ર નહિ થાય અને કુમારપાલ ગાદીનો અધિપતિ થશે. હવે સિદ્ધરાજને બીજો એક કુવિચાર થયો કે કુમારપાલને મારી નાખું તો મહાદેવજી મને પુત્ર આપે.

અંતે આ વિચારે તેના હૃદયમાં ઘર કર્યું અને તે કુવિચારને સફળ (!) કરવા પ્રયત્ન શરૂ કર્યો.

તેણે કુમારપાળને મારી નાખવા પહેલાં વિચાર કર્યો કે તેનો પ્રતાપી પિતા ત્રિભુવનપાળને માર્યા પહેલાં–તેના દેહમાં પ્રાણ છે ત્યાં સુધી કુમારપાલનો વાળ ખેંચવાને હું સમર્થ નથી. માટે ત્રિભુવનપાળને કપટથી મારી નાંખું તોજ મારી મુરાદ બર આવે તેમ છે. તેણે ત્રિભુવનપાળને મારી નાખવા 'રાજદ્વારી ખાનગી કામના બહાના હેઠે બાપ દિકરાને ગામ (પાટણ) બહાર. મહાદેવના મંદિરમાં બોલાવ્યા. વિર ત્રિભુવન-

પાળ કોઇ પણ જાતના સંશય વગર પુત્ર સહિત મહાદેવના મંદિરમાં આવ્યો. સિદ્ધરાજ પણ શિકાર જાળમાં આવ્યાનું સમજી તેને ચારે બાજુથી ઘેરી લઇ મકલાતે મહોડે પોતાના ખાનગી ચરો સાથે મહાદેવના મંદિરમાં આવ્યો. પરંતુ ત્યાં તો ચાલાક ત્રિભુવનપાળને સિદ્ધરાજના કપટની અગાઉથી ખબર પડી ગઇ. તેણે બધો ખેલ જોઇ લીધો અને તે જ વખતે પોતાના પુત્રને દધિસ્થળી બીજા ખાનગી રસ્તે રવાના કરી દીધો હતો, અને પોતે ખુલ્લી તરવારે તેનું સ્વાગત કરવા તૈયાર થઇ ઉભો. જેવો સિદ્ધરાજ અંદર ગયો કે તરતજ ત્રિભુવનપાળે ત્રાડ નાખતાં કહ્યું કે " પાપી કુત્તા ચલાવ તારી તલવાર" સિદ્ધરાજ ભોંઠો પડયો અને તેને ત્રિભુવનપાળના બધા પૂર્વના ઉપકારો, તેનો નિઃસ્વાર્થ રાગ આદિ બધાં કામો સાંભરી આવ્યાં.

પરંતુ મનોબળ એકઠું કરી પોતાના સદચરોને કહ્યું કે-ઉભા છો શું? ચલાવો તમારી તલવાર. ત્યાં તો ત્રિભુવનપાલે તેને કહ્યું કે-જો તારામાં તાકાત હોય તો આવી જા આપણે બન્ને દ્વંદ્વ યુદ્ધ કરીએ. સિદ્ધરાજને ત્રિભુવનપાળના ભુજબળની ખબર હતી કે ત્રિભુવનપાળ પોતાને તો જેમ મદોન્મત્ત હાથી હરણિયાને ચગદી નાખે તેમ જરૂર દાબી દેશે. સિદ્ધરાજ મુંગો રહ્યો ત્યાં તો તેના સૈનિકોએ ત્રિભુવનપાળ ઉપર તલવાર ચલાવી. એકી સાથે તેના ઉપર પચાસેક તલવાર ઉપડી છે તેમ તેણે જોયું. તે બધાનું સ્વાગત કરવા કરવા તૈયાર હતો; તેણે તેમાંથી ઘણાનું સ્વાગત કરી દેવલોકમાં પહોંચાડયા; અંતે તેનું વૃદ્ધ શરીર થાકયું. તેના શરીરમાંથીલે લોહીની ધારા છુટવા માંડી. તેની નાડી તુટવા માંડી. તેને હવે લાગ્યું કે તે નહિ બચે, એટલે પોતે તરત જ સિદ્ધરાજ પાસે જઇ કહ્યું કે "પાપી કૃતઘ્ન અંતે તેં તારૂ કાળું કર્યું. પરંતુ ઠીક છે કે મહાદેવજીએ તારા પાપી લોહીમાંથી પુત્રરૂપી ફળ નથી આપ્યું. નહિતર તું શું ન કર એ હું નથી કહેતો."

એમ કહીને વીર પુરુષે પોતાના શરીર ઉપર તલવાર ચલાવી પોતાનું લોહીવાળું મસ્તક સિદ્ધરાજની ઉપર નાખ્યો તેને લોહી છાંટયું. આ કમકમાટીભર્યો બનાવ જોઇ સિદ્ધરાજનું પાપી હૃદય પણ કંપ્યું; પરંતુ તે કમકમાટ વધુ ટકયો નહિ. તેણે કુમારપાલને શોધવા માંડયો; પરંતુ કુમારપાલ ત્યાં નહોતો. પછી તે દધિસ્થળી ઉપર હલ્લો લઇ ગયો. કુમારપાલ તેને સૈન્ય સહિત સામો મળ્યો. બન્ને સૈન્યનો ભેટો થયો. સિદ્ધરાજ પાસે સૈન્ય થોડું હતું અને કુમારપાલનું શૌર્ય વધારે હતું. પિતૃમરણે તેને ખુબ ઉશ્કેર્યો. સિદ્ધરાજે જોયું કે હવે નહિ ટકાય. અંતે બન્યું પણ તેમ જ. સિદ્ધરાજ તેની સામે ન ટકી શકયો અને ત્યાંથી પાટણ નાસી આવ્યો. ત્યાં આવ્યા પછી તેણે ગામમાં એવી વાત ફેલાવી કે "ત્રિભુવનપાળ લુંટારો હતો, તે પાટણ લુંટવા આવ્યો હતો.' પરંતુ કૃતજ્ઞ પાટણની પ્રજાએ પોતાના એ ઉપકારી પુરુષને ચંદનની ચિતામાં બાળી તેની પછવાડે શોકના બે આંસુ ખેરવ્યાં.

કુમારપાલનું દેશાટન

હવે કુમારપાલ ઉપર સિદ્ધરાજનું વજ્ર અને શની ગ્રહ પડયાં. તેણે દધિસ્થળી છોડયું અને બાવાને વેશે ગુજરાતના પથ્થરે પથ્થરે ભટકયો. વળી એક વખત મહાદેવના મંદિરનો પુજારી થયો; સિદ્ધરાજને તેની ખબર પડી એટલે આપ્યું. તેણે પુજારીઓને બ્રહ્મભોજન કુમારપાલ પણ ત્યાં ગયો પરંતુ એક કૃતજ્ઞ રજપુતની સંજ્ઞાથી-સંકેતથી ઉલટીના બહાને નાસી

છૂટ્યો. સિદ્ધરાજને આ વાતની ખબર પડી કે તરતજ પોતાના માણસો તેની પછવાડે મોકલ્યા. કુમારપાલ ઉઘાડે શરીરે માત્ર એક અધોટીયાભેર જ હતો. તેણે પછવાડે ધૂળ ઉડતી જોઇ એટલે પોતે સંતાવાની જગ્યા શોધી. પાસેના ખેતરમાં એક ખેડુત વાડ કરતો હતો ત્યાં જઇ તેણે મદદ માગી. એ દયાળુ ખેડુતે તેને વાડમાં સંતાડી તેના ઉપર કાંટાનાં ઝુંડ નાખ્યાં. સિદ્ધરાજના માણસોએ ઘણી શોધ કરી પણ અંતે તેઓ નિષ્ફળ નિવડયા અને વીલે મ્હોંડે પાછા પાટણ ગયા. કુમારપાલ વાડમાંથી બહાર નીકળ્યો. તેના કોમળ શરીરમાંથી લોહી નીકળવા માંડયું એ જાણે કોઇ નવા પ્રકારના પરવાનાના અંકુર હોય તેવો ભાસ કરાવતું હતું. ત્યાંથી માંડ માંડ ચાલી તે દધિસ્થળી ગયો અને ત્યાંથી પોતાનું નામ બદલી ભીમસિંહ રાખ્યું અને વેશબદલો કરી વળી નીકળ્યો. રસ્તામાં તેણે ઝાડ નીચે એક ઉંદર પોતાના દરમાંથી રૂપીયા કઢાડી બહાર લાવતો હતો તે જોઇ તે રૂપીયા લઇ લીધા. ઉંદર પોતાના રૂપિયા ગયા જોઇ માથું પટકી મરી ગયો. કુમારપાલે વિચાર્યું કે "મનુષ્ય તો ઠીક પરંતુ પશુ પંખી પણ અર્થની મોહનીમાં મુંઝાય છે."તે વખતે રસ્તામાં તેને ઉમરાગામના દેવસિંહ શેઠની પુત્રી દેવશ્રી પોતાના સાસરેથી પીયર જતી હતી તે મળી. તે ઉદાર દિલની દેવશ્રીએ કુમારપાલને ભૂખ્યો અને દુઃખી જાણી પોતાની પાસેનું ભાતું આપ્યું. કુમારપાલે પણ બે દિવસનો ભુખ્યો હોવાથી સારી પેઠે ખાધું. પછી તે ઉદાર દિલની દેવશ્રીના કહેવાથી તેની ગાડીમાં બેસી વચ્ચે દધિસ્થળીને રસ્તે ઉતરી પડયો. જતી વખતે તેણે દેવશ્રીને કહ્યું કે "આજથી તું મારી ધર્મબહેન છો અને હું જ્યારે ગાદીએ બેસીશ ત્યારે તારી પાસે ભગિનીતિલક કરાવીશ" પછી દધિસ્થળી જઇ પહોંચ્યો ત્યાં તેણે જોયું કે સિદ્ધરાજ કુટુંબ ઉપર પણ કેર વરસાવી રહ્યો હતો. એટલે પોતાના **यथा नाम तथा गुणा** એવા સજ્જન નામના મિત્રદ્વારા પોતાના કુટુંબને બીજે સ્થલે મોકલાવી પોતે વોસિરી નામના બ્રાહ્મણ મિત્રની સાથે ફરી વાર રખડપટ્ટી શરૂ કરી.

તે પ્રથમ ખંભાત ગયો. ત્યાં ખંભાતની બહાર પરમ પ્રતાપી ગુરૂશ્રી હેમાચાર્ય તેને મળ્યા. પોતે તેમને એકદમ ન ઓળખી શકયો પરંતુ તેના ગુરૂએ તો તેને ઓળખ્યો અને તેને પોતાની સાથે ઉપાશ્રયે લઇ જઇ સિદ્ધરાજના મહામાત્ય અને ખંભાતના સત્તાધીશ ઉદાયનને કુમારપાળની ભલામણ કરી. કુમારપાળ ઉદાયનને ઘેર શાંતિથી રહેતો હતો ત્યાં આ વાતની ખબર સિદ્ધરાજને પહોંચી કે મારો શત્રુ મારા મહામંત્રીને ત્યાં છે એટલે તેણે ઉદાના પુત્ર ચાહડ કે જે પોતાનો ધર્મપુત્ર થતો હતો તેને કુમારપાળની શોધ કરવા મોકલ્યો. તેણે ખંભાત જઇ પોતાના ઘરમાં કુમારપાલને ઘેર્યો પણ કુમારપાલ ત્યાંથી આંબડની મદદથી રાતોરાત નાસી હેમચંદ્રાચાર્યના ઉપાશ્રયે ગયો. ત્યાં પરમ કારુણિક શ્રી હેમચંદ્રાચાર્યે પણ તેને પોતાના પુસ્તક ભંડારમાં સંતાડયો. બીજે દિવસે ચાહડે ઘરમાં તપાસ કરી પણ ત્યાં તેનો પત્તો ન ખાધો એટલે તે ઉપાશ્રયે આવ્યો અને ત્યાં કુમારપાલની શોધ કરી. પરમ કારુણિક, યોગીશ્વર શ્રી હેમચંદ્રાચાર્યે ત્યાં કુમારપાલના દેહનું બહુ યુક્તિ પૂર્વક રક્ષણ કર્યું. અંતે ચાહડ ત્યાંથી પણ વીલે મ્હોંડે આવી હાથે પાછો પાટણ ગયો.

હવે કુમારપાલ અહિં રહેવાનું સલામત ન ધારી વંડાદરે થઇ ભૃગુકચ્છ (ભરૂચ) ગયો; ત્યાંથી કલ્હાપુર ગયો અને ત્યાં એક યોગીની સારી પેઠે સેવા કરી; યોગીએ તેની

સેવાથી પ્રસન્ન થઇ એક મંત્ર આપ્યો. પછી પોતે તે મંત્રને સાધી પોતાનું કાર્ય કરી વિવિધ દૃશ્ય જોતો કાંતિપુરનગર ગયો; ત્યાં તેણે ઘણા ઘણા ચમત્કારો જોયા. ત્યાંથી તે મલ્લિનાથ દેશમાં કોલંબપટ્ટન ગયો. કહે છે કે કોલંબેશ્વરને મહાલક્ષ્મીએ એવું સ્વપ્ન આપ્યું હતું કે 'તારા રાજ્યમાં ગુજરાતનો નરેશ બાવાને વેશે આવે છે માટે તેનું સન્માન કરજે.' કોલંબેશ્વરે તેનું ખુબ સન્માન કરવા તેના નામના-છાપના સિક્કા પડાવ્યા. ત્યાંથી અનુક્રમે પેઠ થઇ તે ઉજ્જયિની નગરીમાં આવ્યો. ત્યાં તેણે કુડગેશ્વર મહાદેવના મંદિરમાં પાર્શ્વનાથ પ્રભુ[1]નાં દર્શન કર્યા અને ત્યાર પછી ત્યાં તેના જોવામાં એક શિલાલેખ આવ્યો. તેમાં તેણે નીચે પ્રમાણે વાંચ્યું કે—

पुण्णेवास सहस्से सयम्मि चरिसाण नव नवइकलिए।
होही कुमरनरिंदो तुह विक्कमराय सारिच्छो॥

અર્થ—પવિત્ર અગિયારશો નવ્વાણુ વર્ષ વીત્યા પછી, હે વિક્રમરાજ તારા જેવો કુમારપાળ રાજા થશે. કુમારપાળ આ લેખમાં પોતાનું નામ જોઇ કંઇક આશ્ચર્ય પામ્યો. તેણે એક વિદ્વાનને બોલાવી પૂછ્યું તો તેણે કહ્યું કે "પૂર્વે અહિં શ્રી સિદ્ધસેન[2] દિવાકર નામે જૈન મતના પ્રખર પંડિત, આચાર્ય થઇ ગયા છે તેમણે સંસ્કૃત ભાષામાં દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા (બત્રીસ બત્રીસી) રચી અને શ્રી વીતરાગદેવની સ્તુતિ કરી.[3] તેના પ્રભાવથી કુણેશ્વર મહાદેવનું લીંગ ફાટી અંદરથી શ્રી પાર્શ્વનાથ પ્રભુ નીકળ્યા. વિક્રમરાજા આ ચમત્કાર જોઇ આશ્ચર્ય પામ્યો અને તેમનો ભક્ત બન્યો અને ધીમે ધીમે તે ચુસ્ત જૈન-પરમાર્હત થયો. તે રાજાએ દાન વડે જગતને અનૃણ બનાવી પોતાના નામનો સંવત્સર ચલાવ્યો. એક વખતે રાજાએ પોતાના ગુરુને પૂછ્યું કે મારી પછી કોઇ મહાન જૈન રાજા થશે?—ત્યારે સિદ્ધસેન દિવાકરે પોતાના જ્ઞાનના બળથી જણાવ્યું કે "તારી પછી મહારાજાધિરાજ ચક્રવર્તી કુમારપાલ પરમાર્હત થશે[4]" અને આ ગાથા પણ તેઓશ્રીએજ કહેલી છે. વીર વીક્રમે આ ગાથા શિલાલેખમાં ટંકાવી છે કે જે ગાથા તમે અત્યારે વાંચી." કુમારપાલ આ સાંભળી ઘણો આશ્ચર્ય પામ્યો અને સાથે સાથે આચાર્યશ્રીનું આવું અદ્‌ભુત જ્ઞાન જોઇ વિશેષ ખુશી થયો.

ઉજ્જયનિમાં તેનો મિત્ર સજ્જન અને પોતાનું કુટુંબ મળ્યું. પોતે બધાના કુશળ સમાચાર પૂછી કુટુંબને ત્યાં રાખી પોતાના મિત્ર વોસિરી નામના બ્રાહ્મણ સાથે

---

૧ જૈનોના ત્રેવીસમા તીર્થંકર.

૨ આ આચાર્યવર્યની વિશેષ માહિતી માટે જૂઓ મારો 'સિદ્ધસેન દિવાકર' નામનો નિબંધ.

૩ કલ્યાણ મંદિરસ્તોત્ર રચ્યું એમ પણ બીજે સ્થળે મળે છે. આ કલ્યાણ મંદિર સ્તોત્ર અત્યારે વિદ્યમાન છે કે જે અનેક મંત્રાક્ષરોથી ભરપુર છે.)

૪ આ ચમત્કારિક બીના કુમારપાલપ્રબંધ અને પ્રબંધચિંતામણીમાં વધુ વિસ્તારથી આપેલી છે.

દશપુર[૧] થઇ ચિત્રકૂટ (ચિતોડ) ગયો. ત્યાં ઘણું ઘણું અવનવું દશ્યો જોઈ અનુક્રમે કાશી થઇ પટના આવ્યો. ત્યાં તેણે નવનંદનો રાજવૈભવ સાંભળ્યો. ત્યાંથી રાજગૃહી[૨] થઇ કામરૂપ દેશમાં ગયો. ત્યાં વિવિધ દશ્યો જોઇ ત્યાંથી નાગેંદ્રપત્તન ગયો; ત્યાં તેણે તે નગરની અજાયબ ભરી ઉત્પત્તિ સાંભળી; અહીં તેની મોજડી ફાટી જવાથી એક મોચીએ કુમારપાળને રેશમી મોજડી ભેટ આપી. કુમારપાળે તેને કહ્યું કે જ્યારે તું એમ સાંભળ કે 'કુમારપાલ ગુજરાતની ગાદીએ બેઠો છે' ત્યારે તું ત્યાં આવજે. અહીં તેણે સિદ્ધરાજદેવના મરણ પથારીના ઉડતા ખબર સાંભળ્યા એટલે ત્યાંથી સીધો તે ઉજ્જયિની આવ્યો. ત્યાં તેને પાકેપાયે ખબર મળ્યા કે ગુજરાતનો નરેશ જયસિંહદેવ સ્વર્ગે ગયો છે અને તેમની ગાદીએ તેમના નામની પાદુકા સ્થાપી છે. કુમારપાળ આ ખબર સાંભળી કુટુંબને મળી પાટણ આવ્યો. પોતે જ્યારે પાટણ આવ્યો ત્યારે ખબર સાંભળ્યા કે 'આજેજ રાજતિલક કરવાનું મુહૂર્ત છે.' કુમારપાલને બરાબર સમયે આવેલો જોઇ બધા મંત્રિઓ, ભાયાતો અને સામંતો આશ્ચર્ય પામ્યા. સિદ્ધરાજ મરતી વખતે પોતાના મંત્રીઓને કહી ગયો કે 'મારી પછી ધર્મચુસ્ત ઉદાયન મંત્રીનો પુત્ર બાહડ મારી ગાદીએ આવે' પરંતુ આ વાતમાં ઘણા મંત્રીઓ વિરુદ્ધ હતા, અને ખુદ બાહડનો પિતા ઉદાયન મંત્રી પણ તેમાં વિરુદ્ધ હતો. એટલે કુમારપાળ જેવો આવ્યો કે તરતજ તેનો બનેવી કૃષ્ણસિંહ તેને પોતાને ઘેર લઇ ગયો અને ત્યાં સારી પેઠે ન્હવડાવી ધોવડાવી સારાં યોગ્ય કપડાં પહેરાવી તેને રાજસભામાં લઇ ગયો.

સભામાં ઘણી ઘણી વાટાઘાટ પછી અંતે એમ ઠર્યું કે ત્રિભુવનપાલના પુત્રને ગાદી આપવી કારણ કે ખરા હકદાર અને યોગ્ય તે છે. તેમાં પ્રથમ ત્રિભુવનપાલના મ્હોટા પુત્ર મહીપાળને ઉઠાડી પૂછવામાં આવ્યું કે તમે રાજ્ય શી રીતે ચલાવશો, ત્યારે તેણે બરાબર ઉત્તર ન આપ્યો. ત્યાર પછી બીજા પુત્ર કીર્તિપાલને બોલાવ્યો ત્યારે તેણે પણ ગોટાળોજ વાળ્યો. અન્તે કુમારપાલને પૂછ્યું ત્યારે તેણે પોતાની વીરતાથી જવાબ આપ્યો કે "હું મારી આ સમશેરથી રાજ્ય ચલાવીશ." મંત્રીઓએ તેને રાજ્યને યોગ્ય ધારી "૧૧૯૯ ના માગશર વદી ૪ ને દીવસે પુષ્ય નક્ષત્ર, મીન લગ્ન અને બીજા પણ ઉચ્ચ ગ્રહો હતા ત્યારે તેનેજ (કુમારપાલને) રાજગાદીએ બેસાડી રાજતિલક કર્યું અને 'મહારાજાધિરાજ શ્રી કુમારપાલદેવ'ના નામની આણ ફેરવી."

ગુજરાત, લાટ, મહારાષ્ટ્ર, માળવા, મેવાડ, પૂર્વ દેશ આદિના પથ્થરે પથ્થર ભટકેલો, ત્યાં અનેકવિધ દશ્યો જોઇ અનુભવ પામેલો, અનેક કષ્ટો સહન કરી ઘડાએલો ઘણા ઘણા હાલ્યા રાજવીઓની રાજનીતિ અનુભવી કુશળ મુસદ્દી બનેલો અને સિદ્ધરાજને

---

૧ આ દશપુરને અત્યારે મન્દસોર કહે છે. આ સબંધી વિશેષ જોવા ઇચ્છનાર મહાશયે પુરાતત્ત્વમાં ગુજરાત વિદ્યાપીઠના આચાર્ય શ્રી જિનવિજયજીએ લખેલો વિશાલાના ગણસત્તાક રાજા ચેટક (ચેડા) નામનો લેખ જોવા તસ્દી લેવી.

૨ આ રાજગૃહી નગરી આજથી અઢી હજાર વર્ષ ઉપર થઇ ગયેલ જગદુદ્ધારક શ્રી મહાવીર સ્વામીના પરમભક્ત મહારાજા શ્રેણીકની મુખ્ય રાજધાનીનું નગર હતું. વિશેષ માટે જુઓ અભયકુમાર ચરિત્ર આદિ.

જસ્માઓડણ અને રાણકદેવીનાં લાગેલાં કલંકો ધોઇ નાખવા, ગુજરાતની ગાદીને જગપ્રસિદ્ધ બનાવવા અને ચૌલુક્ય વંશને કીર્તિનો કળશ ચડાવવા આ પરનારીસહોદર કુમારપાળ ગુજરાતની ગાદીએ આવ્યો. કુમારપાળ ગાદીએ આવ્યો ત્યારે આખું પાટણ કપટ અને કાટકૂટથી ભરેલું હતું. તેણે પ્રથમ પાટણને કપટની બળતી જ્વાળામાંથી બહાર કહાડી શાંતિ અને વિશ્વાસતા મંત્રો રૂપી જળ રેડી રાજનીતિ રૂપી અંકુશથી બધાને સીધા કરવા પ્રયત્ન કર્યો.

ગાદીએ બેઠા પછી તેણે કેવી રાજનીતિ ચલાવી તેને માટે કુમારપાલ–પ્રબંધકાર નીચે પ્રમાણે જણાવે છે "ગામ નગર દેશના રક્ષણ સારૂ યોદ્ધાઓનો સંગ્રહ કર્યો. કુનીતિનો નાશ કરી સુનીતિ ફેલાવી. વ્રતીઓ પર સમતા બતાવી. દેવળોમાં મહા પૂજાઓ ચાલુ કરી. સત્પુરુષોને માન આપી દુર્જનોને દુર કર્યા. એ રીતે રાજ્યમાં સર્વત્ર શાંતિ પ્રસરે એવા ઉપાયો લેવા માંડયા. ભોપાલદેવીને પટ્ટરાણીની પદવી આપી અને પોતાને ઉપકાર કરનાર બીજા માણસોને બહુ માનથી બોલાવી યોગ્ય બદલો આપ્યો." "તેમજ ઉદાયન મંત્રીને મુખ્ય પ્રધાન નીમ્યો. તે પુરુષ સ્વામિભક્ત, ઉત્સાહી, કૃતજ્ઞ, ધાર્મિક, પવિત્ર, માયાળુ, કુલીન, શાસ્ત્રજ્ઞ, સત્યભાષિત, વિનીત, દીર્ઘદર્શી, નિર્વ્યસની, વૃદ્ધસેવક, ઉદાર, સાત્વિક, પ્રાજ્ઞ, શૂર અને ચપળ હતો. રાજા પ્રજા અને પિંડનું હિત તાકનાર હતો. નિસ્પૃહી અને સ્વભાવે શાંત હતો. તે બહુધા મિથ્યા વચન કાઢે તેવો નહોતો. સર્વ ધર્મોને માન આપી પાત્રની યોગ્યતા પ્રમાણે અધિકાર આપનાર હતો. ત્રણ વેદ, વાર્તા, દંડ અને નીતિમાં તેણે સારો શ્રમ લીધો[૧] હતો." તેના પુત્ર વાગ્ભટને સર્વરાજ્યકારભારમાં સહાયક નીમી "આલિંગ" પ્રધાનની (મદદગાર પ્રધાન, નાયબ દિવાન) પદવી આપી અને પોતાને દુઃખી અવસ્થામાં મદદ આપનાર બધા ઉપકારી મિત્રોને સંભારી તેમને નીચે પ્રમાણે યોગ્ય બદલો આપ્યો.

"આલિંગ (સજ્જન) કુમારને ચિત્રકૂટ (ચિતોડ) ની પટ્ટીકાનો સ્વામી બનાવ્યો કે જે પટ્ટિકા નીચે ૭૦૦ ગામો હતાં. કુમારપાલપ્રબંધકાર કહે છે કે હજી પણ તેના વંશ જોસગરા રજપુત તરીકે ઓળખાય છે. જે બેહુતે પૂર્વે કાંટાની વાડમાં પોતાને સંતાડી રક્ષણ કર્યું હતું તે બેહુતને પોતાનો અંગરક્ષક કર્યો અને પોતાના દુઃખના સહચારી વોસિરી બ્રાહ્મણને (તેની માતાનું પહેલાંનું મ્હેણું સંભારી.) લાટદેશ આપ્યો અને રસ્તામાં પોતાની બરેબર દુઃખી અવસ્થામાં બાવાનું આપનાર, પોતાની ગાડીમાં બેસાડનાર અને આર્થિક મદદ આપનાર ઉદાર દિલની શ્રીદેવીની પાસે રાજતિલક કરાવી તેને ધોળકા આપ્યું અને ચણા આપનાર દુકાનદારને વટપદ્ર (વડોદર) આપ્યું આવી રીતે કુમારપાલપ્રબંધકાર કહે છે કે પોતાના અનેક ઉપકાર કરનાર મિત્રોને સારી પેઠે સંભારી બધાને સંતોષ્યા.

આ બાજુ તે વખતના પ્રખર વિદ્વાન જૈનાચાર્ય શ્રી હેમચંદ્ર સૂરિશ્વરનું પણ તેને તે વખતે સ્મરણ થયું. તેણે પોતાના પરમ ઉપકારી, જીવનદાતા, ગુરુને પ્રેમપૂર્વક આમંત્રણ આપી તેમનું ખુબ સન્માન કરી, તેમને ચરણે આખું રાજ્ય ધરી દીધું. પરંતુ તે

---

૧ ઉદાયન મંત્રીને, 'વ્યભિચારી, નિર્દય, કૃતઘ્ન, પાપી આદિ વિશેષણો લગાડનાર મહાશયો ઉપલાં વાક્યો જોશે એમ નમ્ર વિનંતી છે.'

નિસ્પૃહ જૈનાચાર્યે કુમારપાળને કહ્યું કે "અમારે કંચન અને કામિનીના ત્યાગીઓને તો રાજ્ય સુખને બદલે દુઃખપ્રદ છે માટે તેને તો તમેજ સંભાળો. હેમચંદ્રાચાર્ય સિદ્ધરાજદેવ કે કુમારપાળ દેવ એમાંથી એકેના રાજગુરુ નહોતા થયા. એ નિસ્પૃહી પરમ યોગીશ્વર આચાર્ય શ્રી ગુજરાતના બન્ને રાજવીઓના ધર્મગુરુ તરીકે જ રહ્યા છે અને શોભ્યા છે. પણ માત્ર સિદ્ધરાજે તેમના પ્રત્યે કંઈક ઓછો ભક્તિભાવ દેખાડ્યો અને કુમારપાળે તેમના પ્રત્યે તેમના ધર્મ પ્રત્યે-શાસન પ્રત્યે વિશેષ પ્રેમ ભક્તિભાવ દેખાડ્યો છે એ મોટો ફેર છે. કુમારપાળ તેમનો ત્યાગ અને યોગ જોઈ તેમના ઉપર વિશેષ ભક્તિવાળો થયો અને તેમના ઉપદેશથી અહિંસાના પવિત્ર વ્રતો-મંત્રો પોતે સ્વીકારી પ્રજાને પહોંચાડી જૈન ધર્મ સ્વીકાર્યો.

કુમારપાળે ગાદીએ બેઠા પછી પોતાનો દિવસ અને રાતનો કાર્યક્રમ કેવી રીતે ગોઠવ્યો તેનું સુંદર ટાઇમટેબલ નીચે પ્રમાણે છે. "રાજાએ પ્રથમ દિવસના આઠ ભાગ કરી પ્રથમ ભાગમાં રક્ષા સારૂ ખર્ચનો વિચાર કરવો, બીજા ભાગમાં નગરના લોકોની રક્ષાનું ચિંતન કરવું, ત્રીજા ભાગમાં દેવર્ચા કરી ભોજન કરવું, ચોથા ભાગમાં બળનો તપાસવો, પાંચમા ભાગમાં બીજું બધાં કામોમાંથી નિવૃત્ત થઇ ચરોને પરદેશ મોકલવા, છઠ્ઠા ભાગમાં મરજી મુજબ ફરવા નીકળવું, સાતમા ભાગમાં હાથી ઘોડા અને બાણ વગેરેની રચના કરવી-કરાવવી અને આઠમા ભાગમાં જય મેળવવા નવી સેનાની ગોઠવણ કરાવવી. તેવી જ રીતે રાત્રિના આઠ ભાગમાં અનુક્રમે (૧) એકાંતમાં મોટા આપ્ત માણસોની સાથે વાતચિત કરવી. (૨) સુખથી ગંભીર અર્થવાળા શાસ્ત્રનું સ્મરણ કરવું (૩) વાજીંત્ર સાંભળી શયન કરવું (૪-૫) નિદ્રા લેવી (૬) વાદ્ય નાદથી જાગી મન વચન અને કાયાની એકાગ્રતાએ ધ્યાન કરવું (૭) મંત્રનો વિચાર કરવો અને (૮) માં બ્રાહ્મણોના આશીર્વાદ મેળવી વૈદ્યોની મુલાકાત લેવી."[૧]

કુમારપાળ ગાદીએ આવ્યો એ તે વખતના કેટલાએક રાજવીઓને ન રુચ્યું. તેમાંથી માળવાનો રાજા અને શાકંભરીનો અર્ણોરાજ બુમના સૈન્ય સાથે કુમારપાળ ઉપર ચઢી આવ્યા. કુમારપાલે સાંભળ્યું કે તેમાં સિદ્ધરાજના ધર્મપુત્ર બાહડનો મુખ્ય હાથ હતો અને તેની ઉશ્કેરણીથી જ તે રાજવીઓ ચઢી આવ્યા હતા. બાહડે તેમને બધા બાનગી રસ્તા બતાવવા ઉપરાંત કુમારપાળના પરાભવની ચાવી પણ બતાવી હતી. પરંતુ વીર કુમારપાળ તેમનું સ્વાગત કરવા પહેલેથી સૈન્ય લઇ તેમની સામે ગયો. બંને પ્રતિસ્પર્ધીઓ સામસામા મળ્યા. યોદ્ધું ધણું બાકી હતું તે પણ "બાહડે કુમારપાળના મુખ્ય સેનાધિપતિ માલ્હણ આદિ બીજા સૈનિકોને દ્રવ્યદ્વારા ફોડી" પુરું કર્યું. આ વખતે આખું પાટણનું સૈન્ય કપટની જ્વાળામાં પતંગીયાની માફક ઝુકવા તત્પર થઇ રહેલું હતું. કુમારપાળને આ કપટની ખબર કેમ સુધી ન પડી. બીજે દિવસે જ્યારે પોતે પોતાના કલહપંચાનન નામના હાથી ઉપર બેસી યુદ્ધ કરવા ગયો ત્યારે તેણે જોયું કે પાટણનું સૈન્ય ફરેલું છે. તેને લગાર વિમાસણ થઇ પરંતુ તેના સાહસે અને વીરતાએ તેને પાછો ન પાડ્યો. તેનામાં

---

૧ કુમારપાલપ્રબંધકારે આપેલો કુમારપાળનો કાર્યક્રમ વાંચી આ વૃદ્ધ રાજવીની આવી નિષ્ફળતા દિનચર્યા જોઇ અત્યારના અમારા રાજવીઓ પોતાના સમયનો વિચાર કરશે?

કોઇક નવું દૈવી બળ આવ્યું હોય તેમ કલહપંચાનનના કાનમાં પોતાનો ગેસ ભરાવી[1] હાથીને આગળ ધપાવ્યો. કુમારપાળનું શૌર્ય, તેની ધીરતા અને વીરતાની ખરેખરી કસોટી આ વખતે હતી. તેને જગતને બતાવવું હતું કે ગુજરાતની ગાદીએ તો વીર પુરુષ જ આવ્યા છે. સારા યુદ્ધવિશારદને છાજે તેવી રીતે તેણે શૌર્યથી પોતાના કલહપંચાનનને અર્ણોરાજની સામે ધપાવી શિકાર બરાબર સામો આવ્યો જોઇ, લાગ શોધી વીર પુરુષની માફક હાથી ઉપરથી કુદકો મારી અર્ણોરાજની અંબાડીમાં જઇ તેને હેઠો પાડી કેદ કરી લીધો. ગુજરાતના સૈનિકો ભૂલ્યા. તેમણે જોયું કે ગુજરાતનું નાક કુમારપાળે અખંડ રાખ્યું છે; પછી તો સૈનિકોએ કુમારપાળનું અનુકરણ કર્યું અને તેની મદદે જઇ પહોંચ્યા. અર્ણોરાજનું સૈન્ય ઉભી પુંછડીએ નાઠું. માળવાનો રાજા પણ આ ખબર સાંભળી ચોબારા ગણી ગયો અને કુમારપાળની વીરતાનાં યશોગાન ચોતરફ ફેલાયાં. ત્યાંથી પાછા વળતાં વિક્રમસિંહને કેદ કરી તે પાટણ આવ્યો. ગુજરાતનો નરેશ વિજયયાત્રા કરી વિજયલક્ષ્મી મેળવી પાછો આવ્યો. ગુજરાતે, પાટણની યુવતિઓએ તેને ઉઘાડે મુખડે ફૂલ અને ચોખાથી વધાવ્યો અને તેનાં યશોગાન ગાયાં.

હજી તો વિજયયાત્રાનાં યશોગાન ગવાતાં હતાં ત્યાં તો કોંકણના મલ્લિકાર્જુનનું "રાજ્ય-પિતામહ" બીરૂદ કુમારપાલને ખુંચ્યું. તે વૃદ્ધ રાજવીને થાક ઉતારવાની જરૂર હતી છતાં તેનું વીર ક્ષત્રીય લોહી ઉછળી આવ્યું. તેણે તે જ વખતે યુદ્ધવિશારદ વાહડ–વાગ્ભટને સૈન્ય આપી મલ્લિકાર્જુન ઉપર મોકલ્યો પરંતુ પહેલી વાર તો વાહડનો પરાજય થયો. તે ચતુર સેનાપતિએ કાળા તંબુ સહિત પાછાં આવી પાટણ બહાર પડાવ નાખ્યો. કુમારપાલે ગામ બહાર કાળો તંબુ જોઇ તપાસ કરાવી તો તેને માલુમ પડયું કે વાગ્ભટ પરાજય પામી પાછો આવ્યો છે, એટલે તરત જ કુમારપાલ તેની પાસે ગયો અને પુષ્કળ સૈન્ય આપી પાછો મલ્લિકાર્જુન સામે મોકલ્યો. વાગ્ભટ બીજી વાર સાવચેતીપૂર્વક જઇ વ્યૂહ રચી તેની સામે યુદ્ધના મોરચા માંડયા. આ બીજી વારના યુદ્ધમાં વાહડ વિજયી થયો. તેણે તે યુદ્ધમાં "રાજપિતામહ" મલ્લિકાર્જુનને મારી નાખી તેની વિજયલક્ષ્મીને વર્યો. સાથે તેણે મલ્લિકાર્જુનની જે રાજલક્ષ્મી મેળવી તેમાં નીચેનાં મુખ્ય હતાં. "શૃંગારકોટી નામની સાડી, માણિક્ય નામનું વસ્ત્ર, પાપક્ષય હાર અને વિષાપહાર છીપ. એ સિવાય ૧૪ ભાર સોનાના ૩૨ કુંભ–ચરૂ, ૬ મુંડા મોતિ, ૧૪ કરોડ સોનૈયા, ૨૦૦૦ હજાર વાસણ, ચતુર્દંત હાથી અને સેદુક નામનો શ્વેત હાથી વગેરે ઘણી ચીજો સાથે લઈ વિજયયાત્રા કરી તે પાટણ પાછો આવ્યો. ગુજરાતના નરેશે તેને બહુ માનપૂર્વક પુરપ્રવેશ કરાવ્યો. તેણે સભામાં જઇ કુમારપાલ સન્મુખ મલ્લિકાર્જુનનું માથું ધર્યું અને બધી રાજલક્ષ્મી સભામાં હાજર કરી. કુમારપાલે તેને ધન્યવાદ આપી મલ્લિકાર્જુનનું "રાજ-પિતામહ" બીરૂદ વાગ્ભટને આપી બીજું પણ સારૂં ઇનામ આપ્યું.

આ સિવાય સૌવીર, સૌરાષ્ટ્ર, સપાદલક્ષ, તૈલંગ, કોંકણ આદિ દેશોમાં વિજયયાત્રા કરી કુમારપાલ પાછો આવ્યો. ગુજરાતની સમસ્ત પ્રજાએ, તેની યુવતિઓએ આ પોતાના પરનારીસહોદર વિજેતા રાજવીને ઉઘાડે મુખડે દુઃખડાં લઇ ફૂલ અને ચોખાના સ્વસ્તિકથી

---

૧ વાજીંત્ર અને શંખનાદ સાંભળી તે પાછો પડતો હતો એટલે તેણે તેના કાનમાં ગેસ ભરાવ્યો કે જેથી તે શબ્દ સાંભળી ન શકે.

વધાવ્યો. ગુજરાતની પ્રજાએ ફરી વાર વનરાજ, મુળરાજ અને સિદ્ધરાજને સંભાર્યા. સિદ્ધરાજ જે દેશોને વર્ષો સુધી પોતાના ત્રણ મહારથીઓથી (ત્રિભુવનપાલ, મુંજાલ મંત્રી અને ઉદાયન મંત્રી તેના રણાંગણના ખેલાડીઓ, સુત્રધારો, અને મહારથીઓ હતા) લઢી લાંબે સમયે વિજયપતાકા પામ્યો હતો તેમાંના દરેક દેશમાં પોતાના ભુજબળથી વિજયપતાકા મેળવી ગુજરાતની વિજય કીર્તિના મંદિરને સુંદર કળશ ચડાવી તેની શોભામાં વધારો કરી, ગુજરાતનાં યશોગાન પોતાના ફડફડાટ દ્વારા ગાતી વિજયપતાકા તેના ઉપર ચડાવી.

હવે વિજયયાત્રા કરી આવેલા વૃદ્ધ રાજવીએ પરદેશની લક્ષ્મી અને બળથી ગુજરાતને સમૃદ્ધ બનાવી અનેકવિધ કળાઓ અને સુંદર ભવ્ય સ્થાનોથી શોભાવવા પ્રયત્ન આદર્યો. તેમાં તેણે સૌથી પ્રથમ આર્યાવર્તના સુધાસાગર સમા અહિંસાના પવિત્ર અને મીઠા મંત્રો ઘેર ઘેર પહોંચાડયા અને પોતાના તાબાના બીજા દેશોમાં પણ અહિંસાના સુમધુર નાદો પહોંચાડી પ્રજાને શાંતિસાગરમાં હિલોળા ખાતી બનાવી.

ત્યાર પછી શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના ઉપદેશથી સોમનાથપટ્ટણના મહાન જીર્ણ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવી અઢળક પૈસો ખર્ચી તેને વિવિધ શિલ્પથી શોભાવી મજબુત બનાવ્યું.[1] આ સિવાય તે પરમ યોગીશ્વરના ઉપદેશથી તેણે જ્યારથી તે મંદિરના જીર્ણોદ્ધારનું કામ આરભ્યું હતું ત્યારથી તે પુરૂં થતાં સુધી બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા પાળી હતી. તેઓશ્રીના ઉપદેશથી 'કુમારપાલવિહાર' 'ઉદયવસહીકા' અને તારણ (તારંગા હીલ) પર્વત ઉપર ૨૪ હાથ ઉંચુ ભવ્ય જિન મંદિર કરાવ્યું કે જે ગગનચુંબી ભવ્ય પ્રાસાદની સુંદર પતાકા અત્યારે પણ પવનમાં હીલોળા ખાતી કુમાળપાળનાં યશોગાન ગાઇ રહી છે. તે મંદિરની અંદર તેણે ૧૦૪ આંગળની અજીતનાથ પ્રભુ (જૈનોના બીજા તીર્થંકર) ની પ્રતિમા ભરાવી હતી. આ સિવાય 'આલોગ નામની વસતી' 'કુમારપાલવિહાર' 'યુકા વિહાર' 'ઝોલીકા વિહાર' આદિ ઘણાં જિન મંદિરો તેમ જ બ્રાહ્મણોના ઘણાં મંદિરો નવાં કરાવ્યાં. આ ઉપરાંત અનેક કુવા, વાવ, તળાવ આદિ પ્રજાહિતનાં ઘણાં કામો કરાવ્યાં. તેમ જ પ્રજાને માટે સ્થળે સ્થળે જ્ઞાનભંડારો (લાયબ્રેરીઓ) પાઠશાળાઓ, નીશાળો આદિ પણ કરાવી. આવી રીતે ગુજરાતમાં કળિયુગમાં પણ તેણે સત્ યુગ ફેલાવ્યો.

જ્યારે ગુજરાતમાં સત્ યુગ પ્રવર્ત્તી રહ્યો હતો તે સમયે ગુજરાતને કોઇક અનેરો વજ્રપાતનો ત્રાસકો લાગ્યો. તે સત્ યુગના વિધાતા, ગુજરાતના સુવર્ણાક્ષરના ઇતિહાસમાં **यावत्चंद्रदिवाकरौ** ઉચ્ચ સ્થાન ભોગવવાને લાયક શ્રીહેમચંદ્રાચાર્યની તબીયત લથડી. કાળ કોઇને છોડતો નથી. રાજમહારાજા ચક્રવર્તી કે તીર્થંકર દેવ જેવા અનેકને પણ દુષ્ટ કાળે પોતાના કોળીયા બનાવ્યા છે–તેમ તેણે તે ધર્મની

---

૧ જૈનેતર મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવવાનો ઉપદેશ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય આપે એ તો તેમનો નિષ્પક્ષપાત કે તટસ્થતા સિવાય બીજું કશું નથી. હજી આગળ વધીને કુમારપાલના આગ્રહથી હેમચંદ્રાચાર્ય મહાદેવનાં દર્શન કરવા સોમનાથપટ્ટણ પણ ગયા હતા અને ત્યાં જઇ મહાદેવાષ્ટક બનાવ્યું હતું.

૨ પહેલાં આ મંદિર વાગ્ભટે બંધાવ્યું હતું પરંતુ કુમારપાળના આગ્રહથી તેમને આપી તે મંદિરનું નામ કુમારપાળવિહાર રાખ્યું.

श्री बृहत्तरगच्छीय ज्ञान मन्दिर, जयपुर

મૂર્તિ, સાક્ષાત્ સરસ્વતિના અવતાર સમા અને સત્યુગના વિધાતાને પોતાનું ભક્ષ્ય બનાવ્યું. ગુજરાત ઉપર વજ્રપાત કંપ થયો. આખું ગુજરાત તે સત્યુગના વિધાતાની પાછળ ગાંડુ બન્યું. રાજા અને પ્રજા બંનેએ તે ગુજરાતના ગર્ભમાંથી પાકેલા નરરત્નની કીમ્મત આંકી હતી એમ કહેવામાં લગારે અતિશયોક્તિ નથી. આખા ગુજરાતમાં તેના તાબાના રાજ્યોમાં બધે તે નરરત્નની ખોટ જણાઇ. તેનો શોક પ્રજાએ ઘેર ઘેર પાળ્યો. પાટણની પ્રજાએ અને રાજાએ તેમના દેહને ચંદનમલયાગરકર્પુરકુસુમ આદિ સુગંધી દ્રવ્યોથી બાળી તેમની પછવાડે ખુબ શોકનાં આંસુ સાર્યા.

હેમચંદ્રાચાર્યના સ્વર્ગવાસ પછી છ મહીને ગુર્જરેશ તેમને (પોતાના ગુરુને) મળવા માટે હોય તેમ સ્વર્ગને રસ્તે પ્રયાણની તૈયારી કરવા માંડી. ગુરુવિરહ અને રાજ્યમાતાના ભત્રીજા અજયપાલની ખટપટથી ચિંતાએ તેના હૃદયમાં ઘર કર્યું. અંતે તે ચિંતા ચિતા સમાન નીવડી. અને કુમારપાળ સં. ૧૨૩૦ માં આ ભૂત દેહ છોડી સ્વર્ગે સીધાવ્યો. ગુજરાતની ગાદી ઉપર આ વીર, ધર્માત્મા અને મહાન વૈભવશાલિ નરેશ કુમારપાલ છેલ્લો જ હતો એમ કહું તેમાં લગારે અતિશયોક્તિ નથી.

કુમાળપાલની પછીના રાજાઓ ઐશઆરામી, આળસુ અને વિલાસી હતા. તેમણે રાજ્ય મંત્રીઓને સોંપ્યું અને ધીમે ધીમે ગુજરાતની સમૃદ્ધિનો નાશ થવા માંડયો અને તેમાં ય કરણઘેલાના મંત્રી માધવે વિદેશીઓની સત્તાને પેસાડી ગુજરાતની લક્ષ્મી લુંટાવીને તેને પાયમાલ કરી અને ગુજરાતને વિદેશીઓની મજબુત બેડીઓથી જકડી તેને ગુલામ બનાવ્યાનું પાતક વ્હોર્યું.

કુમારપાલે ગાદીએ આવ્યા પછી અહિંસાના પવિત્ર મંત્રો સ્વીકારી પ્રજા પાસે સ્વીકારાવી શત્રુઓને પરાભવ પમાડી પોતાની પાછલી જીંદગી શાંતિમાં ગાળી ગુજરાતને સમૃદ્ધ બનાવવા પ્રયત્ન કર્યો છે.

કુમારપાલની રાજ્ય વૃદ્ધિ.

કુમારપાળના સમયની રાજ્યવૃદ્ધિ નીચે પ્રમાણે છે. રાજ્યમાં અગીયારસો હાથી, પચાસ હજાર રથ, અગીયાર લાખ ઘોડા અને અઢાર લાખ પાયદળ હતું. બીજા દેશના રાજાઓ તેની આજ્ઞા પાળતા. તેની સભામાં ૭૨ સામંતો (નાના મોટા રાજાઓ) તેની સેવા કરતા હતા. આ સિવાય તેણે ૧૪૪૪ નવાં જિન મંદિરો કરાવ્યાં, ૧૬૦૦૦ મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો તેમજ અનેક મહાદેવનાં મંદિરો પણ સમરાવ્યાં. તેમાં સોમનાથપટ્ટણનું ભવ્ય મંદિર મુખ્ય હતું. તેણે સંઘો કાઢી સંઘપતિની પદવી મેળવી સાત વાર મહાન્ યાત્રાઓ કરી હતી.[૧] આવી રીતે ગુજરાતને અનેક રીતે સમૃદ્ધ બનાવી તેણે બીજા ધર્મરાજાનું બીરૂદ મેળવ્યું હતું.

---

૧ કુમારપાળે યાત્રા કેવી રીતે કરી હતી તેનું વિસ્તૃત વર્ણન સુંદર ભાષામાં કુમારપાલપ્રબંધકાર નીચે પ્રમાણે આપે છે. કુમારપાળે પુછ્યું "મહારાજ સંઘપતિમાં કેવા ગુણ હોવા જોઇએ?" શ્રીહેમચંદ્રાચાર્ય બોલ્યા કે "સંઘપતિ માતપિતાનો ભક્ત અને સ્વજન પરજનને આનંદ આપનાર હોવો જોઇએ. તે શાંતિ, શ્રદ્ધા, શુદ્ધ બુદ્ધિ, દયા, દાન, અને શીયળથી ભૂષિત અને પરગુણના વૈભવના ઉત્કર્ષમાં હર્ષ માને એવો જોઇએ. તેનામાં મદ અને

કુમારપાલને નીચે પ્રમાણે બીરૂદ મળ્યાં હતાં 'મહારાજાધિરાજ, ચક્રવર્તી, પરમાર્હત, પરદારસહોદર, વિચારચતુર્મુખ [1](બ્રહ્મા) શરણાગત, વજ્રપંજર, રાજર્ષિ, જીવદાતા, મેવ-વાહન, ગુજરાતનો વિક્રમ, બીજો ધર્મરાજા, સત્કૃત્યનો વિધાતા અને પ્રજાગુરુ.'

તેનો જન્મ ૧૧૪૯ માં લગભગ છે. તે ૫૦ વર્ષની ઉમ્મરે ૧૧૯૯ ના માગશર વદ ૪ ને દિવસે ગાદીએ બેઠો અને ૧૨૩૦ સુધી જીવી રાજગાદી ભોગવી. તેણે કુલ ૩૦ વર્ષ અને ૮ માસ રાજ ભોગવ્યું અને ૮૦ વર્ષનું દીર્ઘાયુ ભોગવી પ્રથમ અવસ્થામાં દુઃખ ભોગવી છેલ્લી અવસ્થા શાંતિમાં ગાળી એક પ્રજાપાલક રાજા તરીકે નામના મેળવી ગુજરાતને

કલહનો અભાવ હોય તે કોઇનાથી ક્ષોભ ન પામે. ટુંકામાં સાક્ષાત્ દેવ સમાન મોક્ષગામી પુરુષ જ સંઘપતિના ઐશ્વર્યનો અધિકારી થાય. સંઘયાત્રાના ફળની ઇચ્છા રાખનાર સંઘ-પતિ મિથ્યાત્વનો સંગ છોડે એને તેવા વચન પર આદર ન કરે. યાત્રાળુઓને પોતાના બાંધવો' કરતાં પણ વધુ લેખે. સર્વ ઠેકાણે શક્તિથી અથવા ધનથી અમારિપટહ દેવડાવે. શ્રી અરિહંતનું ભજન રાખી નિરંતર સાધુ સાધ્વી અને સધર્મિકોને અન્નવસ્ત્રાદિનાં દાન અને પ્રણામ વડે પ્રસન્ન રાખે." એ પ્રકારે ગુરુનો ઉપદેશ સાંભળવાથી કુમારપાળના હૃદયમાં તીર્થયાત્રા કરવાના મનોરથનો અંકુર ફૂટ્યો, તેથી તેણે શુભ મુહૂર્ત જોવડાવી પ્રસ્થાન સારૂ સુવર્ણ અને રત્નથી જડિત પટ્ટ ગજ ઉપર સુવર્ણમય પ્રતિમાથી અલંકૃત દેરાસર પધરાવ્યું. સર્વ મંદિરોમાં અષ્ટાહ્ન મહોત્સવ મંડાવ્યો, બંધીવાનોને છોડાવ્યા અને બહુ ધામધુમ કરી. પછી વરઘોડામાં સર્વથી આગળ રાજાનું દેરાસર પછી ૭૨ સામંતોનાં દેવાલય પછી ૨૪ વાગ્ભટ મંત્રીનાં અને તેની પાછળ અઢારસો શેઠીયાનાં દેરાસર એ રીતે મોટી હારની હાર મેઘાડંબર અને છત્રચામરાદિથી શોભિત નીકળી.

સંઘનાં મુખ્ય માણસોની નોંધ આ પ્રમાણે છે. પહેલાં તેણે મોટો ઉત્સવ કરી સંઘયાત્રાનો ડંકો વગડાવ્યો અને પોતે મુખ્ય સેનાધિપતિ થયો. તે સંઘમાં જવા સારૂ કુમારપાલના સામંતો, વાગ્ભટાદિ મંત્રીઓ રાજ્યમાન્ય નગરશેઠના પુત્ર આભડ, ષડભાષાચક્રવર્તી શ્રી દેવપાલ, કવિઓ અને દાનાઓમાં અગ્રણી એવો સિદ્ધપાળ, પાલનપુરનો પદ્મલાદ રાણો, નવ્વાણું લાખની મુડીવાળો-પુંજીવાળો છાડાશેઠ, રાજાનો ભાણેજ પ્રતાપમલ્લ, અઢારસો શાહુકારો, હેમચંદ્રાચાર્યાદિ મુનિઓ અને બીજા પણ છએ દર્શનના વેત્તાઓ તથા ગામ નગર અને સ્થાનના કરોડો લોકો તૈયાર થયા.

અગીયાર સો હાથી અગીયાર લાખ ઘોડા અને અઢાર લાખ પાયદળને સાથે લેવાનો હુકમ થયો અને અનેક યાચક લોકોનાં ટોળાં પણ એકઠાં થયાં. બીજું વર્ણન લંબાણના ભયથી નથી આપતો.

૧ આ બીરૂદ વૃદ્ધાવસ્થામાં સંસ્કૃત ભણી પ્રખર પંડિત થવાથી અને સારા કાવ્યકાર અને ટીકાકાર થવાથી પંડિતોએ તેને આપ્યું હતું. કુમારપાળની કૃતિઓ પણ કેટલીએક ભણી આવે છે કે જે સાર અર્થ અને ચમત્કારથી ભરપુર છે. સમયે ઓળ-ખાણ કરાવીશ.

શોભાવી સિદ્ધરાજનાં જસમાઓડણ અને રાણકદેવીનાં કલંકો ધોઇ નાખી એ પરનારી-સહોદર સ્વર્ગે ગયો. તેની સ્તુતિરૂપ એક શ્લોક નીચે પ્રમાણે છેઃ—

कृत्यकृत्योऽसि भूपाल कलिकालेऽपि भूतले ।
आमंत्रयति तेन त्वां विधिः स्वर्गे यथाविधि ॥ १ ॥

"હે રાજન કલિકાળને વિશે પણ ભૂતળને વિષે પણ આપ કૃતકૃત્ય થયા છો તેથી પ્રસન્ન થઇ વિધાતા આપને સ્વર્ગમાં યથાવિધિ નિમંત્રણ કરે છે."

ઉપસંહાર.

ઉપસંહારમાં મારે કંઇ વિશેષ જણાવવાનું નથી, પરંતુ અત્યારના કેટલાએક મહાશયો રા. મુનશી આદિ કુમારપાળ અને તેના ગુરુ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય ઉપર અણછાજતા આક્ષેપો કરે છે. જો કે તેમના આ આક્ષેપોનો ઉત્તર આપવા હું નથી બેઠો અને અત્યારે તેનો સમય પણ નથી; પરંતુ તેઓના પ્રત્યે મારી એક નમ્ર વિનંતી છે કે તે મહાશય પોતાની વિયતવિહારી કલમ દ્વારા ઇતિહાસ ઉપર છીણી મુકવાનું જે પાતક વ્હોરી રહ્યા છે તેને આગળ વધતું અટકાવે. સાચો ઇતિહાસ નિષ્પક્ષપાતપણે તપાસી તટસ્થ ભાવે તેને બહાર લાવે તેમાં જ તેમની કલ્પનામય કલમનું મહત્ત્વ છે. બીજાની ચોરી કરી બીજાને બનાવવા તેના કરતાં તો બહેતર છે કે કલમને છોડી દેવી. ભાઇ મુનશી આટલા શબ્દોમાં જરૂર સમજી જઇ સત્યને ગ્રહણ કરશે એમ હું ઇચ્છું છું.

હવે મેં 'મહારાજાધિરાજ' કુમારપાળના નિબંધમાં જે જે ગ્રંથોની મદદ લીધી છે તેના લેખકો—આચાર્યશ્રીના ઉપકાર માની વિરમીશ.

કુમારપાળનું જીવનચરિત્ર તેમના ગુરુશ્રી હેમચંદ્રાચાર્યે મહાવીર સ્વામીના જીવનચરિત્રમાં કંઇક અને પ્રાકૃતદ્વાશ્રયમાં વિસ્તારથી આપ્યું છે અને તેઓશ્રીએ લખેલું જીવનચરિત્ર ઐતિહાસિક દૃષ્ટિથી બહુ મહત્ત્વનું છે. જો કે મને આ ગ્રંથોની મદદ નથી મળી માટે દિલગીર છું. મેરુતુંગાચાર્યકૃત પ્રબંધચિંતામણી તથા જિનમંડણ ગણીકૃત કુમારપાળપ્રબંધની મદદ મેં ખાસ લીધી છે. આ સિવાય જૈન સાહિત્ય સંશોધકમાં આવેલ—શ્રી જિનવિજયજીએ લખેલ કુમારપાળ પ્રતિબોધની પ્રસ્તાવના આદિની મદદથી મેં આ નિબંધ તૈયાર કર્યો છે.

જિનમંડણગણીએ કુમારપાલપ્રબંધમાં ઘણી નવી વાતો લખી છે. મેં ખાસ આ ગ્રંથ ઉપરથી જ નિબંધ તૈયાર કર્યો છે માટે એ ગ્રંથકારનો ખાસ ઉપકાર માની વિરમું છું.

૮ જૈન રાસાઓ.



(લેખકઃ–રા. રા. ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.)

અનેક જૈન કવિઓએ અનેક રાસો લખેલા છે. કવિતામાં લખાયેલા અનેક મહા-પુરુષોનાં ચરિત્રોના કથા રૂપ ગ્રંથોને મુખ્યત્વે રાસ એવું નામ આપવામાં આવે છે. આવા રાસોમાં નીતિ અને ધર્મની જુદી જુદી વાતો સમજાવવા માટે ઉન્નત આત્માઓનાં જીવનચરિત્રો આપવામાં આવેલ હોય છે. વૈષ્ણવ ધર્મમાં પણ કેટલાક રાસો તે ધર્મના મહાપુરુષોએ રચ્યા છે. જૈન કવિના બનાવેલા રાસોમાં જુદે જુદે સ્થળે દૃષ્ટિ કરતાં તેમાં નવરસયુક્ત વર્ણનો આવે છે. જૈન રાસો કેટલેક સ્થળે તો રસ અને અલંકારથી છલકાઇ જાય છે, તેટલું જ નહીં પરંતુ રસના આલંબન, ઉદ્દીપન, વગેરે વિભાવોનો જ્યાં જેવો ઘટે તેવો ઉપયોગ કરી એ વર્ણનો વાંચવામાં આહ્લાદ થાય તેવાં રસભરિત કર્યા છે તેથીજ આવી કૃતિને જૈન કવિઓએ રાસ એવું નામ આપેલ ઉચિત છે. કાવ્યનો આત્મા રસ છે, જેથી રસિક કાવ્યને રાસ એ નામ યોગ્ય રીતે અપાયેલ છે. આવા રાસોમાંથી જેમ કેટલેક અંશે જૈન ઇતિહાસ દેખાય છે તેમ જુની ગુજરાતી ભાષા તે સમયે કેવી હતી તેનું પણ ભાન થાય છે. વળી સાહિત્ય શબ્દનો ખરો અર્થ આપતી વેળા એક સંસ્કૃત કોષમાં દાખલા તરીકે "રસાલંકારાદિ" એવું લખેલ જણાવામાં આવેલ છે, તો તે અર્થ લક્ષમા રાખવાથી સ્પષ્ટ જણાશે કે, જૈન કવિ-તાઓનું ગુજરાતી ભાષાનું સાહિત્ય કહેવું એ આવશ્યક છે કારણ સાહિત્યનો ખરો અર્થ તેમાં સાર્થક થાય છે.

જૈન રાસોની કવિતા હાલના કવિઓની પેઠે વૃત્ત કે છંદમાં લખવામાં આવેલ નથી, પરંતુ અમુક રાગ, મેળ અને તાલ સહિત ગવાય અને તેમાં કોઇ રાગ રાગિણીની છાયા આવે એવી દેશીઓ ઢાળો, ગરબીઓ, વગેરેમાં રચાયેલ છે. કવિ શ્રી પ્રેમાનંદે જેમ કડવાં અને શ્રીયુત દયારામભાઇએ મીઠાં એમ પોતાના કવિતાના ગ્રંથોમાં લખ્યું છે તેમ જૈન કવિઓએ દેશીઓનું નામ આપી ઉપર ઢાળ પહેલી ઢાળ બીજી એમ લખેલ છે. અને કવિ પ્રેમાનંદની કવિતામાં જેમ વલણ આવે છે તેમ જૈન કવિ રચિત રાસાઓમાં ઢાળની પૂર્વે દુહા-દોહરા કે સોરઠી દોહરા આપેલ હોય છે.

જૈન કવિ વિરચિત રાસાઓમાં પ્રથમ મંગળાચરણમાં જિનેંદ્રપ્રભુ–દેવની સ્તુતિ, પછી પોતાના ગુરુ અને સરસ્વતી દેવની સ્તુતિ કરેલી હોય છે; ત્યાર બાદ કયા પુરુષ માટે અને ધર્મના કયા સ્વરૂપ ઉપર રાસ લખ્યો છે તે જણાવવામાં આવે છે. દરેક રાસમાં છેવટે પ્રશસ્તિ–રચનાર મહા પુરુષનું નામ, રચવાનો સમય, સ્થળ (ગામ, સંવત, માસ વાર વગેરે) તેમજ પોતાના ગુરુની પરંપરા–પેઢીનામું આપવામાં આવતું હોવાથી તે ઐતિહાસિક સાહિ-ત્યનું અંગ પણ બને છે અને તેથી તેને સદામરૂપ છે.

મુસલમાની રાજ્યના આરંભનો કાળ ગુજરાતમાં અંધાધુંધીનો અને ત્રાસનો તેમજ કેટલેક અંશે હિંદુ મંદિરો, અને સાહિત્યના વિધ્વંસનો હતો. આવા જુલમવાળા કાળમાં

લોકો સંસ્કૃત માગધિ-પ્રાકૃતાદિ ભાષાઓનો અભ્યાસ કરી ઉંચું તત્ત્વજ્ઞાન મેળવે એવી યોજના કે શાંતિ તે વખતે નહોતી, પરંતુ દરેક ધર્મ પુસ્તકોના ભંડારોનું રક્ષણ કરવું મુશ્કેલ થઇ પડતું હોવાના કારણે તે ભંડારો માંહેના પુસ્તકોનો વિનાશ થવાના ભયે સંતાડી મુકવામાં આવતાં હતાં. તેવા સંયોગમાં તેમજ પ્રાકૃત અને સંસ્કૃત ભાષાના અજ્ઞ જીવો માટે–સામાન્ય મનુષ્યો માટે, તે વખતના લોકોની અભિરુચિ ઉપર લક્ષ આપી આવા રાસો રચવામાં આવેલ છે. આવા ત્રાસના વખતમાં પણ જૈન મહાત્માઓ, ધર્મગુરુઓ જાગ્રત હતા. આવા રાસોની રચના જૈન ધર્મના આગમ-સૂત્રો ઉપરથી જ લીધેલી છે તે નિઃસંદેહ વાત છે. સામાન્ય મનુષ્ય પ્રાકૃત સંસ્કૃત ભાષાનું જ્ઞાન મેળવી ધર્મબોધ લઇ શકે એમ ન હોવાથી તે કાળમાં ચાલતી સરલ-ગુજરાતી ભાષામાં કાવ્યરૂપે તેવા મનુષ્યો ધર્મ-બોધ પામી શકે, સરલતાથી સમજી શકે એવી સ્વ-પરહિત બુદ્ધિથી સંસારથી ત્યાગી થયેલા, સંયમી મહાન પુરુષોએ આગમ-સૂત્રો-સંસ્કૃત કાવ્યોમાંની આખ્યાયિકાઓને રાસરૂપે દેશી ભાષામાં ઉતારી રચના કરી.

મુંબઇ યુનિવરસીટિની એમ. એ. ની પરીક્ષામાં ગુજરાતી ભાષા લઇને પાસ થનારને પંડિત વર્યશ્રી નેમવિજયજી રચિત જે શીલવતીનો રાસ વાંચવો પડે છે તે રાસ વડોદરા તરફથી પ્રાચીન કાવ્યમાળાના અંકમાં વિવેચન સાહિત પ્રકટ થયેલ છે, તેમાં રા૦ બા૦ શ્રીયુત હરગોવિંદદાસ કાંટાવાળાએ જણાવેલ છે કે "રાસાનો સામાન્ય અર્થ કહાણી થાય છે. તે ઉપરથી આવા કથાના ગ્રંથોને રાસો કહેવાનો પરિચય પડયો હશે. રાસામાં કથેલી કથાઓ કવિ કલ્પિત હશે કે મૂળ તેમાં કાંઇ સત્ય હોઇ કવિની કલ્પનાએ વધારો કર્યો હશે તે વિશે અહીં વિવેચન કરતા નથી, પરંતુ આ કથા-ઓ ઘણી રસભરિત અને મનોરંજક હોય છે એમાં તો સંશય નથી. અમારા જોવામાં જે જે રાસાઓ આવ્યા છે તે સઘળામાં એક વાત અમે સામાન્ય રીતે જોઇ છે કે, તે બધામાં અદ્‌ભુત વાર્તા સર્વોપરી હોય છે. શ્રોતાના મનને ચમત્કાર ઉત્પન્ન કરવા માટે કવિઓએ તે કાળમાં લોકશ્રદ્ધાને અનુસરીને એવાં અદ્‌ભુત કથન તેમાં દાખલ કર્યા હશે એમ સમજાય છે. મંત્રાસિદ્ધિ, સુવર્ણ સિદ્ધિ રત્નાદિકના ચમત્કારી ગુણો, ભુત પ્રેતાદિની અદ્‌ભુત ક્રિયાઓ, આકાશગમન, વૃક્ષાદિનું એક ઠામથી બીજે ઠામ ઉડી જવું ઇત્યાદિ અનેક કથાઓ એવા રાસાઓમાં વર્ણવેલી હોય છે.....ધર્મ અને સુનીતિને કેવો ગાઢ સંબંધ છે તે જૈન કવિઓના લખાયેલા રાસાઓ ઉપરથી સ્પષ્ટ માલમ પડી આવે છે."

ઉપર પ્રમાણે રા૦ બા૦ શ્રીયુત કાંટાવાળાએ જૈન રાસોના સંબંધમાં તેમાંની કથા રસભરિત અને મનોરંજક હોય છે એમ જે કહ્યું છે તે અમારા અભિપ્રાયને મળતું છે. પરંતુ તે કલ્પિત છે કે કાંઇ સત્યતાવાળી છે તેમાં તેઓશ્રી શંકાશીલ અથવા તે સત્ય છે જ એમ જે શ્રદ્ધાપૂર્વક માનતા નથી તે સંબંધમાં અમારે જણાવવું અસ્થાને નથી કે જેમ મીમાંસક દર્શનનાં મુખ્ય શાસ્ત્ર ઇશ્વરપ્રણિત હોઇ તે કે તેમાં આવેલ કથાઓ સત્ય જ હોઇ શકે, તેમ જૈન ધર્મનાં મૂળ સૂત્રો આગમો કે જે તેમના ઇશ્વરપ્રણિત-તીર્થંકર ભગવાને પ્રરૂપેલા હોઇ તેમાં આવેલ વિષયો કે કથા સત્ય જ હોઇ શકે, તેથી અમોએ ઉપર જણાવેલ છે તેમ આ જૈન રાસો તે આગમોમાંથી ઉદ્ધરેલ હોવાથી તે

બોધની વાતો આ રાસોમાં પદ્ય રૂપે જણાવેલ હોવાથી તે કલ્પિત કે અપૂર્ણ સત્ય નથી પરંતુ ખરેખર બનેલી હકીકતોને જૈન કવિઓએ આકર્ષક ઘટનામાં ગોઠવેલી છે.

જૈન કવિઓએ જેમ જૈન રાસો ગુજરાતી ભાષામાં બનાવ્યા છે તેમ ગુજરાતી ભાષામાં સ્તવનો, સ્તુતિઓ અને સજઝાયો–સામાજિક સર્વમાન્ય–ઉપદેશક પદો પણ બનાવેલાં છે. હાલમાં જાણવા પ્રમાણે ગુજરાતી ભાષામાં અંકિત થએલા તેવા રાસો સુમારે બેણુ-ચારસેં તો હાથ આવ્યા છે, છતાં હજી બીજા રાસો પણ ભંડારોમાં પડેલા હોય અને પ્રસિદ્ધિમાં ન આવ્યા હોય તેમ બનવા જોગ છે. આ બધા રાસો પ્રકટ થાય તો અનેક કાવ્યદોહનનાં પુસ્તકો થાય !!!

જૈન ધર્મમાં શ્વેતાંબરી અને દિગંબરી એમ બે મુખ્ય ભેદો છે. શ્વેતાંબરીમાં મૂર્તિપૂજક અને સ્થાનકવાસી એમ ભેદો છે. સ્થાનકવાસી મૂર્તિને માનતા નથી. શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન મહાત્માઓની કૃતિના ઘણા રાસો છે, જ્યારે સ્થાનકવાસી જૈન મહાત્માના આંગળીના ટેરવે ગણાય તેટલા જ રાસો છે. સ્થાનકવાસી જૈન ધર્મગુરુઓ ધર્મસિંહજી, ધર્મદાસજી, ખોડીદાસજી, જેમલજી ઋષિ, તિલોક ઋષિ, જેઠમલજી અને હમણાં થઇ ગયેલા શ્રી-ઉમેદચંદજી ઇત્યાદિ મુનિઓએ જ માત્ર રાસો વગેરે લખી ગુજરાતી સાહિત્યવૃદ્ધિની દિશામાં કંઇક પ્રયત્ન કર્યો છે.

કવિતા જેવી ચીજ સારા રાગમાં ગવાતાં ઘણા જીવોને પ્રિય થઇ પડે છે. બાળકથી મનુષ્યો તેમ જ પશુઓનું પણ ચિત્ત લય પામે છે, જેથી કવિતા તરફ રુચિ કરાવી લોકોને નીતિના રસ્તે દોરવાનું કાર્ય આવા મનોરંજક રસભક્તિવાળા રાસો વડે ગુજરાતી ભાષામાં જૈન મહાત્માઓએ કરેલ છે તેમ ચોક્કસ જણાય છે.

શાસ્ત્રોના વાચનનું કામ બાળ જીવોને માટે કઠિન હોવાથી આવા રાસો વાંચવાથી તે વધારે પ્રિય થઇ પડતાં જલદી બોધ પામી શકે છે. કેટલાક રાસો વાંચતાં તેના રચનાર મહા-પુરુષોએ તર્ક અને કવિત્વશક્તિને એટલી બધી સરાણે ચડાવી હોય છે કે તે વાંચતાં તે પુરુષોના બુદ્ધિબળની પ્રશંસા સ્વાભાવિક રીતે આપણાથી થઇ જાય છે.

દરેક રાસમાં મુખ્ય પાત્રે સંસારને ત્યાગી સ્વર્ગ કે મોક્ષસુખની પ્રાપ્તિ કર્યાનું જણાય છે કે જે દરેક જીવને અંતે મેળવ્યા સિવાય છુટકો નથી. મોક્ષગામી ઉચ્ચ પાત્રને જ કવિશ્રી મૂળ ગ્રંથોમાંથી મુખ્ય પાત્ર તરીકે રાસમાં પસંદ કરે છે અને ખરેખરા સદ્વર્તનશાળી ઉચ્ચ કોટીના પાત્રને જનસમૂહ આગળ ખડા કરી તેના જીવનવૃત્તાંતથી શ્રોતાઓને–વાચકોને સદ્ગુણશાલી બનાવે છે. આત્માને મોક્ષ પ્રાપ્ત કરાવવાનો મહાપુરુષોનો–કવિઓનો આ શ્રમ સ્તુતિપાત્ર આવકારદાયક અને ઉપકારક છે

જૈન કવિઓના બનાવેલા અનેક રાસોમાંથી કેટલાક જેવા કે વિમલમંત્રીશ્વરનો રાસ–કુમારપાળનો રાસ વગેરે વાંચવાથી કેટલુંક ઐતિહાસિક જ્ઞાન પણ આપવાનો યોગ્ય પ્રયત્ન થયો છે, એટલે જૈન મહાત્માના રાસોમાં માત્ર કવિતા, અને જીવનવૃત્તાંત છે તેટલું જ નહીં પરંતુ ઐતિહાસિક સાહિત્ય પણ આવેલું છે. આની સાથે શુદ્ધ વ્યવહારનું જ્ઞાન,

કેટલેક સ્થળે જ્યોતિષ તથા સામુદ્રિક શાસ્ત્રનું જ્ઞાન પણ કિંચિત્‌કિંચિત્‌ જણાય છે. વળી જૈન ધર્મના બાવીસમા જૈનેશ્વર શ્રી નેમિનાથના જે ભાઇ થતા હતા તે મહાત્મા શ્રીકૃષ્ણ જ. યાદવો વગેરે પણ જૈન ધર્મી હતા. વલ્લભીપુરના રાજા શિલાદિત્યના દરબારમાં જૈન મહાત્માઓ ધર્મ સંબંધી સંવાદ લોકભાષામાં કરતા હતા. વનરાજ ચાવડાથી માંડીને વિશળદેવ વાઘેલા અને રાજા કુમારપાળ સુધી જે ઇતિહાસ તપાસીએ તો તેમાં પણ જૈન મુનિઓ અને જૈન મંત્રીઓ દર્શન દેતા જણાય છે. જૈનોના સંપૂર્ણ ઉદયકાળમાં બીજા મહાપુરુષો બીજાઓ તરફ ઉદાર ભાવથી વર્તતા હતા, એમ ગુજરાતનો જૈનોનો ઇતિહાસ અને આવા ગુજરાતી રાસો તપાસતાં જણાય છે તેટલું જ નહીં પરંતુ જેમ જૈન મુનિઓએ રાસો, કાવ્યો, ઇતિહાસ અને ઉપદેશગ્રંથો લખી ગુજરાતી સાહિત્યની વૃદ્ધિ કરી છે તેમ જૈન ગૃહસ્થો વસ્તુપાળ જેવા અમાત્યો વગેરેએ પણ કાવ્યો વગેરે લખી સાહિત્યમાં અભિવૃદ્ધિ કરી છે; જેથી જૈન ધર્મનો ઇતિહાસ તપાસતાં એમ જણાય છે કે ગુજરાતી સાહિત્યની વૃદ્ધિ માટે અને ધર્મનીતિના સિદ્ધાંતોના જનસમાજમાં પ્રસાર માટે જૈન કવિવરોએ અસાધારણ શ્રમ લઇ બીજાઓ માટે અનુકરણીય દૃષ્ટાંત મૂકયું છે.

આ પ્રકારનું જે જૈન સાહિત્ય હજી પણ અપ્રકટ અવસ્થામાં પ્રમાદ અને ઉધઇને લઇને નાશ પામે છે તેને જલદી બહાર લાવવું જોઇએ. અત્યારના બ્રીટીશ રાજ્યમાં તે સંરક્ષિત હોવાથી તેને પ્રકટ કરવાનું કાર્ય જૈનદર્શનના શ્રીમાનો જલદી મુખ્યત્વે હાથ ધરશે અને ગુજરાતી સાહિત્યમાં પોતાનો ફાળો આપી તેમાં અભિવૃદ્ધિ કરશે એમ અમે નમ્ર ભાવે સુચવીએ છીએ.

ઉપર જણાવેલ રાસાઓ ધર્મસ્થાનમાં આજે પણ ચોમાસામાં નિવૃત્તિના દિવસોમાં તેમ જ કેટલેક સ્થળે ઉનાળાના લાંબા દિવસોમાં પણ બપોરના વખતે ધર્મગુરુઓ અને જાણકાર ગૃહસ્થો વાંચે છે ને અનેક શ્રોતાઓ શ્રવણ કરે છે. જૈનશાસ્ત્રો–આગમો વાંચવા વિચારવા કે સમજવાનું સામાન્ય જીવો માટે મુશ્કેલ હોવાથી સર્વના લાભ માટે ધર્મ–નીતિનું સરલ રીતે શિક્ષણ આપનારા આવા રાસો દેશભાષામાં રચનારા મહાપુરુષોએ દેવલાં ચારસેં પાંચસેં વર્ષનો ભૂતકાળ તપાસતાં જનસમૂહ ઉપર મહદ્‌ ઉપકાર કર્યો છે એમ સહજ કબુલ કરવું પડે છે. ગુર્જરી ભાષાના પ્રદેશમાં જૈન કવિઓ સારી રીતે દીપી નીકળ્યા છે. આવા રાસોમાં આવેલી તેમની કવિતાઓએ અનેક રંગો દેખાડયા છે. અનેક દાખલા, દૃષ્ટાંતો, ઉપનયો આપી દાન, શીલ, તપ, ભાવના, અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, સર્વ જીવ પ્રત્યે મૈત્રી, કરુણા, પ્રમોદ અને માધ્યસ્થપણું વગેરે બાબતોનો મહિમા બતાવવા જૈન કવિશ્રીઓએ સાચો શ્રમ લીધો છે. અમુક દેવનું, અમુક ધામનું કે અમુક અવતારનું જ વર્ણન માત્ર લઇ તે માટે રાસો બનાવ્યા છે એમ નથી, પરંતુ ધર્મનીતિના સિદ્ધાંતો તરફ જ જનસમૂહને વાળી શકાય તેવાં પાત્રો આગમ–મૂળ સૂત્રોમાંથી પસંદ કરી તેમનાં વર્ણનો બનાવવાનો પ્રયત્ન આ રાસોમાં કરવામાં આવ્યો છે. ગૌતમ સ્વામીજીનો રાસ કે જે તે જ વ્યક્તિ માટે લખાયેલ છે તેવા દાખલાઓ જુજ છે. કોઇ પણ મહાશયે જૈન ગુજરાતી સાહિત્યને અત્યાર સુધી પુરતો ન્યાય આપ્યો નથી તેથી તે તરફ જનસમાજનું લક્ષ જોઇએ તેવું ખેંચાયું નથી. જૈન કવિતાઓ ગુજરાતી ભાષા ગુજરાતમાં જન્મ પામ્યાનું બતાવી

આપે છે. તે ભાષાની કવિતામાં સવિ, નમરી વગેરે જુની ગુજરાતી ભાષાના શબ્દોનો ઉપયોગ થયેલો હોવાથી ગુજરાતી ભાષાના સાહિત્યમાંથી તેને ગૌણ કરવાનું કોઇ પણ રીતે વ્યાજબી નથી. જો કે આપણી આ ગુજરાતી સાહિત્ય પરિષદનું લક્ષ તેના ઉપર કેટલાક વખતથી ગયેલ હોવાથી જૈન સાહિત્યે ગુજરાતી સાહિત્યમાં પણ ઘ્હોટો ફાળો આપ્યો છે એમ હવે કેટલાક સાહિત્યપ્રેમી સાક્ષર બંધુઓને જણાયું છે તે ખુશી થવા જેવું છે.

હાલમાં માત્ર ગુજરાતી પાંચ ધોરણ ભણી છેવટ્ટે સ્કુલો અને આગળ કોલેજમાં દાખલ થઇ અનેક ઉપાધિ મેળવનાર કેટલાક ગુજરાતી બંધુઓ કહે છે કે હાલના વિદ્વાનોની સંસ્કૃતમયે ગુજરાતી ભાષા અમારાથી સમજાતી નથી, તેટલા ઉપરથી તેવા વિદ્વાનોની તેવી કૃતિઓથી દુર રહેવાય નહીં, તો પછી જૈનોની ગુજરાતી ભાષાને પણ ગુજરાતી ભાષાસાહિત્યનું અંગ ન કહેવું એમ બને જ નહીં. પ્રથમથી જ જૈન સાહિત્ય તરફ બેદરકારી બતાવવામાં આવી ન હોત, તો ગુજરાતી સાહિત્યને પરિપુષ્ટ થવાની સારી જોગવાઇ કયારનીએ મળી ગઇ હોત, જો કે આમાં કેટલેક અંશે જૈન કોમ પણ પોતાનાં તેવા પ્રમાદ માટે કપકાપાત્ર છે.

કેટલાક વિદ્વાનો કહે છે કે જૈન ગદ્ય, પદ્ય સાહિત્ય તો માત્ર તેમના ધર્મને લગતું હોવાથી ભાષાના અભ્યાસીઓનું લક્ષ તેના તરફ ખેંચાયું નથી. અમો તે ના કહીએ છીએ, અને સાથે નમ્રતાપૂર્વક પુછવા માગીયે છીયે કે શું નરસિંહ મહેતાની કે શું પ્રેમાનંદની કે શું દયારામભાઇ કે ભાલણ કવિની કે બીજા કોઇ ગુજરાતી કવિની કવિતાઓ ધર્મ સિવાય બીજા વિષયની છે ? એક સામળભટ્ટ સિવાય બીજા જુના કવિઓની કવિતા પોતાના ધર્મને લગતી જ છે. પોતપોતાના અનેક ધર્મને લગતી કવિતાઓને ગુજરાતી ભાષાના સાહિત્યમાં સ્થાન મળે તો પછી જૈન કવિઓની કવિતાઓને પણ ગુજરાતી ભાષા સાહિત્યમાં સ્થાન મળવું જ જોઇએ.

ઘણું ખરૂં સંસ્કૃત કવિઓનું અનુકરણ કરી અસલના ગુજરાતી કવિઓ પોતાની કવિતાઓ રચી ગયા છે અને તેમાં ઘણો ભાગ ધર્મ સંબંધી છે. આપણા ભારતવર્ષમાં ધર્મભાવનું, આત્મવાદનું પ્રાબલ્ય હોવાથી જેઓ ધર્મ સંબંધી કવિતા લખે છે, તે જ કવિતા, કથા કે રાસ આ દેશની પ્રજાને પછી તે પોતે ગમે તે ધર્મ માનતી હોય તેને પ્રિય તથા પૂજ્ય થઇ પડે છે અને તેઓ પરંપરાએ અમર થાય છે. જેથી આટલી હકીકત સ્પષ્ટ સમજાશે કે ધર્મ વિષયે લખાયેલી કવિતાઓ–રાસાઓ પણ ગુજરાતી સાહિત્યમાંથી બાતલ કરી શકાય નહિ કારણ તે પણ ગુજરાતી સાહિત્યમાં અમુક સ્થાન ભોગવે છે અને ગુજરાતી સાહિત્યની અભિવૃદ્ધિના અંગો પૈકીનું એક મુખ્ય અંગ છે.

૯ જૈન ભૂગોલ.



(લેખક—આચાર્ય શ્રી મુનિ ન્યાયવિજયજી.)

આધુનિક ભૂગોલના સંસર્ગમાં પ્રાચીન ભૂગોલનું નિરીક્ષણ કરી તેને યથાર્થ રીતે વર્ણવવું તે સંબંધે વિચાર ચર્ચા કરતાં આ નિબંધ લખવાનું બન્યું છે. પરંતુ પ્રાચીન ભૌગોલિક માન્યતા અને અર્વાચીન માન્યતા વચ્ચેનું સામ્ય આલેખવામાં જે મુશ્કેલી છે તેની અપેક્ષાએ પરસ્પર પ્રાચીન ભૂગોલ વર્ણનની સરખામણી કરવામાં અમુક અનુકૂળતા હોવાથી નમ્ર સત્યને પ્રકાશમાં લાવવાની વૃત્તિને સ્વીકારી આ નિબંધ લખેલ છે.

પ્રાચીન કે અર્વાચીન દરેક વિદ્વાનો કબુલ રાખે છે કે આકાશ અનન્ત છે. આ અનન્તાકાશના મધ્ય ભાગમાં લોકાકાશ રહે છે. તે લોકાકાશ મનુષ્યાકારે છે. બન્ને હાથ કેડે મુકી ટટ્ટાર ઉભા રહેલ મનુષ્યની જે આકૃતિ થાય તેવીજ આકૃતિ આ લોકાકાશની છે. તેની પગથી માથા સુધીની લંબાઇ ચૌદ રજ્જુ પ્રમાણ છે અને પહોળાઇ નીચેના ભાગમાં સાત રાજ, નાભિના ભાગમાં એક રાજ, છાતી તથા કોણીના ભાગમાં પાંચેક રાજ, અને શિખાના ભાગમાં એક રાજ છે.

પુરુષાકૃતિ લોકના મધ્ય ભાગમાં નાભિના સ્થાને મૃત્યુ લોક છે તેની નીચે અસુર સ્થાન (નાગ લોક) છે અને અનુક્રમે રત્ન પ્રભા, શર્કરા પ્રભા, વાલુકા પ્રભા, પંક પ્રભા, ધૂમ પ્રભા, તમ પ્રભા અને તમસ્તમ પ્રભા એમ સાત નરકસ્થાન છે. મૃત્યુ લોકની ઉપર ૭૯૦ થી ૯૦૦ યોજન સુધીમાં જ્યોતિષ ચક્ર છે તેની ઉપર બાર દેવલોક અને નવ લોકાંતિક દેવોનાં નિવાસસ્થાનો છે. ગળાના ભાગમાં ગ્રૈવેયક દેવસ્થાનો છે. મુખના ભાગમાં પાંચ અનુત્તર દેવસ્થાનો છે અને લલાટ શિખાના સ્થાને સિદ્ધ શિલા મોક્ષસ્થાન છે. મનુષ્યાકૃતિ લોકાકાશ આ પ્રમાણેના સ્થાનોમાં વહેંચાયેલ છે.

(સ્કં. ૨ અધ્યાય ૫. શ્લોક ૩૪ થી ૪૨)

જીવ ધર્માસ્તિકાય (ગમન સહાયક શક્તિ) અધર્માસ્તિકાય, (ગતિ નિરોધક શક્તિ) પુદ્ગલ વિગેરે પદાર્થો લોકતાદર્શક પદાર્થો છે. આ દ્રવ્યો આકાશના જેટલા ભાગમાં પ્રસરાઇ રહેલ છે તે આકાશનું નામ લોકાકાશ છે અને બાકીનું લોકતાદર્શક દ્રવ્યોથી રહિત અગુરુ લઘુ સ્વભાવવાળું આકાશ તે અલોકાકાશ છે. આ બન્ને આકાશો માત્ર ઉપચાર ભેદથી જુદાં પડે છે. જેમાં લોકાકાશના પ્રદેશો અસંખ્યાતા છે અને અલોકાકાશના પ્રદેશો અનંતા છે.

પુરાણ ગ્રંથો પણ આકાશના લોકાકાશ અને મહાકાશ એવો બે ભેદો પાડે છે. વિદ્વાન ગાર્ગીએ કરેલ પ્રશ્નના ઉત્તરમાં યાજ્ઞવલ્કય જણાવે છે કે—" ઉપલી નીચલી બધી જગા મહા-

---

૩૮૧૨૭૯૭૦ મણનો એક ભાર એવા એક હજાર ભારના તપેલા લોઢાના ગોળાને કોઇ સમર્થ દેવતા નીચે ફેંકે કે તે ગોલો ચંડ ગતિથી આવતાં આવતાં ૬ માસ ૬ દિવસ ૬ પ્રહર અને ૬ ઘડીમાં જેટલું અંતર કાપે તે અંતરની રજ્જુ કે રાજ એવી સંજ્ઞા છે.

કાશથી ઓતપ્રોત છે" એટલે મહાકાશના મધ્યમાં લોકથી ભરેલું નાનું આકાશ છે. વળી લોકસ્થાપના માટે પુરાણ ગ્રંથો કહે છે કે—પરમાત્મા કૃષ્ણ ભગવાનમાં સર્વ લોકનો સમાવેશ થાય છે, કેમકે ઉભા રહેલ પરમાત્માનું શરીર જ સર્વ પદાર્થોનું આધાર સ્થાન છે. આ જ બીનાનું સ્પષ્ટીકરણ કરતાં ઉત્પત્તિના અધિકારમાં ઋગ્વેદ જણાવે છે કે—" વિરાટ રૂપની નાભિથી આકાશ, મસ્તકથી સ્વર્ગ અને બે પગોથી ભૂમિ. ઉત્પન્ન થતી હતી. " આ સંક્ષેપ સુચનાનો વિસ્તાર ભાગવતમાં નીચે પ્રમાણે કરેલ છે.

હજાર વર્ષ સુધી અંડ સુતું હતું. કાલ કર્મ અને સ્વભાવમાં રહેલો જીવ જીવને જીવાડતો હતો. તે હજાર પગ, હજાર ઉરૂ, હજાર હાથ અને હજાર નેત્ર વાળો થયો છતો અંડ ભેદી બહાર નીકળ્યો. જેના અવયવથી લોકકલ્પના છે, તેના કેડના ભાગમાં મૃત્યુ લોક છે, ને કટી ઉપરના વિભાગમાં જુદા જુદા દેવલોકો છે. જે પેટીમાં નાભી ઉપર ભૂવ લોક (ગૃદ્વાર) હૃદય ઉપર સ્વર્ગલોક, છાતી ઉપર મહસ્ ગ્રીવામાં જન, સ્તનદ્વયમાં તપોલોક અને માથા ઉપર સત્ય લોક છે અને તેની ઉપર સનાતન બ્રહ્મ છે. કેડથી નીચેના ભાગમાં સાત તલ (નરક સ્થાન) છે. કેટલેક ઠેકાણે આ સંખ્યાની નોંધ ઓકવીસના આંકથી પણ દેખાડેલ છે જ્યાં સાત તલની યાદગીરી આ પ્રમાણે છે. કેડ નીચે અતલ, ઉરૂ (સાથલ) નીચે વિતલ, જાનુ નીચે સુતલ, જાંઘ નીચે તલાતલ, ધુંટી નીચે મહાતલ, પગમાં રસાતલ અને પગના તળીયા નીચે પાતાલ એમ જુદાં જુદાં સ્થાનો રહેલાં છે. આ સિવાય બીજી રીતની કલ્પના પણ પ્રાપ્ત થઇ શકે છે જેમાં કહે છે કે, ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્લોકના સ્થાને અનુક્રમે પગ, નાભિ અને મસ્તક છે. આથી સમજી શકાય છે કે લોકસ્થિતિના પુરાણ સિદ્ધાંતો પણ જૈન સિદ્ધાંતની સમાન માન્યતાવાળા છે.

આ લોકાકાશના મધ્ય ભાગમાં દર્શાવેલ મૃત્યુ લોક-ભૂર્લોક તેજ આપણી પૃથ્વી છે. આ પૃથ્વી તે માટીનો ઘટ્ટ સપાટ થર છે. 'બ્રહ્મા માટી પાથરીને તેને પાષાણથી ટીપતો હવો.' (तैत्तिरीयोपनिषद्) તે સ્થિર છે.

અર્વાચીન કાલમાં પૃથ્વી માટે ભ્રમણવાદની માન્યતા વિશ્વાસ પાત્ર બની છે પરંતુ દરેક પ્રાચીન ગ્રંથોમાં તો પૃથ્વીને સ્થિર તરીકે ઓળખાવેલ છે. પૃથ્વી સ્થિર છે અને સૂર્ય ફરે છે. આ બાબતની નોંધ લેવા પણ અહીં જરૂરી ધારૂં છું.

જૈન ભૂગોલ શાસ્ત્રઃ-જંબુ દ્વીપ પ્રજ્ઞપ્તિ સૂર્ય પ્રજ્ઞપ્તિ છે. ભાષાની દૃષ્ટિથી જેનો રચના કાલ ૨૨૦૦ થી ૨૪૦૦ વર્ષ પૂર્વે છે તેમાં લોકને અને પૃથ્વીને સ્થિર કહેલ છે.

ઋગ્વેદ અ૦ ૩ વ૦ ૬ માં લખે છે કે—વિશ્વ પ્રકાશી સૂર્ય સુવર્ણમય રથમાં બેસીને આવે છે. તે પ્રવણવત્, ઉર્ધ્વ દેશ યુક્ત ઉર્ધ્વ ભાગમાં થઇ પ્રવણ માર્ગના ભેદથી ગમનાગમન કરે છે. પ્રણય જનકારક દેશમાં શ્વેતાશ્વથી આવે છે.

ઋગ્વેદ અ૦ ૨ અ૦ ૧ વ૦ ૫—માં લખે છે કે સૂર્ય નિત્ય ૫૦૫૬ યોજન ચાલવા વડે મેરૂને પ્રદક્ષિણા દે છે. આ પ્રદક્ષિણા દક્ષિણોપક્રમ જાણવી.

ઋગ્વેદ અ૦૨ અ૦ ૫ કા૦ ૨ अचरंती अचले एधेते द्यावापृथिव्यौ દ્યાવા અને પૃથ્વી અચર છે, અચલ છે.

પવિત્ર પુસ્તક બાઇબલમાં પણ એ જ માન્યતા પ્રકાશેલ છે. "પણ પૃથ્વી કાયમ છે. સૂર્ય આથમે છે" અને ઉગે છે (સભા શિક્ષક ૧–૪) "તેણે અચલ પૃથ્વીનો પાયો નાખ્યો." (ગીત ૧૦૪–૫) "પૃથ્વી સ્થિર છે." (ગીત ૧૦૯–૯૦) ઈ. સ. પૂર્વે ૨૦૦ વર્ષે થયેલ હીપારકસ પણ પૃથ્વીને સ્થિર કહેતો હતો. ટોલેમી અને કોપરનીકસના મધ્ય ભાગમાં થયેલ કોષ્ટાહિયે પણ પૃથ્વી માટે સ્થિરતા જ ટપુલ કરેલ છે. પણ તેની વિશેષ માન્યતા એ હતી કે–સૂર્ય અને ચંદ્ર પૃથ્વીને આંટો દે છે અને બીજા ગૃહો સૂર્યની ચારે બાજુ ફરે છે અને અત્યારે પણ પૃથ્વી સ્થિર હોવાનો દાવો કરનાર ઘણાય પાશ્ચાત્ય પંડિતો છે. મેં સાંભળ્યું છે કે હમણાંજ એક પ્રોફેસરે નવીન શોધમાં પૃથ્વીને (છ ખુણાવાળી અને) સ્થિર દર્શાવેલ છે. ઇ. સ. પૂર્વનું ગ્રીક જ્યોતિષ પણ પૃથ્વીને સ્થિર કહે છે એટલે પ્રાચીન કાલમાં સર્વાનુમતે એમ મનાતું કે પૃથ્વી સ્થિર છે.

આ પૃથ્વીના મધ્ય ભાગમાં (પ્રમાણાંગુલે) લાખ યોજન લાંબો પહોળો જંબુ વૃક્ષના નામથી પ્રસિદ્ધિ પામેલો જંબુ દ્વીપ છે. તેના મધ્ય ભાગમાં ૧૦૦૦૦ યોજન ભૂમિમાં પથરાયેલ લાખ યોજન ઉંચો મેરુ પર્વત છે. તેની ઉત્તરમાં અને દક્ષિણમાં ૨૫૦–૨૫૦ મળીને પાંચસો યોજન વિસ્તારવાળાં બે ભદ્ર શાળ વનો છે. મેરુ પર્વતની દક્ષિણના ભદ્ર શાળ વનની દક્ષિણે ૧૧૮૪૨$\frac{૨}{૧૯}$ યોજનનું દેવ કુરુક્ષેત્ર છે. તેથી દક્ષિણમાં ને દક્ષિણમાંજ અર્ધા અર્ધા માપવાલા ૧૬૮૪૨ યોજનનો નીષધ, ૮૪૨૧ યોજનનું હરિવર્ષ ક્ષેત્ર, ૪૨૧૦ યોજનનો મહા હેમવંતગિરિ, ૨૧૦૫ યોજન પ્રમાણ હેમવંત ક્ષેત્ર, ૧૦૫૨ યોજનનો ક્ષુલ્લ હેમવંત ગિરિ, ૫૨૬ યોજનનું ભરત ક્ષેત્ર, એમ અનુક્રમે રહેલ છે.

આજ રીતિથી મેરુની ઉત્તરમાં ઉત્તર કુરુક્ષેત્ર છે, અને ત્યાર પછી ઉત્તર તરફ દક્ષિણની પેઠે અર્ધા અર્ધા માપવાળા નીલવંત પર્વત, રમ્યકક્ષેત્ર રૂપી પર્વત, હિરણ્યવંત ક્ષેત્ર, શિખરી પર્વત અને ઐરવત ક્ષેત્ર છે. ઉપરોક્ત દરેક ક્ષેત્રમાં મનુષ્યની વસતી છે. વળી નિષધ અને નીલવંત પર્વતની મધ્યે મેરુના પૂર્વ પશ્ચિમ ભાગમાં મહાવિદેહ ક્ષેત્ર છે તેમાં પણ મનુષ્યો રહે છે. ઉત્તરનું ઐરાવત ક્ષેત્ર અને દક્ષિણનું ભરતક્ષેત્ર છે. તે બન્ને જંબુ દ્વીપના ૧૯૦ મા ભાગમાં પથરાયેલા અર્થાત્ ૫૨૬$\frac{૬}{૧૯}$ યોજન પ્રમાણવાળા છે. આ પ્રમાણે એક લાખ યોજનના જંબુદ્વીપની જૈન દર્શનની માન્યતા છે.

પુરાણોમાં પણ જંબુદ્વીપનું ઉપર લખ્યા પ્રમાણેજ સ્વરૂપ દર્શન કરાવ્યું છે. માત્ર કેટલાંક નામોમાં અને માપમાં થોડો ફરક છે જેથી પુરાણોમાં જંબુદ્વીપની રચના નીચે પ્રમાણે ખડી થાય છે.

લવણ સમુદ્રથી વીંટાયેલો ચક્ર જેવો લાખ યોજનનો જંબુદ્વીપ છે. (વિષ્ણુ પુરાણ–નૃસિંહ પુરાણ) તેના મધ્યમાં મેરુ પર્વત છે. મેરુની દક્ષિણે અને લવણોદધિની ઉત્તરે ભરતકિંપુરુષ અને હરિવર્ષ ક્ષેત્રો છે ને આંતરે એક એક પર્વત છે. તે જ પ્રમાણે મેરુની ઉત્તરમાં કરુ, હિરણ્ય અને રમ્યક એમ ત્રણ ક્ષેત્રો છે. મેરુની પૂર્વ પશ્ચિમે કેતુમાલ અને ભદ્રાશ્વવર્ષ છે. મેરુ તે લાખ યોજન ઉંચો સોનાનો પર્વત છે; જેનું ઇલાવર્ત નામે ક્ષેત્ર છે. આ ક્ષેત્રમાં સોનાના કાંગડા હોય છે. આ મેરુને સૂર્ય ચંદ્ર નક્ષત્ર અને વાયુ દક્ષિણોપક્રમથી નિત્ય પ્રદક્ષિણા દે છે. આ ઉપરથી દિશા માટે એવી મર્યાદા બંધાય છે કે

મેરુની ભૂમિ તે સમપ્રદેશોનું ઉત્તર સ્થાન છે અને સૂર્ય ઉગે તે દરેક પ્રદેશ માટે પૂર્વ દિશા છે. તેથી **सर्वेषामुत्तरे मेरुः** આ માન્યતા સત્ય પાઠને ભજવે છે. (**मात्स्य० अ० १०१**) મેરુના સ્વરૂપ માટે પુરાણોમાં જુદા જુદા મતો છે. જુઓ–મેરુ ગાયના પુચ્છ જેવો છે, (વિષ્ણુ પુરાણ). ધતુરાના ફુલ જેવો છે, (પદ્મપુરાણ). ચોખુંટો છે, (ભાગુરી). અષ્ટકોણ છે, (સાવરણ). સાત ખુંટો છે, (અત્રિ). સહસ્ત્ર ખુંટો છે, (ભૃગુ). ગુંથેલા વાળ જેવો છે, (ગાર્ગી). ગોળ છે, (અન્ય). ચોખુંટો છે, (મત્સ્ય પુરાણ).

ઇલાવર્તમા ચાર દેવોધાન છે. જેમાં સિદ્ધ ચારણો વિચરે છે. આ દરેક ક્ષેત્રો પેઢીના દક્ષિણ અને ઉત્તર બન્ને ક્ષેત્રો ધનુષ્ય કામઠીના આકારે છે. (પદ્મપુરાણ ભૂમિખંડ અધ્યાય ૧૦૧. નૃસિંહપુરાણ કોપ અધ્યાય ૩૦) વલ્કિન પુરાણમાં ક્ષેત્રોનાં નામો ઉપર પ્રમાણેજ દર્શાવ્યા છે:—

उत्तरा कुरवोरम्यं वर्षं हैमवतं तथा भद्राश्व केतुमालं च तथा वर्ष-मिलावतं ॥ १ ॥ भारतं हरिवर्षं च तथा किंपुरुषावृतं एतान्यष्टौतु वर्षाणि पुण्यानि कथितानि तु ॥ २ ॥ તિલકકૃત મૃગશીર્ષમાં પણ એ જ નામો મળે છે.

અર્વાચીન શોધકો પણ સમુચ્ચિતપણે ૪૯૩૨૦૦૦ માઇલ પૃથ્વી તથા તેથી ચાર ગણા સમુદ્ર હોવાનું કહે છે.

આ જંબુદ્વીપની ચોતરફ લપેટાયેલો ચુડીનો જેવો બે લાખ યોજનનો ખારો લવણ સમુદ્ર છે તેમાં મનુષ્ય નિવાસના ૫૬ દ્વીપો છે. લવણ સમુદ્રનાં કેટલાંએક માછલાંઓ રાક્ષસી કદનાં હોય છે.

લવણ સમુદ્રની ફરતો ચાર લાખ યોજનનો ધાતકી દ્વીપ છે. આ દ્વીપમાં પણ પૂર્વ પશ્ચિમમાં બે મેરુ પર્વત છે અને જંબુદ્વીપની પેઠે જ ઉત્તર દક્ષિણના વિભાગે બે મેરુનાં બબ્બે ક્ષેત્રો અને પર્વતો છે. તેમાંના દરેક ક્ષેત્રોમાં મનુષ્યો વસે છે.

ધાતકી દ્વીપની ફરતો આઠ લાખ યોજનનો કાલોદધિ સમુદ્ર છે, જ્યાં તદ્દન કાળું પાણી હોય છે. તેની પેલીપાર ગોળ વીંટાયેલો પુષ્કરવર નામે દ્વીપ છે. જેની અધવચમાંજ ફરતો ચકાકારે ૧૭૨૧ યોજન ઉંચો માનુષોત્તર પર્વત છે. આ કારણથી દ્વીપનો અર્ધ ભાગ પર્વતની બહાર અને અર્ધ ભાગ અંદર રહે છે. એટલે આ દ્વીપને અર્ધ પુષ્કરાવર્તના નામે ઓળખાવાય છે. આ દ્વીપનો અંદરનો અર્ધ ખંડ પૂર્વ પશ્ચિમના બે મેરુનાં ક્ષેત્રો, નદીઓ, પર્વતો અને મનુષ્યોથી વિભૂષિત છે. ઉપર પ્રમાણે માનુષોત્તર પર્વતના મધ્ય ભાગમાં ૧ જંબુદ્વીપ ૨ ધાતકીખંડ અને ૦॥ પુષ્કરવર એમ ૨॥ દ્વીપ છે. તેમાં મનુષ્યો તથા તિર્યંચો જન્મે છે વસે છે અને મરે છે. અને તેની ફરતા બીજા અસંખ્ય દ્વીપો છે. તેમાં માત્ર તિર્યંચો હોય છે જેથી મનુષ્ય ક્ષેત્ર એ સંજ્ઞામાં ૨॥ દ્વીપનો સમાવેશ થાય છે.

પુષ્કરવર દ્વીપની ફરતો પુષ્કરવર સમુદ્ર છે અને તેને વીંટીને ચારે બાજુ વારુણી દ્વીપ રહેલ છે. આ પ્રમાણે બમણા બમણા પ્રમાણવાળા દ્વીપ. અને સમુદ્રો રહેલ છે જે પેઢીનાં અસારે છત્રીસ નામો મળી શકે છે. તદ્દન છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર છે. જે અર્ધ રાજ-લોકમાં પથરાયેલ છે ને તેની પછી અલોકાકાશ છે.

પુરાણો ભૂગોળમાં જંબુ દ્વીપની માન્યતામાં જે સમાનતા છે તે સમાનતા ત્યાર પછીના કથનમાં અલ્પાંશે છે કેમકે પુરાણ ગ્રંથો પ્રમાણે એક પછીનો બીજો દ્વીપ બમણો હોય છે, જ્યારે આમ્નાગમાનુસારે દ્વીપ પછીનો દ્વીપ ચાર ગણો થતો જોવાય છે. વળી પુરાણ ગ્રંથોનો એવો સાર છે કે-ક્ષીરોદધિ, ઇક્ષુરસોદધિ, સુરોદધિ, ઘૃતોદધિ, દધિરોદધિ, ભંડોદધિ અને શુદ્ધોદધિ (માર્કંડેય પુરાણ) આ પ્રમાણે સાત સમુદ્રો છે અને ત્યાર પછી માનુષોત્તર પર્વત છે. મેરુ પર્વતથી આ માનુષોત્તર પર્વતની વચમાં જેટલી પૃથ્વી છે તેટલીજ માનુષી વસ્તીથી રહિત માનુષોત્તર પર્વતની બહાર બીજી પૃથ્વી છે. આ સમસ્ત પૃથ્વીનો વિસ્તાર ૫૦ કરોડ યોજન છે અને તેના ચોથા ભાગમાં લોકાલોકાચલ પર્વત છે. આ પુરાણ ગ્રંથ માન્યતાથી તૈત્તિરીય બ્રાહ્મણ ૨-૧૧-૧ વિશેષ અજવાળું પાડે છે જે વક્તવ્યતામાં મૃત્યુલોકની વિશાલતા માનવાનો અવકાશ રહે છે. તે કહે છે કે વિશ્વ અનંત-અપાર છે.

જૈન શાસ્ત્ર કહે છે કે મનુષ્ય ક્ષેત્ર-અઢી દ્વીપ ૪૫ લાખ યોજનમાં છે. પરંતુ મૃત્યુલોકનો વિસ્તાર એક રાજલોક અને ઉંચાઇ નીચે ૯૦૦ ને ઉપર ૯૦૦ મળીને ૧૮૦૦ યોજન છે.

આપણો હિંદુસ્થાન દક્ષિણ જંબુદ્વીપના ભારતક્ષેત્રનો એક વિભાગ છે. તેનું પ્રાચીન નામ ભરતખંડ હતું. આ નામ ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તીના રાજ્ય સ્થાપનથી પ્રસિદ્ધ થએલ છે. (માર્કન્ડેય૦) તેમજ તે અરસામાં ભરત ચક્રવર્તીના ભાઇઓના નામ ઉપરથી કચ્છ, મહાકચ્છ, સુદર્શન, કુરુપંચાલ, વિગેરે દરેક દેશોનાં નામ પડયાં હતાં. અત્યારે તેમાંના ઘણાં નામોમાં ફેરફાર થઇ ગયાં છે. હિંદુસ્તાન આ સંજ્ઞા સિંધુવાસી લોકો માટે વપરાતી હતી. પરંતુ અત્યારે તો તે સંજ્ઞામાં ભરતક્ષેત્રના મોટા વિભાગોનો સંગ્રહ જોવામાં આવે છે. આજ પ્રમાણે કેટલાક દેશોને પણ રૂપાન્તર પામેલાં નામોથી ઓળખીએ છીએ. તેમનાં પ્રાચીન નામો બીજાં હતાં જેમ કે-હિંદુસ્તાનનાં તૈલંગ, ઓરીસા, આસામ, આગ્રા પ્રાંત, મલબાર, અયોધ્યા, દક્ષિણ પંજાબ, મદ્રાસ, બંગાલા, કચ્છ, બ્રહ્મદેશ, મેવાડ, સુરત અને તીબેટને પ્રાચીન પ્રજા આંધ્ર, કલીંગ, કામરૂપ, કુરુ, કેરલ, કોશલ, જાલંધર, દ્રાવીલ, નૈષધ, ભોજકોટ, મગધ, મેદપાટ, સૌવીર અને હૂણના નામથી ઓળખતી હતી. તેમજ હિંદુ બહારના કાબુલ, રશિયા, ગ્રીસ, બલુચિસ્તાન, આફ્રીકા, અરબસ્તાન, મીસર અને સીલોન વિગેરે પ્રદેશો કૈકેય, રૂશ્મ, પવન, પુલીંદ, બર્બર, બાહ્લિક, ભદ્ર અને સિંહદ્વીપ વિગેરે નામોથી પ્રસિદ્ધ હતા. આ પ્રમાણે તે અરસાનાં નામો જેમ રૂપાન્તર પામ્યાં છે તેમ હિંદુસ્તાનને પણ ભરતખંડની નામના ટુંક મુદત થયા કેટલેક અંશે ભુંસાયેલ છે.

ભરતક્ષેત્રની ઉત્તરે ૧૦૦ યોજન ઉંચો હિમવાન પર્વત છે; તથા પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણે લવણોદધિ સમુદ્ર છે. ભરતક્ષેત્રની પહોળાઇ ૫૨૬$\frac{૬}{૧૯}$ યોજન છે અને ઉત્તર દક્ષિણમાં સુતેલ ૫૦ યોજન પહોળા વૈતાઢ્યગિરિથી તે ક્ષેત્રના બે ભાગ પડે છે. વળી ઉત્તરમાંથી નીકળી દક્ષિણમાં વહેતી ગંગા સિંધુના સંયોગથી ઉપરોક્ત બન્ને ભરતાર્દ્ધના ત્રણ ત્રણ વિભાગો થાય છે. આ પ્રમાણે ભરતક્ષેત્રના છ ખંડ થાય છે. તે છ ખંડમાંથી દક્ષિણ ભરતાર્ધનો મધ્યમખંડ આર્યખંડ તરીકે ઓળખાતો હતો. આ ખંડો એટલા બધા વિશાલ છે

કે જેમાં વસનારા મનુષ્યો કોઇ જાતનો પરસ્પર વ્યવહાર કરી શકતા નથી. અર્થાત્ એક ખંડમાંથી બીજા ખંડમાં જવામાં બહુ મુશ્કેલીઓ રહેલી છે–આર્યખંડના મધ્યમાં શાશ્વતા સ્વસ્તિક ઉપર બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી વિનીતા નગરીનું સ્થાન છે જેની ઉત્તરમાં અષ્ટાપદ પર્વત છે. વિનીતા અને લવણ સમુદ્રના મધ્યમાં શત્રુંજય પર્વત છે તથા ભરતક્ષેત્રની દક્ષિણમાં ત્રણ તીર્થભૂમિઓ છે.

પુરાણ ગ્રંથો પણ જંબુદ્વીપના નવમા સ્થાનને પવિત્ર ભરત તરીકે ઓળખાવે છે પરંતુ તેનો વિસ્તાર નવ યોજન હોવાનું કહે છે. વિનીતા (પ્રાચીન અયોધ્યા) ની ઉત્તરમાં રહેલા અષ્ટાપદ પર્વતનું પૌરાણીક નામ કૈલાસ પર્વત છે.

જૈન ભૂમિતિ ગણનામાં ત્રણ પ્રકારના યોજન કલ્પેલ છે. પ્રથમ ઉત્સેધાંગુલથી ગણતાં કોષ્ટકમાં આધુનિક માપને મળતું યોજનનું માપ છે. બીજા સ્વાત્માંગુલથી ગણાતા કોષ્ટકમાં વિવિધ મનુષ્યોમાં ઉંચાઇ નીચાઇનો ફેરફાર પડતો હોવાથી વિવિધ કાલનું માપ ધરાય છે. અને ત્રીજા પ્રમાણાંગુલથી ગણાતા કોષ્ટકમાં ઉત્સેધાંગુલથી કલ્પેલ યોજન કરતાં લંબાઇમાં ચારસો ગણું અને પહોળાઇમાં અઢી ગણું માપ આવે છે.

આ અંતિમ યોજનની લંબાઇથી કે પહોળાઇથી દ્વીપ ક્ષેત્રોની યોજન ગણના કરેલ છે. આ રીતિએ ગણના કરતાં સમસ્ત દેશ પ્રદેશોનો સમાવેશ સુલભતાથી ભરત ક્ષેત્રમાં થઇ શકે એમ છે અને ભરત ક્ષેત્ર સિવાયની પૃથ્વીનું કેવું કદ છે તે પણ તુરત કલ્પનામાં આવી શકે તેમ છે. આ પ્રમાણે જૈન દર્શને દર્શાવેલ પૃથ્વીનું પ્રમાણ બહુ વિશાલ છે.

પુરાણ ગ્રંથો પણ ભરતખંડના બહુ દેશોનાં અને કેટલાક દ્વીપોનાં નામો તથા વર્ણનો સંક્ષેપમાં કરે છે છતાં આ માન્યતા અલ્પાંશે જૈન દર્શનથી જુદી પડે છે.

આ લોકસ્થિતિ શાને આધારે છે, યાને આ પૃથ્વી કોની ઉપર સ્થિર છે તે વિષયમાં દીર્ઘદર્શી જૈન દર્શને અતિ સુક્ષ્મ દૃષ્ટિનો ઉપયોગ કર્યો છે. જેમકે પૃથ્વી મૂર્ત છે અને તેને ધારી રાખનાર પણ કોઇ તેવોજ મૂર્ત પદાર્થ હોય તો પછી તે પૃથ્વીના આધારભૂત પદાર્થને આકાશમાં ટકાવી રાખનાર કોઇ ત્રીજો પદાર્થ પણ કલ્પવો પડે. પરંતુ આ પ્રમાણે અંતે અનવસ્થાદોષ આવે છે માટે અનવસ્થા દોષની આડચણ દૂર થાય તેવા માર્ગને અવલંબવા જૈન દર્શને અપૂર્વ યુક્તિ વાપરી છે.

આપણે જાણીએ છીએ કે આપણી પાસેનું વાતાવરણ બહુ પાતળું છે પણ જેમ જેમ ઉપર ઉંચે ચઢીએ છીએ તેમ તેમ ત્યાં ઘટ્ટ વાતાવરણ જોઇ શકાય છે. ઉંચે અમુક હદે તો વાયુમાં પક્ષી કે વિમાનનો ભારને ઝીલી શકે તેવી નક્કરતા અનુભવાય છે. ગેલુસેક પોતાના ઇ. સ. ૧૮૦૪ ના વર્ણનમાં લખે છે કે સુમારે ચાર માઇલ ઉંચે જતાં ઠંડી હવાના સબબે અમારી શ્વાસો પણ સુકાઇ ગઇ હતી. વળી ત્યાં અમારૂં પક્ષી પણ ઉડી શકયું નહીં. આથી વધારે આગળ જઇએ તો કેફસાં પણ ન સંગ્રહી શકે એવી હવા છે. સને ૧૮૧૨ માં ૭ માઇલ જતાં જર્મન વિદ્વાન ગ્રેથીયાને બેભાનની અસર થઇ હતી. ત્યાં એવી હવા છે કે જેના આધારે વાદળાં અને પાણી સ્થિર રહી શકે છે. આમ પુરાવાના જ્ઞાનથી જૈન દર્શન આ જ હકીકતનો સ્વીકાર કરી જણાવે છે કે તનુ વાયુ (પાતળો વાયુ) ની ઉપર ઘન વાયુ છે ને તેની ઉપર ઘનોદધિ જરાની જેવું ઘટ્ટ પાણી છે.

જેની ઉપર ગમે તેટલો ભાર નાખવા છતાં સ્થિર રહી શકે છે. આ કથનની સાબીતી બરફના પર્વતો જોવાથી વિશેષ પુરવાર થાય છે. આ નિયમાનુસાર તનવાયુ, ઘનવાયુ અને ઘનોદધિ ઉપર આપણી પૃથ્વી સ્થિર રહેલ છે. સ્વર્ગાદિક સ્થાનો માટે આ ત્રણ અને તે સિવાયના બીજા કેટલાક આધાર છે. આ પ્રમાણે પૃથ્વીના આધારના સબંધે જૈન દર્શનોમાં સુંદર વિવેચન મળી શકે છે.

હવે પ્રાચીન જૈનેતર દર્શનોમાં તપાસીએ તો આ વિષયની માન્યતા જુદી જુદી રીતે દર્શાવેલ છે. આ સબંધે બાઇબલમાં લખેલ કે–" આ પૃથ્વીનો પાયો સમુદ્રના પ્રવાહો પર સ્થાપેલ છે " " તે યહોવાહ પોતાના ઓરડાના ભારવટીયા પાણી ઉપર મુકે છે. " આ શબ્દોથી પૃથ્વીની નીચે સમુદ્ર છે એવું બાઇબલકારનું મન્તવ્ય છે. કુરાને શરીફના ફરમાન પ્રમાણે " આ પૃથ્વી ગાયના શીંગડા પર છે " એમ સમજાય છે. ગુજરાતી પત્રના ચાલુ ૪૪ મા વર્ષના અઢારમા અંકમાં જગતના આધાર માટે પુરાણી માન્યતા દેખાડતા ઇસ્લામ લાલાજી નુરાજી લખે છે કે મુળ આધારભૂત તત્ત્વ " ધર્મ " છે. તેની ઉપર અનુક્રમે જુગ, નીર, શેષનાગ અને ધમાડોધોરી છે (ત્યારપછી) આ ધમડાધોરીના શૃંગ (શીંગડાં) ઉપર રાઇ અને રાઇ ઉપર સૃષ્ટિ છે.

કેટલાક ગ્રંથો માત્ર શેષનાગ ઉપર પૃથ્વી હોવાનું જણાવે છે પરંતુ તે કથનમાં એટલો સત્યાંશ રહેલો છે કે પૃથ્વીની નીચે શેષસ્થાન–નાગલોક અસુરોનું નિવાસસ્થાન છે.

વળી અમૃતસાગરના ગ્રંથકાર તો જણાવે છે કે હાથી, વૃષભ, કચ્છપ અને સર્પ ઉપર પૃથ્વી છે. અમુક અમુક સૂર્ય સંક્રાંત રાશીમાં તે રાશી સાથે સબંધ રાખનાર આચારમાંથી એક ચલાયમાન થવાથી ભૂકંપના પ્રસંગો બને છે.

તૈત્તિરીય બ્રા. ૧ અષ્ટક ૧ અધ્યાય ૧ માં લખે છે કે પાણીમાં કમલ છે અને તે કમલ ઉપર પૃથ્વી છે. આ પૃથ્વીને બ્રહ્માએ ટીપીને સીધી સપાટ કરેલ છે. વળી કેટલાંક પુરાણો કહે છે કે–પૃથ્વી લાંબી પહોળી ૫૦ કરોડ યોજન છે. તેના ચોથા ભાગમાં લોકાલોકાચલ પર્વત છે. તે ઉપર દિગ્ગજો રહીને સુંઢવડે પૃથ્વીને ધરી રાખે છે અને પૃથ્વીને તેમ ધરી રાખવામાં પોતાની બધી સેનાથી વીંટાએલા ભગવાન પણ પોતાના હાથોવડે સહાય કરે છે. (પદ્મપુરાણના ભૂમિ ખંડમાં ભૂમિવર્ણન અધ્યાય ૧૩૧).

આ ઉપલબ્ધ થતા પુરાવા ઉપરથી સ્પષ્ટ સમજી શકાય છે કે પૌરાણિક કાલમાં પૃથ્વીના આધારભૂત કયા કયા પદાર્થ છે તે માન્યતા વિવાદાસ્પદ હતી.

આ પ્રમાણે પ્રાચીન ભુગોલ વિષયમાં બહુ અંશે જૈન માન્યતામાં અને બીજી માન્યતામાં કેટલું સામ્ય અને કેટલો ફરક હતો તે ઉપરના નિબંધમાં સમજાવવા પ્રયત્ન થએલ છે.

---

૧. આ નિબંધ પૂજ્યપાદ ગુરુવર્ય શ્રી દર્શનવિજયજીકૃત અપ્રકટ વિશ્વરચના પ્રબંધમાંથી ઉદ્ધૃત કર્યો છે માટે આ લેખનું બધું માન તેઓશ્રીને જ ઘટે છે.

૧૦ મહોપાધ્યાય પંડિતપ્રવર જૈનકવિરત્ન

શ્રીમદ્ દેવચંદ્રજી

તેમનું જીવન અને ગુર્જર સાહિત્ય.

(લેખકઃ— મણિલાલ મોહનલાલ પાદરાકર. પાદરા.)

" હોવત જો તનું પાંખડિ, આવત નાથ હજુર લાલરે !
જો હોતી ચિત્ત આંખડિ, દેખત નિત્ય પ્રભુ નૂર લાલરે ! "

શ્રી દેવજશા સ્તવન.

રાગ—

" આતમ પ્રદેશ રંગથલ અનૂપમ,
સમ્યક્દર્શન રંગરેં નિજ સુખ કે સધૈયા ॥
તું તો અનંત ગુણ ખેલ વસંત રે ॥ નિજ ॥
પરપરિણતી ચિંતા તજી નિજમેં,
જ્ઞાન સખાકે સંગરે ॥ નિજ ॥
વાસ બરાસ સુરુચિ કેશર ઘન,
છાંટો પરમ પ્રમોદ રે !
આતમરમણ ગુલાલ કી લાલી,
સાધક શક્તિ વિનોદ રે ॥ નિજ ॥ "

શ્રી મહાજસજિન સ્તવન.

શ્રીમદ્નું જીવનચરિત્ર જાણવાનાં સાધન.

શ્રી જૈન ધર્મના ખરતર ગચ્છીય અધ્યાત્મજ્ઞાનગગનદિનમણિ પંડિતપ્રવર શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજના જીવનચરિત્રની રૂપરેખા તેમના વર્તમાન કાળે ઉપલબ્ધ એવા અમૂલ્ય ગ્રંથોમાં શ્રીમદે કાઢેલા વાણીના ઉદ્ગારો પરથી દોરી શકાય છે. તેઓશ્રી જૈન ધર્મના મહાન્ ઉપદેષ્ટા, અનન્ય આત્મજ્ઞાની, જૈનધર્મરક્ષક, ગીતાર્થ અધ્યાત્મી મુનિવર હતા. આ જૈન તત્ત્વજ્ઞાની, મહાન્ અલખમસ્ત કવિરત્નનું સાંગોપાંગ જીવનચરિત્ર, સાહિત્ય, ધર્મ કે જ્ઞાનના અનન્ય ઉપાસક તરીકેનું વૃત્તાંત, કોઈ પણ ઠેકાણેથી જોઇએ તેવા સ્વરૂપમાં ઉપલબ્ધ થતું નથી એ જૈન ઇતિહાસના આલેખનના અભાવને આભારી અને શોચનીય છે. તેમના સમકાલીન શ્રીમદ્ જ્ઞાનસાગરજી, મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી, શ્રીમદ્ જ્ઞાનવિમલસૂરિ, શ્રીમદ્ નિનવિજયજી, શ્રીમદ્ ઉત્તમવિજયજી, શ્રીમદ્ વિનયવિજયજી, શ્રીમદ્ ઉદયરત્નજી, શ્રીમદ્ મોહનવિજયજી આદિ મહાસમર્થ વિદ્વાનો, કવિઓ, પંડિતો અનેક ગ્રંથોના રચિયતા હતા, તેમ છતાં તેમનું જીવનચરિત્ર કોઇએ સાહિત્યમાં જળવાઇ રહે તેવા

પ્રબંધ તરીકે રચ્યું હોય તેમ અદ્યાપિ નિર્ણય થયો નથી. જૈન દર્શનના મહાત્માઓ પોતાનું ચરિત્ર પોતાની મેળે, આત્મ પ્રશંસાદિ કારણે, નહિં લખવાની પ્રણાલિકાના કારણે, તેઓના જીવનની હકીકત, તેમના શ્રીમુખથી વા લેખિનીથી કથં પ્રકટી શકે? જો તેઓ આચાર્ય પરંપરાની પાટ ઉપર થયા હોત, તો કેટલીક હકીકત, પટ્ટ પરંપરામાં થનારા, આચાર્યોની પેઠે જાણી શકાત વા તેમના શિષ્યો જ્ઞાની થયા હોત, તો તેઓએ પોતાના ગુરુનું જીવનચરિત્ર આલેખ્યું હોત જ. પણ તેમ બન્યું નથી. પૂર્વાચાર્યોની પાછળ થનાર તેમના શિષ્યો વા તેમના ગુણાનુરાગીઓ, પૂર્વાચાર્યોનું ઐતિહાસિક મુદ્દા આદિથી મિશ્ર જીવનચરિત્ર લખી શકે છે પણ અસલીયાતમાં અને કૃત્રિમતામાં ભેદભાવ પ્રકટ જ રહે છે. શ્રીમદ્‌ના બનાવેલા અનેક અમૂલ્ય સંસ્કૃત પ્રાકૃત તથા ગુર્જર ભાષાના ગ્રંથોની પ્રશસ્તિઓ પરથી શ્રીમદ્‌નું કેટલુંક જીવનચરિત્ર જાણી શકાય તેમ છે, અને તે પરથી તેમના હૃદય વિચારના અવલોકન દ્વારા, આચારાદિ બાહ્ય ચરિત્ર, અંતરંગ સ્થિતિ, અધ્યાત્મજ્ઞાનમસ્ત દશા ઉચ્ચ કવિત્વ-વક્તૃત્વ-લેખનશક્તિ અને તે પ્રસંગના કેટલાક બનાવોને આલેખી શકાય. પણ તેમ કરવા માટે તેમના ગ્રંથોનું પૂર્ણતયા સતત પરિશીલન થવું જોઇએ.

જીવનચરિત્ર માટે પત્ર વ્યવહાર અને શોધ ખોળ.

શ્રીમદ્‌ના સંસ્કૃત પ્રાકૃત-વ્રજ-માગધી અને ગુર્જર ભાષાના ગ્રંથોની હસ્તલિખિત દુર્મિળ પ્રતો મેળવવાનો પ્રયાસ, પ્રાતઃસ્મરણીય-અધ્યાત્મજ્ઞાની-વિદ્વાન કવિરત્ન શ્રીમદ્ આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી સૂરીશ્વરજી એમના સદુપદેશથી, મારા અધ્યાત્મજ્ઞાનરસિક પૂજ્ય પિતાશ્રી વકીલ મોહનલાલ હિમચંદ એમણે જાહેરખબરો વડે, તથા, મારવાડ, મેવાડ, જોધપૂર, બીકાનેર, જેસલમેર, કલકત્તા, અમદાવાદ, સુરત, ભરૂચ, આદિ દૂર દૂરના પ્રદેશોમાં માણસો મોકલી-પત્રવ્યવહાર કરી-ને કયાંક કયાંક જાતે જઇ, દ્રવ્ય વ્યયથી, લાગવગથી, ઘણી મુશ્કેલીએ દીર્ઘ સમય પ્રયત્ન કરી, મોટો સંગ્રહ મેળવ્યો. જૂદા જૂદા ભંડારોમાંથી એકજ ગ્રંથની ભિન્ન ભિન્ન પ્રતો મેળવી, તે શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજ પાસે સંશોધિત કરાવી, પોતાના અધ્યાત્મજ્ઞાનરસિક સહાધ્યાયીઓ સાથે છપાવવાનો પ્રબંધ કરી છપાવી, જે પરથી શ્રીમદ્‌નું જીવનચરિત્ર તૈયાર કરવા મને સારી અનુકૂળતા મળી ગઇ.

શ્રીમદ્‌ની જન્મભૂમિ.

કેટલાક વૃદ્ધ પુરુષોના કહેવા પ્રમાણે શ્રીમદ્‌ની જન્મભૂમિ ગુર્જરાષ્ટ્ર (ગુર્જરત્રા) છે. એમ જણાય છે. કારણ શ્રીમદ્‌ની સૌથી પ્રથમ કૃતિ સં. ૧૭૪૭ ની સાલમાં બનેલી અષ્ટપ્રકારી અને એકવીસ પ્રકારી પૂજાઓમાં તે વખતની ધરગતુ ગુર્જર ભાષા વપરાયલી જણાય છે. ગુર્જર સિવાય અન્યદેશીય ગુજરાતી ભાષા શરૂઆતના ગ્રંથમાં આટલી સુંદર અને પૂર્ણાશે ન હોય. ગુર્જર ભાષાના સાક્ષરો જો તે લક્ષ દઇને વાંચશે તો શ્રીમદ્‌ની શરૂઆતની કૃતિઓની ભાષામાં છંટાઇ રહેલી ધરગતુ ગુર્જર ભાષાની છાંટ જણાઇ આવ્યા સિવાય રહેશે નહીં. શ્રીમદ્‌ની ૨૧ પ્રકારી પૂજામાંની ૧૭ મી પૂજની ભાષા જુઓઃ—

ભંભા ભેરી મૃદંગ વર, તંત્રી તાલ કડુતાલ।
ઝલરિ દુંદુહિ શંખ ધુનિ, વાજિત્ર પૂજ વિશાલ॥

ઝિમ ઝિમ વાજિત્ર વાજે, ગાજે અતિ ઘનઘોર ।
તિમ તિમ જિનગુણે રાચે, નાચે જ્યું ઘનમોર ॥

૧૯ મી ગીતપૂજા—

ભૈરવ વિભાસ આશાવરી, ટોડી નટ કલ્યાણ ।
ધન્યાસિરિ પમુહે સ્તવે, પૂજાગીત પ્રમાણ ॥
ગુણ રાગે શુદ્ધ રાગે, જે કરે જિન ગાન ।
જાગે અનુભવ વાસના, ભાગે કેવળ જ્ઞાન ॥
તાન માન સ્વર ગામની, મૂર્ચ્છના ભેદાભેદ ।
લય લાગે રુચિ જાગે, ત્યાગે મનના ખેદ ॥

૨૦ મી સ્તુતિપૂજા—

વ્યાકરણ કાવ્ય અલંકૃતિ; તર્ક છંદ અપભ્રંશ ।
દોષ ન દેખે સ્તુતિ કરે, સ્તુતિપૂજા ગુણ સત્ય ॥
સ્વર પદ વર્ણ વિરાજતી, ભાવતી ઉક્તિઅનૂપ ।
અતિશય ધારી ઉપમારી, અહ તસ શુદ્ધ સ્વરૂપ ॥

અષ્ટપ્રકારી પૂજામાં તૃતીય પુષ્પપૂજા—

શત્રપત્રી વરમોગરા, ચંપક જાઇ ગુલાબ ।
કેતકી દમણો મોલસિરિ, પૂજે જિન ભરી છાબ ॥
અમલ અખંડિત વિકસિત, શુભ સુમની ઘણી જાતે ।
લાખિણો ટોડર ઠવે, અંગિ રચી બહુ ભાતિ ॥
ગુણ કુસુમે નિજ આતમા, મંડિત કરવા ભવ્ય ।
ગુણ રાગી જડ ત્યાગી, પુષ્પ ચઢાવે નવ્ય ॥

આ ઉપરથી પ્રતીતિ થશે કે શ્રીમદ્‌ની વાણીમાં ઘરગતુ ગુજરાતી ભાષા ચમકે છે ને તેથીજ શ્રીમદ્‌નો જન્મ ગુર્જરરાષ્ટ્રમાં હોવાનો પૂર્ણતયા સંભવ છે. તેમજ આ મહાપુરુષ રત્નનો જન્મ પણ બ્રાહ્મણ વણિક અગર ક્ષત્રિયના ઉચ્ચ કુળમાં થયો હોવો જોઇએ. તેમણે ગુજરાતમાં મહાન અધ્યાત્મ જ્ઞાની ઉપાધ્યાયજી શ્રીમદ્ જ્ઞાનસાગરજી પાસે અભ્યાસ કરેલો હતો, તે વાત તેઓશ્રી પોતે ગુરુના ગુણગાનમાં સ્પષ્ટ કહે છે કે:—

" અગણિત ગુણગણ આગર, નાગર વંદિત પાયઃ
શ્રુતધારી ઉપગારી, જ્ઞાનસાગર ઉવઝાયઃ
તાસ ચરણરજ સેવક, મધુકર પરે લયલીન !
શ્રી જિન પૂજા ગાઇ, જિનવાણી રસ પીન, "
" સંવત ગુણયુગ અચલ ઇન્દુ (૧૭૪૩)
હર્ષભર ગાઇઓ શ્રી જિનેંદુ,
લહો જ્ઞાન ઉદ્યોત ધન શિવ નિશાનીઃ "

શ્રી જ્ઞાનસાગરજી પ્રાયઃ અંચળ ગચ્છમાં થયા જણાય છે. જૈનોમાં પૂર્વે ૮૪ ગચ્છો

હતા. પણ હવે તો પ–૭ ગચ્છો જ રહ્યા જણાય છે ને તેમાં પણ ઝાઝા ભેદભાવ નથી જણાતા. શ્રીમદ્ ખરતર ગચ્છના, તેમના વિદ્યાગુરુ અંચળ ગચ્છના, અને તેમણે તપાગચ્છના મહાન્ ધુરંધર પંડિતોને ભણાવ્યા છે. આ પરથી શ્રીમદ્‌ના ગચ્છભેદની બાબતના વિચારોની વિશાળતાની પ્રતીતિ થાય છે.

શ્રીમદ્‌નો જન્મઃ

શ્રીમદે ૧૭૪૩ ની સાલમાં પ્રથમ ગ્રંથ લખ્યો ને એ ગ્રંથ તે અષ્ટપ્રકારી પૂજા. તે વખતે તેમની ઉમર ઓછામાં ઓછી બાવીશ વર્ષની હોવી જોઇએ. એટલે તેમનો જન્મ સં. ૧૭૨૦ ની સાલ લગભગ સંભવે છે અને દીક્ષા સં. ૧૭૩૨ લગભગમાં સંભવે છે. આ પ્રમાણે તો શ્રીમદ્ દીક્ષા લીધા બાદ ૧૧ વર્ષે અને જન્મથી ત્રેવિશ વર્ષે ગ્રંથ રચવાને સમર્થ થયેલા હોવા જોઇએ. તેમજ તેમનો ગૃહસ્થાવાસ લગભગ ૧૨ વર્ષનો હોઇ શકે.

દીક્ષા.

શ્રીમદે ખરતર ગચ્છના પાઠક દીપચંદ્રજી પાસે દીક્ષા લીધી હતી. આ ગચ્છમાં મહાપ્રતાપી શ્રી જિનચંદ્રસૂરિ, તેમના શ્રી પુણ્યપ્રધાનોપાધ્યાય, તેમના સુમતિસાગરોપાધ્યાય, તેમના રાજસાગર, તેમના જ્ઞાનધર્મપાઠક થયા, અને તેમના શિષ્ય રાજહંસ અને દીપચંદ્રજી થયા. એ શ્રમાન્ ઉપાધ્યાયજી દીપચંદ્રજી પાસે શ્રી દેવચંદ્રજીએ દીક્ષા લીધી હતી.

વિહાર.

દીક્ષા લીધા બાદ તેઓશ્રી ગુજરાત, કાઠીયાવાડ અને મારવાડમાં વિચર્યા હોય તેમ જણાય છે. શ્રીમદ્‌નો ગુર્જર ગિરાપરનો કાબુ ઘણો સારો હતો. સં. ૧૭૬૬ ની સાલમાં તેઓએ પંજાબ (મુલતાન) માં ધ્યાનદીપિકાચતુષ્પદી બનાવી, તે પણ ગુજરાતીમાં જ બનાવી છે. એથી જણાઇ આવે છે કે શ્રીમદ્ ગુર્જરાષ્ટ્રીય જ હોવા જોઇએ. ધ્યાનચતુષ્પદીની થોડીક વાનગીઃ—

"સંસ્કૃત વાણિ પંડિત જાણે, સરવ જીવ સુખદાણીજી ॥
જ્ઞાતા જનને હિતકર જાણી, ભાષારૂપ વખાણીજી ॥
સંવત લેશ્યા રસને વારો (૧૭૬૬) જ્ઞેય પદાર્થ વિચારોજી ॥
અનુપમ પરમાતમ પદ ધારો, માધવ માસ ઉદારોજી ॥
ખરતર આચારજ ગચ્છ ધારી, જિણચંદ્રસૂરિ જયકારીજી ॥
તસુ આદેશ લહી સુખકારી, શ્રી મુલતાન મઝારીજી ॥
ધ્યાનદીપિકા એહવો નામો, અરથ અછે અભિરામોજી ॥
રવિશશિ લગિ થિરતા એ પામો, દેવચંદ્ર કહે આમોજી ॥

આ ભાષાપરથી સહજ પ્રતિત થાય છે કે શ્રીમદ્ લાંબો વખત ગુજરાતમાં રહેલા, ગુજરાતમાં જન્મેલા અને ગુર્જર ભાષા પર તેમનો કાબુ ઉત્તમ હોવા ઉપરાંત ભાષા ક્લિષ્ટતા–કઠોરતા વિનાની, સરળ ને ભાવવાહી છે.

ગુજરાતમાંથી વિહાર કરી શ્રીમદ્ મારવાડ ગયા. ત્યાં તેઓએ ચાતુર્માસ કર્યું ને ત્યાંથી

જેસલમેર થઇ પંજાબ તરફ વિચર્યા હોય તેમ જણાય છે.

શ્રીમદ્‌ની વ્રજ ને માગધી ભાષામાં પ્રવીણતા.

પંજાબમાં તે વખતે જૈન વણિકોની ઘણી વસ્તી હોવી જોઇએ. ૧૭૬૬ ના વૈશાખ માસમાં ધ્યાનદીપિકા ચતુષ્પદી (મુલતાનમાં) અને ૧૭૬૬ ના પોષ માસમાં દ્રવ્યપ્રકાશ વ્રજ ભાષામાં બનાવ્યો. આ ગ્રંથ બિકાનેરમાં–સવૈયા છંદમાં રચ્યો છે. ધ્યાનદીપિકાની વાનગી તો આપણે જોઇ ગયા. હવે શ્રીમદ્‌ની વ્રજ ભાષાની બાની તરફ વળીયે—

પરમાત્મ સ્વરૂપ કથન

સવૈયા.

શુદ્ધ બુદ્ધ ચિદાનંદ, નિરધ્વંદ્વ; ભિમુકુંદ,
અકૂંદ અબોધ કંદ, અનાદિ અનંત હે.
નિરમલ પરિશ્રહ પૂરન પરમજ્યોતિ,
પરમ અગમ અણરિય મહાસંત હે.
અવિનાશી અજ, પરમાત્મા સુજ્ઞાન.
જિન નિરંજન અમલાન સિદ્ધ ભગવંત હેઃ
જૈસો શુદ્ધ કર્મ સંગ, સંગ લગ્યો જ્ઞાન ભુલી,
કસ્તુર મૃગ જ્યું, ભૂવનમેં રહેત હેઃ

ગ્રંથ મહિમા વર્ણન

પરસુ પ્રતિત નાહિં, પૂણ્ય પાપ ભીતિ નાહિં,
રાગ દ્વેષ રીતિ નાહિ, આતમ વિલાસ હેઃ
સાધકકો સિદ્ધિ હે બુજ્ઝે કુબુદ્ધિ હેં કી,
રીજ્ઝે કો રિદ્ધિ જ્ઞાન, ભાનકો વિકાસ હેઃ
સજ્જન સુહાય દુજ્જ; ચંદ જ્યું ચકાવ હે કી,
ઉપસમ ભાવે યામે, અધિક ઉલ્લાસ હેઃ
અન્ય મત સૌ અકૂંદ, બંદત હે દેવચંદ,
ઐસે જૈન આગમમેં દ્રવ્યકોપ્રકાશ હેઃ

સંવત કથન

ભિક્રમ સંવત માનપદ્મ ભય લેશ્યાકે ભેદ
શુદ્ધ સંયમ અનુમોદિકે, કરી આત્મકો છેદ. (૧૬૬૭)

આ ઉપરાંત શ્રીમદ્‌નો વિહાર પંજાબ અને સરહદ સુધી થયો હોવો જોઇએ. પંજાબ તરફથી વિહાર કરી, સિંધ વગેરે થઇ, મોટા ઢોટમરોટ (મારવાડ) માં તેમોએ ચાતુર્માસ કર્યું જણાય છે. અહિં તેમણે સં. ૧૭૭૬ ફાલ્ગુન માસમાં તેમના સહાયક મિત્ર દુર્ગાદાસના આત્મ કલ્યાણ અર્થે આગમસારોદ્ધારની રચના કરી છે. આગમસારોદ્ધારનો ઉપસંહાર કરતાં શ્રીમદ્ કહે છે—

કર્મરોગ ઔષધ સમી, જ્ઞાનસુધા રસવૃષ્ટિ;
શિવ સુખામૃત સરોવરી, જય જય સમ્યગ્દૃષ્ટિ.

× × ×

તાસ શિષ્ય આગમ રુચિ જૈન ધર્મકો દાસ;
દેવચંદ આનંદમેં, કીનો ધર્મ પ્રકાશ;
આગમસારોદ્ધાર યહ પ્રાકૃત સંસ્કૃત રૂપ;
ગ્રંથ કીનો દેવચંદ મુનિ, જ્ઞાનામૃત રસ કૂપ;
કર્યો ઇહાં સહાય અતિ, દુર્ગાદાસ શુભ ચિત્ત;
સમજ્યન નિજ મિત્તકુ, કીનો ગ્રંથ પવિત્ર;
સંવત સિત્તર છિહત્તરે, મન શુદ્ધ ફાગુન માસ,
મોટે કોટ મરોટમેં, વસતાં સુખ ચોમાસ

પ્રાકૃત-માગધી ભાષા.

મારવાડથી વિહાર કરીને તેઓ ગુજરાત તરફ આવ્યા જણાય છે. સંવત ૧૭૯૬ માં જામનગર (નવાનગર) માં કાર્તિક શુદ એકમે વિચારસાર નામે ગ્રંથ અને શુદી પંચમીએ જ્ઞાનમંજરી[1] પૂર્ણ કર્યા જણાય છે. વિચારસાર માગધીમાં–સંસ્કૃત ટીકા સાથે મહાન્ ગહન ગ્રંથ છે. તેના ઉપસંહારમાં શ્રીમદ કહે છે કેઃ—

जा जिणवाणी विजयइ, ताव थिरं चिट्ठउइमं चयणं।
नूतण पूरम्मिर इयं, देवचंदेण नाणठूं ॥
रसनिहीसंजमवरिसें, सिरीगोयम केवलस्य वरदिवसे।
आयत्थं उद्धरियो, समय समुद्धाओरुहाओ ॥

રસ ૬ નિધિ ૯ સંયમ ૧૭ એટલે ૧૭૯૬ ના વરસે શ્રી ગૌતમ કેવળ જ્ઞાન પામ્યા તે દિવસે એટલે કારતક શુદ-૧ ના રોજ આત્મબોધ અર્થે ઉદ્ધર્યો

જ્ઞાનમંજરી ટીકા.

મહામહોપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી મહારાજે શ્રી જ્ઞાનસાર સૂત્ર સંસ્કૃતમાં બનાવ્યું છે, જેનું નામજ જ્ઞાનસાર છે. તે પરથી તેમાં શું ભર્યું હશે એનો ખ્યાલ વિદ્વાન વાચકને સહેજે આવી શકશે જ. આ જ્ઞાનસાર સૂત્ર અષ્ટક કહેવાય છે, કારણ તેના આઠ આઠ શ્લોકના ૩૨ વિભાગ પાડી જૂદા જૂદા જ્ઞાન વિષયક વિષયો દરેકમાં અત્યંત ખૂબીથી ચર્ચ્યા છે. આ ઘણો કઠિન વિષય હોઇ તેનાપર શ્રીમદે સંસ્કૃતમાં જ ટીકા લખી છે, જેનું નામ જ્ઞાનમંજરી ટીકા રાખ્યું છે. શ્રીમદ્ને શ્રીમદ્ યશોવિજયજી માટે કેટલું બધું બહુમાન હશે, તેમજ ટીકાકાર તરીકેની તેમની કેટલી શક્તિ હશે એનો ખ્યાલ તો જ્ઞાનમંજરીનો જ્ઞાનાસ્વાદ લીધા સિવાય–કલમથી ભાગ્યે જ વર્ણવી શકાય. જેમ જ્ઞાનસારના ૨૫૬ શ્લોકોમાં શ્લોકે શ્લોકે અદ્ભુત જ્ઞાન રસ ટપકે છે, તેથી પણ વધુ મસ્ત બનાવી નાંખનાર આ જ્ઞાન-મંજરીના પરિમળ છે. નયનિક્ષેપભંગપ્રમાણ યુક્ત આ જ્ઞાનસાર અને મંજરીનો રસાસ્વાદ મનુષ્યને અક્ષય સુખ આપનાર હોવાથી વધુ સુન્દર અને અમૂલ્ય છે.

---

૧. શ્રી યશોવિજયોપાધ્યાય વિરચિત જ્ઞાનસારની ટીકા

આથી જણાય છે કે શ્રીમદ્ સં. ૧૭૬૬ માં ગુજરાત તરફ આવેલા અને ગુર્જરાષ્ટ્રમાં રહેલા. આ સમય દરમીયાન, એટલે ૧૭૭૦ પછી તેઓશ્રી પં. જિનવિજયજીને ભણાવવા પાટણ આવ્યા. બાદ સં. ૧૭૭૫ પછી મોટા ઠાઠમરોટ ગયેલા સંભવે છે.

શ્રીમદે પં. જિનવિજયજી તથા પં. ઉત્તમવિજયજીને કરાવેલો અભ્યાસ.

શ્રીમદ સિદ્ધાંતોના પારગામી, પરમ જ્ઞાતા, મહા પ્રખર પંડિત અને સમદૃષ્ટિવાળા હતા. પોતે ખરતર ગચ્છના હોવા છતાં શ્રીમદ્ ખીમાવિજયજીએ જ્યારે પોતાના શિષ્ય જિનવિજયજીને વિશેષાવશ્યક (ઓક ગહન તત્ત્વજ્ઞાનનો મહાન ગ્રંથ) ભણાવવા માટે પાટણ આવવા આમંત્રણ કર્યું ત્યારે તેઓ તુર્તજ ત્યાં ઉપકાર બુદ્ધિથી પ્રેરાઇને ગયા (સં. ૧૭૭૦ થી ૧૭૭૫ સુધી). તેની સાક્ષી આ પ્રમાણેઃ—

શ્રી જ્ઞાનવિમળસૂરિજી કન્હે, વાંચી ભગવતિ ખાસ;
મહાભાષ્ય અમૃત લહ્યો દેવચંદ્ર ગણિ પાસ.

શ્રી જિનવિજયના શિષ્યરત્ન ઉત્તમવિજયે દીક્ષા લીધા બાદ તેમણે ગુરુ સાથે સંવત ૧૭૯૯ માં પાદરામાં (લેખકના ગામમાં) ચોમાસું કર્યું હતું અને એ જ સાલમાં શ્રાવણ શુ. ૧૦ મે જિનવિજયજીએ ભગવતી સૂત્ર વાંચતાં વાંચતાં જ પાદરામાં જ દેહોત્સર્ગ કર્યો હતો, અને જ્યાં તેમને અગ્નિદાહ દીધેલો ત્યાં તળાવ કાંઠે તેનો સ્મરણસ્તંભ (દેરી) અદ્યાપિ તેની સાક્ષી પુરી રહેલ છે. ત્યાર બાદ ગ્રામાનુગ્રામ વિહાર કરતાં તેમણે ભાવનગરમાં ચોમાસું કર્યું જ્યાં શ્રીમદ્ને અભ્યાસ કરાવવા બોલાવ્યા હતા—

ભાવનગર આદેશે રહ્યા, ભવિહિત કરે મારા લાલ.
તેડાવ્યા દેવચંદ્રજીને, હવે આદરે મારા લાલ.
વાંચે શ્રી દેવચંદ્રજી પાસે, ભગવતી મારા લાલ;
પન્નવણા અનુયોગદ્વાર, વળી શુભમતિ મારા લાલ.
સર્વ આગમની આજ્ઞા દીધી. દેવચંદ્રજી મારા લાલ;
જાણી યોગ્ય તથા ગુણગણના વૃંદજી મારા લાલ.
શ્રી ઉત્તમ વિનય નિર્વાણ રાસ.

૧૮૦૩ માં શ્રીમદ્ ભાવનગરમાં હતા. તત્પશ્ચાત્ સુરત જઇ ફરીના કીકાના શત્રુંજયના સંઘમાં યાત્રાર્થે ગયા. ભાવનગરથી પં. ઉત્તમવિજયજી પણ એક સંઘમાં શત્રુંજય યાત્રાર્થે આવ્યા. ૧૮૦૪ માં શ્રીમદે સંઘવીના સ્તવનમાં લખ્યું છે કેઃ—

સંવત અઢાર ચિડોતેર વરસે, સિત મૃગસિર તેરસીયે !
શ્રી સુરતથી ભક્તિ ઉરભથી, સંઘ સહિત ઉલ્લસીયે !
ફરીરા કીકા જિનવર ભક્તિ, રૂપચંદ ગુણવંતજીએ !
શ્રી સંઘને પ્રભુજી ભેટાવ્યા, જગપતિ પ્રથમ જિણંદજીએ.
જ્ઞાનાનન્દિત ત્રિભુવન વન્દિત, પરમેશ્વર ગુણભીના !
દેવચંદ્ર પદ પામે અદ્ભુત, પરમ મંગળ લયલીના !

આ પ્રમાણે શ્રીમદ્‌ના વિહાર ને ચાતુર્માસ ગુજરાત, કચ્છ, કાઠીયાવાડ, લાટ, મારવાડ, સિંધ, પંજાબ આદિ દેશોમાં થયા હતા.

પ્રતિષ્ઠાઓ.

સં. ૧૭૮૪ માં શ્રીમદે શત્રુંજય પર્વતપર પ્રતિષ્ઠા કરાવી છે એમ શિલાલેખ પરથી જણાયાનું શ્રીયુત મોહનલાલ દીલચંદ દેશાઇ જણાવે છે. તેમજ તેમના ગુરુની સાથે ૧૭૮૮ માં શત્રુંજય પર કુંથુ નાથજીની પ્રતિષ્ઠા વખતે શ્રીમદ્‌ હાજર હતા, તથા અમદાવાદમાં સહસ્ત્રકૃણની પ્રતિષ્ઠા વખતે તથા સમવસરણની પ્રતિષ્ઠા વખતે હાજર હતા. તેમજ લીમડીના દેરાસરના મૂલ નાયકની બે બાજુએ બે દેરીઓની પ્રતિષ્ઠા તેમણે કરાવી હતી. ઉપલબ્ધ સાહિત્ય આટલું જણાવે છે. બાકી અન્ય સ્થળની પ્રતિષ્ઠાઓ કે જે અપ્રકટ છે તેવી અપ્રસિદ્ધ અનેક હોવા સંભવ છે.

શ્રીમદ્‌ની મહત્તા, પ્રતિષ્ઠા તથા વિદ્વત્તા.

શ્રીમદ્‌ જૈન આગમોના પારગામી હતા. તેમણે અનેક સ્થળોના વિદ્વાન શ્રાવકોએ પુછેલા દ્રવ્યાનુયોગ જેવા ગહન વિષયોના પ્રશ્નોના ઉત્તરો સરલપણે સત્વર અને સંતોષકારક રીતે આપ્યા છે. પ્રશ્નોત્તર નામે શ્રીમદ્‌નો ગ્રંથ તેની સાક્ષી પૂરે છે. તે સમયના વિદ્વાનોમાં તેમની મહત્તા, પ્રતિષ્ઠા તથા વિદ્વત્તા ઘણી સારી રીતે વિસ્તરેલાં હતાં. ખરતર ગચ્છમાં તે વખતે તેમના સમાન કોઇ વિદ્વાન હોય, એમ તત્કાલીન ગ્રંથો અવલોકતાં અવળોધાતું નથી. તપાગચ્છના સંવેગી સાધુઓમાં પણ તેમની મહત્તા ઘણી હતી. તેમજ મહત્તામાં વૃદ્ધિ કરનાર આત્મગુણો વડે શ્રીમદ્‌ વિભૂષિત પણ હતા જ. તપાગચ્છના સંવેગી વિદ્વાનો પૈકી પં. જિનવિજયજી તથા પં. ઉત્તમવિજયજી જેવા પંડિતો–વિદ્વાનો–કવિઓ અને જ્ઞાનીઓના તેઓ વિદ્યાગુરુ હતા. તપાગચ્છ અને ખરતર તથા અંચળગચ્છના વિદ્વાન મુનિવરોમાં ઘણો પ્રેમભાવ હોઇ, શ્રીમદ્‌ની ગુણાનુરાગ–દ્રષ્ટિ–સમભાવ વિદ્વત્તા અને આત્મજ્ઞાનની અદ્‌ભુતતાને લીધે સર્વે ગચ્છોના સાધુઓમાં તેમની મહત્તા, પ્રતિષ્ઠા અને વિદ્વત્તાની ખ્યાતિ તેમની હયાતીમાં જ ઘણાં વધ્યાં હતાં. શ્રીમાન પં. પદ્મવિજયજી કે જેઓ પંચાવન હજાર ગાથાના રચયિતા પદ્મદ્રહ તરીકે પ્રસિદ્ધ છે તે, શ્રી ઉત્તમવિજયજી નિર્વાણ રાસમાં કથે છે કેઃ—

ખરતર ગચ્છ માંહે થયારે, નામે શ્રી દેવચંદરે!
જૈન સિદ્ધાંત શિરોમણિરે લોલ!
ધૈર્યાદિક ગુણવૃંદરે! દેશના જસ સ્વરૂપનીરે લોલ!

ઇત્યાદિથી શ્રીમદ્‌ની વિદ્વત્તાની તથા સાધુ તરીકેની મહત્તાની સ્તુતિ કરી છે. તપાગચ્છમાં શ્રી પદ્મવિજયજી પંન્યાસની પ્રતિષ્ઠા ઘણી છે. શ્રીમદ્‌નો તેમણે સંસારીપણામાં (પુંજાશા તરીકે) તથા સાધુપણામાં ઘણો સમાગમ કરેલો હતો. તેઓએ શ્રીમદ્‌નો સ્વાનુભવ કર્યા બાદ શ્રીમદ્‌ને જૈનસિદ્ધાંતશિરોમણિ એવા પદથી નિવાજ્યા છે તથા ધૈર્યાદિકગુણના વૃંદ તરીકે પ્રકાશી, તેમની દેશના (ઉપદેશ) સ્વ–રૂપની અર્થાત્‌ આત્મસ્વરૂપને પ્રકાશનારી છે, એમ પ્રતિપાદન કર્યું છે. સંવેગપક્ષિ મણિશેખર પં. પદ્મવિજયજી જેવા મહાન્‌ વિદ્વાન અને ગુણાનુરાગીએ શ્રીમદ્‌ની પ્રતિષ્ઠા–વિદ્વત્તા અને મહત્તાની આ રીતે વિશ્વમાં અમર ખ્યાતિ કરી છે.

એક પૂર્વનું જ્ઞાન.

શ્રી જ્ઞાનસારજીએ સાધુપદ સન્નયના ટબામાં જણાવ્યું છે કે શ્રીમદ્ને એક પૂર્વનું જ્ઞાન (અતિ ઉંચ કોટિનું-દિવ્ય જ્ઞાન) હતું. આ પરથી શ્રીમદ્ની મહત્તા-પ્રતિષ્ઠા ને વિદ્વત્તા સર્વમાન્ય હતાં એ સ્પષ્ટ થાય છે.

સમકાલીન જૈન સાક્ષર મુનિઓ.

શ્રીમદ્ના સમકાલીન સાક્ષર કવિ પંડિત મુનિવરોમાં ભારતવર્ષના મહા સમર્થ વિદ્વાન મહામહોપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી, કે જેમના જેવા ભક્ત-કવિ-જ્ઞાની-કર્મયોગી મહાત્મા વિરલ જ થયા હશે, તેઓ મુખ્ય છે. તેઓ જૈન કોમમાં સર્વમાન્ય ધર્મધુરંધર અને સર્વ અનુયોગમાં ગીતાર્થ હતા (જેમનું જીવન તથા ગુર્જર સાહિત્ય એ નિબંધ પ્રાતઃસ્મરણીય આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ શ્રી ત્રોથી ગુર્જર સાહિત્ય પરિષદમાં રજુ કર્યો હતો.) તેમણે માત્ર ન્યાય એ વિષય ઉપર જ ૧૦૮ ગ્રંથો રચ્યા છે અને એકંદર બે લાખ શ્લોકના જે રચાયિતા હતા. તદુપરાંત બીજા શ્રી જ્ઞાનવિમળસૂરિ, જેમની અનેક કૃતિઓ વિદ્યમાન છે, તથા શ્રી જિનવિજયજી તથા શ્રી પદ્મવિજયજી તથા શ્રી વિનયવિજયજી જે શ્રીપાલ રાસ જેવા મહારાસના કર્તા, કલ્પસૂત્રની સુખબોધિકા ટીકાના રચયિતા, શત્રુંજયસ્તવન તથા શાંતસુધારસ ગ્રંથના પ્રણેતા; તથા ચંદ્રરાજાના રાસના કર્તા. શ્રી મોહનવિજયજી તેમ જ ઘણું કરીને મહાન્ આત્મજ્ઞાનદિવાકર શ્રી આનંદઘનજી, તથા પંડિતપ્રવર કવિરત્ન ઉદયરત્નજી જેવા મહા પ્રખર સાક્ષર વિદ્વાનો શ્રીમદ્ના સમકાલીન હતા, જેમની અદ્ભુત કૃતિઓથી જૈન તેમ જ જૈનેતર સમાજ વર્તમાનકાળે પણ ઋણ છે. આ પૈકી ઘણાખરાને શ્રીમદ્ સાથે બહુ સારો સમાગમ હતો એમ સંભવે છે, ને કેટલાક વિદ્વાનોને તો શ્રીમદે અધ્યયન કરાવેલ હતું.

શ્રીમદ્ અને સમકાલીન મુનિરત્નોએ ગુર્જર સાહિત્યને ઘણી જ સુંદર રીતે પોષ્યું છે. ગુર્જર ભાષામાં અનેક ચિરંજીવ અદ્ભુત રાસાઓ, ઢાળો, સ્તવનો, અધ્યાત્મજ્ઞાનના તથા વૈરાગ્યના રસિક ગ્રંથો તથા સંસ્કૃત માગધી ભાષાના ગ્રંથોપર સરળ વિવેચનો યા ભાષાંતરો કરી તથા લખી ગુર્જર સાહિત્યને ઘણું જ પોષ્યું છે, અને આ સત્ય ગુર્જરગિરાના ઉપાસકોથી અજ્ઞાત નથી જ, તે આ કૃતિઓ વાંચ્યાથી તે પ્રતીત પણ થશે.

સમકાલીન વિદ્વાનોનાં મિલન.

શ્રીમદ્ યશોવિજયજી મહારાજના સમાગમમાં શ્રીમદ્ આવ્યા હોય એમ ચોક્કસ લાગે છે. ઉપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી સં. ૧૭૪૫ લગભગ સુધી જીવતા હતા અને શ્રીમદ્ તેઓશ્રીના સમાગમમાં આવ્યાથી તેમનું આત્મજ્ઞાન તરફ લક્ષ ગયું હોય એમ અનુમાન થાય છે અને તેથી જ તેમણે શ્રીમદ્ યશોવિજયજીકૃત જ્ઞાનસાર પર જ્ઞાનમંજરી ટીકા લખી હોય, ને શ્રી યશોવિજયજીની વિચારમાળાની પુષ્ટિ કરી હોય એમ સંભવે છે. પાટણમાં શ્રીમદ્ જ્ઞાનવિમલસૂરિ જોડે શ્રીમદ્નો સમાગમ થયેલો પ્રતિત થાય છે. પં. જિનવિજયજીને શ્રી જ્ઞાનવિમલસૂરિએ ભગવતી વંચાવ્યું હતું અને તે સાલ લગભગ શ્રી જિનવિજયજીને શ્રીમદે વિશેષાવશ્યક વંચાવ્યું હતું, તેથી પાટણમાં બન્ને વિદ્વાનોનો સમાગમ સંભવે છે. શ્રીમદ્ અને જ્ઞાનવિમલસૂરી બન્નેએ મળી આનંદઘન ચોવીશીનાં છેલ્લાં બે

સ્તવનો રચ્યાં હતાં. શ્રીમદ્ યશોવિજયને શ્રીમદ્ આનંદઘનજીનો સમાગમ થયો હતો. સંભવ છે કે શ્રીમદ્નો સમાગમ પણ આ દ્વારા શ્રીમદ્ આનંદઘનજી સાથે થયો હોય.

શ્રીમદ્ની કૃતિઓ.

શ્રીમદ્ની અપૂર્વ રસસાગરથી છલકાતી અનેક કૃતિઓ વિશ્વમાં વિદ્યમાન હશે, પણ આપણે તો ઉપલબ્ધ થયેલ કૃતિઓ સિવાય અન્ય કૃતિઓથી તદ્દન અજ્ઞાત જ ગણાઇએ. ઉપલબ્ધ થએલી ઉત્તમ કૃતિઓ નીચે પ્રમાણે છેઃ—

પુસ્તકનું નામ.	રચ્યાનો સંવત	ક્યાં રચી.	પ્રત ક્યાંથી મળી.
૧ અષ્ટ પ્રકારી પૂજા	૧૭૪૩	...	પાદરા ભંડારમાં
૨ એકવીશ પ્રકારી પૂજા	,,	...	પાદરા ભંડારમાં
૩ ધ્યાનદીપિકાચતુષ્પદી	૧૭૬૬ વૈ. વ. ૧૩	મુલતાન (પંજાબ)	આચાર્ય શ્રી વિજયકમલ. સૂરિ (મુ. મ.) ઘોરાજી ભંડાર.
૪ દ્રવ્ય પ્રકાશ.	૧૭૬૭ પો. વ. ૧૩	બિકાનેર	અમદાવાદ વિદ્યાશાળા જ્ઞાન ભં. તથા પં. લા. વિ.
૫ આગમસાર.	૧૭૭૬ ફા. શુ. ૩.	મોટા કોટમરોટ.	પાદરાના ભંડારમાંથી બે પ્રતો. સુરત શ્રી મોહનલાલજી મહારાજના ભંડારમાંથી તથા મુનિલાભ વિ.
૬ નયચક્ર	... ...	...	સુરત શ્રી મોહનલાલજીના ભંડારમાંથી.
૭ વિચાર સાર.	૧૭૯૬ કા. શુ. ૧	નવાનગર	(જામનગર) શ્રી અમરચંદજી બોથરા મારફતે શ્રી જિનયશસૂરિ પુ. ભંડાર.
૮ જ્ઞાનમંજરી ટીકા.	૧૭૯૬ કા. શુ. ૫	નવાનગર ,,	જુની બે પ્રતો સુરત મોહન લાલજી ભંડાર. બીજી એક છપાયેલ પ્રત હમણાં જ મળી.
૯ વિશવિહરમાન વીશી	... ...	પાલીતાણા	
૧૦ સિદ્ધાચળ સ્તવન.	૧૮૦૪ મા. શુ. ૧૩	,,	
૧૧ ગુરુગુણષટ્ત્રિંશીનો ટબો	... ...		પં. ગુ. વિ. પાસેથી ભોજક. ગિ. હે. મેળવી આપી.
૧૨ પાંચ કર્મગ્રંથનો ટબો	... ...		પં. ગુલાબવિજયજી પાસેથી ભોજક ગિરધરભાઇ હેમચંદે મેળવી આપી.

૧૩ વિચારરત્નસાર	(પ્રશ્નોત્તર ૩૫)		પ્રવર્તક શ્રી કાં. વિ. ૧. અમદાવાદ શાંતિ સાગરજી ભંડાર ૧ મુનિ. લા. વિ.
૧૪ પ્રશ્નોત્તર			શ્રી કાંતિવિજય પાસેથી
૧૫ ધર્મ સંવેદ્ય			અમદાવાદ ડેલાના ઉપાશ્રયેથી જવેરી ભો. તા.
૧૬ પ્રતિમા પુષ્પ પૂજા સિદ્ધિ			પાદરાના ભંડારમાંથી તથા સુરતના ભંડારમાંથી તથા લાભવિજયજી પાસેથી મળી.
૧૭ ગુણસ્થાનક અધિકાર.			
૧૮ અધ્યાત્મગીતા	(પ્રાયઃ ૧૯૪૩)	લીંમડી.	૨ પ્રતો સુરત મોહનલાલજી ભંડારનાના ભંડારમાંથી.
૧૯ વર્તમાન ચોવીશી.			પ્રવર્તક શ્રી કાં. વિ.
૨૦ અતીત ચોવીશી પૈકી એકવીશી			...
૨૧ સ્નાત્રપૂજા.			પાદરા ભંડારમાંથી
૨૨ નવપદ પૂજા ઉલાળા			
૨૩ વીર નિર્વાણનાં સ્તવનની ઢાળો.		ભાવનગરમાં.	અમદાવાદ વિદ્યાશાળાના ભંડારમાંથી ભો. ગિ. હે.
૨૪ બાહુજિન સ્તવન અને ટબો.			અમદાવાદ ડેલાના ઉપાશ્રયેથી.
૨૫ ભાવિ ચોવીશી પૈકી પદ્મનાભજિન સ્તવન ...			...શ્રી. અમરચંદ્રજી બોથરાજી તથા ભોજક ગિરધર હેમચંદજી.
૨૬ શ્રી સીમંધર જિન સ્તવન.			ભોજક ગિ. હે.
૨૭ દીવાળીનું સ્તવન. લઘુ.			પાદરા ભંડારમાંથી
૨૮ નવાનગર આદિજિન સ્તવન.			
૨૯ ધ્રુ૦ પદ સ્તવન			
૩૦ સમવસરણ સ્તવન			શ્રીમાન્ અમરચંદજી બોથરાજી.
૩૧ કુંભ સ્થાપના			
૩૨ સહસ્રકૂટ સ્તવન.			ભો. ગિ. હે.
૩૩ અજિતનાથજિન હોરી.			હોરી સંગ્રહમાં છપાયેલું.
૩૪ પ્રભુ સ્તુતિ...			શ્રીયુત્ અમરચંદ્રજી બોથરાજી તરફથી.
૩૫ સિદ્ધાચળ સ્તુતિ			
૩૬ ગિરનાર સ્તુતિ			
૩૭ વિશસ્થાનક સ્તુતિ			
૩૮ જ્ઞાન બહુમાન સ્તુતિ			

૩૯ ૪૦ ૪૧	સિદ્ધાચળ સ્તવન	પાદરા ભંડારમાંથી
૪૨	ખડી સાધુ વંદના	શ્રીઅમરચંદજી ઓથરાજી.
૪૩	અષ્ટપ્રવચનમાતાની સજ્ઝાય જામનગર	
૪૪	પ્રભંજનાની સજ્ઝાય લીમડી	
૪૫	ઢંઢણ ઋષિની સજ્ઝાય	છપાય છે.
૪૬	સમકિતની સજ્ઝાય	
૪૭	ગજસુકુમાળની સજ્ઝાય	
૪૮	પંચેંદ્રિય વિષય ત્યાગ પદ	શ્રીયુત્ અ. ઓથરાજી.
૪૯ ૫૦ ૫૧	ત્રણ કાગળ (લખેલા પત્રો)	એ આત્માનંદ પ્ર. માં છપાયેલા એક શ્રી કાં. વિ. મહારાજ.
૫૨	સાધુ સ્વાધ્યાય તેના પર જ્ઞાનસારનો ટબો	
૫૩	સજ્ઝાય	આચાર્યશ્રી અજીતસાગરજી
૫૪	સાધુની પંચભાવના	
૫૫	શ્રીઆનંદઘનજી ચોવીશીમાં જ્ઞાનવિમળજી અને શ્રીમદે ભેગા થઇ બનાવેલાં ૨૩-૨૪ મા પ્રભુનાં સ્તવનો. જેસલમેર.	
૫૬	આજકો લાહો લીજીયે (પ્રાયઃ શ્રીમદ્‌ની કૃતિ જણાય છે.)	
૫૭	રત્નાકર પચ્ચીશીના અનુવાદરૂપ સ્તવન.	

શ્રીમદ્‌ના વિશ્વોપકારક ગ્રંથો માટે યોગનિષ્ઠ અધ્યાત્મજ્ઞાનદિવાકર આચાર્યશ્રી શ્રીમદ્ બુદ્ધિસાગરજી (વર્તમાન કાળે વિદ્યમાન) સૂરીશ્વરજીની લાંબી પ્રશસ્તિમાંથી બે શ્લોકો અત્ર ટાંકવા ઇષ્ટ છે.

आत्मोद्धारामृतं यस्य, स्तवनेषु प्रदृश्यते
त्रिविधतापतप्तानां, पूर्ण शांति प्रदायकम् ॥ ४ ॥
आत्मशमामृतास्वादी, शास्त्रोद्यान विहारवान्
यत्कृत शास्त्रपाथोधौ, स्नानं कुर्वन्ति सज्जनाः ॥ ६ ॥
देवचन्द्र कृत ग्रन्थान्, स्तुवेऽहं भक्तिभावतः
अमृतसागरा यत्र, विद्यन्ते सुखकारकाः ॥ ३३ ॥

आचार्य श्रीमद् बुद्धिसागरसूरि.

શ્રીમદ્‌ની આત્મદશા.

શ્રીમદ્‌ના ગ્રંથો પરથી તેમની ઉચ્ચ પ્રકારની આત્મદશાની સહજ પ્રતીતિ થાય છે. તેઓ વ્યવહારમાં સ્થિર હતા, તેમ જ નિશ્ચયમાં વિશેષ સ્થિર હતા. તેમણે પોતાના સ્તવનોમાં પ્રભુભક્તિ પ્રસંગે અટલ-ઉભરાતી ભક્તિભર્યા ઉદ્‌ગારો કાઢયા છે. કોઇ પણ ભક્ત, હૃદયના ઉદ્‌ગારો, નિરંકુશ-સ્વતંત્ર રીત્યા વિશ્વસન્મુખ રજુ કરે છે. હૃદયના ઉદ્‌ગારોમાં કૃત્રિમતા હોની નથી પરંતુ નૈસર્ગિક આત્મદશાના ઉભરાઓ જ હોય છે. કવિતા એ કવિના હૃદયનો અરીસો છે.

ભક્તની સ્તવના એ જ ભક્તનું હૃદય છે, જ્ઞાનીના મર્મો એ જ્ઞાનીનું અભ્યંતર જીવન છે. ભક્તિભર્યા ઉદ્‌ગારો વહેવરાવતાં તેમાં આત્મદશાની ખરી ખુમારીની છાંટ છંટાયા સિવાય રહેતી નથી. આત્માના સુખનો અનુભવરસ પીધાથી તેમને બાહ્ય વિષયરસ તે રસ તરીકે ભાસતો જ નથી. આત્માને શુદ્ધાનુભવરૂપ આનંદ રસ પ્રાપ્ત થયા વિના અને બાહ્ય કામનો રસ નષ્ટ થયા વિના અંતર્મુખ વૃત્તિ થતી નથી. આત્મા પોતાના સ્વભાવમાં દેહાધ્યાસન નાશપૂર્વક પ્રવૃત્તિ કરે છે ત્યારે જ આત્મસુખનો અનુભવ થાય છે. શ્રીમદ્‌ને એવી ઉત્તમ જ્ઞાન દશા પ્રકટ થઈ હતી અને એવી દશામાં અવધૂત બનેલા હતા કે તે પ્રસંગે બહાર પડેલા ઉદ્‌ગારોમાં આત્મદશાની ખુમારી નીતરી રહી છે. તેઓ લીમડીના રેવાસરના બોંયરામાં કલાકો પર્યંત ધ્યાનમગ્ન થઈને બેસી રહેતા. શુદ્ધોપયોગમાં તલ્લીન તેમ જ આત્મસમાધિમાં મગ્ન રહેતા. તેમણે સવિકલ્પ સમાધિ ઉપરાંત નિર્વિકલ્પ સમાધિનો અપૂર્વ રસ પણ ઝીલ્યો હતો, અને પોતે દેહાતીત દશામાં વર્તતા હતા. તેથીજ તેઓશ્રીએ શુદ્ધોપયોગના તાનમાં સ્તવનોની અંદર આત્મદશાનો અમૂલો રસ રેલ્યો છે. જેટલા પ્રમાણમાં આત્મદશા પ્રકટી હોય તેટલાજ પ્રમાણમાં ઉદ્‌ગારો પ્રકટે છે અને આમ છતાં પણ તેમની રચનામાં ગુર્જર સાહિત્યનો સરસર વહેતો વહેળાઓ વહ્યાજ જાય છે. શ્રીમદ્‌નું પુસ્તકોમાં ભરેલું સાહિત્ય એ જ તેમનું આંતર જીવન છે.

શ્રીમદ્‌નાં પ્રભુસ્તવનોમાં આત્મદશાના ઉદ્‌ગારોમાંથી થોડાક જોઇએ—

" આરોપિત સુખ ભ્રમ ટળ્યો રે, ભાસ્યો અવ્યાબાધ;
સમર્યો અભિલાશીપણો રે, કર્તા સાધન સાધ્ય ॥ આ૦ ॥
ગ્રાહકતા સ્વામિત્વતા રે, વ્યાપક ભોક્તા ભાવ;
કારણતા કારજ દશા રે, સકલ મહું નિજ ભાવ, ॥ આ૦ ॥

\+ + +

તીનભુવન નાયક શુદ્ધાતમ, તત્ત્વામૃત રસ વુહરે;
સકલ ભવિક વસુધાની લાણી, માર્‌ મન પીણ તુહરે ॥ આ૦ ॥
મનમોહન જિનવરજી મુજને, અનુભવ પિયાલો દીધોરે;
પૂરણાનંદ અક્ષય અવિચલરસ, ભક્તિ પવિત્ર થઇ પીધોરે ॥ આ૦ ॥
જ્ઞાનસુધા લાલીની લ્હેરે, અનાદિ વિભાવ વિસાર્યો રે;
સમ્યગ્ જ્ઞાન સહજ અનુભવ રસ, શુચિ નિજ બોધ સમાર્યો રે ॥ આ૦ ॥
જિનગુણ રાગ પરાગથી રે, વાસિત મુજ પરિણામ રે;
તજશે દુષ્ટ વિભાવતા, સરશે આતમ કામ રે
જિન ભક્તિરત ચિત્તને રે, વેધક રસ ગુણ પ્રેમ રે;
સેવક જિનપદ પામશે રે, રસ વેધિત અય જેમ રે ॥

× × ×

ભાસ્યો આત્મ સ્વભાવ, અનાદિનો વિસર્યો હો લાલ;
સકલ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો હો લાલ ॥

શ્રીમદ્‌ની સંસ્કૃત તથા ગુર્જર ભાષાની વિદ્વત્તા

શ્રીમદે સંસ્કૃત, પ્રાકૃત, ગુર્જર, તથા હિન્દી ભાષાના રચેલા ગ્રંથોપરથી તેમની ભાષા સંબંધી વિદ્વત્તાનો ખ્યાલ સહેજે આવે તેમ છે. બાળ જીવોને સમજાવવા માટે તેમણે સંસ્કૃત ભાષામાં બહુ સરળતાએ રચના કરી છે. જેમ બને તેમ ભાષામાં ક્લિષ્ટતા પ્રૌઢતા, દુરવગાહતા આવવા દીધી નથી. દ્રવ્યાનુયોગના વિષયમાં સામાન્ય સંસ્કૃત જાણનારાઓ પણ રસ લઇ શકે તેવો પ્રયત્ન તેમાં સ્પષ્ટ જણાય છે. જ્ઞાનમંજરી ટીકા તથા વિચારસાર ટીકાદિથી તેમણે સંસ્કૃત ભાષામાં ગ્રંથો રચવા માટે યથાયોગ્ય પ્રવૃત્તિ કરી જૈન કોમની અને સંસ્કૃત સાહિત્યની ભારે સેવા ઉઠાવી છે. કેટલાક આધુનિક સંસ્કૃત ભાષાજ્ઞ મુનિવરોનો એવો મત છે કે શ્રીમદ્ સંસ્કૃત ભાષાના પ્રૌઢ વિદ્વાન નહોતા પણ અમે એમાં એટલું સુધારીશું કે-શ્રીમદે દ્રવ્યાનુયોગાદિ ગહન વિષયોને સાદી સંસ્કૃત ભાષામાં બાળજીવોને સમજાવવાપર ખાસ લક્ષ દીધું છે. તેથીજ તેઓએ પ્રૌઢ સંસ્કૃત ભાષા વાપરી નથી. તેમજ ભાષા દ્વારા વિદ્વત્તા દેખાડવા તરફ તેમનું બીલકુલ લક્ષ નહોતું તેજ તેમાં કારણ છે. આત્મજ્ઞાની મહાત્માઓ ભાષાને શણગાર સજાવવા તરફ લક્ષ દેતા નથી. તેઓ તો ભાષા દ્વારા હૃદયના આત્મિક ભાવ જણાવે છે. કવિમાં અને જ્ઞાની ભક્તમાં ભાષાના શણગાર પરત્વે તફાવત રહેજ કરે છે. કવિ ભાષાને શણગાર સજાવવાની ઉપાસના કરે છે અને જ્ઞાની ભાવરસનો ભોગી હોવાથી તે પોતાનું વક્તવ્ય સાદા ભાષામાં જણાવે છે.

સંસ્કૃત ભાષાની પેઠે શ્રીમદે પ્રાકૃત ભાષામાં પણ વિચારસારાદિ ગ્રંથો રચ્યા છે.

શ્રીમદ્‌ના સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના ગ્રંથોની માફક ગુર્જર ભાષાના ગ્રંથો પણ ઘણો ઉંચો દરજ્જો ભોગવે છે. ગુર્જર ભાષા પર તેમનો કાબુ અદ્વિતીય હતો અને મારવાડ-કચ્છ-સિંધ-આદિ દેશોમાં વિહરવા છતાં ગુર્જર ભાષાપરનો શ્રીમદ્‌નો કાબુ અને પ્રેમ તેવાંજ હતાં, અને ગમે તે દેશમાં પણ ગુર્જર ગિરાની તેમની ઉપાસના અખંડિતજ હતી. ગુર્જર સાહિત્યના બળમાં તેમનો પુષ્ટિનો ફાળો ચાલુજ રહ્યો છે અને દ્રવ્યાનુયોગ જેવા અતિ ગહન વિષયોને તેમણે ચોવીશી વગેરે પદ્ય ગ્રંથોમાં એવી સાદી ને સુન્દર રીતે ગુંથ્યા છે કે જે વિષયો પહેલાં ગુર્જર ભાષામાં કોઇએ ગુંથ્યા નહતા. શ્રીમદે ચોવીશી પર જાતેજ ટબો ભરીને દ્રવ્યાનુયોગના ગહન જ્ઞાનનો લાભ સરલતાથી જે જૈન કોમને આપ્યો છે તે અતિ ઉપકારક છે. એકંદર શ્રીમદે ગુર્જર ભાષામાં ગદ્યપદ્યમાં જૈન તત્ત્વજ્ઞાનના ગહન ગ્રંથો લખીને ભાષાજ્ઞાનની વિદ્વત્તાની પણ મહત્તા જનસમાજને બતાવી આપી ગુર્જર સાહિત્યને પોષ્યું છે. ભાષાની-દૃષ્ટિએ વાચકો તેમાંથી ભારે લાભ મેળવી શકશે. સંસ્કૃત પ્રાકૃત ભાષામાં ગ્રંથો રચીને શ્રીમદે વિશ્વના ભાષા સાહિત્યની વૃદ્ધિમાં સારો ફાળો આપ્યો છે.

શ્રીમદ્‌ની કવિત્વશક્તિ.

શ્રીમદે કવિત્વ શક્તિનો ભક્તિમાં વ્યય કર્યો છે. ભક્ત લોકો કવિત્વ શક્તિને ભક્તિના રૂપમાં પરિણમાવે છે. તેઓ અનેક રૂપકોથી પ્રભુનું વર્ણન કરે છે. શ્રીમદે ઉપમાલંકારોને પ્રભુભક્તિના રૂપકોમાં પરિણમાવ્યા છે. તેમણે આધ્યાત્મિક દૃષ્ટિએ મેઘને પ્રભુની ભક્તિમાં રૂપકથી પરિણમાવ્યો છે તે જોઇએ:—

શ્રી નમિજિનવર સેવ, ધનાધન ઉનમ્યો રે ॥ ધ૦ ॥
દોઢો મિથ્યા રોર, ભવિક ચિત્તથી ગમ્યો રે ॥ ભ ॥
શુચિ આચરણા રીતિ તે, અભ્ર વધે વડાં રે ॥ અ ॥
આતમ પરિણતી શુદ્ધ, તે વીજ ઝબુકડાં રે ॥ વી ॥ ૧

વાજે વાયુ, સુવાયુ, તે પાવન ભાવના રે ॥ પા ॥
ઇન્દ્ર ધનુષ ત્રિકયોગ, તે ભક્તિ એકમના રે ॥ ભ ॥
નિર્મળ પ્રભુસ્તવ ઘોષ, ધ્વની ઘન ગર્જના રે ॥ ધ્વ ॥
તૃષ્ણા ગ્રીષમ કાળ, તે તાપની તર્જના રે ॥ તા ॥ ૨

શુભ લેસ્યાની આલિ, તે બગ પંકિત બની ॥ બ ॥
શ્રેણિ સરોવર હંસ, વસે શુચિગુણ મુનિ ॥ વ ॥
ચઉગતિ મારગ બંધ, ભવિક નિજ ઘર રહ્યા રે ॥ ભ ॥
ચેતન સમતા સંગ, રંગમેં ઉમહ્યા રે ॥ રં ॥ ૩

સમ્યગ્દૃષ્ટિ મોર, તિહાં હરખે ઘણું રે ॥ હ ॥
દેખી અદ્‌ભુત રૂપ, પરમ જિનવરતણું રે ॥ ૫ ॥
પ્રભુ ગુણનો ઉપદેશ, તે જલધારા વહી રે ॥ જ ॥
ધર્મરુચિ ચિત્ત ભૂમિ, માંહે નિશ્ચળ રહી રે ॥ માં ॥ ૪

ચાતક શ્રમણ સમૂહ, કરે તવ પારણો રે ॥ ક ॥
અનુભવ રસ આસ્વાદ, સકલ દુખ વારણો રે ॥ સ ॥
અશુભાચાર નિવારણ, તૃણ અંકુરતા રે ॥ તૃ ॥
વિરતિ તણા પરિણામ, તે બીજની પૂરતા રે ॥ બી ॥ ૫

પંચ મહાવ્રત ધાન્ય, તણાં કર્ષણ વધ્યાં રે ॥ ત ॥
સાધ્ય ભાવ નિજ સ્થાપી, સાધનતાએ સધ્યાં રે ॥ સા ॥
ક્ષાયિક દર્શન જ્ઞાન, ચરણ ગુણ ઉપન્યા રે ॥ ચ ॥
આદિક બહુ ગુણ સસ્ય, આતમ ઘર નીપન્યા રે ॥ આ ॥ ૬

પ્રભુ દર્શન મહામેહ તણે પ્રવેશમેં રે ॥ ત ॥
પરમાનંદ સુભક્ષ, થયો મુજ દેશમેં રે ॥ થ ॥
દેવચંદ્ર જિનચંદ્ર તણો અનુભવ કરો રે ॥ ત ॥
સાદિ અનંતો કાળ, આતમ સુખ અનુસરો રે ॥ આ ॥ ૭

શ્રીમદ્‌ની ઉપમા આપવાની આધ્યાત્મિક કાવ્યશક્તિ બહુ ઉત્તમ છે. બાહ્ય ભાવોને આધ્યાત્મિક રૂપમાં ગોઠવીને જનસમાજને તે તરફ વાળવા તેમણે કાવ્યશક્તિનો ધર્મમાં સદુપયોગ કર્યો છે. શ્રીમદે અલંકારી કાવ્યશક્તિનો આધ્યાત્મિક ભાવ પ્રકટ કરી બતાવ્યો છે. આવાં અનેક સ્તવનો તથા કાવ્યો રૂપે શ્રીમદ એક ઉચ્ચ કોટિના ગુર્જર કવિ તરીકે સાહિત્ય સૃષ્ટિમાં ઉભા રહે છે, તે પણ આધ્યાત્મજ્ઞાન જેવા મહા વિકટ ને ગહન વિષયમાં, છતાં રસની રેલો-રેલામ ને જ્ઞાન પિપાસુઓ ઘન-ઘટા જોઈ નાચતા મયૂરોની માફક આ આસ્વાદી નાચી-ટહુકી ઉઠે એ આશ્ચર્યજનક છે!

શ્રીમદ્‌ની વર્ણનશક્તિ.

શ્રીમદ્ જ્યારે પ્રભુ ભક્તિમાં લીન થઇ-મસ્ત બની જાય છે ત્યારે બાહ્ય ભાવોને ભૂલી જાય છે અને પોતે દેહાતીત બની આત્મરમણતામાં રસબસ બની રહે છે. છતાં પ્રભુપ્રેમ ખુમારીના રસીયા એઓશ્રી જ્યારે આત્મપ્રદેશના રસાળ ક્ષેત્રના રૂપકોમાં ક્યારે ક્યારે ભ્રમણ કરી જ્ઞાનપુષ્પો વીણતા અલખ મસ્તીમાં મહાલે છે ત્યારે તેમનાં વચનોમાં વર્ણનશક્તિનો અદ્‌ભુત પ્રાદુર્ભાવ ઉદ્‌ભવે છે. એવાં અનેક ઉદાહરણો પૈકી એક જોઇએ. આમાં શ્રીમદ્ નિજાનંદ મસ્તીનો ફાગ ખેલે છે-ખેલાવે છેઃ

રાગ ફાગ--

આતમ પ્રદેશ રંગ થલ અનોપમ, સમ્યગ્ દર્શન રંગરે !
નિજ સુખકે સબહિયા, તું તો નિજગુણ ખેલ વસંત રે ॥ નીજ, ॥
પરપરિણતી ચિંતા તજી નિજમેં, જ્ઞાન સખાકે સંગ રે ॥ ની. ॥ ૧ ॥
વાસ ખરાસ સુરુચિ કેશર ઘન, છાંટો પરમ પ્રમોદ રે ॥ ની. ॥
આતમ રમણ ગુલાલકી લાલી, સાધક શક્તિ વિનોદ રે ॥ ની. ॥ ૨ ॥
ધ્યાન સુધારસ પાન મગનતા, ભોજન સહજ સ્વભોગ રે ॥ ની. ॥
રિઝ એકત્વતા તાનમેં વાજે, વાજિત્ર સનમુખ યોગ રે ॥ ની. ॥ ૩ ॥
શુકલ ધ્યાન હોરીકી જ્વાલા, જલે કર્મ કઠોર રે ॥ ની. ॥
શેષ પ્રકૃતિ દલ ક્ષિરણ નિર્જરા, ભસ્મ ખેલ અતિ જોર રે ॥ ની. ॥ ૪ ॥
સકલ અજોગ અલેશ અસંગત, નાહિં હોવે સિદ્ધ રે ॥ ની. ॥
દેવચંદ્ર આણામેં ખેલે, ઉત્તમ યુંહિ પ્રસિદ્ધ રે ॥ ની. ॥ ૫ ॥

હવે બીજું ઉદાહરણ—અષ્ટ પ્રકારી પૂજામાં નૈવેદ્યપૂજા—દોહા.

સરસ શુચિ પકવાન ભર, શાલ દાલ ઘૃતપૂર ॥
ધરે નૈવેદ્ય જિન આગળે, ક્ષુધા દોષ તસ દૂર ॥ ૧ ॥

ઢાલ-લપનશ્રી વરઘેવર, મૃદુતર મોતીચૂર ॥
સિંહ કેસરીયા સેવૈયા, દલિયા મોદકપૂર ॥ ૨ ॥
સાકર દ્રાખ સિંગોડા, ભક્તવ્યંજન ઘૃતસઘ
ધરો નૈવેદ્ય જિન આગળે, જીમ મિલે સુખ અનવદ્ય ॥ ૩ ॥

ચાલે-ઢોવતાં ભોજ્ય પરભાવ ત્યાગે, ભવિજન નિજગુણ ભોજ્ય ભાગે;
અહ્ન ભણી અહ્નતણો સરૂપ ભોજ્ય-આપશો તાતજી જગત્ પૂજ્ય ॥

શ્રેમલક્ષણા ભક્તિમાં ભાષાપ્રભાવ.

શ્રીમદ્‌ની પ્રેમલક્ષણા ભક્તિ ઉંચી કોટિની હતી; એ સાથે સાથેજ તેમનો ભાષા પ્રભાવ કેટલો ઉચ્ચ કોટિનો હતો તેની પ્રતીતિ માટેઃ—

રાગ પરભાતી—

હું તો પ્રભુવારી છું તુમ મુખની, હું તો જિન બલિહારી તુમ મુખની!
સમતા અમૃતમય સુપ્રસન્નની, ત્રેય નહિં રાગ રૂખની ॥ હું. ॥

ભ્રમર અધર શિખ ધનુદર કમલદલ, કીર હીર પુનમ શશિની ॥
શોભા તુજ પ્રભુ દેખત બાકી, કાપેરે કાયે જમ અંસિની ॥ હું. ॥
મનમોહન તુમ સનમુખ નિરખત, આંખ ન તૃપતિ અંમચિ।
મોહ તિમિર રવિ દેવચંદ્ર કહ્યી, મૂરત એ ઉપશમચિ ॥ હું. ॥
મીન ચકોર મોર મતંગજ, જલશશિ ઘનની ચનથી।
તિમ મો પ્રતિ સાહિબ સુરતથી, ઓન ન ચાહું મનથી ॥ હું. ॥
જ્ઞાનાનંદન જયા નંદન, આશ દાસની યનની।
દેવચંદ્ર સેવનમેં અહનિશ, રમજો પરિણતી ચિતની ॥ હું. ॥

શ્રીમદ્ પરમાત્માના જ્ઞાની ભક્ત હતા. તેમણે હૃદયના પૂર્ણ ભાવથી વાસ્તવિક પરમાત્માના ગુણોનું વર્ણન કર્યું છેઃ તેમની ભક્તિમાં લયુતા અને પરમાત્માની પ્રભુતાનું દરમ છે. પ્રભુને મળવા માટે પોતે અનેક આશામય સુરમ્ય ભાવનાઓને હૃદય આગળ ખડી કરે છે. શ્રીમદ્નાં ભક્તિરસનાં પદો જોઇએ.

શ્રીમદ્ની ભક્તિદશા.

હોવત જો તનું પાંખડી, આવત નાથ હજુર લાલરે।
જો હોતી ચિત્ત આંખડી, દેખત નિત્ય પ્રભુ નૂર લાલ રે ॥ દે. ॥

× × ×

મીઠી હો પ્રભુ મીઠી સુરત તુજ, દીઠી હો પ્રભુ દીઠી, રચિ બહુ માનથી જી!
તુજ ગુણ હો પ્રભુ તુજ ગુણ ભાસન મુહત,
સેવે હો, પ્રભુ સેવે, તસુ ભવભય નથી જીઃ

× × ×

બહુ થયુ મ્હેં પ્રભુગુણ ગાયા, રસનાનો ફળ લીધો રે।
દેવચંદ્ર કહે મ્હારા મનનો, સકલ મનોરથ સિધો રે ॥ બ. ॥

× × ×

કાપાની દેશી.

તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી,
જગતમાં જોટકું સુજશ લીજે!
દાસ અવગુણ ભર્યો જાણી પોતા તણો!
કૃપાનિધિ દીનપર કીજે ॥ તાર ॥
રાગ દ્વેશે ભર્યો-મોહવૈરી નડ્યો,
લોહની રીતિમાં બહુપ રાતો:
ક્રોધવશ ધમધમ્યો, ગુણગુણ નવી રમ્યો,
ભમ્યો ભવમાંહિ હું વિષય માતો ॥ તાર ॥
જગતવત્સલ મહાવીર જિનવર સુણી,
ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો ॥
તારજો બાપજી બિરુદ નિજ રાખવા.
દાસની મેરાના રખે જોશો ॥ તાર ॥

× × ×

વદનપર વારી હો જશોધર! વદન પર વારી!
મોહ રહિત મોહન જ્યાકો, ઉપશમ રસ ક્યારી હો!
મોહ જીવ લોહકો કંચન, કરવે પારસ ભારી હો!
સમકીત સુરતરુ વન સેંચનકો, વર પુષ્કર જલધારી હો!

શ્રીમદ્ પ્રભુપ્રેમ ખુમારીમાં મસ્ત-લયલીન રહી ઝીલતા તેમના સ્તવનોમાં જણાય છે. એમનું ભક્ત હૃદય પ્રભુ પ્રેમ હિંચોળે હિંચતું તેમની કૃતિ

શ્રીમદ્‌નો પ્રભુપ્રેમ ઓમાં સ્પષ્ટ તરે છેઃ—

ઋષભજીણંદશું પ્રીતડી, કીમ કીજે હો કરો ચતુર વિચાર;
પ્રભુજી જઈ અળગા વસ્યા, તિહાં કિણે નહિ હો કોઇ વચન ઉચ્ચાર ।૩।
કાગળ પણ પહોંચે નહિ, નવિ પોહોંચે હો તીહાં કો પરધાન,
જે પહોંચે તે તુમ સમો, નવિ ભાંખે હો કોઇનું વ્યવધાન ।૩।

× × ×

પ્રભુ જીવ જીવન ભવ્યના, પ્રભુ મુજ જીવન પ્રાણ!
તહારે દર્શન સુખ લહુ, તુહિંજ ગતિ સ્થિતિ જાણ!

+ + +

હું ઇન્દ્ર ચન્દ્ર નરેન્દ્રનો, પદ ન માગુ તિલમાત્ર
માગું પ્રભુ મુજ મન થકી, ન વિસરો ક્ષણમાત્ર ॥
જ્યાં પૂર્ણ શુદ્ધ સ્વભાવની, નવી કરી શકું મુજ ઋદ્ધિ।
તહાં ચરણ શરણ તુમારડી; એહિજ મુંજ નવનિદ્ધિ.

શરીરની તથા સંસારની અસારતાનું પૂર્ણ સ્વરૂપ જાણ્યા અને માણ્યા સિવાય શુદ્ધ આત્મસ્વરૂપની ઝાંખી ન જ થાય. આધ્યાત્મ જ્ઞાનીઓનાં

સંસાર તથા શરીરની અસારતાના ઉદ્‌ગાર. શરીર બાહ્ય સંસારથી કયારનાંએ મરી પરવાર્યાં હોય છે અને એ શરીરનું ને બાહ્યસંસારનું મૃત્યુ શ્રીમદ્‌ના શબ્દોમાં ટપકતું આપણે જોઇએઃ—

ભાવો એકલ ભાવના, સંગ ન કોઇ સંસારો રે!
ઈન્દ્ર ચંદ્ર નાગેંદ્રકો, અંતે નહિ આધારો રે ॥ ૧ ॥

× × ×

એ સંસાર અસાર, સૂર નર નાગકુમાર;
રહી ન શકે પલવાર, તુટે આયુ જિ વાર ॥
ભુવન યમ સાપે ડસ્યારે હાં, બ્હીતા પુરુષ પ્રધાન;
દેવ ઉપાયે નહિં રહે રે હાં, તો નરકે હૈ જ્ઞાન ॥
બાલ વૃદ્ધ ધન નિરધનીરે હાં! જીમ કાયર તિમ સૂર;
મંત્રૌષધ સેના સહુરે હાં! જુઠી કાલ હજુર ॥
હરિહર હળધર રવિશશીરે હાં, દેવ પવન અહિનાથ;
ઇત્યાદિક રાખે નહિં રે હાં! સાહે યમ યદિ હાથ ॥

નાસે મૃગલી ચેતનારે હાં! યમ કેહીરવ નાદ;
તે તું રાણી થકે નહિંરે હાં! તો ભોગે કિશો સવાદ ॥
યમ અંતક મુખ પાડમેંરે હાં, તિને લોક સમાય ।
કામ ભોગ લાલચ પડયા રે હાં! તે નર દુરગતિ જાય ॥

હવે શરીરની અસારતાના ઉદ્‌ગારઃ—

એહ શરીર જે આપડો રે, વિંટયાઉ ચર્મ ન હોય;
તો આપીકૃતીકતાથી રે, રાખી ન શકે કોય રે ॥ ૧ ॥
દેહ અશુચિ રોગે ભરી રે, પતન સરૂપ શરીર;
એહનો ફળ એહજ ગ્રહ્યો રે, ધારો ધર્મ સધીરો રે ॥ ૨ ॥
કેશર અગર ને મૃગમદ રે, હરી ચંદન કર્પુર;
મધ્યલ ગ્રહે વપુ સંગથી રે, દેહ અશુચિ ભરપુર રે ॥ ૩ ॥
અસ્થિ ચરમ પંજર અછે રે, કુથિત મૃતક સમાન,
જે પાયમ રોગાદિના રે, પ્રીતિ ધરે નહિતાસો રે ॥ ૪ ॥

શ્રીમદ્‌ની વૈરાગ્ય દશાના ઉદ્‌ગારોથી તો ગ્રંથોના ગ્રંથો ભર્યા પડયા છે. આપણે તેમાંની થોડીક વાનગી જોઇએઃ—

વૈરાગ્ય દશાના ઉદ્‌ગાર

" દીઠો સુવિધિ જિણુંદ, સમાધિ રસ ભર્યો હો લાલ ।
ભાસ્યો આતમ સરૂપ, અનાદિનો વિસર્યો હો લાલ ।
સકલ વિભાવ ઉપાધિ, થકી મન ઓસર્યો હો લાલ ।
× × ×
મોહાદિકની ધુમિ, અનાદિની ઉતરે હો લાલ ।
અમલ અખંડ અલિપ્ત, સ્વભાવજ સાંભરે હો લાલ ।
તત્ત્વરમણ શુચિધ્યાન, ભણી જે આદરે હો લાલ ।
તે સમતા રસ ધામ, સ્વામિ મુદ્રાવરે હો લાલ ।
× × ×
રાગી સંગેરે રાગદશા વધે, થાયે તિણે સંસારોજી
નિરાગીથીરે રાગનું જોડવું, લહીયે ભવનો પારો રે! જેમિ.
× × ×
સહજ ગુણ આગરો, સ્વામિ સુખ સાગરો
જ્ઞાન વૈરાગરો પ્રેમ સવાયો,
શુદ્ધતા એકતા, તીક્ષ્ણતા ભાવથી
મોહ રિપુ જીતી જય પડહ વાયો.

શ્રીમદ્‌ના અંતરમાં વૈરાગ્ય તથા સાધુતા રગે રગે કેટલે દરજ્જે વ્યાપ્ત હશે તે તેઓની વાણી આપણને કહે છે જ્યાં જ્યાં દેહ છતાં દેહાતીત દશા વર્તે,

સાધુ દશાના ઉદ્‌ગાર

જ્યાં બાહ્ય શરીરને બાહ્ય વિશ્વ મરીજાય ત્યાં સાધુને સાધુતા સિવાય શું રહ્યું! આવી સ્થિતિમાં રમતા શ્રીમદે સાધુ દશાની ઉત્કૃષ્ટતાના સ્વાનુભવના ઉદ્‌ગારો આ પ્રમાણે કાઢયા છેઃ—

" જગતમેં સદા સુખી મુનિરાજ, પરવિભાવ પરિણતી કે ત્યાગી.
જાગે આતમ સ્વભાવ, નિજગુણ અનુભવ કે ઉપયોગી
જોગી ધ્યાન જહાજ ॥
નિર્ભય નિર્મળ ચિત્ત નિરાકુળ, વિલસે ધ્યાન અભ્યાસ.
દેહાદિક મમતા સવિ વારી, વિચરે સદા ઉદાસ. અ:
ભાવે સાધન જે એક ચિત્તધારે, ભાવ સાધન નિજ ભાવ ॥
ભાવસિદ્ધ સામગ્રી હેતુ તેરે, નિઃસંગી મુનિ ભાવ ॥ સાધક ॥
હેય ત્યાગથી ગ્રહણ સ્વધર્મનોરે, કરે ભોગવે સાધ્ય ॥
સ્વ સ્વભાવ રસીયા તે અનુભવેરે, નિજસુખ અબ્યાબાધ ॥ સાધક ॥
નિઃસ્પૃહ નિર્ભય નિર્મમ નિર્મલારે, કરતા નિજ સામ્રાજ ॥
દેવચંદ્ર આણાયે વિચરતારે, નમિયે તે મુનિરાજ ॥ સાધક ॥ "

શ્રીમદ્‌ને સ્વસ્વરૂપની ઝાંખી અવશ્ય થઇ હતીજ, અને એ સત્ય તેમના શબ્દે શબ્દે બોલી ઉઠે છે. સ્વસ્વરૂપની ઝાંખી થયા સિવાય આટલો બધો નિજાનંદ ભરતીનો ઉછાળો આવેજ નહીં. શ્રીમદ્‌ના આવી દશાના ઉદ્‌ગારો જોઇએઃ—

સ્વસ્વરૂપ ઝાંખીના ઉદ્‌ગાર

આતમ ગુણ રક્ષણા તેહ ધર્મ, સ્વગુણ વિધ્વંસણા તે અધર્મ;
ભાવ અધ્યાત્મ અનુગત પ્રવૃત્તિ, તેહથી હોય સંસાર છિત્તિ.
જ્ઞાનની તીક્ષ્ણતા ચરણ તેહ, જ્ઞાન એકત્વતા ધ્યાન ગેહ;
આતમ તાદાત્મ્યપૂર્ણ ભાવે, તદા નિર્મલાનંદ સંપૂર્ણ ભાવે.
વરતુ તત્ત્વે રમ્યા તે નિર્ગ્રંથ, તત્ત્વ અભ્યાસ તિહાં સાધુ પંથ;
તિણે ગિતાર્થ ચરણે રહિજે, શુદ્ધ સિદ્ધાંત રસ તો લહિજે;
આતમગુણ રમણ કરવા અભ્યાસે, શુદ્ધ સત્તા રસીને ઉલ્લાસે;
દેવચંદ્રે રચી અધ્યાત્મ ગીતા, આતમરમણિ મુનિ સુપ્રતિતા.

—અધ્યાતમગીતા.

દર્શન જ્ઞાનાદિક ગુણ આતમનારેઃ
પ્રભુ પ્રભુતા લયલીન.
શુદ્ધ સ્વરૂપી રૂપે તન્મયારે !
તુમ આસ્વાદન પીનઃ પૂજના તો કીજેરે;
શુદ્ધ તત્ત્વ રસ રંગી ચેતનારે,
પામે આત્મ સ્વભાવ.
આત્માલંબી નિજ ગુણ સાધતોરે !
પ્રકટે પૂજ્ય સ્વભાવ પૂજનાતો કીજેરે !
જિનવર પૂજેરે તે જિન પૂજનારે !
પ્રકટે અન્વય શક્તિઃ
પરમાનન્દ વિલાસી અનુભવે રે !
દેવચંદ્ર પદ વ્યક્તિઃ
પૂજના તો કીજેરે !

શ્રીમદ્‌નું નિર્વાણ.

સંવત ૧૮૦૪ સુધી તો શ્રીમદ્ હૈયાત હોઇ પોતાની અમૃત વાણી ને અમૂલ્ય બોધ વડે પૃથ્વિને પાવન કરી રહ્યા હતા, એમ તેમના બનાવેલા સિદ્ધાચળજીના સ્તવન પરથી જણાય છે. તે સમયે તેઓશ્રી લગભગ ૮૪ વર્ષની ઉમ્મરના હોવા જોઇએ. પછીથી સ્થિરતાવાસ સ્વીકારવો પડ્યો હોય એમ અનુમાન થાય છે. ૧૮૦૪ બાદ આ સ્થિરતાવાસ પાલીતાણે થયો સંભવે છે. સિદ્ધાચળ સમાન મહાતીર્થ સ્થાનમાં સમાધિ મરણ કયો સત્પુરુષ ન વાંચ્છે? ત્યાં અનેક મુનિઓએ અનશન કર્યાં છે. જ્યારે વૃદ્ધાવસ્થાનો પૂર્ણ અમલ શરીર પર થાય છે ત્યારે છેવટે પરમાત્માનું સ્મરણ ને આત્માના શુદ્ધોપયોગની રમણતા કરવી એ જ શ્રેષ્ઠ છે. શ્રીમદ્ આવીજ સ્થિતિમાં ધ્યાન રાખી શરીર, જાતિ નામ આદિ વિસારી આસક્તિ રહિત બન્યા હતા અને આત્માના શુદ્ધોપયોગના તારેતારમાં લયલીન રહેતા. **अंते समाधि मरणं अभव्वजीवा न पावंति ॥** અભવ્યોને મરણકાળે સમાધિ મરણ પ્રાપ્ત થતું નથી. જેમણે લગભગ ૭૫ વર્ષ જેટલો સમય આત્મજ્ઞાનોપયોગ, આત્મધ્યાન, આત્માનું ચિન્તન, મનન અને આત્મ સમાધિમાં ગાળ્યો હોય, તેને સમાધિમરણ-પંડિતમરણ સુખેથી સાંપડે એમાં સંશય શો? શ્રીમદે અનાદિ અનંત જ્ઞાનરૂપ આત્મજીવનમાં મનને લીન કર્યું હતું અને બાહ્ય દૃશ્ય પદાર્થોમાં રાગ દ્વેશ પરિણામથી મુક્ત થયા હતા. કર્મયોગી હોવાથી મરણ વખતે શારીરિક દુઃખ સહેવામાં જરા માત્ર કાયર બન્યા ન હતા. પોતે બાળ બ્રહ્મચારી હતા તેથી તેમને આત્મ શુદ્ધોપયોગની રમણતામાં શૂન્યતા આવતી નહોતી અને એમ આત્માની શુભ પરિણતિના એક ધ્યાનમાં, અરિહંત સિદ્ધ, સાધુ અને કેવળી શરણ સ્વીકારીને પરમેષ્ઠી મહામંત્રના ધ્યાનમાં બાહ્ય પ્રાણોનો ત્યાગ કરી શુભ ગતિ વિષે ચાલ્યા ગયા અને જૈન સમાજ અને ભારતવર્ષના એક મહાન ધર્મપ્રભાવક આત્મજ્ઞાની સાહિત્યરસિક કવિરત્નની ખોટ ભારતવર્ષને દેતા ગયા. તેઓ ગયા પણ તેમનો અક્ષર દેહ-તેમનાં પુસ્તકો સદ્‌ભાગ્યે વિદ્યમાન છે. ગુર્જર સાહિત્યના પરમ પોષકનાં એ અમોઘ તત્ત્વો અમને મુગ્ધ કરી મુકે છે તો તેઓ પોતે સદેહે કેવા હશે?

શ્રીમદ્‌નો મહાવિદેહ ક્ષેત્રમાં કેવળી તરીકે અવતાર

શ્રીમદ્ અધ્યાત્મજ્ઞાની આત્મશુદ્ધોપયોગી દેવચંદ્રજી મહારાજ હાલમાં મહાવિદેહક્ષેત્રમાં કેવલી તરીકે વિચરે છે, એમ અનેક મનુષ્યોના મુખે કિંવદંતી તરીકે શ્રવણ કર્યું છે. સાંભળવા પ્રમાણે શ્રીમદ્‌ના રાગી એક અધ્યાત્મજ્ઞાની શ્રાવકે પાટણમાં મહાન તપ કર્યું હતું; તે તપના પ્રભાવે ભુવનપતિ દેવે તેમને સાક્ષાત્ દર્શન આપ્યું હતું; તે વખતે તે શ્રાવકે ભૂવનપતિ દેવને શ્રીમદ્ કઇ ગતિમાં ગયા એ પ્રશ્નના ઉત્તરમાં, દેવે કહ્યું કે "શ્રીદેવચંદ્રજી મહાવિદેહક્ષેત્રમાં જન્મ્યા છે, અને હાલ કેવળજ્ઞાની તરીકે વિચરે છે અને અનેક ભવ્યજીવોને દેશના દઇને તારે છે." અમદાવાદમાં સારંગપૂર તળીમાની પોળમાં આત્મજ્ઞાની ધ્યાની પરમ વૈરાગી **શ્રી મણિચન્દ્રજી** નામના યતિ સાધુ હતા. તેમણે 'आतमरामेरे मुनिरमे' વિગેરે અપૂર્વ વૈરાગ્યમય સજ્ઝાયો પદ રચ્યાં છે. તેઓ મહા તપસ્વી હતા. તેમના તપ પ્રભાવે તેમની પાસે ધરણેન્દ્રે સાક્ષાત્ દર્શન દીધું, અને **મણિચન્દ્રજી**ને શાતા પુછી. **મણિચન્દ્રજી**ને રક્તપીત્તનો મહા ભયંકર રોગ હતો, તે દૂર્થી પીડાતા હતા. દેવે **મણિચન્દ્રજી**ને વરદાન માગવાનું કહેતાં-તેમણે કાંઇજ માગ્યું નહિ. દેવે તેમનો રોગ ટાળવા

વિનંતી કરી પણ તેમણે ના કહી, અને કહ્યું કે, તે રોગ ભોગવ્યા વિના છૂટકો નથી; કર્યા કર્મ ઉદયમાં આવે છે તેનું લ્હેણું રોગ ભોગવીને આપવું જોઇએ. પ્રારબ્ધ કર્મ તો શ્રી તીર્થંકર ભગવાનને પણ ભોગવવાં પડે છે તો મારે પણ ભોગવવાં જ જોઇએ, કે જેથી પરભવમાં કર્મનું લ્હેણું દેણું રહે નહીં. શ્રી **મણિચંદ્રજીએ** શ્રી ધરણેંદ્રને શ્રીમદની ગતિ વિષે પૂછતાં ધરણેન્દ્રે કહ્યું કે શ્રીમાન દેવચંદ્રજી હાલમાં મહા વિદેહ ક્ષેત્રમાં કેવલી તરીકે વિચરે છે, શ્રી આનંદઘનજીની ગતિ વિષે પુછતાં, તેઓને એકાવતારી જણાવ્યા હતા અને શ્રીમદ્ યશોવિજયજીને પણ એકાવતારી જણાવ્યા હતા. એ વૃદ્ધ શ્રોતા શ્રાવકે અમને એ પ્રમાણે કિંવદન્તી પરંપરાથી ચાલતી આવેલી કહી હતી તે અત્ર જણાવી છે. કલકત્તામાં રહેનાર આધ્યાત્મજ્ઞાની સુશ્રાવક હીરજીભાઇએ પણ ઉપરના ભાવવાળી કિંવદન્તી કહી હતી પણ વિસ્તારભયથી અત્ર આપી નથી.

શ્રીમદ્નો ચમત્કાર

શ્રમદ્ના ચમત્કારો સંબંધી અનેક કિંવદન્તીઓ સાંભળવામાં આવે છે. કાશીવાળા મંડળાચાર્ય શ્રી બાલચંદ્ર સૂરિ બહુ વિદ્વાન થઇ ગયા. તેમના સમયમાં તેમની સાથે વિચરનાર ૮૦ વર્ષના એક વૃદ્ધ યતિજી (વિજાપુર તાલુકે આજોલમાં) આ સંબંધી ઘણું જાણતા ને કહેતા જાણવામાં આવ્યા છે. તેમના જણાવ્યા પ્રમાણે તેમના નેવું વર્ષના ગુરુજીના સ્વમુખે તેમણે બાલ્યાવસ્થામાં શ્રીમદ્ સંબંધી ઘણી વાતો સાંભળી હતી. તે પૈકી કેટલીક અત્ર દર્શાવવામાં આવે છેઃ—

શ્રીમદે જ્યારે દીક્ષા લીધી ત્યારે તેઓ બાલ્યાવસ્થામાં હતા. તેઓશ્રી એક વખતે કાઉસ્સગમાં હતા ત્યારે એક ભયંકર સર્પ આવ્યો ને શ્રીમદ્ના શરીરપર ચઢવા લાગ્યો, ને શ્રીમદ્ના ખોળામાં બેઠો. આથી આજુબાજુના લોકો ગભરાવા લાગ્યા પણ શ્રીમદ્ યત્કિંચિત પણ ચલાયમાન થયા નહિ. શ્રીમદે કાઉસ્સગ પાળ્યો સર્પ ફૂત્કાર કરતો ખોળામાંથી ઉતરી સામે બેઠો. શ્રીમદે તેને શમતા ભાવનાં વચનો કહ્યાં તે તેણે મસ્તક ડોલાવીને સાંભળ્યાં. આવી સ્થિતિ જોઇને અન્ય સાધુઓ શ્રીમદને પ્રશંસી—ખરા હૃદયથી તેમના ધૈર્યને વખાણવા લાગ્યા તથા કહેવા લાગ્યા કે શ્રીમદ્માં આત્માની નિર્ભય દશા પ્રાપ્ત થઇ છે. શ્રીમદ્ બાલ્યાવસ્થામાં એક દિવસમાં બસો શ્લોક મુખપાઠ કરતા અને વિસરી જતા ન હતા.

શ્રીધરણેંદ્રનું બ્રાહ્મણસ્વરૂપે વ્યાખ્યાન સાંભળવા માટે આવાગમન.

શ્રીમદ્ના મોટાકોટમરોટ (મારવાડ) ના ચોમાસામાં એક અપૂર્વ ઘટના બની હતી. શ્રીમદ્ની દેશના (વ્યાખ્યાન શૈલી) અદ્ભુત અને આત્મસ્વરૂપની ચાલતી હતી. દરરોજ વ્યાખ્યાનમાં સર્વ દર્શનના હજારો શ્રોતાઓ આવતા હતા. તેમના વ્યાખ્યાનમાં એક વૃદ્ધ બ્રાહ્મણ જેવો મનુષ્ય હમેશાં આવતો હતો. તે કોણ હતો તેની કોઇને ખબર પડતી નહોતી. શ્રીમદ્ મહામહોપાધ્યાયશ્રી યશોવિજયજી કૃત જ્ઞાનસારનું દરરોજ વ્યાખ્યાન કરવામાં આવતું હતું, અને શ્રીમદ્ તેનું અનુભવ પૂર્વક ઉંડા ઉતરીને વ્યાખ્યાન કરતા હતા. તેથી શ્રોતાઓના આત્માઓમાં જ્ઞાનાનંદરસ છલકાઇ જતો હતો. પેલો વૃદ્ધ બ્રાહ્મણ પણ આનંદથી ઉલ્લસિત બની ઉઠતો હતો. તે બોલતો નહોતો તથા

વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ કર્યાં જતો તે કોઇ જાણી કે જોઇ શકતું નહતું. એક વખતે રાત્રે તે બ્રાહ્મણ ઉપાશ્રયમાં આવ્યો ને શ્રીમદ્‌ને વંદના કરી બેઠો. તે વખતે અન્ય સાધુઓ પણ જાગતા હતા. વૃદ્ધ બ્રાહ્મણે જણાવ્યું કે ' હું ધરણેન્દ્ર છું. તમારી આત્મસ્વરૂપની દેશના મેં ચાર માસ સુધી સાંભળી છે. આ વખતે ભરત ક્ષેત્રમાં તીર્થંકરની પેઠે આત્મસ્વરૂપની વ્યાખ્યા તમે કરો છો. તેથી હું ઘણો પ્રસન્ન થયો છું. ધરણેન્દ્રે શ્રીમદ્‌ને કાંઇક માગવાનું કહેતાં શ્રીમદે અનંત દુઃખનો નાશ કરનાર અને સુખને પ્રકટાવનાર આત્માના શુદ્ધોપયોગ વિના અન્ય વસ્તુની ચાહના રહી નથી એમ સ્પષ્ટ જણાવ્યું. આ સાંભળી ધરણેન્દ્રે તેમને ધન્યવાદ આપ્યો. ધરણેન્દ્રે સર્વ સાધુને પોતાની પ્રતીતિ થવા માટે એકદમ ઉત્તર વૈક્રિય શરીર પ્રકટ કરી બતાવતાં સર્વની આંખો અંજાઇ ગઇ. આથી સાધુઓને શ્રીમદ્ મહા પુરુષ છે અને તેમનાં વચન આરાધ્ય છે એવો નિશ્ચય થયો. મહાત્માઓ દેવતાઓને આરાધતા નથી તોપણ તેમના જ્ઞાન-ગુણથી ખેંચાઇ તેઓ સ્વયં તેમની પાસે આવે છે. આધ્યાત્મતાની મહાત્માઓમાં અનેક પ્રકારની લબ્ધિઓ (સિદ્ધિઓ) પ્રકટે છે તેમાં કાંઇ આશ્ચર્ય સરખું નથી.

શ્રીમદ્‌ને શાંત થઇ પગે લાગેલો સિંહ.

શ્રીમદ્ એક વખત પંજાબ તરફ વિહાર કરતા હતા. પર્વતની પાસે થઇને જવાનો રસ્તો હતો. પર્વતની નીચે એક સિંહ બેઠેલો હતો, ને ઘણી વખત ત્યાંથી પસાર થનાર પ્રવાસીઓને તે ખાઇ જતો. શ્રીમદ્ ત્યાંથી જવા લાગ્યા ત્યારે ઘણા લોકોએ તેમને ત્યાં થઇને જવા ના કહી, પણ તેઓશ્રી પાછા વળ્યા નહિ અને જણાવ્યું કે ' મારે સમસ્ત વિશ્વના પ્રાણી માત્ર ઉપર મૈત્રીભાવ છે, માટે ભય શો ? ' તેઓ તત્પશ્ચાત જ્યાં સિંહ બેઠો હતો ત્યાં થઇને જવા લાગ્યા. આ વખતે આવો પ્રસંગ જોઇ ઘણા ગૂડરયો પણ સાથે જ રહ્યા હતા. પેલા સિંહ પાસે શ્રીમાન્ આવી પહોંચ્યા ને તેમને જોઇ સિંહ બરાડી ઉઠ્યો અને શ્રીમદ્‌ની પાસે આવી તેમના પગે પડી સામે ઉભો રહ્યો. શ્રીમદે તેને કરુણ-દૃષ્ટિએ શાંત કર્યો; તે પછી તે ચાલ્યો ગયો. પાળ્યા આવનાર ગૂડરયો આ દૃશ્ય જોઇ આશ્ચર્યચકિત થઇ ગયા. **अहिंसा धर्म प्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः** આ મહાન્ સૂત્ર સત્ય થયું અને ખરેખર જ મહાનુભાવના વૈર રહિત અને વિરક્ત પણ કરુણાથી ભરેલા હૃદયની છાપ તેમના પ્રશાંત મુખ પર જણાય છે ને સાત્વિક ભાવ ભર્યા મહાત્માઓની સાત્વિકતા-પવિત્રતાની પાસે આસુરી ભાવવાળાં પ્રાણીઓ પણ સાત્વિક બની શાંત થઇ જાય છે જ.

જામનગર જૈન દેરાસરનાં તાળાં તુટ્યાં.

પૂર્વે જામનગરમાં મુસલમાનોનું જોર ઘણું વધી ગયું હતું અને તેથી ત્યાંના એક જૈન દેરાસરનું બોંયરું ખોલી તેમાં તબાગ પ્રતિમાઓ ભંડારવામાં આવી હતી. મુસલમાનોએ જરીથી તે દેરાસરનો કબજો લઇ મસીદ તરીકે તેનો ઉપયોગ કરવા માંડ્યો હતો. કેટલોક વખત વીત્યે મુસલમાનોનું જોર ઘટ્યે, અને હિન્દુ રાજ્ય જામનગરમાં જૈનોએ આ મંદિરનો કબજો મેળવવા રાજા પ્રત્યે ફરિયાદ કરતાં કાંઇ ન વળ્યું. બાદથી

ને અંદરથી આ જૈનમંદિર હતું એમ અઢારે વર્ણ કબુલ કરતી હતી છતાં ચમત્કાર વિના નમસ્કાર થાય તેમ ન હતું. એવામાં શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ ત્યાં આવી પહોંચ્યા. તેમણે રાજા સમક્ષ તે જૈન દેરાસર હતું એવું તથા મુસલમાનોએ મસીદ હોવાનું સાબીત કરવા પ્રયત્ન કર્યો. છેવટે રાજાએ હુકમ કર્યો કે દેરાસરને તાળાં લગાવવામાં આવે અને જે પોતાના પ્રભુના નામે પ્રાર્થના કરી ઉઘાડી શકે તેને તેનો હક્ક આપવામાં આવશે. કુદરતી પ્રથમ કુરાનાદિ પ્રાર્થનાથી મથ્યા પણ કાંઇ ન વળ્યું. પછી શ્રીમદે જીનેંદ્ર ભગવાનની સ્તુતિ કરી કે તડાક દઇને તાળાં તુટી હેઠે પડયાં અને વૃદ્ધ શ્રાવકોએ રાજાને તે દેરાસરના ગુપ્ત ભોંયરામાંથી જૈન પ્રતિમાઓ બતાવવા શ્રીમદ્ને વિનંતી કરી. ભોંયરાનાં તાળાં પ્રભુસ્તુતિથી તુટતાં-ભંડારેલી સંખ્યાબંધ પ્રતિમાઓ બતાવી. તત્પશ્ચાત તે મૂર્તિઓની પુનઃ તે દેરાસરમાં વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરવામાં આવી. શ્રીમદ્ના ચમત્કારો દેખીને જામનગરના રાજા તથા પ્રજા ખુશ થઇ ગયા તથા જૈનધર્મની પ્રસંશા સર્વત્ર પ્રસરી. શ્રી કૃપાચંદ્રસૂરિજી તથા અન્ય સાધુઓ અને વૃદ્ધ શ્રાવકોના મુખથી આ વાર્તા જણાઇ છે. આત્માની અનંત શક્તિ છે, આત્માની જેઓ ઉપાસના કરે છે તેઓ પરમાત્માની પેઠે શક્તિઓ ફોરવી શકે છે. અરે જ્ઞાની ધ્યાની મહાત્માઓ સ્વયં ચમત્કાર રૂપજ છે ॥ **अहो अनंतवीर्योऽयमात्मा विश्वप्रकाशकः । त्रैलोक्यं चालयत्येव ध्यानशक्तिप्रभावतः ॥ ज्ञानार्णव ॥** અનંત વિર્યરૂપ આત્મા છે, અને તે વિશ્વનો પ્રકાશક છે અને ધ્યાનશક્તિના પ્રભાવે ત્રણ લોકને ચલાયમાન કરવા તે શક્તિવાન છે.

સિદ્ધાચળપર કાગડા આવતા બંધ કર્યા.

શ્રીમદે શ્રી સિદ્ધાચળજીની યાત્રા ઘણી વાર કરી છે. ત્યાં શ્રીમદે વિહરમાન વીશી રચી હતી. 'રૂષભજીણંદશું પ્રીતડી' એ સ્તવન કિંવદન્તી પ્રમાણે શ્રીમદે અજિત પ્રભુ પાસે રચ્યું હતું. દુષમકાળ યોગે શ્રીસિદ્ધાચળજી પર કાગડાઓ આવવા લાગ્યા. કાગડાઓનું આ મહાતીર્થ પર આવવું અનિષ્ટકારક ગણવામાં આવે છે. આ કાગડાઓનો ઉપદ્રવ બંધ કરાવવાના અન્ય અનેક પ્રયત્નો વ્યર્થ જતાં શ્રીમદે સં. ૧૯૦૪ માં જ્યારે પોતે શા. કચરા કીકાના સંઘમાં સિદ્ધાચળજી પધાર્યા ત્યારે શ્રીસંઘની વિનંતીથી શાંતિસ્નાત્ર ભણાવી, પર્વતની ચારે બાજુ શાંતિજળની ધારા દેવરાવી કાગડાઓ આવતા બંધ કર્યા. આ ચમત્કારથી સર્વત્ર આનંદ શાંતિ છવાયાં. શ્રીમદ્ યશોવિજયજી તથા શ્રીજ્ઞાનવિમળસૂરિજીએ પણ પ્રસંગોપાત્ત આવા ચમત્કારો કર્યા છે. પ્રસંગ વિના મહાત્માઓની શક્તિનાં દર્શન થતાં નથી તેમજ જ્ઞાનીઓ વાદીની પેઠે જ્યાં ત્યાં ને જ્યારે ત્યારે પોતાની શક્તિઓનું પ્રદર્શન કરાવતા પણ નથી.

શ્રીમદે મારવાડમાં સંઘ જમણ પ્રસંગે ગૌતમ સ્વામિના ધ્યાનથી એક હજાર શ્રાવકો જમે તેટલી રસોઇમાં આઠ હજાર શ્રાવકોને જમાડવાની મંત્રશક્તિ વાપરી હતી. વળી અનેક પ્રકારની અવધાનોની શક્તિ પણ શ્રીમદ્નામાં ખીલી હતી પણ તેઓ પ્રસંગ વિના કોઇને તે જણાવતા નહિ. હાલની પેઠે તે વખતે મહાત્માઓ અવધાનોના ખેલો કરતા ન હતા.

શ્રીમદ્ રચિત ગ્રંથોનો સાર.

શ્રીમદ્ દેવચંદ્રજી ઉપાધ્યાયે આગમોમાંથી સારમાં સાર તત્ત્વ જે દ્રવ્યાનુયોગ કહેવાય છે, તેનો સારભાગ ખેંચીને ગ્રંથોની રચના કરી છે. દ્રવ્યાનુયોગ જ્ઞાન, અધ્યાત્મજ્ઞાન, શાંત અને વૈરાગ્ય રસ તો તેઓના ગ્રંથોમાંથી જ્યાં ત્યાં નીતર્યા જ કરે છે. તેઓના ગ્રંથોરૂપી સરોવરો ખરેખર તત્ત્વજ્ઞાનથી છલકાઇ જ જાય છે. તેમના ગ્રંથો પૈકી આગમસાર, નયચક્ર અને વિચારસાર એ ત્રણ ગ્રંથો તો ખાસ તત્ત્વજ્ઞાનથી ભરેલા છે. એ ત્રણ ગ્રંથોનો ગુરુગમપૂર્વક અભ્યાસ કરવાથી સર્વ આગમોમાં પ્રવેશ કરી શકાય છે, ને પાર પામી શકાય છે. અનંત જ્ઞાનસાગરનો પાર નથી, પણ તેમાં પ્રવેશ થવા માટે એ ત્રણ ગ્રંથો ઘણા જ ઉપયોગી છે. પ્રશ્નોત્તર નામનો શ્રીમદ્ કૃત ગ્રંથ ખરેખર અનુભવજ્ઞાનથી ભરપૂર છે. અનેક જૈનશાસ્ત્રો વાંચ્યા બાદ પ્રશ્નોત્તર ગ્રંથમાં કરેલા પ્રશ્નોના ઉત્તરાર્થનો અનુભવ થઇ શકે એમ છે. અધ્યાત્મજ્ઞાનમાં ઉંડા ઉતરવા માટે શ્રીજ્ઞાનસાર પર કરેલી શ્રી જ્ઞાનમંજરી ટીકા અપૂર્વ છે. આત્મજ્ઞાન સંબંધી જૈનોમાં, ભગવદ્ગીતાથી પણ કોઇ મહાન્ સત્યપૂર્ણ ગ્રંથ હોય તો તે જ્ઞાનસાર ગ્રંથ છે. તેના પર શ્રીમદે ટીકા રચીને પોતાના અધ્યાત્મજ્ઞાન સંબંધી વિચારોને જીવતા મૂકી ગયા છે. અર્વાચીન કાળમાં જ્ઞાનસારની મહત્તા ઉપયોગિતા સર્વત્ર પ્રસાર ને પ્રચાર પામી છે. અધ્યાત્મ જ્ઞાનીઓનું જ્ઞાનસાર ગ્રંથ આનંદમય હૃદય છે અને તેના પર ટીકા રચીને શ્રીમદે જ્ઞાનસારની મહત્તામાં વૃદ્ધિનો પ્રકાશ પાડયો છે. શ્રીમદ્ ઉપાધ્યાય શિરોમણી શ્રીમદ્ યશોવિજયજીનો છેલ્લામાં છેલ્લો અધ્યાત્મ જીવનરસનો ઝરો જેમાં વહ્યો છે તે ગ્રંથ ખરેખર જ્ઞાનસાર છે અને શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજની છેલ્લી જીંદગીનો અધ્યાત્મજ્ઞાન રસનો જીવતો ઝરો તેમાં વહ્યો છે. પછી તેમાં રહેલા અધ્યાત્મજ્ઞાનાનંદરસની મીઠાશ સંબંધે શું પુછવું?

શ્રીમદ્ રચિત ચોવીશીમાં જ્ઞાન અને ભક્તિનો રસ છલકાઈ જાય છે. શ્રીમદ્ના ગ્રંથોમાં ષડ્દ્રવ્ય નવતત્ત્વ, કર્મવ્યાખ્યા, સાતનય, સપ્તભંગી અનેક પક્ષ, આગમ વ્યાખ્યાન, આત્મતત્ત્વસ્વરૂપદર્શન વિગેરે સર્વ બાબતોનું વિવેચન કરવામાં આવ્યું છે. એજંદર રીતે તેમના ગ્રંથોમાં જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ, ઉપાસનાયોગ વિગેરે સર્વ યોગોનું સ્વરૂપ આવ્યું છે. શ્રીમદ્ સનાતન જૈનમાર્ગોપદેશક હતા. શ્રીમદે જિનેશ્વરની પ્રતિમાને પુષ્પો ચઢાવવાના પાઠોને આગમના આધારે દર્શાવ્યા છે. તેમાં ખુબી એ છે કે તેમણે મગજની સમતોલતા ખોઇ નથી. તેમના શબ્દોમાં મધુરતા, સ્નેહ ને આકર્ષકતા છે. દીર્ઘદ્રષ્ટીવાન જૈન તત્ત્વજ્ઞાનની દિશા દેખવી હોય તો, વા તેની ઝાંખી કરવી હોય તો તેમના ગ્રંથોનો ગુરુગમ પૂર્વક અભ્યાસ કરવાની જરૂર છે. પાકેલી કેરીનો કોઇ રસ કાઢી લે તેવી રીતે તેમણે જૈન શાસ્ત્રોમાંથી રસ કાઢીને આગમસાર નયચક્ર-વિચારસારાદિ ગ્રંથો રચ્યા છે.

શ્રીમદ્નો શિષ્યસમુદાય.

શ્રીમદ્ના શિષ્યભૂત સાધુઓ અને સાધ્વીઓ હતાં કે નહિ તે હજી ચોક્કસ થતું નથી. મહા પ્રભ્માત પુરુષોની પાછળની સંતતિ તેવા પ્રકારની હોતી નથી. કાંતો દેવતાની પાછળ કોલસા જેવું થાય છે. કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યની પાછળ તેમની સંતતિ પરંપરા ચાલી નથી. શ્રીમદ્ યશોવિજયજીની પાછળ શિષ્યો હતા પણ તેમની પરંપરા ચાલી

નથી. શ્રીમદ્ આનંદઘનજીની પાછળ સાધુ શિષ્યો જણાયા નથી. તેમની પાસે ઉપદેશ શ્રવણ કરનાર શ્રાવક શિષ્યો તો ઘણા હતા. શ્રીમદ્નો પ્રતિબોધિત શ્રાવક સમુદાય તો અનેક દેશોમાં હતો. તેમના ભક્ત શ્રાવકોએ તેમની બનાવેલ અધ્યાત્મગીતાને સુવર્ણના અક્ષરે લખાવી હતી. શ્રીમદ્ની ચોવીશી વર્ષોપર એક જ હાથે લખાયલી સાર્થ–ઘણા સુન્દર સુવર્ણ રંગોથી પરિપૂર્ણ સારી જળવાયેલી આ લેખકને ત્યાં મોજૂદ છે તે જોઇ આશ્ચર્ય ઓલી જવાય છે ને તેમના ભક્તોની ભક્તિ ને ગુરુપ્રેમ માટે માન ને પૂજ્યભાવ પ્રકટે છે. આવા જ ગુરુપ્રેમી ભક્ત શ્રાવકોએ શ્રીમદ્ના ગ્રંથોનો પ્રચાર સર્વ દેશોમાં કરી દીધેલો હતો એ તેમની ગુરુભક્તિની ઉત્તમતા હતી. શ્રીમદ્ના સાધુ શિષ્યો હોત તો તેઓ કોઇપણ ઠેકાણે કાંઇપણ લખ્યા વિના રહ્યા ન હોત. આથી શ્રીમદ્ના શિષ્ય પરિવારમાં કોઇ વિદ્વાન ઉદ્ભવ્યા જણાતા નથી.

ઉપકાર પ્રદર્શન.

આ જીવન અને ગુર્જર સાહિત્ય વિષયક નિબંધ પૂર્ણ કરતાં પહેલાં વાચક વર્ગ, વિદ્વાન વર્ગ અને જ્ઞાની પુરુષોની પાસે, લખાણમાં રહી ગયેલા દોષો સ્ખલત અશુદ્ધિ વગેરે માટે બે હાથ જોડી ક્ષમા માગું છું. કારણ હું છદ્મસ્થ અને બાલજીવ છું. તો આ નિબંધમાં દ્રષ્ટિ-દોષથી વા મંદ બુદ્ધિને લઇ રહેલી અપૂર્ણતા ને ભૂલો માટે ક્ષમા યાચતાં આ લખાણ માટે જો કોઇ પણ મારા મહાઉપકારક હોય તો તે પ્રાતઃસ્મરણીય આચાર્ય મહારાજજી કવિરત્ન–સમદ્રષ્ટિ શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરીશ્વરજી જ છે. તેમની પૂર્ણ દયા પ્રયાસ અને સદ્બોધથી આ નિબંધ હું લખી શક્યો છું તથા મહારા અધ્યાત્મજ્ઞાનરસિક પૂજ્ય પિતાશ્રી જેઓ શ્રીમદ્ સૂરીશ્વરજીના અનન્ય ભક્ત અને અધ્યાત્મજ્ઞાનના અનન્ય જીજ્ઞાસુ છે તેમની પ્રોત્સાહન પૂર્ણ પ્રેરણા અને વાત્સલ્યપૂર્ણ સહાય વડે જ આ નિબંધ પૂર્તિયા હું આલેખી શક્યો છું. માટે તેમનો અત્ર અતિ ભક્તિભાવે પૂજ્યભાવે ઉપકાર માનું છું ને જૈન સાહિ-ત્યના પરમપ્રેમી ભાવનગર નિવાસી મુરબ્બી શેઠ કુંવરજીભાઇ આણંદજી કે જેમની પ્રેર-ણાથી આ નિબંધ પ્રચાર કરવામાં મને સરળતા થઇ તથા પરિષદ્ કે જેના નિમિત્તે આવા અપૂર્વ નિબંધો પ્રકાશમાં આવી શકે છે તેમનો અત્ર આભાર માનું છું. આ નિબંધ વિશ્વના હિત ઉપકાર ને સદ્બોધ દ્વારા સૌના આત્મ કલ્યાણને અર્થે હો એમ ઇચ્છી પૂર્ણ કરી વિરમું છું.



૧૧ કવિવર સમયસુન્દર.



(લેખકઃ રા. રા. મોહનલાલ દલીચંદ દેસાઈ.)

જૈન સાધુઓ ભારતની એક ધાર્મિક સંસ્થા છે અને પોતાના આચાર-નિયમ પ્રમાણે ભ્રમણશીલ-પરિવ્રાજક છે. એક વર્ષમાં એકી સાથે ચાતુર્માસ એક સ્થળે ગાળવું તેમને અપરિહાર્ય છે; જ્યારે બાકીના આઠ માસમાં એક ગામથી બીજા ગામ અપ્રતિહત વિહાર કરી દરેક સ્થલે ઉપદેશ આપતા રહી વિહાર કર્યે જાય છે. લગભગ પચીસસો વર્ષ પહેલાં થયેલા ધર્મ સંસ્થાપક શ્રી મહાવીરના અનુયાયી જૈન શ્રમણોની સંસ્કૃતિ સમયધર્મ પ્રમાણે અનેક ઉદય અને અસ્તના હિંડોલે ઝીંચીને હજુ સુધી પણ અખંડપણે ચાલી આવી છે. તે શ્રમણ-પંથે સ્થાપેલા દયા ધર્મની અસરથી ભારતમાં હિંસક યજ્ઞયાગ બંધ પડયા એટલું જ નહિ પણ જાતિભેદના જુલમને ઘણા સૈકાઓ સુધી વિશેષ અવકાશ મળ્યો નહિ. વિશેષમાં કાવ્ય, નાટક, કથા-ભાષા વગેરે સાહિત્ય પ્રદેશમાં પણ તે શ્રમણોએ દરેક શતકમાં-દરેક યુગમાં અન્ય પંથોની સાથે સાથે પ્રબળ ફાળો આપ્યો છે, અને એ સત્યની પ્રતીતિ તેના સાહિત્યનો ઇતિહાસ લખાશે ત્યારે અતિ સ્પષ્ટ રીતે અને જરૂર થશે.

સંસારની ઉપાધિઓના બંધનથી મુક્ત એવા નિર્બંધ પંખીઓ પેઠે વિચરતા માત્ર ધર્મપરાયણ જીવન ગાળવા નિર્માએલા સાધુઓના મુખ વિશ્વબંધુ-ભાવનાં, પ્રભુભક્તિનાં, અને નીતિના ઉપદેશનાં ગીતો ગવામાં જ નીકળી શકે. પોતપોતાના જમાનાની ભાવનાઓને વ્યક્ત કરવી, પોતાના સમયના જૂદા જૂદા આદર્શોને અને નોખા નોખા વહેતા લાગણી-પ્રવાહોને એકત્ર કરી પયગમ્બરી વાણીમાં તેનું ઉદ્બોધન કરવું એ કવિઓનું કર્તવ્ય છે. સામાન્ય લોકોના દિલમાં જે સુન્દર ભાવો જાગે-પણ જે સમજવાની કે સમજાવવાની તેમનામાં તાકાત નથી-તેમને ભાષા આપવી, તેમને અમર વાણીમાં વ્યક્ત કરવા એ કવિ-ઓનું કાર્ય છે. નિર્બંધ પંખીઓમાં કોકિલા જેવું ભ્રમણશાલી પંખી ભાગ્યે જ જોવામાં આવશે. આવા કવિપરભૂતો જૈન સાધુઓએ પ્રાન્ત પ્રાન્ત અને દેશેદેશ વિહાર કરી પોતાના કાવ્યનો ટહુકો લોકોને સંભળાવ્યો છે. આ પૈકી એક કવિપરભૃતનો પરિચય કરાવવાની આ નિબંધની ઉમેદ છે.

તેમનું નામ કવિવર સમયસુન્દર. તેમનો કાળ વિક્રમનો સત્તરમો શતાબ્દિ છે. તેમને સંવત્ ૧૬૪૯ માં વાચનાચાર્ય-ઉપાધ્યાય પદ લાહોરમાં મળ્યું હતું. એમનો પ્રથમનો ગ્રંથ 'ભાવશતક' સં૦ ૧૬૪૧ માં રચેલો મળી આવે છે, તેથી તે વખતે તેમની ઉમર ૨૧ વર્ષની ગણીએ તો તેમનો જન્મ સં૦ ૧૬૨૦ માં મૂકી શકાય કે જે વખતે તેમના દીક્ષા-ગુરુ સકલચંદ્ર ઉપાધ્યાયના દીક્ષાગુરુ જિનચંદ્રસૂરિને સૂરિપદ (૧૭ વર્ષની વયે, સંવત્ ૧૬૧૨ માં) મળ્યાને આઠ વર્ષ થઇ ગયાં હતાં. તેમનો છેલ્લો ગ્રંથ સં૦ ૧૬૯૭ લગભગનો મળી આવે છે તેથી તેઓ સં૦ ૧૬૨૦ થી ૧૭૦૦ સુધી-૮૦ વર્ષ જેટલું જીવન ગાળી શકયા હતા એ પ્રાયઃ નિશ્ચિત થાય છે.

તત્કાલીન સ્થિતિ.

ખરતર ગચ્છ અને તપાગચ્છ વચ્ચે લાંબા વખતથી સ્પર્ધા અને વિખવાદ ચાલ્યા આવતા. એ વિખવાદ સત્તરમા શતકના પૂર્વાર્દ્ધમાં વધી પડ્યો હતો. શ્વેતામ્બરો અને દિગંબરો વચ્ચેનો વિરોધ તો બહુ જૂનો હતો પણ સં. ૧૧૭૬ માં સિદ્ધરાજના દરબારમાં વાદિદેવ નામના શ્વેતામ્બર સૂરિએ કુમુદચંદ્ર નામના દિગમ્બરાચાર્યને શાસ્ત્રાર્થમાં હરાવી દિગમ્બરોને ગૂજરાતના રાજ્યની હદપાર કરાવ્યા-તે પછી એ બંનેનાં કાર્ય કરવાનાં ક્ષેત્રો બહુધા જૂદાં પડી ગયાં હતાં ને તેથી એમના વચ્ચેનો વિરોધ પણ મોળો પડી ગયો હતો. પણ બીજી બાજુએ શ્વેતામ્બર મૂર્તિપૂજકમાંથી જુદા પડી લુંકામત અને બીજા મત નીકળ્યા પછી તેમની સાથેનો વિરોધ પ્રબળ થઇ પડ્યો હતો. શ્વેતામ્બર મતના ખરતર અને તપગચ્છ વચ્ચેની મતામતી પણ પ્રબળ થઇ પડી હતી અને તેમાં ધર્મસાગર ઉપાધ્યાયજી નામના તપગચ્છીય વિદ્વાન્-પણ-ઉગ્રસ્વભાવી સાધુએ કુમતિકંદકુદ્દાલ (યાને પ્રવચન પરીક્ષા) નામનો ગ્રંથ બનાવી તપગચ્છ સિવાયના અન્ય સર્વ ગચ્છ અને મત સામે અનેક આક્ષેપો મૂક્યા. આથી તે સર્વ મતો ખળભળી ઉઠ્યા; અને તેનું જો સમાધાન ન થાય તો આખા જૈનસમાજમાં દાવાનળ અગ્નિ પ્રકટે. આ વખતે જોખમદાર આચાર્યોથી વચ્ચે પડ્યા વગર રહી શકાય નહિ, તેથી તપગચ્છાચાર્ય શ્રી વિજયદાનસૂરિએ ઉપરોક્ત ગ્રંથ પાણીમાં બોળાવી દીધો અને તેને અપ્રમાણ ઠેરવ્યો. તેમણે જાહેરનામું કાઢી 'સાત બોલ' ની આજ્ઞા કાઢી એક બીજા મતવાળાને વાદ-વિવાદની અથડામણ કરતા અટકાવ્યા, પણ આટલાથી વિરોધ જોઇએ તેવો ન શમ્યો તેથી વિજયદાનસૂરિ પછી આચાર્ય હીરવિજયસૂરિએ ઉક્ત 'સાત બોલ' એ નામની બાર આજ્ઞાઓ જાહેર કરી હતી. (સં૦ ૧૬૪૬.) આથી જૈન સમાજમાં ઘણી શાન્તિ આવી, અને ખરતર ગચ્છના અને તપગચ્છના આચાર્યો એક બીજાની નિન્દામાં ન ઉતરતાં જૈન ધર્મનો પ્રભાવ અન્ય સમાજમાં અને રાજદ્વારમાં પાડવા માટે પ્રયત્નશીલ થયા.

વિક્રમનો સત્તરમો સૈકો જૈનો માટે ઘણો પ્રતાપી હતો. તે સદીમાં મહાન મોગલ સમ્રાટ અકબર, જહાંગીર અને શાહજહાં (સં૦ ૧૬૧૨ થી સં૦ ૧૭૧૪) એ ત્રણ શહેનશાહોએ સમગ્ર ભારતવર્ષમાં રાજ્યસત્તા જમાવી રાખી લોકોમાં આબાદી અને શાન્તિની સ્થિરતા કરી. અકબરે સં૦ ૧૬૨૪ માં ચિતોડ, ૧૬૨૫ માં રણથંભોર અને કલંજરના કિલ્લા જીતી લીધા અને સં૦ ૧૬૨૯ માં અમદાવાદમાં પોતાનો વાવટો ફરકાવ્યો. પછી વડોદરા, ચાંપાનેર, સુરત એ સઘળો ગિર્જાઓએ કબજે કરેલો મુલક તેઓને હાંકી મેલી, પોતાના રાજ્ય તળે મૂકી અકબર આગ્રે આવ્યો. ત્યારપછીના ત્રણ વર્ષમાં બિહાર અને બંગાલા હાથ કર્યા. સામાન્યે સર્વ સ્થળે શાંતિ પ્રસરી. આ સૈકામાં શ્વેતામ્બર જૈન સાધુઓ સંસ્કૃત પ્રાકૃત અને સ્વભાષા-લોકભાષામાં સાહિત્ય વિશેષ વિશેષ ઉત્પન્ન કરવા લાગ્યા. તપગચ્છીય પ્રભાવક મહાપુરુષ હીરવિજયસૂરિએ તથા તેમના શિષ્ય ઉપાધ્યાય શાંતિચંદ્ર આદિએ; ખરતર ગચ્છીય જિનચંદ્રસૂરિએ; અને નાગપુર તપગચ્છીય પદ્મસુંદર ઉપાધ્યાયે અકબર બાદશાહને જૈન ધર્મનું સ્વરૂપ સમજાવી તેની તેના પ્રત્યે સદ્ભાવના ખેંચી અનેક જૈન તીર્થ સંબંધી ફરમાનો, જીવ-વધ-બંધની આજ્ઞાઓ અને પુસ્તકો, સ્થાન વગેરેનાં દાનામાં પ્રાપ્ત કર્યાં. જહાંગીરે તપગચ્છી વિજયસેનસૂરિ અને ખરતરગચ્છી

જિનસિંહસૂરિને મોટાં ધાર્મિક ગિરદો આપ્યાં, અને શહાજહાંએ પણ સહાનુભૂતિ દાખવી. આ સામાન્ય રીતે શાંતિની શતવર્ષીમાં અન્ય ધર્મોમાં પણ ઘણી જાગૃતિ આવી અને સાહિત્યવૃદ્ધિ થઇ.

સં૰ ૧૬૦૦ માં તળ અમદાવાદમાં જન્મનાર દાદુજીએ ત્યાગી કબીર બની જયપુર-માંના રાજ્યમાં ઘણો જીવન-કાળ કાઢી ૧૬૪૨ માં અકબર સાથે ધર્માલાપ કર્યો. વેદાન્ત-જ્ઞાન સામાન્ય મનુષ્યોને ગળે ઉતારવા સરલ રીતિથી લોક-ગમ્ય ભાષામાં ઉપદેશ કર્યોઃ મુખ્ય વાત એ હતી કે.

આપા મેટૈ, હરિ ભજૈ, તન મન તજૈ વિકાર,
નિર્વૈરી સબ જીવસો, દાદુ યહુ મત સાર.

એક પરમેશ્વર જગતનો સાર છે. તે પરબ્રહ્મ ઇષ્ટદેવ તે 'રામ' છે. તેની ઉપાસનાથી સુખની પ્રાપ્તિ થાય છે. જગતનાં સુખો તેની પાસે નિઃસાર છે. તે પરમ આનંદમય સુખ પ્રાપ્ત કરવા દાદુ દયાલે બીજાં સાધન માર્ગોમાં જણાતા બાહ્ય આડંબરી પ્રપંચ (જેવા કે રામાનુજ, વલ્લભાદિ સગુણ પૂજકોમાં), કોરી બંદગી આદિને તુચ્છ બતાવ્યાં. સર્વ સાથે દ્વેષ તજી હળી મળી રહેવું અને સર્વ જીવપર દયા દૃષ્ટિ રાખવાની તેણે આજ્ઞા કરી. આ પ્રમાણે એવાં સાધનો તેણે બતાવ્યાં કે ભિન્ન મતવાળા હિન્દુ મુસલમાન આદિ અવિરોધે આચરી શકે. તે સં૰ ૧૬૬૦ માં નારાયણ ગામમાં (નારાણે) સ્વર્ગસ્થ થયા. તેના શિષ્ય સુન્દરદાસે (જન્મ સં૰ ૧૬૫૩, દાદુજી પાસે દીક્ષા સં૰ ૧૬૫૯, મરણ ૧૭૪૬) વેદાન્ત જ્ઞાનને સુમધુર સરલ અને ઉચ્ચ હિન્દી કાવ્યમાં વિવિધ પ્રકારની રચના કરી. તેમણે અદ્વૈત બ્રહ્મવિદ્યાનો પ્રચાર કરવાથી અને તેઓ અતિ કુશલ વિદ્વાન્ હોવાથી તેમને દાદુ-પંથીઓ 'બીજા શંકરાચાર્ય' કહે છે. [૧]

ગોસ્વામી તુલસીદાસઃ—(જન્મ સં૰ ૧૬૦૦; મરણ સં૰ ૧૬૮૦) આ હિન્દી સાહિત્યના અપ્રતિમ મહાકવિ છે. તેમણે રામાયણ રચી તે એટલી બધી આજસુધી પ્રસિદ્ધ છે કે, તેનું વાચન દરેક હિન્દી કુટુમ્બમાં થાય છે. તેમજ તેમણે અનેક હિન્દી કાવ્યો રચ્યાં છે. તે અકબરના પ્રસિદ્ધ કવિ ગંગના તથા અન્ય હિન્દી પ્રસિદ્ધ કવિ વિહારી તથા કેશવદાસના સમકાલીન છે.

મહારાષ્ટ્રમાં અઢાર પર્વના મહાભારતને મરાઠીમાં પહેલવહેલાં અવતારનાર કવિ વિષ્ણુ-દાસ, અને મુક્તેશ્વર (જન્મ ૧૬૫૬, સ્વર્ગ૰ ૧૭૦૬) તેમજ પ્રસિદ્ધ સંતકવિઓ એક-

---

૧ રાઘવીય ભક્તમાલમાં જણાવ્યું છે કે 'શંકરાચાર્ય દૂસરો, દાદુ કે સુંદર ભયો.' આ સુન્દરદાસજીએ સં૰ ૧૬૬૩-૧૬૮૨ કાશીમાં રહી વિદ્યા લઇ લોકને આપી. પછી બહુ પર્યટન કર્યું. ગુજરાતમાં પણ તે ઘણો કાળ રહ્યા હતા અને ગુજરાતી ભાષા પોતે શીખી લીધી હતી. તેના અપ્રસિદ્ધ 'દશોં દિશાકે સવૈયે' માં ગુજરાત સંબંધી લખ્યું છે કેઃ—

'આભડછોત અતીત સૌં કીજિયે, બિલાઇ રૂ કૂકર ચાટત હાંડી'

આ પરથી જણાય છે કે વૈષ્ણવ સંપ્રદાયની અસરથી ગુજરાતમાં આભડછેટ પર લોકોનું ઘણું ધ્યાન રહેતું હશે.

નાથ (જન્મ સં૦ ૧૬૦૫, સ્વ૦ ૧૬૫૬); તુકારામ (જન્મ સં૦ ૧૬૩૪ યા ૧૬૬૪-સ્વ૦ ૧૭૦૮), સમર્થ રામદાસ (જન્મ સં૦ ૧૬૬૫ સ્વ૦ ૧૭૩૮) આદિ થયા છે.

ગૂર્જર ભાષાના આ યુગ માટે એમ કહેવામાં આવે છે કે 'જે ભાષાના પ્રથમ યુગમાં–સાહિત્યના પ્રભાતમાં–નરસિંહ મહેતા જેવા ભક્ત કવિનાં પ્રભાતિયાં ગાજી રહ્યાં હતાં તેના મધ્ય યુગમાં–સોળમા અને સત્તરમા શતકમાં–કવિતાનાં સ્વર્ગીય ગાનનો ધ્વનિ છેક મન્દ પડી ગયો'–આ વાત સત્ય નથી. જૈનેતર ગૂર્જર કવિઓ આ યુગમાં બહુ સંખ્યામાં મળી નથી આવ્યા તેથી તેવી વાત મૂકવામાં આવે તે સ્વાભાવિક છે, પણ મને ખાત્રી છે કે આ ઉન્નતિના અને જાગ્રતિના યુગમાં અનેક જૈનેતર ગૂર્જર કવિઓ થયા હોવા જોઇએ; અને તે શોધખોળ કરતાં સાંપડી શકશે. જ્યારે મધ્ય યુગમાં જૈન કવિઓ માટે તો નિર્વિવાદ રીતે સ્પષ્ટ કહી શકાય તેમ છે કે તેમણે સાહિત્યની ધારા અખંડ નિરાવરણ અને નિર્મલ રાખી, તેનામાં ઓજસ્વાળું પયઃ સિંચી તેને બલવતી, વેગવતી અને ઉજ્જ્વલ બનાવી હતી.

આ સત્તરમા શતકમાં જેમ અંગ્રેજીમાં, રાણી એલિઝાબેથનો સમય (સ૦ ૧૬૧૫-૧૬૬૦) ઉક્ત ભાષા માટે એક મહાન્ ઉન્નતિનો છે, તેવો જ અકબરનો રાજ્યકાલ (સં૦ ૧૬૧૩-૧૬૬૨) સર્વ દેશી ભાષાઓ માટે વૃદ્ધિ અને ગૌરવનો યુગ થયો છે. બંને દેશોમાં આ સમૃદ્ધિશાલી સમયમાં અતિશય સંતોષજનક ઉન્નતિ થઇ છે અને સારા સારા કવિ અને લેખક પાક્યા છે. ઉર્દુ ભાષાની સ્થાપના–પ્રતિષ્ઠા મુખ્યપણે આ સમયમાં થઇ. હિંદી ભાષાના સમયવીર–મુખ્ય નાયક ગોસ્વામી તુલસીદાસ આ યુગમાં થયા કે જેમનો કવિતાકાલ (સં૦ ૧૬૩૧-સં૦ ૧૬૮૦) છે. તે મહાનુભાવ–મહાત્માએ રામાયણ આદિ રચી હિન્દીપર જેટલો ઉપકાર કર્યો છે તેવો કોઇએ કર્યો નથી; કવિપ્રિયા અને રસિકપ્રિયાના કર્ત્તા હિન્દી કવિ કેશવદાસ (કવિતાકાલ સં૦ ૧૬૪૮-૧૬૬૮) એક પ્રતિષ્ઠિત નામી કવિ થયા; આ ઉપરાંત અકબરના દરબારમાંના ગંગકવિ, બીરબલ ('બ્રહ્મ' ઉપનામથી) આદિ, તેમજ સેનાપતિ, દાદુ દયાલ, સુન્દરદાસ, બનારસીદાસ પ્રભૃતિ કવિઓ ઉદ્ભવ્યા. આ પૂર્વ-કાલમાં આની પહેલાં સૂરદાસ આદિએ વ્રજભાષાદ્વારા કૃષ્ણ કવિતાપર અધિક ધ્યાન આપ્યું હતું, જ્યારે તુલસીદાસના કાલથી રામભક્તિની ધારા વહી અને પછી રામભક્તોએ કૃષ્ણની પેઠે રામનું પણ શૃંગારપૂર્ણ વર્ણન કર્યું. (આની અસર જૈન સાહિત્યમાં નેમિનાથ-રાજુલ અને સ્થુલિભદ્ર ને કોશ્યાના પ્રસંગો લઇ શૃંગારપર મર્યાદીત સ્વરૂપે ઉતરી વૈરાગ્ય પરિણામપર લાવવા જૈન કવિઓ પ્રેરાયા હોય એવું સંભવે છે) મહારાષ્ટ્રમાં મહાભારત મરાઠીમાં અવગત થયું અને તત્ત્વજ્ઞાનમય અભંગો–દાસબોધ જેવા તાત્ત્વિક ઉપદેશો ભાષામાં ઉતરવા લાગ્યા. આવા પ્રતાપી–ઉત્સાહભર્યા શતકમાં ગૂજરાતી સાહિત્યમાં ગાનનો ધ્વનિ મંદ પડે એ માનવાને આંચકો આવે.

મધ્યયુગ ભાષા

ગૂર્જર પ્રાચીન સાહિત્યના ત્રણ યુગ નામે અપભ્રંશ યા પ્રાચીન ગુજરાતી યુગ, મધ્યકાલીન યુગ અને અર્વાચીન યુગ એમ પાડીએ, તો અપભ્રંશ યુગમાં 'અપભ્રંશ' કિંવા પ્રાચીન ગૂજરાતીનાં વ્યાકરણ આદિપ્રવર્ત્તક અને પ્રાકૃત બોલીઓના 'પાણિની'–હેમાચાર્ય

(વિ૰ સં૰ ૧૧૪૫ થી ૧૨૨૯), પ્રબંધચિંતામણિના કર્તા મેરુતુંગ (વિ૰ સં૰ ૧૩૬૧), કવિ ધનપાલ (ભવિષ્યદત્ત કથાના કર્તા) આદિ અનેક જૈન ગ્રંથકારોએ પ્રશસ્ત સાહિત્ય-સેવા કરી છે. જૈન ભંડારોમાં અપભ્રંશનાં અનેક પુસ્તકો મળી શકે તેમ છે. એ સિદ્ધ વાત છે કે સંવત પંદરમા સૈકા સુધી સૌરાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાન એ સર્વ પ્રદેશોમાં અપભ્રંશ ભાષા જ વ્યાપક ભાષા તરીકે પ્રવર્તતી હતી. સંવત્ ૧૩ મા સૈકાથી સં૰ ૧૫૫૦ સુધીની ભાષાને અન્તિમ અપભ્રંશ ભાષા ગણી શકીએ. આને ડા૰ ટેસીટેરી જૂની પશ્ચિમ રાજસ્થાની ભાષા કહે છે.

મધ્યકાલીન યુગ વિક્રમ પંદરમા શતકથી સત્તરમા શતકનો ગણીએ તો તેમાં પંદરમા શતકમાં થોડા, પણ સોળમા શતકમાં ઘણા વધુ, અને સત્તરમામાં તો અતિ વિપુલ પ્રમાણમાં જૈનકવિઓ અને ગ્રંથકારો મળી આવે તેમ છે. મધ્યકાલીન કે અર્વાચીન યુગમાં એક પણ શતક જૈનોની ગૂર્જર સાહિત્યસેવા વગરનું રહ્યું નથી. જૈન સાધુઓએ ભંડારોદ્વારા આ સર્વ સાચવી રાખ્યું છે, તે માટે તેમને ધન્યવાદ ઘટે છે, અને તેથી તે સર્વ સાહિત્યનો ઇતિહાસ અખંડ લખી શકાશે. તેમ થયે વિશેષ પ્રમાનાં દર્શન થશે.

રા. નરસિંહરાવે આંકેલ ગૂજરાતી ભાષાના વિકાસક્રમની સમયરેખામાં સં૰ ૧૬૫૦ થી ૧૭૫૦ સુધીની ભાષાને 'મધ્ય ગૂજરાતી' કહી છે. આ મધ્ય ગૂજરાતી કે ઉપર નિર્દેશેલ મધ્યકાલીન યુગમાં પ્રસ્તુત કવિ (વિક્રમ સત્તરમો સૈકો) થયેલ છે. તે સૈકામાં અનેક સુંદર કૃતિઓ રચી પોતાને સિદ્ધહસ્ત આખ્યાન-કથા કવિ તરીકે સિદ્ધ કરનાર જૈન-કવિઓ નામે કુશલલાભ (કૃતિઓ સં૰ ૧૬૧૭ થી ૧૬૨૪), સોમવિમલસૂરિ (કૃતિ સં૰ ૧૬૧૫ થી ૧૬૩૪), નયસુંદર (કવિતાકાલ સં૰ ૧૬૩૨ થી ૧૬૬૯), પ્રસ્તુત કવિ સમયસુંદર (સં૰ ૧૬૫૮ થી ૧૭૦૦), અને શ્રાવક કવિ ઋષભદાસ (કવિતાકાલ સં૰ ૧૬૬૨ થી ૧૬૮૭) એ પાંચ અગ્રભાગ લે છે. આ પૈકી ઋષભદાસ સંબંધી લેખ પાંચમી ગૂર્જર સાહિત્ય પરિષદમાં મેં જરા વિસ્તારથી લખી મોકલ્યો હતો તે તેના રીપોર્ટમાં તેમજ અન્યત્ર છપાઇ ગયો છે, અને નયસુન્દર સંબંધી મારો નિબંધ આનંદ કાવ્ય મહોદધિના છઠ્ઠા મૌક્તિકની પ્રસ્તાવનામાં પ્રકટ થયો છે. આ લેખદ્વારા કવિવર સમયસુન્દર સંબંધી કંઇક હકીકત જણાવવા મેં પ્રયત્ન કર્યો છે.

મધ્યયુગનું કથાસાહિત્ય

સં૰ સત્તરમા સૈકાના પ્રારંભથી લોકકથાઓને કાવ્યમાં મુકવાના સુંદર પ્રયાસો જૈન સાધુઓના હાથથી થઇ રહ્યા હતા. માત્ર પોતાના ધાર્મિક કથા સાહિત્યમાંથી જ વસ્તુ લઇ જૈન સાધુઓએ પોતાનું-જૈન કાવ્ય સાહિત્ય અખંડપણે ઉત્પન્ન કર્યું છે (જેમ પ્રેમાનંદાદિએ કર્યું છે તેમ), એટલું જ નહિ, પણ તે ઉપરાંત લોકકથાઓને પણ કાવ્યમાં (શામળ-દાસાદિની માફક) ઉતારી છે; વિશેષમાં તેઓએ, એ બંને કવિઓ-પ્રેમાનંદ અને શામળ-ભટ્ટ-ની અગાઉના સૈકામાં એટલે સવંત સત્તરમા સૈકામાં-તેના પ્રારંભથી ભાષામાં અવતાર્યું છે.

આના સમર્થનમાં કહીશું કે સં૰ ૧૫૬૦ માં સિંહકુશલે નંદબત્રીશી રચી, ઉદયભાનુએ વિ૰ સં૰ ૧૫૬૫ માં વિક્રમસેન ચોપાઇ રચી કે જેના માટે રા. મણિભાઇ બ્રહ્મભટ્ટે

નોંધ કરી છે કે 'પાંચસેં છાસઠ ટુંકનો આ પ્રબંધ છે. દરેક રીતે તે શામળભટની વાતો સાથે હરીફાઇ કરે તેવો છે. આ પ્રબંધની રચના કોઇ પણ રીતે શામળભટ્ટની વાતોથી ઉતરતા પ્રકારની નથી'; ત્યારપછી[૨] કુશલલાભે સં૦ ૧૬૧૬માં માધવ-કામકુંડલા પર રાસ, અને સં૦ ૧૬૧૭ માં મારુઢોલા પર ચોપાઇ; [૩]દેવશીલે સં૦ ૧૬૧૯ માં વેતાલ પચ્ચીશી અને હેમાનંદે તે જ નામનો ગ્રંથ સં૦ ૧૬૪૬ માં; ગુણમેરુસૂરિ શિષ્ય રત્નસુંદર ઉપાધ્યાયે પંચોપાખ્યાન (પંચતંત્ર) ચતુષ્પદી સં૦ ૧૬૨૨ માં સાણંદમાં અને શુકમહોતરી ઉર્ફે રસમંજરી સં૦ ૧૬૩૮ માં ખંભાતમાં, [૪]વચ્છરાજે નીતિશાસ્ત્ર પંચાખ્યાન (પંચતંત્ર) ચોપઇ સં૦ ૧૬૪૮ માં; [૫]હીરકલશે સિંહાસનબત્રીશી સં૦ ૧૬૩૬ માં; [૬]મંગલમાણેક્ય વિક્રમાદિત્ય અને ખાપરા ચોરનો રાસ સં૦ ૧૬૩૮ માં; નરપતિ કવિએ વિક્રમાદિત્ય ચોપઇ સં૦ ૧૬૪૯ માં અને નંદબત્રીશી; [૭]હેમરત્ને ગોરાવાદલ પદ્મિણી કથા ચોપાઇ સં૦ ૧૬૬૦ માં; સારંગે ભોજપ્રબંધ ચોપાઇ સં૦ ૧૬૫૧ માં; અને ભિદિણ પંચાશિકા; અને કનકસુંદરે સં૦ ૧૬૬૭ માં સગાલશા રાસ; એમ અનેક કવિઓએ અનેક કૃતિઓ રચી છે. જૈનેતરમાં માત્ર એકાદ જેમકે સં૦ ૧૫૭૪ માં આમ્રપદ્ર (આમોદ)ના કાયસ્થ કવિ નરસાસુત ગણપતિએ માધવાનળની કથા ગૂજરાતીમાં બનાવેલી લોકકથા મળી આવી છે અને શોધ કરતાં બીજી પણ થોડી ઘણી મળી આવે. જો કે સત્તરમા શતકના ઘણાખરા મળેલા ગ્રંથો ધાર્મિક છે, પણ તેમાં આ લોકકથાના ગ્રંથ મળવાથી તેમાંથી લૌકિક બાબતો ઘણી પ્રાપ્ત થઇ શકે તેમ છે.

---

૨ કુશલલાભ-ખરતર ગચ્છના અભયધર્મ ઉપાધ્યાયના શિષ્ય. તેમણે ઉક્ત બે કથાઓ ઉપરાંત તેજસાર રાસ, વીરભગામમાં સં૦ ૧૬૨૪ માં અગડદત્તરાસ, નવકાર છંદ, ગોડી પાર્શ્વનાથ છંદાદિ રચેલ છે.

૩ દેવશીલ-તપાગચ્છના સૌભાગ્યસૂરિ શિ૦ સોમવિમલસૂરિ શિ૦ લક્ષ્મીભદ્ર શિ૦ ઉદયશીલ શિ૦ ચારિત્રશીલ શિ૦ પ્રમોદશીલના શિષ્ય. તેની આ કૃતિ રા. જગજીવનદાસ દયાલજી મોદીએ વડોદરામાં પ્રસિદ્ધ કરી છે

૪ વચ્છરાજ-પાર્શ્વચંદ્રસૂરિ-સમરચંદ્રસૂરિ-રત્નચારિત્ર શિ૦ તેની અન્ય કૃતિઓ સં૦ ૧૬૪૨ માં ખંભાતમાં શાંતિનાથ ચરિત્ર.

૫ હીરકલશ-ખરતર દેવતિલક શિ૦ હર્ષપ્રભ શિ૦ અન્યકૃતિઓ સમ્યકત્વ કૌમુદી સં૦ ૧૬૨૪, કુમતિ વિધ્વંસ ચોપાઇ સં૦ ૧૬૦૭.

૬ મંગલમાણેક્ય-આંચલિક ગચ્છના બિડાલંબ ગચ્છ, મુનિરત્નસૂરિ આનંદરત્નસૂરિ જ્ઞાનરત્ન ઉદયસાગર-ભાનુભદ્ર શિ૦ તેણે વિશેષમાં અખંડ કથાનક ચોપાઇ સં. ૧૬૩૮ જેઠ શુદ ૧૫ ગુરુએ શરૂ કરી સં. ૧૬૩૯ માં કાર્તક શુદ ૧૩ ઉજ્જેણીમાં નિઝામનાં રાજ્યમાં પૂરી કરી છે.

૭ હેમરત્ન-પૌર્ણમિક ગચ્છ દેવતિલક સૂરિ-જ્ઞાનતિલકસૂરિ-પદ્મરાજ ગણિ શિષ્ય. અન્યકૃતિ શીલવતી કથા સં૦ ૧૬૭૩ પાલીમાં બનાવી.

આ બધા જૈન શ્વેતામ્બર સાધુઓ છે. ગૂજરાતના શ્વેતામ્બર સાધુઓએ કથાસાહિત્ય માટે કેવી સેવા બજાવી છે તે માટે જર્મન ડૉક્ટર હર્ટલકૃત " ઑન ધી લિટરેચર ઑફ ધી શ્વેતાંબરાસ્ ઑફ ગુજરા. " એ નામનું ચોપાનીયું અવલોકવું.

કેટલાકો એમ માનતા હતા અને માને છે કે ગુજરાતીમાં વાર્તાઓ લખનાર મૂળ કવિ શામળભટ્ટ આદિ છે; પરંતુ તેમની પહેલાંના જૈન રાસાઓમાંથી અનેક રાસાઓ વાર્તાઓ રૂપે બનાવેલા મળી આવે છેઃ ઉપર એ વાત કર્તાઓ અને તેમની કૃતિઓનો નામ નિર્દેશ કરી બતાવી છે; તે પરથી શામળભટ્ટને વાર્તાઓના આદિરચયિતા નહિ કહી શકાય. વિશેષમાં એ પણ સંભવ છે કે ૧૮ મા શતકમાં થયેલા શામળભટ્ટે પોતાની વાર્તાઓનાં મૂળ-વસ્તુ પણ પ્રાચીન જૈન કવિઓના વાર્તારૂપે લખાયેલ રાસાઓ પરથી પ્રાયઃ લીધેલાં હોય. સં૦ ૧૫૭૨ માં સિંહકુશલે નંદબત્રીશી રચી છે કે જે ટુંકી છે, તેની સાથે સરખાવો શામળભટ્ટની નંદબત્રીશી કે જે વિસ્તારવાળી થયેલી છે. ઉપરોક્ત કુશલલાભની માધવાનળ અને કામકુંડલાની કથા સાથે સરખાવો શામળભટ્ટે રચેલી બત્રીશ પુતળીની વાર્તાઓની ૨૬ મી માધવાનળની વાર્તા, કે જે કેટલીક થોડી બાબતમાં જૂદી પડે છે; પણ તે શામળભટ્ટની કથા બહુ સંક્ષેપમાં છે અને ઝાઝા માલ વગરની છે.[૮] તેમ વૈતાળ પચીસી, સિંહાસન બત્રીશી, સુડાબહોતેરી વગેરે જેવી કૃતિઓ સાથે શામળભટ્ટની તે નામની કૃતિઓ સરખાવી શકાય. વખતે જૈન કવિઓએ જેમ લોકમાં પ્રચલિત કથાઓને એકત્રિત આહારમાં ગોઠવી સંમદ કરી યા કોઇ અન્ય ભાષાના ગ્રંથોમાંથી સ્વ ભાષામાં ઉતારી હોય, તેવી રીતે શામળભટ્ટે પણ કર્યું હોય. લોકકથાના સાગર રૂપ કથાસરિત્સાગર, ક્ષેમંકર કૃત સિંહાસન દ્વાત્રિંશિકા અને સંસ્કૃત વેતાલ પંચવિંશતિ જૂની-પ્રાચીન કૃતિઓ છે.

કેટલાક એમ કહેતા હોય કે જૈન સાધુઓ શૃંગારરસથી યુક્ત કાવ્યને તે રચે યા રચવાનો દાવો કરે તો તે જૈન ધર્મનો દીક્ષિત યતિ જ ન કહેવાય[૯] તો આના ઉત્તરમાં જણાવવાનું કે ઉપરોક્ત કુશલલાભની માધવાનળની કથા શૃંગારરસથી ભરેલી ઉત્તમપ્રતિની વાર્તા છે, એ રા. હરગોવિન્દદાસ કાંટાવાળાએ સ્વીકાર્યું છે. જૈન કવિઓ અલબત્ત ઉઘાડો અમર્યાદિત શૃંગાર નહિ મૂકે, કે જેથી જેમ શામળભટ્ટને માટે નર્મદ કવિને કહેવું પડ્યું કેઃ "શામળભટ્ટે કેટલીક વાર્તાઓ ન લખી હોત તો સારૂં" તેમ જૈન કવિઓ માટે કહેવું નહિ જ પડે. "વિશેષમાં જૈન સાધુઓ જેમ અમુક સદ્‌ગુણનું પ્રતિપાદન કરે છે, તેમ આ (માધવાનળની કથાના) ગ્રંથમાં શીળનો મહિમા બતાવ્યો છે, એટલે તે બાબતમાં તે (જૈન કવિ) શામળભટ્ટ કરતાં ચઢે છે.....આ કૃતિ શામળભટ્ટની પૂર્વેના શતકમાં રચાઇ હતી." (રા. હરગોવિન્દદાસ કાંટાવાળા)

આ કથા તેમ જ માડ દેશની અને જેસલમેરમાં ત્યાંના મહારાજા રાવળ બાલદેવજીના પાટવી કુમાર શ્રી હરરાજજી (કે જેમણે વિ૦ સં૦ ૧૬૧૮ થી ૧૬૩૪ સુધી જેસલમેરનું રાજ્ય કર્યું) ના કુતૂહલ અર્થે બનાવેલ છે. માડરોકાની ચોપાઇ સંબંધી એવી વાત છે કે હરરાજજીએ સં૦ ૧૬૧૭ માં અકબરનું સ્વામીત્વ સ્વીકારી

૮ સ્વ. ચિમનલાલ કાલાભાઇ દલાલનો માધવાનળ કામકંદલાની લોક કથાપર 'સાહિત્ય' માં આવેલ લેખ.

૯ લખપતિ કુંવર એ મથાળાનો લેખ. સ્વ. કવિ જીવરામ ભાણરામનાં મોરુ ગુજરાતી દોહરાનો અંક મળે ૧૬૬૬.

નોંધ કરી છે કે 'પાંચસેં છાસઠ ટુંકનો આ પ્રબંધ છે. દરેક રીતે તે શામળભટની વાતો સાથે હરીફાઇ કરે તેવો છે. આ પ્રબંધની રચના કોઇ પણ રીતે શામળભટ્ટની વાતોથી ઉતરતા પ્રકારની નથી'; ત્યારપછી[૨] કુશલલાભે સં૦ ૧૬૧૬માં માધવ-કામકુંડલા પર રાસ, અને સં૦ ૧૬૧૭ માં મારુઢોલા પર ચોપાઇ; [૩]દેવશીલે સં૦ ૧૬૧૯ માં વેતાલ પચ્ચીશી અને હેમાનંદે તે જ નામનો ગ્રંથ સં૦ ૧૬૪૬ માં; ગુણમેરુસૂરિ શિષ્ય રત્નસુંદર ઉપાધ્યાયે પંચોપાખ્યાન (પંચતંત્ર) ચતુષ્પદી સં૦ ૧૬૨૨ માં સાણંદમાં અને શુકબહોતરી ઉર્ફે રસમંજરી સં૦ ૧૬૩૮ માં ખંભાતમાં, [૪]વચ્છરાજે નીતિશાસ્ત્ર પંચાખ્યાન (પંચતંત્ર) ચોપઇ સં૦ ૧૬૪૮ માં; [૫]હીરકલશે સિંહાસનબત્રીશી સં૦ ૧૬૩૬ માં; [૬]મંગલમાણેકે વિક્રમાદિત્ય અને ખાપરા ચોરનો રાસ સં૦ ૧૬૩૮ માં; નરપતિ કવિએ વિક્રમાદિત્ય ચોપઇ સં૦ ૧૬૪૯ માં અને નંદબત્રીશી; [૭]હેમરત્ને ગોરાવાદલ પદમિણી કથા ચોપાઇ સં૦ ૧૬૬૦ માં; સારંગે ભોજપ્રબંધ ચોપાઇ સં૦ ૧૬૫૧ માં; અને ખિદ્દિણુ પંચાશિકા; અને કનકસુંદરે સં૦ ૧૬૬૭ માં સગાલશા રાસ; એમ અનેક કવિઓએ અનેક કૃતિઓ રચી છે. જૈનેતરમાં માત્ર એકાદ જેમકે સં૦ ૧૫૭૪ માં આમ્રપદ્ર (આમોદ)ના કાયસ્થ કવિ નરસાસુત ગણપતિએ માધવાનળની કથા ગૂજરાતીમાં બનાવેલી લોકકથા મળી આવી છે અને શોધ કરતાં બીજી પણ થોડી ઘણી મળી આવે. જો કે સત્તરમા શતકના ઘણાખરા મળેલા ગ્રંથો ધાર્મિક છે, પણ તેમાં આ લોકકથાના ગ્રંથ મળવાથી તેમાંથી લૌકિક બાબતો ઘણી પ્રાપ્ત થઇ શકે તેમ છે.

---

૨ કુશલલાભ-ખરતર ગચ્છના અભયધર્મ ઉપાધ્યાયના શિષ્ય. તેમણે ઉક્ત બે કથાઓ ઉપરાંત તેજસાર રાસ, વીરમગામમાં સં૦ ૧૬૨૪ માં અગડદત્તરાસ, નવકાર છંદ, ગોડી પાર્શ્વનાથ છંદાદિ રચેલ છે.

૩ દેવશીલ-તપાગચ્છના સૌભાગ્યસૂરિ શિ૦ સોમવિમલસૂરિ શિ૦ લક્ષ્મીભદ્ર શિ૦ ઉદયશીલ શિ૦ ચારિત્રશીલ શિ૦ પ્રમોદશીલના શિષ્ય. તેની આ કૃતિ રા. જગજીવનદાસ દયાલજી મોદીએ વડોદરામાં પ્રસિદ્ધ કરી છે

૪ વચ્છરાજ-પાર્શ્વચંદ્રસૂરિ-સમરચંદ્રસૂરિ-રત્નચારિત્ર શિ૦ તેની અન્ય કૃતિઓ સં૦ ૧૬૪૨ માં ખંભાતમાં શાંતિનાથ ચરિત્ર.

૫ હીરકલશ-ખરતર દેવતિલક શિ૦ હર્ષપ્રભ શિ૦ અન્યકૃતિઓ રત્નકર્ણ કૌમુદી સં૦ ૧૬૨૪, કુમતિ વિધ્વંસ ચોપાઇ સં૦ ૧૬૦૭.

૬ મંગલમાણેક-આંચલિક ગચ્છના બિડાલંબ ગચ્છ, મુનિરત્નસૂરિ આનંદરત્નસૂરિ જ્ઞાનરત્ન ઉદયસાગર-ભાનુભદ્ર શિ૦ તેણે વિશેષમાં અખંડ કથાનક ચોપાઇ સં. ૧૬૩૮ જેઠ શુદ ૧૫ ગુરુએ શરૂ કરી સં. ૧૬૩૯ માં કાર્તક શુદ ૧૩ ઉજ્જેણીમાં નિઝામનાં રાજ્યમાં પૂરી કરી છે.

૭ હેમરત્ન-પૌર્ણમિક ગચ્છ દેવતિલક સૂરિ-જ્ઞાનતિલકસૂરિ-પદ્મરાજ ગણિ શિષ્ય. અન્યકૃતિ શીલવતી કથા સં૦ ૧૬૭૩ પાલીમાં બનાવી.

આ બધા જૈન શ્વેતામ્બર સાધુઓ છે. ગૂજરાતના શ્વેતામ્બર સાધુઓએ કથાસાહિત્ય માટે કેવી સેવા બજાવી છે તે માટે જર્મન ડૉક્ટર હર્ટલકૃત "ઑન ધી લિટરેચર ઑફ ધી શ્વેતાંબરાસ્ ઑફ ગુજરા." એ નામનું ચોપાનીયું અવલોકવું.

કેટલાકો એમ માનતા હતા અને માને છે કે ગૂજરાતીમાં વાર્તાઓ લખનાર મૂળ કવિ શામળભટ્ટ આદિ છે; પરંતુ તેમની પહેલાંના જૈન રાસાઓમાંથી અનેક રાસાઓ વાર્તાઓ રૂપે બનાવેલા મળી આવે છેઃ ઉપર એ વાત કર્તાઓ અને તેમની કૃતિઓનો નામ નિર્દેશ કરી જણાવી છે; તે પરથી શામળભટ્ટને વાર્તાઓના આદિરચયિતા નહિ કહી શકાય. વિશેષમાં એ પણ સંભવ છે કે ૧૮ મા શતકમાં થયેલા શામળભટ્ટે પોતાની વાર્તાઓનાં મૂળ-વસ્તુ પણ પ્રાચીન જૈન કવિઓના વાર્તારૂપે લખાયેલ રાસાઓ પરથી પ્રાયઃ લીધેલાં હોય. સં૦ ૧૫૭૨ માં સિંહકુશલે નંદબત્રીશી રચી છે કે જે ટુંકી છે, તેની સાથે સરખાવો શામળભટ્ટની નંદબત્રીશી કે જે વિસ્તારવાળી થયેલી છે. ઉપરોક્ત કુશલલાભની માધવાનળ અને કામકુંડલાની કથા સાથે સરખાવો શામળભટ્ટે રચેલી બત્રીશ પુતળીની વાર્તામાંની ૨૬ મી માધવાનળની વાર્તા, કે જે કેટલીક થોડી બાબતમાં જૂદી પડે છે; પણ તે શામળભટ્ટની કથા બહુ સંક્ષેપમાં છે અને ઝાઝા માલ વગરની છે.[૮] તેમ વૈતાળ પચીસી, સિંહાસન બત્રીશી, સુડાબહોતેરી વગેરે જેવી કૃતિઓ સાથે શામળભટ્ટની તે નામની કૃતિઓ સરખાવી શકાય. વખતે જૈન કવિઓએ જેમ લોકમાં પ્રચલિત કથાઓને એકત્રિત આહારમાં ગોઠવી સંગ્રહ કરી યા કોઇ અન્ય ભાષાના ગ્રંથોમાંથી સ્વ ભાષામાં ઉતારી હોય, તેવી રીતે શામળભટ્ટે પણ કર્યું હોય. લોકકથાના સાગર રૂપ કથાસરિત્સાગર, ક્ષેમંકર કૃત સિંહાસન દ્વાત્રિંશિકા અને સંસ્કૃત વેતાલ પંચવિંશતિ જૂની-પ્રાચીન કૃતિઓ છે.

કેટલાક એમ કહેતા હોય કે જૈન સાધુઓ શૃંગારરસથી યુક્ત કાવ્યને તે રચે યા રચવાનો દાવો કરે તો તે જૈન ધર્મનો દીક્ષિત યતિ જ ન કહેવાય[૯] તો આના ઉત્તરમાં જણાવવાનું કે ઉપરોક્ત કુશલલાભની માધવાનળની કથા શૃંગારરસથી ભરેલી ઉત્તમપ્રતિની વાર્તા છે, એ રા. હરગોવિન્દદાસ કાંટાવાળાએ સ્વીકાર્યું છે. જૈન કવિઓ અલબત ઉઘાડો અમર્યાદિત શૃંગાર નહિ મૂકે, કે જેથી જેમ શામળભટ્ટને માટે નર્મદ કવિને કહેવું પડ્યું કેઃ 'શામળભટ્ટે કેટલીક વાર્તાઓ ન લખી હોત તો સારૂં' તેમ જૈન કવિઓ માટે કહેવું નહિ જ પડે. "વિશેષમાં જૈન સાધુઓ જેમ અમુક સદ્‌ગુણનું પ્રતિપાદન કરે છે, તેમ આ (માધવાનળની કથાના) ગ્રંથમાં શીળનો મહિમા બતાવ્યો છે, એટલે તે બાબતમાં તે (જૈન કવિ) શામળભટ્ટ કરતાં ચઢે છે.....આ કૃતિ શામળભટ્ટની પૂર્વેના શતકમાં રચાઇ હતી." (રા. હરગોવિન્દદાસ કાંટાવાળા)

આ કથા તેમ જ મારૂ ઢોલાની બને જેસલમેરમાં ત્યાંના મહારાજા રાવળ માલદેવજીના પાટવી કુમાર શ્રી હરરાજજી (કે જેમણે વિ૦ સં૦ ૧૬૧૮ થી ૧૬૩૪ સુધી જેસલમેરનું રાજ્ય કર્યું) ના કુતૂહલ અર્થે બનાવેલ છે. મારૂઢોલાની ચોપાઇ સંબંધી એવી વાત છે કે હરરાજજીએ સં૦ ૧૬૧૭ માં અક્ષરનું સ્વામીત્વ સ્વીકારી

---

૮ સ્વ. ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલનો માધવાનળ કામકુંડલાની લોકકથાપર 'સાહિત્ય' માં આવેલ લેખ.

૯ લબ્ધપતિ શૃંગાર એ મથાળાનો લેખ. સ્વ. કવિ જીવરામ અજરામર ગોરઃ ગુજરાતી દીવાળી અંક સં૦ ૧૯૬૬.

દિલ્હી દરબારમાં જવા આવવા માંડયું હતું. એમણે પૃથ્વીરાજની કરેલ 'વેલિ' (કૃષ્ણ રુકિમણીની વેલી) ૧૦નાં વખાણ સાંભળી પોતે યુવરાજ હતા ત્યારે અને પટ્ટાભિષેક થયા પછી જેસલમેરના સર્વે કવિ અને વિદ્વાનોને એકઠા કરી 'માડ઼ેલાની વાર્તાના પ્રાચીન દોહા એકઠા કરી તેને વાર્તાના આકારમાં યથાક્રમે ગોઠવી જે ઉત્તમ ગ્રંથ બનાવશે તેનું હું ઇનામ આપીશ' એમ કહી કેટલાક ગ્રંથો રચાવેલા. પોતા પાસે તૈયાર હતા તેમાંથી સર્વોત્તમ જે ગ્રંથ બન્યો હતો તે બાદશાહને ભેટ ધર્યો. આ વાતને માડ઼ેલાની વાર્તા પર જેટલા ગ્રંથો બન્યા છે તે હરરાજજીની આજ્ઞાથી બન્યા છે એવું છ સાત ગ્રંથોની પ્રશસ્તિ પરથી જણાતાં ટકો મળે છે. (વાકસૌંદર્ય સં૦ ૧૯૭૩ માર્ગશીર્ષનો અંક).

આ રીતે આપણે આ મધ્યયુગના-સત્તરમા સૈકાના બાસ વિશિષ્ટ ગુણો જોયા. જૈન કૃતિઓ અપ્રકટ હોવાના કારણે યા તે પર અલક્ષ હોવાના કારણે માત્ર જૈનેતર કૃતિઓ લઈ યુગોનાં લક્ષણો જૈનેતરો બાંધે અને તે માટે તેમજ અમુકના અમુક જૈનેતર ઉત્પાદક એમ સિદ્ધાન્તો (theories) ઘડે એ સ્વાભાવિક છે. પણ જે અત્ર ભારપૂર્વક નમ્ર વક્તવ્ય છે તે એ છે કે જૈન કૃતિઓ પર લક્ષ રાખવાથી તે સિદ્ધાંતો ખંડિત બની ચૈતન્યશૂન્ય થાય તેમ છે. ગૂર્જર વાગ્દેવીનાં બંને સંતાનો-જૈનેતર તેમજ જૈન-સમાન-દૃષ્ટિએ નિરખાવાં ઘટે. બંનેનો ફાળો સંયુક્ત અવિભક્ત પુંજ છે. કોઈ ઓછો, કોઇ વધુ ફાળો આપે, પણ એકેયનો અનાદર ન ઘટે. જૈનેતરોમાં સંસ્કૃત ભાષાપ્રત્યેના મોહને લીધે, યા મુસલમાનોના આક્રમણથી થયેલી હિન્દુ રાજ્યની પાયમાલીને કારણે ભાષાસાહિત્ય મુખ્યપણે ન ખીલ્યું હોય તો તે સંભવિત છે, તેમજ જૈનોમાં મુખ્યપણે ત્યાગી અને પરિભ્રમણશીલ સાધુઓ બ્રહ્મચર્ય સેવી વિદ્યાવ્યાસંગી રહી ભાષાસાહિત્યપ્રત્યેના મોહને લીધે તે વિશેષ ખીલવી શકયા હોય તે તદ્દન સંભવિત છે: સ્વ૦ રણજીતરામ વાવાભાઇ મહેતાએ સત્ય રીતે અને આગળ વધીને જણાવ્યું છે કે:—

"અલાઉદ્દીન ખીલજીના સરદારોએ ગુજરાતના હિંદુ રાજ્યને પાયમાલ કીધું ત્યારે પછી ચાલેલી અંધાધૂંધીમાં નાસભાગ કરતા બ્રાહ્મણોએ શારદાસેવન ત્યજી દીધું, પણ મંદિરો-પ્રતિમા આદિની આશાતના થવા છતાં જૈનસાધુઓ પોતાના અભ્યાસમાં આસક્ત રહ્યા અને શારદા દેવીને અપૂજ ન થવા દીધી. આવા ધર્મપરાયણ અને વિદ્વાન સાધુઓને પાટે, અમદાવાદની સલતનત તૂટી ત્યારે, શ્રી હીરવિજયસૂરિ નામે સાધુ હતા. આગ્રે જઇ ઇબાદતખાનામાં અકબર બાદશાહ અને અન્ય ધર્મીઓને તેમણે જૈનધર્મનો મહિમા બતાવ્યો હતો.

---

૧૦ જુઓ ગુજરાતનો દીવાળી અંક સં૦ ૧૯૭૭ પૃ. ૬૬. 'રાઠોડ પૃથ્વીરાજ અને વેલી કિસન રુકમણીરી' એ નામનો લેખ. તેમાં તેનો રચ્યા સં૦ ૧૬૩૪ આપેલ છે ને ભાટ ચારણો આગળ પરીક્ષા માટે સં૦ ૧૬૪૪ માં મૂકેલ હોય એમ તેની છેલ્લી બે કડીઓ પરથી જણાય છે. જો આ કડીઓ પાછળથી ઉમેરી ન હોય ને પૃથ્વીરાજની સ્વરચિત હોય, તો પછી હરરાજજી તે કૃતિની સામે મૂકવા બીજી કૃતિ સં૦ ૧૬૧૭ માં ઉત્પન્ન કરાવવા માગે એ બંધબેસતું નથી. બાકી હરરાજજીના આનંદ માટે તે કૃતિ થઇ અને બનાવરાવી એ કથન સિદ્ધ છે.

"આ ઇતિહાસ શું કહે છે ? ગુજરાતના અગ્રગણ્ય નાગરિક જૈનોનો સૂર્ય ગુજરાતના હિન્દુ સામ્રાજ્ય દરમ્યાન મધ્યાહ્નમાં હતો અને હેમચંદ્રની માફક અમાસને દિવસે પ્રકાશોજ્જ્વલ પૂર્ણિમા આણવા સમર્થ હતો. તેઓ મહિનાઓના, મહિના સૂકી દરિયા ખેડી લાંબી સફરો કરી દેશદેશાવરની લક્ષ્મી લાવી ગુજરાતમાં ઠાલવતા; પોતાનાં વીરત્વ અને વફાદારીથી રાજા પ્રજા ઉભયને સંકટ અને સૌભાગ્યના સમયમાં મદદ કરતા, અણહિલપુરની ગાદીનું ગૌરવ જાળવતા-વધારતા; બીજા દેવોનાં મંદિરો ખંડિયર થઇ જતાં હતાં, છતાં સરસ્વતી દેવીનાં મંદિરો જૈન સાધુઓના ભીષ્મ પરિશ્રમને લીધે ધંટનાદથી ગાજી રહ્યાં હતાં. દેલવાંડાપરનાં વિમળશાહનાં દહેરાં જેવાં અનેક સૌંદર્યથી ગૂજરાત વિભૂષિત થતું હતું; રાજ્યની ઉથલપાથલો, અંધાધૂંધી, અને બીનસલામતી વારંવાર નડતી છતાં પોતાના ઉત્કૃષ્ટ વૈશ્ય ગુણોને લીધે ગૂજરાતનો વેપાર પડી ભાંગવા ન દીધો અને આજ પર્યંત વેપાર ખેડવાની લાયકાત અને શક્તિ તેજ રાખ્યાં."

(જૈનધર્મ પ્રકાશનો જ્યુબિલી અંક).

આટલું કહી હવે આપણે પ્રસ્તુત કવિનો પરિચય કરવા પ્રતે વળીશું.

કવિનો પરિચય.

કવિ પોતાના જૂદા જૂદા ગ્રંથમાં નાની મોટી પ્રશસ્તિ આપી પોતાનો કંઇક પરિચય કરાવતાં ગયા છે. તે પરથી સમજાયે છે કે પોતાનો ગચ્છ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાય પૈકી ખરતર ગચ્છ હતો. તે ગચ્છના ઉત્પાદક સંબંધી એવો ઉલ્લેખ કરે છે કે:—

"જૈનોના છેલ્લા તીર્થંકર શ્રી મહાવીરસ્વામીની પટ્ટપરંપરાએ દેવાચાર્ય, થયા, તેમના પટ્ટધર નેમિચંદ્ર, તેના પછી ઉદ્યોતનસૂરિ થયા. તેમણે આબુગિરિના એક શિખર પર અષ્ટમ તપ આદરી સૂરિમંત્ર આરાધ્યો. ત્યાર પછી વર્ધમાનસૂરિ થયા. તેના શિષ્ય જિનેશ્વરે ગૂજરાતના રાજા દુર્લભરાજ (સં૰ ૧૦૬૬ થી ૧૦૭૮) ની રાજ્યસભામાં શ્રી અણહિલપુર (પાટણ) નગરે શ્વેતપટ (ચૈત્યવાસી) સાથે વાદ કરી તેઓનો પરાભવ કર્યો અને વસતિનો મનોહારી માર્ગ પ્રકટ કર્યો. તે સૂરિના પટ્ટધર સંવેગરંગશાલા. નામની ગ્રંથના રચનાર જિનચંદ્રસૂરિ થયા અને તેના પછી પટ્ટધર, ખરતરગણનાયક, જૈન સિદ્ધાંત શાસ્ત્રો પૈકી નવ અંગ-આગમપર સંસ્કૃતમાં વૃત્તિ-ટીકા રચનાર અભયદેવસૂરિ થયા.[૧૧]

---

૧૧. વિક્રમની સત્તરમી શતાબ્દિમાં (સં૰ ૧૬૧૭) અભયદેવસૂરિ ખરતર હતા કે નહિ-તે સંબંધી પાટણમાં જ તપાગચ્છના ધર્મસાગર ઉપાધ્યાય અને ખરતર ગચ્છના ધનરાજ ઉપાધ્યાયને જબરો ઝઘડો થયો હતો. ધર્મસાગરે એવું પ્રતિપાદન કરવા માંડ્યું હતું કે ખરતર ગચ્છની ઉત્પત્તિ જિનેશ્વરસૂરિથી નહિ, પણ જિનદત્તસૂરિથી થઇ છે. અભયદેવસૂરિ ખરતર ગચ્છમાં થઇ શકતા નથી; જિનવલ્લભસૂરિએ શાસ્ત્ર વિરુદ્ધ પ્રરૂપણા કરી છે.—વગેરે ચર્ચાના વિષયો પોતાના ઔષ્ટ્રિક મતોત્સૂત્રોદ્ઘિક્ષા નામના ગ્રંથમાં મૂક્યા (રચ્યા સં૰ ૧૬૧૭.) આ ગ્રંથનું બીજું નામ પ્રવચન પરીક્ષા છે યા બંને જૂદા હોય-બંનેમાં વિષયો સરખા છે. તેમાંના એકનું બીજું નામ કુમતિકંદકુદ્દાલ છે. આથી બહુ હોહાકાર થયો. બે ગચ્છ વચ્ચે અથડામણો અને અંતે પ્રબળ વિખવાદ ઉત્પન્ન થતાં તે ક્યાં અટકશે એ વિચારવાનું રહ્યું.

" ત્યાર પછી તેમના શિષ્ય જિનવલ્લભસૂરિ થયા, તેમના પછી ૬૪ જોગણીને વશ કરનાર જિનદત્તસૂરિ થયા. તેના જિનચંદ્રસૂરિ, તેના પછી અનુક્રમે જિનપતિસૂરિ, જિનેશ્વરસૂરિ, જિનપ્રબોધસૂરિ અને જિનચંદ્રસૂરિ થયા. જિનચંદ્રસૂરિના આદેશથી તેજપાલે શાંતિનાથનું બિંબ બનાવ્યું, તેના પછી જિનકુશલસૂરિ (ખરતરગચ્છની પટ્ટાવલિમાં ૪૩ મા.) ત્યાર પછી જિનપદ્મ, જિનલબ્ધિ, જિનચંદ્ર, જિનોદય, જિનરાજ, જિનભદ્ર અનુક્રમે થયા. આ ૫૬ મા જિનભદ્રસૂરિએ જેસલમેર, જાબાલિપુર (જાલોર), દેવગિરિ, અહિપુર (નાગપુર નાગોર), અને પાટણમાં પુસ્તક ભંડારો કરાવ્યા. (પટ્ટધર પદ સં૦ ૧૪૭૫ અને મરણ સં૦ ૧૫૧૪). ત્યાર પછી ક્રમે જિનચંદ્ર, જિનસમુદ્ર, જિનમાણિક્ય થયા. જિનમાણિક્યના જિનચંદ્રસૂરિ થયા કે જે હાલ વિદ્યમાન છે. તે જિનચંદ્રસૂરિને અકબ્બર બાદશાહે આનંદથી ' યુગ-પ્રધાન ' પદ આપ્યું. "

ઉક્ત (૬૨ મા) જિનચંદ્રસૂરિના[૧૨] હસ્તદીક્ષિત મુખ્ય શિષ્ય સકલચંદ્ર

જોખમદાર આચાર્યોને વચ્ચે પડયા વગર ચાલે નહિ, તેથી તપાગચ્છના વિજયદાનસૂરિએ ઉક્ત કુમતિકંદકુદ્દાલ ગ્રંથ સભાસમક્ષ પાણીમાં બોળાવી દીધો હતો અને તે ગ્રંથની નકલ કોઇની પણ પાસે હોય તો, તે અપ્રમાણ ગ્રંથ છે માટે તેમાંનું કથન કોઇએ પ્રમાણભૂત માનવું નહિ, એવું જાહેર કર્યું હતું. ખરતરગચ્છવાળાએ પોતાના મતનું પ્રતિપાદન કરાવવા ભગિરથ પ્રયત્ન સેવ્યો હતો એ વાતના પ્રમાણમાં જણાવવાનું કે આપણા નાયક સમયસુંદર ઉપાધ્યા-યજીના સં૦ ૧૬૭૨ માં રચેલા સામાચારી શતકમાં સં૦ ૧૬૧૭ માં પાટણમાં થયેલા એક પ્રમાણપત્રની નકલ આપેલી છે કે જેમાં એવી હકીકત છે કે અભયદેવસૂરિ ખરતર ગચ્છમાં થયેલા છે એ વાત પાટણના ૮૪ ગચ્છોવાળા માને છે, અને એ પ્રમાણપત્ર સાચું જણાય છે, અને તેનો હેતુ ઉપરનો કલહ-વાદ શમાવવા અર્થે હતો.

૧૨. જિનચંદ્રસૂરિ-ગોત્ર રીહડ, પિતા શ્રીવંત, માતા શ્રિયાદેવી. જ્ઞાતિ વણિક, તિમરી (તીવરી-જોધપુર રાજ્ય) ની પાસે આવેલા વડલી ગામમાં સં૦ ૧૫૯૫ માં જન્મ. માત્ર નવ વર્ષની ઉમરે સં૦ ૧૬૦૪ માં જૈન સાધુની દીક્ષા. ૧૭ વર્ષની વયે સં૦ ૧૬૧૨ ભાદ્ર-પદ સુદિ નવમી ગુરુવારે જેસલમેરમાં સૂરિપદ. તેમણે અકબ્બર બાદશાહને જૈન ધર્મનો બોધ આપ્યો હતો અને બાદશાહે યુગમાં પ્રધાન પુરુષ સૂચક ' યુગપ્રધાન ' પદ આપ્યું હતું. એમ કહેવાય છે કે બાદશાહને જૈનધર્મી-જૈનધર્મ પ્રશંસક બનાવ્યો હતો (**प्रबोधितो येन दया परेण शक्रवत्तराख्यः पतिसाहि मुख्यः**-જિનલાભસૂરિના સં૦ ૧૮૩૩ ના આત્મ-પ્રબોધની પ્રશસ્તિ). તેમને સકલચંદ્ર ઉપાધ્યાય ઉપરાન્ત ૬૫ શિષ્યો હતા-તેમાં મુખ્ય સમયરાજ, મહિમારાજ, ધર્મ, નિધાન, રત્નનિધાન, જ્ઞાનવિમલ વિગેરે હતા. તેમનો સ્વર્ગવાસ વેનાતટે (બિલાડા-મારવાડ) સં૦ ૧૬૭૦ ના અશ્વિન વદિ બીજના દિને થયો. (જુઓ ઇંડિયન એંટિક્વરીમાં આપેલ ખરતર ગચ્છની પટ્ટાવલિ-ભાષાંતર, સનાતન જૈનના ૧૯૦૭ ના જુલાઇના અંકમાં. વધુ માટે જુઓ રત્નસાગર ભાગ ૨ જો પૃ૦ ૧૨૫) તેમણે પોતાની પાસે ગેલી નામની શ્રાવિકાએ સં૦ ૧૬૩૩ ફા૦ વદ ૫ ને દિને બાર વ્રત સ્વેચ્છા પ્રમાણે ગ્રહણ કર્યા. તે સંબંધી ' ઇચ્છા પરિણામ ટિપ્પનક ' યા બાર વ્રતનો રાસ ભાષામાં

ઉપાધ્યાય[૧૩] થયા અને તેના શિષ્ય તરીકે હું, સમયસુંદર વાચક-ઉપાધ્યાય થયો. (જુઓ સં૰ ૧૬૭૬ માં રચેલી અર્થરત્નાવલી અથવા અષ્ટલક્ષીની પ્રશસ્તિ પીટર્સન ચતુર્થ રીપોર્ટ. નં. ૧૨૭૪-પૃ૰ ૬૮.)

આ રીતે પોતાની ગુરુપરંપરા પોતે આપી છે તે અત્ર જણાવી. પોતે પોતાના ગચ્છનું નામ બૃહત્ ખરતર ગચ્છ આપેલું છે કારણ કે ખરતર ગચ્છમાં પોતાના સમય સુધીમાં અનેક શાખાઓ મૂળ વૃક્ષમાંથી નીકળી હતી અને પોતાનું મૂળ વૃક્ષમાંથી ચાલી આવેલ થઇ બતાવવા 'બૃહત્' શબ્દ યોજેલ છે.

સ૰ ૧૬૪૯ ના ફાગણ સુદિ ૨ ને દિને યુગપ્રધાન જિનચંદ્રસૂરિએ અકબ્બર બાદશાહના કહેવાથી લાહોરમાં (લાભપુરમાં) માનસિંહને આચાર્યપદ આપી તેમનું નામ જિનસિંહસૂરિ[૧૪]રાખ્યું, તે સમયે તેજ જિનચંદ્રસૂરિએ સ્વહસ્તે કવિ સમયસુંદર તથા ગુણ-

---

સં૰ ૧૬૩૩ માં બનાવ્યો છે. વળી મેડતામાં જેને હાલ 'લોદ્રાંરો મંદિર' કહેવામાં આવે છે તેમાં ચિંતામણી પાર્શ્વનાથની પ્રતિમાની તેમણે સં૰ ૧૬૧૯ ના માઘ શુદિ ૫ શુક્રવારે મહારાજા સૂર્યસિંહના રાજ્યમાં પ્રતિષ્ઠા કરી છે (પ્રાચીન લેખ સંગ્રહ ભા૰ ૨ પૃ૰ ૩૦૭). તેમના જ સમયમાં તેમના અનુયાયી ભક્ત, પ્રખ્યાત કર્મચંદ્ર મંત્રીએ સં૰ ૧૬૩૫ ના ભયંકર દુકાળના વખતમાં સવાકરોડ રૂપીઆ ખર્ચી સત્રાકારો બંધાવી બહુ જનોને બચાવ્યા હતા અને તે કર્મચંદ્રે તેમનો યુગપ્રધાન મહોત્સવ-તેમના શિષ્ય જિનસિંહસૂરિનો આચાર્ય પદ મહોત્સવ અતિ દ્રવ્ય ખર્ચી સં૰ ૧૬૪૯ માં ઉજવ્યો હતો. વળી તેમના સમયમાં સોમજી અને શિવજી એ બે પ્રસિદ્ધ શ્રાવકોએ રાણકપુર, ગિરનાર, આબુ, ગોડીપાર્શ્વનાથ અને શત્રુંજય એ પાંચ જૈન તીર્થોએ સંઘ કાઢી લઇ ગયા હતા. (જુઓ સમયસુંદરની કલ્પસૂત્ર ટીકાની પ્રશસ્તિ). આ કર્મચંદ્ર મંત્રીએ સંઘર નગરમાં જિનકુશલસૂરિનો મોટો સ્તૂભ સં૰ ૧૬૫૫ મહા શુદ ૧૦ મે કરાવ્યો. તે સિવાય બીજાં સ્થળોએ તેમના અનેક સ્તૂભ કરાવ્યા હતા.

૧૩ સકલચંદ્ર ગણી-તેઓ વિદ્વાન પંડિત અને શિલ્પશાસ્ત્રમાં કુશલ હતા. પ્રતિષ્ઠાકલ્પ શ્લોક ૧૧૦૦, જિનવલ્લભ સૂરિકૃત ધર્મશિક્ષા પર વૃત્તિ (પદ્ય ૧૨૮), અને પ્રાકૃતમાં હિતાચરણ નામના ઔપદેશિક ગ્રંથ પર વૃત્તિ ૧૨૪૩૯ શ્લોકમાં સં૰ ૧૬૩૦ માં રચેલ છે.

૧૪. જિનસિંહ સૂરિ-પિતા ચાંપસી, માતા ચતુરંગાદેવી, ગોત્ર ગણધર ચોપડા, વણિક જ્ઞાતિ. જન્મ ખેસર (ખેતાસર) ગામમાં સં૰ ૧૬૧૫ ના માગશર સુદિ પૂર્ણિમાને દિને; તેમનું મૂલ નામ માનસિંહ. દીક્ષા બીકાનેરમાં સં૰ ૧૬૨૩ ના માગશર વદિ ૫ ને દિને; વાચક ઉપાધ્યાય પદ જેસલમેરમાં સં૰ ૧૬૪૦ ના માઘ શુદિ ૫ ને દિને; સૂરિપદ લાહોરમાં સં૰ ૧૬૪૯ ના ફાલ્ગુન સુદિ ૨ ને દિને. અકબ્બર બાદશાહને મળવા માટે કાશ્મીરમાં કહિન વિહાર (મુસાફરી) કર્યો હતો, વાર, સિંદૂર અને ગજનણા (ગિઝની) આદિ દેશોમાં પણ તેમણે અમારિ એટલે જીવદયા—અહિંસા પ્રવર્તાવરાવી હતી. અકબ્બર બાદશાહે પોતાના રાજવહિવટના છેલ્લા વર્ષમાં (સં૰ ૧૬૬૦ માં) દસ્તાવેજ કરી ફરમાન કરી આપ્યું હતું કે ભાદરવા શુદ ૯ થી ભાદરવા શુદ ૧૫ સુધી પોતાના સંપૂર્ણ રાજ્યમાં જીવહિંસા બંધ રાખવી. ત્યાર પછી જહાંગીર બાદશાહે તેમને 'યુગપ્રધાન' પદ આપ્યું

વિનય એ બે સાધુઓને ઉપાધ્યાય પદ આપ્યું. આ વાત ઉક્ત ગુણવિનય[૧૫] ઉપાધ્યાયે જ સં૦ ૧૬૫૫ માં રચેલા કર્મચંદ્ર મંત્રિવંશ પ્રબંધ-કર્મચંદ્રવંશાવલિ પ્રબંધમાં આપેલી છે. કે જે કર્મચંદ્ર મંત્રીએ આ આચાર્ય મહોત્સવ કરેલો. આ સમયે જ જિનચંદ્રસૂરિને યુગ-પ્રધાનપદ મળેલું જણાય છે.

વાચક પદ ગુણ વિનયનઇ, સમયસુંદરનઇ દીધઉ રે
યુગ પ્રધાનજીનઇ કરઇ, જાણિ રસાયણ સીધઉ રે

—શ્રી જિન શાસન ચિર જયઉ.

આ ઉત્સવના શુભ કાર્યના ઉપલક્ષમાં બાદશાહ અકબ્બરે ખંભાતના બંદર ઉપર એક વર્ષ સુધી કોઇ મગર કે માછલીઓ ન મારે એવો હુકમ બહાર પાડ્યો હતો. તેમ લાહોરમાં પણ એક દિવસ કોઇએ પણ જીવની હિંસા નહિ કરવાની આજ્ઞા ફેરવી દીધી હતી. (જુઓ ઉક્ત પ્રબંધ ઐતિહાસિક રાસમાળા ભા૦ ૩; જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય સંચય.) જુઓ પં૦ જયસોમ કૃત સંસ્કૃતમાં કર્મચંદ્ર મંત્રી પ્રબંધ. ઉક્ત જિનસિંહ સૂરિએ બાદશાહ પર પોતાનો પ્રભાવ પાડી તેની પાસેથી આષાઢ શુદિ ૯ થી આષાઢ શુદિ ૧૫ સુધીના સાત દિવસોમાં બીલકુલ જીવવધ ન થાય એવું ફરમાન મેળવ્યું હતું. આ અસલી ફરમાન પત્ર હાથ આવ્યું છે ને તે હિન્દી 'સરસ્વતી' માસિકના જૂન, સને ૧૯૧૨ ના અંકમાં છપાયું છે. આમાં હીરવિજય સૂરિના ઉપદેશથી પર્યુષણના આઠ અને બીજા ચાર એમ બાર દિવસો સુધીમાં જીવવધના નિષેધ માટે ફરમાન આપ્યું છે તેનો પણ ઉલ્લેખ કર્યો છે.

જિનચંદ્રસૂરિ એક પ્રભાવક મહાપુરુષ હતા. તેમનાં જ્ઞાન અને આચારની ખ્યાતિ અકબ્બર બાદશાહે ઉક્ત કર્મચંદ્ર બછાવત પાસેથી સાંભળી પોતાની કલમવડે ફરમાન (વિનતિ) પંજાબના લાહોર નગરથી લખી અને પોતાના ખાસ મરજી દાન ઉમરાવો તે

હતું. પટ્ટધર જિનચંદ્ર સૂરિ સ્વર્ગસ્થ થતાં વેનાતટમાં (બિલાડા મારવાડમાં) ગચ્છનાયક પદ સં૦ ૧૬૭૦ ના પૌષ વદિ ૧૩ ને દિને મેડતામાં થયો. (જુઓ ઉપરોક્ત ખરતર ગચ્છ પટ્ટાવલિ; સનાતન જૈન, જુલાઇ ૧૯૦૭, રત્નસાગર ભા૦ ૨ પૃ૦ ૧૨૭; જ્ઞાનવિમલકૃત સં૦ ૧૬૫૪ ની શબ્દપ્રભેદ વૃત્તિમાંની ગુરુપટ્ટાવલિ; પીટર્સન રીપોર્ટ બીજો પૃ૦ ૬૫) તેમની પાટે જિનરાજ સૂરિ (બીજા) આવ્યા.

૧૫. ગુણવિનય વાચક-તેમણે ભાષામાં આ પ્રબંધ ઉપરાન્ત અંજનાસુંદરી પ્રબંધ સં૦ ૧૬૬૨ ના ચૈત્ર શુદ ૧૩ બુધે; ગુણસુંદરી ચોપઇ; અંચલમત સ્વરૂપ વર્ણન રાસ સં૦ ૧૬૭૪ માઘ શુદ ૬ રવિવારે માલપુરમાં રચેલ છે. ખરતર ગચ્છની ક્ષેમ શાખામાં ક્ષેમરાજ ઉપાધ્યાયના પ્રબોધમાણિક્ય શિષ્ય, તેના જયસોમ, અને તેના તેઓ શિષ્ય થાય. આ કવિએ સંસ્કૃતમાં પણ અનેક ગ્રંથો રચ્યા છે તે પૈકી ખંડ પ્રશસ્તિ કાવ્ય ટીકા સં૦ ૧૬૪૧, દમયંતી ચંપૂ ટીકા સં૦ ૧૬૪૬, રઘુવંશ ટીકા સં૦ ૧૬૪૬, વૈરાગ્યશતક ટીકા સં૦ ૧૬૪૭, ઇંદ્રિય પરાજયશતક વૃત્તિ સં૦ ૧૬૬૪, ઉત્સૂત્રોદ્ઘટ્ટન કુલક ખંડન સં૦ ૧૬૬૫ કે જેમાં ઉપરોક્ત ધર્મસાગર ઉપાધ્યાયના મતનું ખંડન કરેલું જણાય છે, સંબોધસત્તરી ટીકા, લઘુ-અજિતશાંતિ સ્તોત્ર ટીકા છે. આ ઉપરથી તેઓ સત્તરમા સૈકામાં એક વિદ્વાન્ ટીકાકાર અને સાક્ષર હતા એ વાત નિર્વિવાદ સ્થાપિત છે. (વધુ માટે જુઓ ઐ૦ રાસસંગ્રહ ભાગ ૩ જો)

ગુરુને બોલાવવા માટે મોકલ્યા. તે વખતે તે ગુરુના ૮૪ શિષ્યમાં મુખ્ય સકલચંદ્ર ઉપાધ્યાયના શિષ્ય પંડિત સમયસુંદરજી પણ વિહારમાં સાથે હતા. તે વિહાર ક્યાંથી ક્યાં કર્યો અને લાહોરમાં આવ્યા પછી ઉપરોક્ત મહોત્સવ કેમ થયો એ સંબંધી સમયસુંદરે જ 'ગુરુ ગુણ છંદ અષ્ટક' હિન્દીમાં બનાવેલ છે તે અત્ર જણાવીશું.

૧૬ સંતનકી મુખ વાણિ સુણી જિનચંદ મુણિંદ મહંત જતી,
તપજપ કરૈ ગુરુ ગુજ્જરમૈં પ્રતિબોધત હૈ ભવિકું સુમતી,
તબહી ચિતચાહન ચૂંપ ભઇ સમયસુંદરકૈ ગુરુ ગચ્છપતી,
ભેજૈ પતસાહ અકબ્બરી છાપ બોલાયે ગુરુ ગજરાજ ગતી. ૧

એજી ગુજ્જરતેં ગુરુરાજ ચલૈ વિચમૈં ચોમાસ જાલોર રહે,
મેદનીતટમેં મંડાણ કિયો ગુરુ નાગોર આદરમાંન લહે,
મારવાડરિણી ગુરુવંદનકોં તરસૈ સરસૈ વિચ વેગ વહે,
હરખ્યો સંઘ લાહોર આયે ગુરુ પતસાહ અકબ્બર પાંવ ગહેં. ૨

એજી સાહ અકબ્બરી વબ્બરકૈ ગુરુ સૂરત દેખત હી હરખૈ,
હમ જોગી જતી સિદ્ધ સાધ યતી સબહી ખટ દરસન કૈ નિરખૈ,
ટોપી બસડભાવાસ ચંદ ઉદય અજ તીન બતાય કલા પરખૈ,
તપ જપ દયા ધર્મ ધારણકોં જગ કોઇ નહીં ઇનકૈ સરખૈ. ૩

ગુરુ અમૃતવાણિ સુણી સુલતાન ઐસા પતસાહ હુકમ કિયા,
સબ આલમ માંહિ અમાર પવાય બોલાય ગુરુ પુરમાણ દિયા,
જગજીવ દયા ધર્મ દાક્ષણ્યતૈં જિન સાસનમૈં જુ સોભાગ લિયા,
સમયસુંદર કહૈ ગુણવંત ગુરુ દૃગ દેખત હરખત ભવ્ય હિયા. ૪

એજી શ્રીજી ગુરુ ધર્મ ધ્યાન મિલૈ સુલતાન સલેમ અરજ્જ કરી,
ગુરુ જીવ દયા નિત પ્રેમ ધરૈ ચિત અંદર પ્રીતિ પ્રતીતિ ધરી,
કર્મચંદ મુલાય દિયો પુરમાણ છોડાય ખંભાયતકી મછરી,
સમયસુંદર કૈ સબ લોકનમૈં નિત ખરતર ગચ્છકી ખ્યાતિ ખરી. ૫

એજી શ્રી જિનદત્ત ચરિત્ર સુણી પતસાહ ભયે ગુરુ રાગિયે રે,
ઉમરાવ સબૈ કર જોડ ખડે પભણે અપણે મુખ હાગિયે રે,

---

૧૬. ૨. મેદનીતટ–મેડતા; મારવાડરિણી–મારવાડની સ્ત્રીઓ. ૩. ટોપી.....હરખે–આનો અર્થ બરાબર સમજાતો નથી, પણ એમાં એમ હોવાનો સંભવ છે કે ટોપી ઉડાડી અધર રાખી હોય, અમાવાસને દિને ચંદ્રનો ઉદય બતાવ્યો હોય અને ત્રણ બહરાં બનાવી ચમત્કાર બતાવ્યા હતા. ૪. ભવ્ય—પાઠાંતર હોત. મછરી—માછલી પકડવાનું ખંભાતમાં થતું હતું તે ફરમાનથી દૂર કરાવ્યું. ૬–ચામર ૭૮.....જિપરે–પાઠાંતર–જુગપ્રધાનકાએ ગુરુદ્ધં ગિગાદ્ધં ગિગાદ્ધં ધુંધું બાજ્યેરે સમયસુંદર કે ગુરુ માન ગુરુ, પતિસાહ અકબ્બર ગાજ્યેરે. (જૈન સંપ્રદાય શિક્ષા પૃ. ૬૪૯)

ચામર છત્ર મુરા તણ બોટ ગિગડ્ડું ધૂંધૂં ધાનિયે રે,
સમયસુંદર તૂડી જગત્ર ગુરૂ પતસાહ અકબ્બર માનિયે રે. ૬

હેજી જ્ઞાન વિજ્ઞાન કલા ગુણ દેખ ગેરા મન સદ્ગુરૂ રીઝીયેજી,
હુંભાયૂકો નંદન એમ અખે, અણ સિંધ (માનસિંધ) પટાધર ઈજીયેજી,
પતસાહ હજૂર થપ્યો સંઘ સૂરિ મંડાણુ મંત્રીશ્વર વીંઝીયેજી,
જિણચંદ પટે જિણસિંહ સૂરિ: ચંદ સૂરજ જૂં પ્રતપીજીયેજી. ૭

હેજી શ્રીહડવંસ વિભૂષણ હંસ અરતર ગચ્છ સમુદ્ર શશી,
પ્રતપ્યો જિન માણિક્ય સૂરિ દે પાટ પ્રભાકર જ્યું પ્રગટ્યું ઉલસી,
મન શુદ્ધ અકબ્બર માંનત હું જગ જનયુત હું પરતીત એસી,
જિનચંદ મુણીંદ ચિરં પ્રતપો સમયસુંદર દેત આશીશ એસી.× ૮

આ પરથી એમ અનુમાન થાય છે કે જિનચંદ્રસૂરિ, અકબર બાદશાહે બોલાવવાથી ગૂજરાતમાં હતા ત્યાંથી અનેક શિષ્યો સાથે લઇ ગયા તેમાં સમયસુંદર હતા. ગૂજરાતમાંથી વિહાર કરતાં પહેલાં જાલોર, ત્યાંથી મેદિનીતટ મેડતા, નાગોર એમ મારવાડમાંથી પસાર થઇને લાહોર આવ્યા.

સં૦ ૧૬૪૯ પહેલાં તો સમયસુંદર ગૂજરાતમાં જ રહ્યા હતા અને સં૦ ૧૬૪૯ માં લાહોર આવી ઉપાધ્યાય પદ મેળવી પછી તે બાજુ ને વિશેષમાં મેવાડ–મારવાડમાં પ્રવાસ કર્યો છે, અને તેથી તેમની મુખ્ય ગૂજરાતી ભાષામાં અનેક દેશોના પ્રાન્તીય શબ્દો, મારવાડી શબ્દો, પારસી શબ્દો જોવામાં આવે છે. આ વાત તેમણે જે ગ્રંથો રચ્યા તેના નિર્દિષ્ટ સ્થલપરથી–તે ગ્રંથો પરથી જણાઇ આવે છે.

સં૦ ૧૬૫૮ અમદાવાદ, સં૦ ૧૬૫૯ ખંભાત, સં૦ ૧૬૬૨ સાંગાનેર, સં૦ ૧૬૬૫ આગ્રા, સં૦ ૧૬૬૭ મરોટ, સં૦ ૧૬૬૮ મુલતાન, સં૦ ૧૬૭૨ અને ૧૬૭૩ મેડતા. સં૦

×આ અષ્ટક 'મહાજન વંશ મુક્તાવલિ'–ઉ૦ રામલાલ ગણી. રાંધડી વિદ્યાશાલા બીકાનેરમાંથી તેની પ્રસ્તાવના પૃ૦ ૫–૬ પરથી ઉતારેલું છે. તેમાં વિશેષ જણાવ્યું છે કે "આ વખતે નકાસ (ચિતારા) ઓ તસવીર બાદશાહ અને ગુરૂમહારાજની ઉતારી તે બીકાનેરના ખરતર બડારક શ્રી પૂજ્યજી પાસે મોજૂદ છે. ચિતારાઓ બાદશાહ અકબ્બરની સભામાંથી બાદશાહની પાછળ મુખ્ય ૮ તસવીર વખી છે. બિરબલ, કરમચંદ બછાવત, તથા દાઢા ખાનખા; અને શ્રી ગુરૂ મહારાજના સર્વ સાધુ સમુદાયમાંથી ૮ ચાર સાધુ નામ લખ્યાં છે:–વેપદર્ષ (અર્થ નામ વિવેકહર્ષ) પરમાનંદ, તથા સમયસુંદર." આ ઉપરથી પ્રકટ થાય તો ઘણો પ્રકાશ પડે અને કવિ સમયસુંદરની તસવીર મળી આવે. આવીજ રીતે તપાગચ્છીય હીરવિજય સૂરિની તે વખતની પ્રકટ થયેલ છે (જુઓ સાક્ષર શ્રી જિનવિજયજીએ કૃપારસકોશની લખેલી ભૂમિકા સાથે પ્રકટ કરેલ છબી. તેમાં પણ અકબ્બર સાથે ત્રણ અમીરાદિ, અને હીરવિજય સાથે ત્રણ જૈન સાધુઓ છે. આ અને ઉપરની છબી જૈન એક તો નથી એમ શંકા રહે છે. વળી આ અષ્ટક જૈન સંપ્રદાય શિક્ષા (યતિ શ્રી પ્રા ચંદ્રની) માં પૃ૦ ૬૪૯ ની ટિપ્પણીમાં પ્રકટ થયું છે.

૧૬૭૪ માં જિનચંદ્રજીસૂરિ મેડતામાં સ્વર્ગસ્થ થયા ને જિનરાજસૂરિને ૧૬* તેમની ગાદી ત્યાં મળી. સં. ૧૬૭૬ માગશર માસમાં રાણકપુર (સાદડી પાસે) ની જાત્રા કરી. [તે રાણકપુરની જાત્રા વખતે કરેલા સ્તવનમાં તેના મંદિરનું વર્ણન આપ્યું છે કે ચારે દિશાના ૨૪ મંડપ, ચાર ચતુર્મુખ (ચોમુખ) પ્રતિમા, તે દેહરાનું નામ ત્રિભુવન દીપક. ૮૪ દેરી, ભોંયરાં મેવાડ દેશમાં ૯૯ લાખ ખર્ચી પોરવાડ ધરણાકે બંધાવ્યું. ત્યાં ખરતર વસતિ છે ને તે ઉપરાત બીજા પ્રાસાદ છે.] અને તે વર્ષમાં લાહોર ગયા, સં૦ ૧૬૮૧ જેસલમેરમાં હતા. આની પછી સં૦ ૧૬૮૨ માં જેસલમેર પાસેના પાંચ ગાઉ પરના-અસલ રાજધાની લોદ્રવપુરમાં રહેતા૧૭ થેરૂ ભણશાલીએ જેસલમેરથી શત્રુંજય પર જવાનો સંઘ કાઢ્યો.

૧૬*. જિનરાજસૂરિ-(બીજા) પિતા શા ધર્મસી, માતા ધારલદે, ગોત્ર બોહિત્થરો જન્મ સં૦ ૧૬૪૭ વૈ. શુદ. ૭, દીક્ષા બીકાનેરમાં સં૦ ૧૬૫૬ ના માગશીર્ષ શુદિ, ૩, દીક્ષાનામ રાજસમુદ્ર, વાચક (ઉપાધ્યાય) પદ સં૦ ૧૬૬૮, અને સૂરિપદ મેડતામાં સં૦ ૧૬૭૪ ના ફાગણ શુદ ૭ ને દિને થયું. તે મહોત્સવ ત્યાંના ચોપડા ગોત્રિયસાહ આસકરણે કર્યો. તેમણે ઘણી પ્રતિષ્ઠાઓ કરી-દાખલા તરીકે સં૦ ૧૬૭૫ ના વૈશાખ શુદિ ૧૩ શુક્રે શત્રુંજય ઉપર અષ્ટમ ઉદ્ધારકારક અમદાવાદના સંઘવી સોમજી શિવજીએ ઋષભ અને બીજા જિનોની ૫૦૧ મૂર્તિઓ બનાવરાવી તેની પ્રતિષ્ઠા કરી. ભાણવડમાં પાર્શ્વનાથની પ્રતિમાની સ્થાપના કરી હતી. સં૦ ૧૬૭૭ જેઠ વદિ ૫ ગુરુવારે જહાંગીરના રાજ્યમાં અને શાહજાદા શાહજહાના સમયમાં ઉક્ત આસકરણે બનાવેલા મખ્માણી (સંગેમર્મર) ના પથ્થરના સુંદર વિહાર (મંદિર) માં મેડતામાં શાંતિનાથની મૂર્તિની પ્રતિષ્ઠા કરી. એવું કહેવાય છે કે તેમને અંબિકા દેવીએ વર આપ્યો હતો. તેઓ પાટણમાં સં૦ ૧૬૯૯ ના આષાઢ શુદિ ૯ ને દિને સ્વર્ગસ્થ થયા. તેમણે નૈષધીય કાવ્યપર જૈનરાજી નામની વૃત્તિ રચી છે અને બીજા ગ્રંથો રચ્યા છે. તેમના કહેવાથી અતિસારે ધન્ય શાલિભદ્રનો રાસ સં૦ ૧૬૯૮ આસો વદિ ૬ ને દિને ખંભાતમાં રચ્યો છે.

૧૭. થેરૂ ભણશાલી સંબંધી એવું કહેવાય છે કે તે લોદ્રવપુર (હાલનું લોધરા) માં ઘીનો વેપાર કરતો હતો. એક ઘીનું પાત્ર લઇ ભડવારણ વેચવા આવી, તેની નીચે હરીવેલ હતી. આથી તે પાત્ર નીચેની ઇંઢોણી સાથે હતી, તે ઇંઢોણી લઇને થેરૂશાહે ફેંકી દીધી, પછી તેમાંથી તે વેલ લઈ તેના પ્રતાપે અખૂટ ઘીથી અઢળક સંપત્તિ તેણે પ્રાપ્ત કરી. આ વાત તેણે જિનસિંહસૂરિને કહી. ગુરુએ સુકૃતાર્થ કરવા કહ્યું ત્યારે થેરૂએ ત્યાં થઇ ગયેલા ધીરરાજ (ધીરજી બાટી) એ સં૦ ૧૬૯૬ પછી બંધાવેલા લોધરામાંના સહસ્ત્રફણા પાર્શ્વનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો, તેમાં વિશાલપ્રતિમા સ્થાપન કરી અને પોતાની બે પત્ની તથા બે પુત્રના કલ્યાણાર્થે ચાર બાજુએ ચાર દેવકુલિકાઓ બંધાવી આની પ્રતિષ્ઠા નૈષધકાવ્ય ઉપર જૈનરાજ નામની ટીકાના કર્ત્તા મહા વિદ્વાન્ આચાર્ય જિનરાજસૂરિએ સં૦ ૧૬૭૫ માં કરેલી છે. વિશેષમાં થેરૂશાહે જ્ઞાનભંડાર કરાવ્યા અને નવરત્નોનાં જિનબિંબ કરાવ્યાં. ક્રોડો રૂપીઆ ખર્ચ્યા. ત્યાર પછી શત્રુંજયનો સંઘ સં૦ ૧૬૮૨ માં કાઢ્યો. આની પહેલાં બાદશાહ અકબ્બરે થેરૂશાહને દિલ્હી બોલાવી ઘણું માન આપ્યું. થેરૂશાહે નવ હાથી પાંચસે ઘોડા નજર કર્યા ત્યારે બાદશાહે ' રાયજાદા ' નો ખિતાબ બક્ષ્યો. આથી આની ઓલાદ ' રાયભણશાલી ' કહેવાય છે. આમામાં મોટું જિનમંદિર કરાવ્યું કે

આમાં શ્રી જિનરાજસૂરિપ્રમુખ અનેક આચાર્ય સાથે હતા અને સમયસુંદર ઉપાધ્યાય પણ આ સંઘમાં ગયા હતા. આ સંઘ શત્રુંજયની યાત્રા કરી આવ્યો–સં૦ ૧૬૮૨. પછી સમયસુંદર ૧૬૮૨ માં નાગોર આવ્યા, કે જ્યાં શત્રુંજય રાસ રચ્યો. ત્યાંથી સં૦ ૧૬૮૩ મેડતામાં, સં૦ ૧૬૮૫ લૂણકર્ણસર, સં૦ ૧૬૮૭ પાટણ. આ વર્ષમાં ભારે દુકાળ પડયો હતો કે જેનું વર્ણન તેમણે ચંપક ચોપાઇમાં કર્યું છે. સં. ૧૬૯૧ ખંભાત, સં૦ ૧૬૯૪ અને ૧૬૯૫ જાલોર, સં૦ ૧૬૯૬ અમદાવાદ, સં૦ ૧૬૯૮ અહમદપુર (અમદાવાદ); એ રીતે એ સ્થલોએ આપણા કવિએ અચૂક નિવાસ કર્યો હતો.

આ ઉપરાંત સમેતશિખર (જેને હાલ પારસનાથદિલ કહે છે), ચંપા, પાવાપુરી, પ્રયોધી (મારવાડ), નાદોલ, બીકાનેર, આબુ, શંખેશ્વર, છરાવલા, ગોડી, વરકાણા, અંતરીક્ષ પાર્શ્વનાથ, તેમ જ ગિરનાર વગેરે અનેક જૈન તીર્થોની જાત્રા કરી હતી. ૧૭* જેસલમેરમાં પોતે ઘણાં વર્ષો ગાળ્યાં લાગે છે.

જે હાલ મોજૂદ છે. ભણશાલી એ મૂળ નામ એ રીતે પડયું કે લોદ્રપુરના યદુવંશી ધીરાજી ભાટી રાજાના પુત્ર સગરની માતાને બ્રહ્મરાક્ષસ લાગ્યો હતો તેને સં૦ ૧૧૯૬ માં ખરતર ગચ્છના ચમત્કારી આચાર્ય જિનદત્તસૂરીએ કાઢયો તેથી રાજા કુટુંબ સહિત જૈન થયો અને તેના પર આચાર્યે જૈનત્વની ક્રિયારૂપે ભંડશાલમાં વાસક્ષેપ કર્યો તેથી તેનું ગોત્ર ભંડશાલી (ભણશાલી) સ્થાપિત થયું, અને તેના આ વંશજ થેરૂશાહ થયા. આ રીતે મૂલ ભણશાલી જૈન હતા. જુઓ મહાજન વંશ મુક્તાવલિ ૨૯–૩૦.

૧૭* જેસલમેર–આનો કિલ્લો રાજસ્થાનમાં પ્રસિદ્ધ છે. યદુવંશી ભટ્ટી મહારાઉલોએ લોદ્રપુરથી આવી સં૦ ૧૨૧૨ માં બાંધ્યો. ખરતર ગચ્છના શ્વેતામ્બરી સાધુઓનો આ પ્રબલ નિવાસરૂપ હતો. જિનરાજ, જિનવર્ધન, જિનભદ્ર આદિ સૂરિયોએ અનેક જૈન દેવાલયોની પ્રતિષ્ઠા કરી છે. કિલ્લા પર આઠ જૈન મંદિર છે; તે પૈકી મુખ્ય ચિંતામણી પાર્શ્વનાથનું છે–સં૦ ૧૪૫૮ માં જિનરાજસૂરિના આદેશથી તેનાં ગર્ભગૃહમાં સાગરચંદ્રસૂરીએ પ્રતિમા સ્થાપિત કરી, અને સં૦ ૧૪૭૩ માં રાવલ લક્ષ્મણસિંહના સમયે સંપૂર્ણ થયું. તે રાજાના નામપરથી તેનું નામ લક્ષ્મણવિહાર રાખ્યું ને તેમાં જિનવર્ધનસૂરિએ પ્રતિષ્ઠા કરી. તેમાંની ચિંતામણી પાર્શ્વનાથની મૂર્તિ ભટ્ટીઓની પ્રાચીન રાજધાની લોદ્રપુરથી આણેલી વેલુની હોઇ પ્રાચીન છે. બીજું મંદિર સંભવનાથનું સં૦ ૧૪૯૪ માં જિનભદ્રસૂરિના ઉપદેશથી આરંભાયેલું તે ૧૪૯૭ માં પૂરૂં થયું ને તેમાં સૂરિએ પ્રતિષ્ઠા કરી. તે વખતે ૩૦૦ મૂર્ત્તિની પ્રતિષ્ઠા થઇ. આ મંદિરની નીચે જ્ઞાનભંડાર વાસ્તે ભોંયરૂં બંધાવ્યું. તેમાં ભંડાર રાખ્યો, જે હજુ વિદ્યમાન છે. તેમાં ૧૦ મીથી ૧૫ વિક્રમ સદીનાં લખાએલાં તાડપત્રનાં પ્રાચીન દુર્લભ પુસ્તકો મોજુદ છે. બીજાં મંદિરો–આદીશ્વર, શાંતિ, ચંદ્રપ્રભ, મહાવીર વગેરેનાં વિક્રમના સોળમા શતકના પૂર્વાર્દ્ધમાં નજીક નજીક ત્યાં બંધાવેલાં છે. આ તથા સર્વ બીજાં મંદિરોમાં કુલ મળી આશરે ૭૦૦૦ જિનબિંબો છે. વળી બધાં મળી ૬ જ્ઞાનભંડારો છે. ત્યાંના ભંડારોની પુસ્તકસૂચિ સદ્‌ગત સાક્ષર ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલે મહા શ્રમ લઇ કરેલી તે ગાયકવાડ સરકારે હમણાં બહાર પાડી છે. જોધપુર બિકાનેર રેલ્વેમાં બાડમેર સ્ટેશનથી જેસલમેર ૯૨ માઇલ છે. તપાગચ્છે ૧૯ મી સદીમાં પ્રવેશ કર્યો ને

જૈનોનાં ભારતવર્ષમાં તેમના તીર્થંકરોની જન્મભૂમિ, દીક્ષાભૂમિ, કેવલજ્ઞાનભૂમિ, નિર્વાણભૂમિ તરીકેનાં તીર્થો અનેક છે. તેમાં મુખ્ય શત્રુંજય, ગિરનાર, સમ્મેત-શિખરાદિ છે. તે સર્વની યાત્રા દરેક ચુસ્ત જૈનને માટે આવશ્યક ગણાય. આ કવિએ રચેલ 'તીર્થમાલા સ્તવન' પરથી જણાય છે કે તેમાં લખેલ અષ્ટાપદ અને નંદીશ્વર એ શાસ્ત્રોક્ત તીર્થ સિવાય બધાંય તીર્થની યાત્રા તેમણે કરી હતી. તે સ્તવન નીચે પ્રમાણે છે:-

૧૮ શત્રુંજે ઋષભ સમોસર્યા ભલા ગુણ ભર્યારે, સિદ્ધા સાધુ અનંત, તીરથ તે નમુંરે,
તીન કલ્યાણક તિહાં રયાં, મુગતે ગયારે, નેમિશ્વર ગિરનાર, તીરથ તે નમુંરે ૧

અષ્ટાપદ એક દેહરો, ગિરિસેહરોરે, ભરતે ભરાવ્યાં બિંબ-તી૦
આબુ ચૌમુખ અતિ ભલો, ત્રિભુવનતિલોરે, વિમલ વસઇ વરતુપાલ. ૨

સમેતશિખર સોહામણો, રલિયામણોરે, સિદ્ધા તીર્થંકર વીશ,
નયરી ચંપા નિરખીયે, હૈયે હરખીયેરે, સિદ્ધા શ્રી વાસુપૂજ્ય. ૩

પૂર્વ દિશે પાવાપુરી, ઋદ્ધિ ભરીરે, મુક્તિ ગયા મહાવીર.
જેસલમેર જુહારીયે, દુઃખ વારીયેરે, અરિહંત બિંબ અનેક. ૪

બિકાનેર જ વંદીયે, ચિર નંદીયેરે, અરિહંત દેહરાં આઠ.
સેરિસરો સંખેશ્વરો, પંચાસરોરે, ફલોધી થંભણ પાસ. ૫

અંતરિક્ષ અંજનવરો, અમીઝરોરે, જીરાવલો એ જગનાથ.
'ત્રૈલોક્ય દીપક' દેહરો, જાત્રા કરોરે, રાણપુરે રિસહેસ. ૬

શ્રી નાડુલાઇ જાદવો, ગોડી સ્તવોરે, શ્રી વરકાણો પાસ,
નંદીશ્વરનાં દેહરાં, બાવન ભલારે, રૂચકકુંડલે ચાર ચાર. ૭

શાશ્વતી આશાશ્વતી, પ્રતિમા છતીરે, સ્વર્ગ મૃત્યુ પાતાલ,
તીરથ યાત્રા ફલ તિહાં, હોજ્યો મુજ ઇહાંરે, સમયસુંદર કહે ગોમ. ૮

મહાકષ્ટે ૧૮૬૯ માં કોટની નીચે તેમના તરફથી શિખરબંધ દહેરું બંધાયું. દહેરાં સંબંધી વિગત જિનસુખસૂરિએ જેસલમેર ચૈત્ય પરિપાટી બનાવેલ છે તેમાં મળે છે. (જુઓ પ્રાચીન તીર્થમાલા સંગ્રહ પૃ૦ ૧૪૬.)

૧૮. શત્રુંજય-પાલીતાણા કાઠીયાવાડમાં-આવેલો પવિત્ર ગિરિ. ગિરનાર-જુનાગઢમાં. આબુ કે જ્યાં વિમલ મંત્રીએ અને વરતુપાલ મંત્રીએ મહાન્ કારીગરીનાં અદ્‌ભુત જૈન દેવાલયો બંધાવેલાં છે. સમેતશિખર કે જ્યાં ૨૪ તીર્થંકરો પૈકી ૨૦ મુક્તિ પામ્યા છે-કલકત્તાથી જવાય છે.

ચંપા એ વાસુપૂજ્યની નિર્વાણભૂમિ. પાવાપુરી-મહાવીરની નિર્વાણભૂમિ. જેસલમેર-બીકાનેર પ્રસિદ્ધ છે.

સેરીસરો, સેરિસા-કલ્લોલ પાસે. આ તીર્થનો હમણાંજ ઉદ્ધાર કરવામાં આવ્યો છે.

શંખેશ્વર પાર્શ્વનાથ-પાટણથી ૨૦ ગાઉ દૂર. પંચાસરો પાર્શ્વનાથ પાટણમાં વનરાજ ચાવડાએ સ્થાપેલ.

ફલોધી-મેડતારોડ સ્ટેશનથી ૫ા ગાઉ. સં. ૧૧૮૧ માં પાર્શ્વનાથની પ્રતિમા સ્થપાએલી છે. વિ. ઇ. ૨૧.

શિષ્યપરંપરા.

હર્ષનંદન નામના એક વિદ્વાન્ શિષ્ય તેમને હતા. તે શિષ્યે સં૦ ૧૬૭૩ માં 'મધ્યાહ્ન વ્યાખ્યાન પદ્ધતિ' તથા બીજો ગ્રંથ નામે 'ઋષિમંડલ સ્તવ' (મહર્ષિ સ્તવ) ગાથા ૨૭૧ નું,-તેના પર ૪૨૦૦ શ્લોકની ટીકા રચેલ હતી. ખરતર ગચ્છમાં લબ્ધાચાર્યીય નામનો આદ્યમો ગચ્છભેદ અ૦ જિનસાગરસૂરિએ સં૦ ૧૬૮૬ માં કર્યો હતો તે ગચ્છને હર્ષનંદને ઘણો વધાર્યો. વિશેષમાં હર્ષનંદને, તથા અ૦ સુમતિદત્તોલ એ બંનેએ મળીને તૃતીય જૈન આગમ નામે સ્થાનાંગ પરની વૃત્તિમાંની ગાથાઓપર શ્લોક ૧૩૬૦૪ ની વૃત્તિ રચી હતી.

સમયસુંદરના શિષ્યના શિષ્ય નામે હર્ષકુશલ ગણિ (ઉપાધ્યાય) હતા કે જેણે સમયસુંદરની બાપાકૃતિ નામે ધનદત્તની ચોપઇ પોતે સંશોધિત કરી હતી.

સમયસુંદરની શિષ્યપરંપરા અખંડપણે સં૦ ૧૮૨૨ સુધી તો ચાલી આવેલી હતી એ વાત સિદ્ધ છે. સં૦ ૧૮૨૨ ના માગશર શુદિ ૪ ના દિવસે તેમની શિષ્યપરંપરામાંના આલમચંદે 'સમ્યક્ત્વ કૌમુદી ચતુઃપદી' એ નામની પદ્યકૃતિ મક્ષુદાબાદમાં બનાવેલ છે તેમાં પોતાની પ્રશસ્તિ આપતાં જણાવે છે કે:-

યુગવર શ્રી જિનચંદ સૂરીંદા, ખરતર ગચ્છ દિણુંદાજી.
રીહડ ગોત્ર પ્રસિદ્ધ કહંદા સદ્ગુરુ સુજસ લહંદાજી.
પ્રથમ શિષ્ય તસુ મહા વૈરાગી નિજુ મમતા સહુ ત્યાગીજી.
સકલચંદજી સકલ સોભાગી સમતા ચિત્તસું જાગીજી.
તાસુ સીસ પરગટ જગમાંહી સહૂ કોઇ ચિત્ત ચાહેજી.
પાઠક પદવીધર ઉચ્છાહું સમયસુંદરજી કહાવેજી.
તાસુ પરંપરમે સુવિચારી ભયે વાચક પદ ધારીજી.
કુશલચંદજી બહૂ હિતકારી તાસુ શિષ્ય સુખકારી જી.
સદ્ગુરુ આસકરજી સુહાયા જગમે સુજસ ઉપાયાજી.
તાસુ શિષ્ય આલમચંદ કહાયા એ અધિકાર બણાયાજી.

આ રીતે સમયસુંદરની શિષ્યપરંપરામાં કુશલચંદ ઉપાધ્યાય થયા, તેના શિષ્ય આસકરણજી અને તેના શિષ્ય આલમચંદ.

થંભણ—સ્થંભનક પાર્શ્વનાથ. હાલ ખંભાતમાં. તેની પ્રતિમા અભયદેવસૂરિના સમયમાં પ્રકટેલી.

અંતરિક્ષ પાર્શ્વનાથ—આકોલાથી લગભગ ૨૦ ગાઉ દૂર.

અજાવરો (અજાહરો) પાર્શ્વનાથ-કાઠિયાવાડના ઉના ગામ પાસે.

અમીઝરો પાર્શ્વનાથ—ઝુઆમાં (પાલણપુર તાલુકો.)

જીરાવલા પાર્શ્વનાથ (મારવાડ). નાણલાઇ—મારવાડમાં. ગોડી પાર્શ્વનાથ-પાટકરમાં. વરકાણા પાર્શ્વનાથ-મારવાડમાં.

સંસ્કૃત ભાષામાં કૃતિઓ.

કવિ એક સમર્થ વિદ્વાન્, ટીકાકાર, સંગ્રહકાર, શબ્દશાસ્ત્રી, છંદશાસ્ત્રી અને અનેક ગ્રંથોના અવલોકનકાર અને અવગાહનાર હતા એ તેમના નીચેના ગ્રંથોપરથી જણાઇ આવે છે. આ ગ્રંથો ગૂર્જર ભાષા સિવાયના છેઃ—

ભાવશતક—શ્લોક ૧૦૧ સં૰ ૧૬૪૧.

રૂપકમાલા પર વૃત્તિ—શ્લો૰ ૪૦૦, સં૰ ૧૬૧૩ આ વૃત્તિ કવિના પ્રગુરુ ઉક્ત જિનચંદ્ર સૂરિના શિષ્ય રત્નનિધાન ગણીએ શોધી હતી.

કાલિકાચાર્ય કથા (સંસ્કૃત) સં૰ ૧૬૬૬.

સામાચારી શતક સં૰ ૧૬૭૨ મેડતામાં.

વિશેષ શતક (પત્ર ૬૭) સં૰ ૧૬૭૨ મેડતામાં, આનો ઉલ્લેખ કર્ત્તાએ પોતાની ગાથાસહસ્રીમાં કર્યો છે. રચ્યા દિન પાર્શ્વજન્મ દિને.

વિચાર શતક (પત્ર ૪૫) સં૰ ૧૬૭૪.

૧૯અષ્ટલક્ષી સં૰ ૧૬૪૬ (રસ જલધિરાગ ગેાસમેતે) લાહેાર. આ **राजानो ददते सौख्यम्**—એ રીતના વાક્યના આઠ લાખ અર્થોવાળેા ગ્રંથ છે. આનું બીજું નામ અર્થરત્નાવલિ છે. તે લાભપુર (લાહેાર) માં પૂર્ણ કર્યો. (પી. રી. ૪ યે૰. પૃ. ૬૮–૭૩).

આ અષ્ટલક્ષી ગ્રંથ કવિએ સં૰ ૧૬૪૯ પહેલાં શરૂ કરી તે વર્ષમાં એક પુસ્તકના પ્રમાણેા કરી નાંખ્યેા હેાવેા જોઇએ એમ જણાય છે. એટલું જ નહિ પણ તે વર્ષમાં શ્રી અકબર બાદશાહે ખુદ રાજસભામાં વાંચી સાંભળી આ પુસ્તક સ્વહસ્તે લઇ કવિના હાથમાં આપી તે રીતે પ્રમાણ-ભૂત કર્યો એવું પોતે આ ગ્રંથમાં જ જણાવે છેઃ—

संवति १६४९ प्रमिते श्रावण शुक्ल १३ दिने सन्ध्यायां कश्मीरदेशविजयमुद्दिश्य श्री राजश्री रामदासवाटिकायां कृतप्रथमप्रयाणेन श्री अकब्बरपातशाहिना जलालदीनेन अतिजात साहिजाने श्री सिलेम सुरत्राण सामंतमंडलिकराजराजिविराजितराजसभायां अनेकवैयाकरणतार्किकविद्वत्तमभट्टसमक्षं अस्मद् गुरुवरान. युगप्रधानखरतर-भट्टारकश्रीजिनचन्द्रसूरीश्वरान् आचार्य

---

૧૯. આમાં પહેલા એક શ્લોકમાં સૂર્યદેવની સ્તુતિ કરી છે. તે ખાસ ધ્યાન ખેંચે છે. ત્યારપછી બીજા શ્લોકમાં બ્રાહ્મી-સરસ્વતીની સ્તુતિ કરી જણાવે છે કે 'राज्ञो ददते सौख्यम्' એ શ્લોકના એક પાદના મેં નિર્જીવિની વૃદ્ધિ નિમિત્તે અર્થો કર્યા છે તેમાં તે પાદમાંના 'राज्ञ' નો અર્થ સૂર્ય પણ થાય છે એમ જણાવી સૂર્યદેવનાં નામો આપે છેઃ—

सावित्री भविता राजा विश्वजो विघृणो विराट् ।
सप्तार्चिः सप्ततुरगः सप्तालोकनमस्कृतः ॥

એમ સ્કંદપુરાણમાં શ્રી સૂર્યસહસ્ર નામમાં જણાવ્યું છે તેથી રાજ્ઞ એટલે શ્રી સૂર્ય, નઃ એટલે અમને સૌખ્ય આપે છે.

આમ જૂદા જૂદા અર્થો દરેક શબ્દોના મૂકી આખા વાક્યનેા અર્થ કરી, સર્વ મળી આઠ લાખ અર્થ કર્યા છે તે જણાવી છેવટે પોતાની પ્રશસ્તિ આપે છે.

श्रीजिनसिंहसूरिप्रमुखकृतमुखसुमुखशिष्यव्रातपरिकरान् अत्तमानसन्मानबहुदानपूर्वं समाहूयायमष्टलक्षार्थी ग्रन्थो मत्पार्श्वाद् वाचयांचक्रेऽवक्रेण चेतसा। ततस्तदर्थश्रवणसमुत्पन्नप्रभूतनूतनप्रमोदातिरेकेण संजातचित्तचमत्कारेण बहुप्रकारेण श्रीसाहिना बहुप्रशंसापूर्वं 'पढ्यतां सर्वत्र विस्तार्यतां सिद्धिरस्तु' इत्युक्त्वा च स्वहस्तेन गृहीत्वा एतत् पुस्तकं मम हस्ते दत्वा प्रमाणीकृताऽयं ग्रन्थः। अतः सोपयोगित्वात् श्रीसाहिनापि समुद्दिश्यार्थमाह-राजा श्री अकब्बरः नोऽस्मभ्यं सौख्यं सुखं ददते प्रजानामिति।

એટલે—સંવત્ ૧૬૬૩ ના શ્રાવણ સુદ ૧૩ દિને સાંજે કાશ્મિર દેશપર વિજય કર્યો તે નિમિત્તે શ્રીરાજ શ્રી રામદાસ (આ રામદાસ તે જણાય છે કે જેણે સં૦ ૧૬૫૨ માં સેતુબંધ (રાવણવહો) ની ટીકા રચી છે અને જેને માટે પ્રાજ્યભટ્ટની (રાજતરંગિણીમાં વિશેષ ઉલ્લેખ મળી આવે છે) વાહીમાં શ્રી અકબર બાદશાહ-જલાલદીને પ્રથમ પ્રયાણ કરી અતિ બાનદાન શાહજાદા શ્રી સલીમ (પાછળથી જહાંગીર બાદશાહ) સુલતાન સામંત મંડલિક રાજાઓથી વિરાજિત રાજસભામાં અનેક વ્યાકરણીઓ તાર્કિક વિદ્વત્તમ ભટ્ટ-પંડિત સમક્ષ અમારા ગુરુવર યુગપ્રધાન ભટ્ટારક શ્રી જિનચંદ્ર સૂરીશ્વરને આચાર્ય શ્રી જિનસિંહસૂરિ વગેરે આણેલા શિષ્યસમુદાય સહિતને અતિશય સન્માન આપીને બોલાવી આ અષ્ટલક્ષાર્થી ગ્રંથ મારી પાસે શુદ્ધ ચિત્તથી વંચાવ્યો, ત્યાર પછી તેના શ્રવણથી તેને અતિ નવીન પ્રમોદનો અતિરેક થતાં ચિત્તમાં ચમત્કૃતિ થતાં બહુ પ્રકારે શ્રી બાદશાહે બહુ પ્રશંસા કરી અને 'સર્વત્ર વાંચી આનો વિસ્તાર કરો' એમ કહી સ્વહસ્તે તેને લઈને આ પુસ્તક મારા હાથમાં આપી આ ગ્રંથ પ્રમાણભૂત કર્યો. પછી પોતે જેને અર્થ કરવા ચાહે છે તે પદ લઈ રાજા એટલે બાદશાહ અકબર તે નઃ એટલે આપણને પ્રજાને સૌખ્ય આપે છે. આ ગ્રન્થની અંતે કવિએ 'અકબર ગુણ વર્ણન અષ્ટક' મૂકેલ છે તે ખાસ અવગાહવા યોગ્ય છે.

વિસંવાદક શતક સં૦ ૧૬૮૫. આમાં સૂત્રોઆદિમાં પરસ્પર જે વિરોધ ભાસે છે તે બતાવ્યો છે.

सूत्र प्रकरण टीका प्रबंध संबंध चारु चरितेषु।
ये केऽपि विसंवादा दृष्टा एकीकृता इह ते॥ पी. री. ३ पृ. २९०.

વિશેષ સંગ્રહ સં૦ ૧૬૮૫ લૂણકર્ણસરમાં.

ગાથાસહસ્ત્રી સં૦ ૧૬૮૬ (પી. રી. ૩ પૃ. ૨૮૮).

આમાં જમાલિ આદિ નિન્હવોની આવશ્યક ચૂર્ણિમાંથી ૧૬ ગાથા ટાંકી કહેલ છે કે 'આની વ્યાખ્યા સંબંધ સહિત મારા રચેલ વિશેષ સંગ્રહમાંથી વિદિત થશે.' આમાંની અનેક ગાથાઓ જૈન ઇતિહાસ અને સાહિત્ય માટે ઉપયોગી થાય તેવી છે.

गाथाः कियत्यः प्रकृताः कियत्यः श्लोकाश्च काव्यानि कियंति संति।
नानाविध ग्रंथ विलोकन श्रमादेकीकृता अत्र मया प्रयत्नात्॥

જયતિહુયણ નામના સ્તોત્રપર વૃત્તિ સં૦ ૧૬૮૭ પાટણમાં.

આ રચવામાં શ્રી જિનસિંહ સૂરિના શિષ્ય ઉપાધ્યાય સમયરાજ ગણિએ (બહુવિધૈક ગુરુ-કે જે મારા વિદ્યાગુરુનાજ શિષ્ય થાય) મારા પર અનુગ્રહ કરેલો છે એમ પોતે સ્વીકારે છે.

૨૦ દશવૈકાલિક સૂત્રપર શબ્દાર્થ વૃત્તિ. ટીકા શ્લો. ૩૬૫૦ સં૰ ૧૬૯૧ ખંભાતમાં.
વૃત્તરત્નાકર વૃત્તિ સં૰ ૧૬૯૪ જલોરમાં

૨૧ કલ્પસૂત્રપર કલ્પકલ્પલતા નામની વૃત્તિ શ્લો૰ ૭૭૦૦
નવતત્ત્વપર વૃત્તિ.

વીર ચરિત્ર સ્તવ નામના જિનવલ્લભસૂરિ કૃત સ્તવન પર ૮૦૦ શ્લોકની ટીકા
વીરસ્તવ વૃત્તિ (દુરિતરય સમીર વૃત્તિ)
સંવાદસુંદર ૩૩૩ શ્લો૰
ચાતુર્માસિક વ્યાખ્યાન.
રઘુવંશ વૃત્તિ (પત્ર ૧૪૫).

કવિ કાલિદાસકૃત રઘુવંશ નામનો ગ્રંથ જૈનોમાં સાદિત્ય અર્થે પઢાવવામાં આવતો અને તેથી તેના પર વૃત્તિઓ પણ જૈન સાધુઓએ અનેક કરેલી જોવામાં આવે છે.

આ રીતે સંસ્કૃત ભાષામાં કૃતિઓ તેમણે કરી છે. વૃત્તિ-ટીકા ઉપરાંત અનેક ગ્રંથો સૂત્રો વાંચી તે સર્વેનું દિગ્દર્શન કરાવી તેમાં રહેલા વિસંવાદ શોધી પોતાનું બહુશ્રુતપણું દાખવ્યું છે.

ગૂર્જર ભાષાની પદ્યકૃતિઓ.

૧ ચોવીશી (૨૪ તીર્થંકરનાં સ્તવનો) સં૰ ૧૬૫૮ વિજયાદશમી અમદાવાદમાં. આને કવિએ ' ચતુર્વિંશતિ તીર્થંકરગીતાનિ 'એ નામ આપ્યું છે. આની શુદ્ધ પ્રત આણંદજી કલ્યાણજી હસ્તકના પાલીતાણાના ભંડારમાં છે.

૨ શાંબપ્રદ્યુમ્ન પ્રબંધ રચ્યા-સં૰ ૧૬૫૯ વિજયાદશમી. ખંભાતમાં સ્તંભન પાર્શ્વનાથના પસાયથી.

ભાષામાં મોટા ગ્રંથ રચવાનો આ તેમનો પ્રયાસ છે એમ તે જણાવે છે.

---

૨૦. દશવૈકાલિક—સૂત્ર એ પ્રાચીન સભ્યંભવ સૂરિકૃત જૈનાગમ છે તે પર પ્રસિદ્ધ હરિભદ્ર સૂરિએ ટીકા કરી છે. કર્તા કહે છે તેથી શિષ્યોને અર્થે શીઘ્રબોધ થાય તે હેતુથી સુગમ કરી છે. (મુદ્રિત સં૰ ૧૯૭૫).

૨૧. કલ્પસૂત્ર—એ પણ પ્રાચીન, ભદ્રબાહુકૃત જૈનાગમ છે. આ પરની કર્તાની ટીકા ડૉ૰ જેકૉબી (કે જેણે અંગ્રેજીમાં આ સૂત્રનો અનુવાદ કરેલો છે. જુઓ સેક્રેડ બુક્સ ઓફ ધ ઈસ્ટ) ના કહેવા પ્રમાણે જિનપ્રભમુનિએ કલ્પસૂત્ર પર રચેલી સંદેહવિષૌષધિ નામની ટીકાનો માત્ર સંક્ષિપ્ત સાર-abstract-છે. આ જિનરાજસૂરિ (કે જેનું સૂરિપદ સં૰ ૧૬૭૪થી મારવાડ સં૰ ૧૬૮૬ સુધી રહ્યું)ના રાજ્યમાં ને જિનસાગર સૂરિના યૌવરાજ્યમાં લૂણકર્ણસર ગામમાં આરંભ કરીને તે જ વર્ષમાં જોધપુરિયા પુરમાં પૂર્ણ કરેલ છે. તેથી આ રચના સં૰ ૧૬૭૪ થી ૧૬૮૬ ની વચ્ચમાં કરી છે ને તે દરમ્યાનમાંજ સં૰ ૧૬૮૫ માં પોતે કહ્યા તે વિશેષ સંબંધનાં રચનાકાલ અને સ્થલ પરથી જણાય છે. તેથી આ રચના સં૰ ૧૬૮૫ માં જ પૂર્ણ થયેલી છે.

શક્તિ નહી મુઝ તેહની બુદ્ધિ નહી સુપ્રકાશ
વચનવિલાસ નહી તિરયહ એ પણિ પ્રથમ અભ્યાસ.

કૃષ્ણના કુંવર શાંબ અને પ્રદ્યુમ્ને આખરે નેમીશ્વર પાસે દીક્ષા લીધી અને વિમલગિરિ પર સંલેખના કરી મોક્ષે ગયા. આ બંનેનો અધિકાર આઠમા અંગમાંથી (અંતકૃત દશાંગ–અંતકૃત એટલે તદ્ભવ મુક્ત થનાર–ચરમભવી મહાત્માઓ સંબંધીનું સૂત્ર) લઇ આ પ્રબંધ બે ખંડમાં રચ્યો છે. ગાથા ૫૩૫, ઢાલ ૨૧, શ્લોક ૮૦૦ છે અને તે જેસલમેરના વતની નાનાવિધશાસ્ત્ર વિચાર રસિક લોદા સા૦ સિવરાજની અભ્યર્થનાથી રચેલો છે એવું એક જૂની પ્રતમાં લખેલું છે. સં૦ ૧૬૭૦ થી લખેલી સારી અને જુની પ્રત લીંબડીના ભંડારમાં મોજુદ છે.

૩ દાન શીલ તપ ભાવના સંવાદ. P (અથવા સંવાદ શતક)[૨૨] સં૦ ૧૬૬૨ સાંગાનેરમાં 'પદ્મપ્રભુ સુપસાઉલે'—

જૈનના ધર્મના ચાર પ્રકાર નામે દાન, શીલ, તપ અને ભાવના જણાવ્યા છે–તે દરેક પોતપોતાને વડો માને છે અને એ રીતે ચારે પોતપોતાના ગુણ ગાઇ પોતપોતાથી કેટલા સુખી અને સિદ્ધ થયા તે જણાવી તકરાર કરી આપવડાઇ, વીરની પરિષદ્માં, વીર પ્રભુ પાસે કહે છે ત્યારે છેવટે વીર સમાધાન કરી જણાવે છે કે:—

કો કેહની મ કરો તુમ્હે નિંદા ને અહંકાર
આ આપણું ઠામે રહો સહુકો ભલો સંસાર
તોપણ અધકો ભાવ છે, એકાકી સમરત્થ
દાન શીલ તપ ત્રિણું ભલા, પણ ભાવ વિના અસ્મત્થ.
અંજન આંખે આંજતા, અધિકો આણી રેખ
રજમાંહે તજ કાઢતાં, અધિકો ભાવ વિશેષ.

૪ ચાર પ્રત્યેક બુદ્ધનો રાસ. P માહ સં૦ ૧૬૬૫ જેઠ શુ. ૧૫ આગ્રામાં.

પ્રત્યેક બુદ્ધ થઇ સિદ્ધ થયેલ જૈન કહેલા કરકંડુ, દુર્મુખ, નેમિરાજ અને નગ્ગતિ (નિગ્ગઇ) એ ચાર સંબંધી ચાર ખંડમાં આ રાસ વિભક્ત છે. પ્રત્યેક ખંડ સં૦ ૧૬૬૪ માં પૂર્ણ કર્યો છે પણ દરેકની તીથિ જુદી જુદી છે. ૧ કરકંડુ પરનો સં૦ ૧૬૬૪ ફાગણ સિદ્ધિયોગ બુધવારે. ઢાલ ૧૦, ગાથા ૧૮૭, શ્લોક ૨૫. ૨ દુમુહપર ચૈત્ર વદ ૧૩ શુક્ર. ઢાલ ૮. ૩ નેમિરાજ પર–તીથિ નથી જણાવી ઢાલ ૧૭. ૪ નિગ્ગઇ પરનો માહ સંવત ૧૬૬૫ જેઠ શુદ ૧૫ આગ્રામાં 'વિમલનાથ પસાઉલે' સાન્નિધ્ય 'કુશલસૂરીંદ'; ઢાળ ૯. આ ચારે

આ P ચિન્હ મુદ્રિત થયેલ ગ્રંથ સૂચવે છે.

૨૨. કોઇક પ્રતમાં પાઠાંતર બાસઠ ને બદલે છાસઠ છે. પણ ઘણી પ્રતોમાં બાસઠ છે તેથી તે જ પાઠ યોગ્ય લાગે છે. આ સંવાદને 'સંવાદશતક,' કર્ત્તાએ પોતે એક ઠેકાણે કહેલ છે. પોતાની સીતારામ ચોપાઇમાં એક ઢાલનો રાગ મૂકતાં જણાવ્યું છે કે "રાગ ધન્યાસિરી–સીલ કહે જગિ હું વડું, મુઝ વાત સુણો એક મીઠીરે (કે જે આ સંવાદમાં બીજી ઢાલમાં શીલ કહે છે) એ સંવાદ શતકની બીજી ઢાલ." કુલ ૫ ઢાલ છે અને ૫૦ કડી છે. આ સંવાદ સઝાયમાળા અને રત્નસમુચ્ચયમાં મુદ્રિત થયેલ છે.

ખંડ નાગડ ગોત્રના સંઘનાયક સૂરસાહના આગ્રહથી રચ્યા છે. આખો રાસ અતિ સુંદર અને રસમય છે. મદનરેખા (ભમણુરેહા) સંબંધી આખ્યાન ત્રીજા ખંડમાં અંતર્ગત થાય છે. મુંબઇના શ્રાવક ભીમસી માણેકે આ મુદ્રિત કરેલો છે. ચાર પ્રત્યેક બુદ્ધ પર તિલકાચાર્યકૃત ૨૬૫ પત્રમાં, ૧૧૩૮ શ્લોકમાં, ૬૦૦ શ્લોક અને ૩૫૦ શ્લોકમાં રચાયેલી એમ ચાર પુસ્તકરૂપે કથાઓ જૈન ગ્રંથાવલીમાં નોંધાઈ છે.

૫ પોષધવિધિ સ્તવન. (એક નાની કવિતા) સં૰ ૧૬૬૭ માગશર શુદ ૧૦ ગુરુ. મરોટમાં.

૬ મૃગાવતી ચરિત્ર રાસ-ચોપઈ . સં૰ ૧૬૬૮ મુલતાનમાં.

વત્સદેશની રાજધાની કૌશામ્બીના રાજા શતાનીકની રાણી અને ઉદાયનની માતા મૃગાવતી પતિ પોતાના પુત્રને સગીર મૂકી સ્વર્ગસ્થ થતાં પોતે રાજ્ય ચલાવે છે તે વખતે તેના પર આસક્ત બની અવંતીનો રાજા ચંડપ્રદ્યોત આક્રમણ કરે છે, પણ તેને સમજાવી રાજ્યને દુર્ગઆદિથી પ્રબલ કરી આખરે મહાવીર ભગવાન્ પાસે પોતે દીક્ષા લે છે. આ પ્રમાણે શીલ સાચવી પુત્રહિતાર્થે રાજ્યવ્યવહાર કરી ધર્મ વૈરાગ્ય પામી મુક્તિ મેળવે છે; તે જૈન સતી પર આ સુંદર આખ્યાન છે. જુદી જુદી ગુજરાતી, મરુધરની, સિંધી, પૂર્વની નવી નવી ઢાળોમાં ત્રણ ખંડોમાં આ 'મોહનવેલી' ચોપઇ રચેલી છે. પ્રથમ ખંડમાં ૧૩ ઢાળ, ગાથા ૨૬૬ અને બીજામાં પણ ઢાળ ૧૩, ગાથા ૨૬૬, ત્રીજામાં ઢાલ ૧૨, ગાથા ૨૧૧ છે. મૂળ જેસલમેર નિવાસીને મુલતાનવસતા રીહડ ગોત્રના કરમચંદ શ્રાવક વગેરે માટે મુલતાનમાં કે જ્યાં 'સિંધુ શ્રાવક સદા સોભાગી ગુરુગચ્છ કેરા બહુરાગી' સિંધી શ્રાવકો વસતા હતા ત્યાં રચેલ છે.

આ રચનાની પહેલાં પોતે સાંબપ્રદ્યુમ્નની ચોપઇ રચી હતી એવું આના મંગલાચરણમાં જ જણાવ્યું છે.

૭ કર્મ છત્રીશી-P સં૰ ૧૬૬૮ માહ શુદ ૬ મુલતાનમાં ૩૬ કડીનું કર્મવશ સર્વ જીવ છે એમ જણાવી તે માટેનાં દૃષ્ટાંત આપ્યાં છે. (પ્ર૰ ચૈત્યવંદન સ્તુતિ સ્તવનાદિ સંગ્રહ પુના.)

૮-૧૦ પુણ્ય છત્રીશી (સં૰ ૧૬૬૮ સિદ્ધપુર) શીલ છત્રીશી. અને સંતોષ છત્રીશી } સં૰ ૧૬૬૯ દરેકમાં ૩૬ કડી

૧૧ ક્ષમા છત્રીશી P નાગોરમાં.

(આદરજીવ ક્ષમા ગુણ આદર એથી શરૂ થતું ૩૬ કડીનું પ્રસિદ્ધ કાવ્ય.)

૧૨ સિદ્ધલ સુત પ્રિયમેલક રાસ. [૨૩]સં૰ ૧૬૭૨ મડેતામાં.

---

૨૩ આમાં પ્રાચીન સુભાષિત મૂકેલ છે કે:—

યતઃ-ઘરિ ઘોડો નંઇ પાસો જાય, ઘરિ ઘેણુ ને લૂણઉ થાય,
ઘરિ પત્યંટનેં ધરતી સૂઇ, તિણુરી બાપઘરિ જીવતાનેં રૂઇ.

આની પ્રત મારી પાસે છે. પત્ર ૧૧. પંક્તિ ૧૩. બીજી પ્રતો ઘોરાડીના સર્વત્ર મહાવીર ભંડાર, તેમજ ગારીયાધરના, પાલણપુરના ભંડારોમાં છે.

દાન વિષય ઉપર આ આખ્યાન છે. સાધુને દાન દેવાથી સિંહલસુત સિંહલસિંહ કેવાં સુખ પામે છે તે અને તેમાં પ્રિયમેલક નામના તીર્થનું માહાત્મ્ય જણાવી તે ઉત્તમ શ્રાવક તરીકે ધર્મના ઘણાં કામ કરે છે અને સમાધી મૃત્યુ પામી સુરપદવી લહે છે એ બતાવ્યું છે. ઢાલ ૧૦ છે. આ પોતાની સ્વકલ્પિત કથા લાગે છે.

૧૩ નલદમયંતી રાસ. સં૦ ૧૬૭૩ વસંત માસમાં મેડતામાં.

કવિ પ્રેમાનંદે નલાખ્યાન રચ્યું છે, તેની પહેલાના સૈકામાં કવિ સમયસુંદરે જૈન કથામાં નિરૂપેલું નલદમયંતી ચરિત્ર પરથી ભાષામાં આ રસમય રાસ રચ્યો છે. [૨૪]તિલકાચાર્ય કૃત દશવૈકાલિક વૃત્તિ અને પાંડવ નેમિ ચરિતમાંથી અધિકાર ઉદ્ધરી ' કવિયણ કેરી કિહાં કણિ ચાતુરી ' કેળવી છ ખંડમાં, સર્વ ગાથા ૬૧૩, શ્લોક સંખ્યા ૧૩૫૦, અને ઢાલ ૩૮ માં રચના કરી છે, આની પ્રત મુંબઇની મોહનલાલજી સેંટ્રલ લાયબ્રેરીમાં; આણંદજી કલ્યાણજીના પાલીતાણાના ભંડારમાં, લીંબડીના ભંડાર વગેરે સ્થળે વિદ્યમાન છે.

૧૪. પુણ્યસાર ચરિત્ર. સં૦ ૧૬૭૩ આની પ્રત મને પ્રાપ્ત થયેલ નથી.

૧૫. રાણકપુર સ્તવન સં૦ ૧૬૭૬ માગશર, રાણકપુરમાં.

મારવાડમાં સાદડી પાસે રાણકપુરમાં સોમસુંદરસૂરિથી પ્રતિષ્ઠત થયેલું ૯૯ લાખ ખર્ચી ધનાશા પોરવાડે સં૦ ૧૪૬૧ માં બંધાવેલું અતિ ઉત્તમ અને શિલ્પકારીગરીથી ભરપૂર અનેક સ્તંભોવાળું ' ત્રિભુવનદીપક ' નામનું મંદિર વિરાજે છે. તેની કવિએ જાત્રા કરી તેના ટુંક વર્ણન રૂપે આ સ્તવન રચ્યું છે. ચારે દિશાના ૨૪ મંડપ, ચાર ચતુર્મુખ (ચોમુખ) પ્રતિમા, ૮૪ દેરી, ભોંયરાં. ત્યાં ખરતર વસતિ-દેહરૂં છે.

૧૬. વલ્કલચીરી રાસ. સં૦ ૧૬૮૧ જેસલમેરમાં.

ઉપરોક્ત જેસલમેરી કર્મચંદ મુલતાનમાં વસતો હતો તેના આગ્રહથી આ પણ રાસ રચ્યો છે. આની પ્રત પ્રવર્તક શ્રી કાન્તિવિજયજીના વડોદરાના ભંડારમાં છે અને લીંબડીના ભંડારમાં છે.

૧૬અ. એકાદશી (મૌન એકાદશી) નું વૃદ્ધ (મોટું) સ્તવન.P સં૦ ૧૬૮૧ જેસલમેર પ્ર. રત્નસમુચ્ચય પૃ. ૧૭૨-૩.

૧૭. વસ્તુપાલ તેજપાલનો રાસ. સં૦ ૧૬૮૨ (પાઠાં ૧૬૮૬) તિયરી પુરમાં.

આ એક બાહુ ટૂંકી કૃતિ છે. આમાં વસ્તુપાલ અને તેજપાલ જે ગૂર્જરરાજ વીરધવ-

---

૨૪. તિલકાચાર્ય–શ્રી ચંદ્રપ્રભ–ધર્મઘોષ–ચક્રેશ્વરસૂરિ–શિવપ્રભસૂરિ અને તેના શિષ્ય. તેમણે આવશ્યક સૂત્ર લઘુવૃત્તિ ૧૦૬૫૦ શ્લોકમાં સં. ૧૨૯૬ માં, ચૈત્યવંદના વંદનક પ્રત્યાખ્યાનવૃત્તિ શ્લો. ૫૫૦, શ્રાવકપ્રતિક્રમણ સૂત્રવૃત્તિ શ્લો. ૨૦૦, સાધુપ્રતિક્રમણવૃત્તિ શ્લો. ૨૯૬, ઉક્ત દશ વૈકાલિક સૂત્રવૃત્તિ શ્લોક ૭૦૦૦, સં. ૧૩૪૬ માં જીતકલ્પવૃત્તિ શ્લો. ૧૭૦૦, સં. ૧૨૭૪ માં, શ્રાદ્ધજીતકલ્પ મૂળગાથા ૩૬ અને તેના પર સ્વોપજ્ઞવૃત્તિ શ્લો. ૧૧૫, પૌર્ણમિક સામાચારી શ્લો. ૨૫૦૦, નેમિનાથ ચરિત્ર શ્લો. ૩૫૦૦ અને પ્રત્યેક બુદ્ધ ચતુષ્ટય કથા રચેલ છે. આ પૈકી છેલ્લો ગ્રંથ પણ કવચે ચાર પ્રત્યેક બુદ્ધનો રાસ રચતાં કદાચ જોયો હોય.

લના પ્રખ્યાત શૂરવીર જૈન મંત્રીઓ થયા તેમણે જે દેવળ કર્યા તેનો તથા બીજાં ધર્મકાર્યો કર્યાં તેનો ટુંક અહેવાલ છે. આની પ્રત મેં લખી લીધેલી છે. એક પ્રત ફાર્બસ સભા પાસે છે.

૧૮. શત્રુંજય રાસ. P. સં૦ સં૦ ૧૬૮૨ (પાઠાં ૧૬૮૬)[૨૫]નાગોરમાં શ્રાવણ વદમાં. આ રાસ ટૂંકો છે. તેમાં લખ્યું છે કે સં૦ ૪૭૭ માં ધનેશ્વરસૂરિએ શત્રુંજયમાહાત્મ્ય નામનો ગ્રંથ શિલાદિત્ય પાસે હજુર કર્યો (આ એક દંતકથા છે) તેનો કંઈક આધાર આમાં લીધેા છે. આમાં પહેલી ઢાલમાં શત્રુંજયનાં ૨૧ નામ, પછી તેનું પ્રમાણ; બીજી ઢાલમાં ત્યાં સિદ્ધ થયેલાનાં નામ, ત્રીજી તથા ચોથી ઢાલમાં ઉધ્ધાર વર્ણવેલાં છે. પછી માહાત્મ્ય બતાવી પાંચમી ઢાલમાં ત્યાં પાપનું આલેાયણ (આલેાચના) કરતાં છુટકેા થાય છે એ બતાવી છઠી ઢાલમાં ત્યાંના દેવળોનું ટુંક વર્ણન કરી–ચૈત્ય પ્રવાડિ વર્ણવી જણાવે છે કે—

ચૈત્ય પ્રવાડિ ધણુ પર કરીએ, સીધાં વંછિત કામ.
જાત્રા કરી શેત્રુંજ તણીએ, સફલ કિયેા અવતાર
કુશલ ક્ષેમશું આવિયેાએ, સંઘ સહુ પરિવાર—

આ રીતે સંઘ સાથે પોતે જાત્રા કરી કુશલક્ષેમ આવ્યા ને ત્યાર પછી સં. ૧૬૮૨ માં નાગોરમાં આ રાસની રચના કરી. તો આ સંઘ કયેા તે અંદર જણાવેલ સોમજીશાહ-

વંશ પેારવાડે પરગડેા એ સેામસી[૨૬] સાહ મલાર
રૂપજી સંઘવી કરાવીએા એ, ચૌમુખ મૂલ ઉદ્ધાર

નેા સંઘ કદાચ હેાય એવી કલ્પના થવા સંભવ છે. કારણ કે તે અમદાવાદના શેઠ સેામજી સવાઇએ સં૦ ૧૬૭૫ માં આ ચૌમુખની ટોંક બંધાવી. તેમાંના બહારના ભાગને ખરતરવ-સહિ અને અંદરના ભાગને ચૌમુખ-વસહિ કહે છે. મીરાતે–અહમદી કહે છે કે આ મંદિર બંધાવવામાં ૫૮ લાખ રૂપીઆ લાગ્યા હતા.

(રત્નસમુચ્ચયમાં પૃ. ૨૭૦ થી ૨૮૦ ને પાને પ્રસિદ્ધ થયેલ છે. છેલ્લી પ્રશસ્તિ આમાં છે તેથી વધારે ૧૯ મી કડી પછી ત્રણ કડી બીજી પ્રતમાં વિશેષ છે. તેમાં જણાવેલ છે કે આ રાસ શત્રુંજય માહાત્મ્ય સાંભળી તે અનુસાર રચ્યેા છે અને તે જેસલમેરથી જાણ્યાથી ત્યારે શત્રુંજયનેા સંઘ કાઢયેા હતેા, તેા આ ત્યારનેા સંઘજ ઉપર જણાવેલ કુશલક્ષેમથી આવેલ સંઘ હેાવાનું સ્પષ્ટ પ્રતીત થાય છે.)

૧૯ સીતારામ પ્રબંધ ચોપઇ. સં૦ ૧૬૮૩ મેડતામાં.

આ રાસ ઘણેા મોટેા છે અને જૈન રામાયણ આખી તેમાં મૂકી છે. અમાં પ્રથમ જ પોતે આની અગાઉ ચાર રાસ રચ્યા છે તેમાં 'હે સરસ્વતિ તેં મદદ કરી હતી તેમ આમાં પણ મદદ કરજે' એવું જણાવે છેઃ—

સમરું સરસતિ સામિણી, એક કરૂં અરદાસ
માતા દે જે મુજ્જને કરૂં વચન વિલાસ;

---

૨૫. બાસી અને છાસીઃ એમ તેમ બાસઠ અને છાસઠ ...એમ પાઠાંતર બા અને છા એકબીજાને બદલે થવાના હસ્તદોષથી સંભવે છે. આ બંને રાસો માટે જુઓ ફાર્બસ ગુજરાતી સભાના હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલી પૃ. ૪૭ અને પૃ. ૬૭.

સંબ પ્રદ્યુમ્ન કથા સરસ (૧), પ્રત્યેક બુદ્ધ પ્રબંધ (૨)
નલ દવદંતી (૩) મૃગાવતી (૪), ચઉપઇ ચ્યાર સંબંધ.

આઇ તું આવી તિહાં સમર્યા દીધો સાદ,
સીતારામ સંબંધ પણિ સરસતિ કરે પ્રસાદ.

આ પદ્મ ચરિત્ર (પઉમ ચરિયમ્)–સીતાચરિતના આધારે રચેલ છે. હિન્દુ રામાયણમાંથી અનેક આખ્યાનો જૂદા જૂદા હિન્દુ કવિઓએ લખેલાં છે. કવિ કહે છે કે—

જિનશાસન શિવશાસને સિતારામ ચરિત્ર સુણીજેરે
ભિન્નભિન્ન શાસન ભણી કો કો વાર્ત્તા ભિન્ન કહિજેરે.

આ નવ ખંડમાં લગભગ ૩૭૦૦ ગાથાનો આ રાસ, ગોલછા ગોત્રીય પ્રસિદ્ધ રાયમલના પુત્રરત્ન અમીપાલ અને નેતસી, તથા ભત્રીજા રાજસીના આગ્રહે રચેલો છે. તેમાં કવિએ ગૂજરાતી, સિંધી, મારવાડી, મેવાડી, ઢુંઢારી, દિલ્હી વગેરે અનેક સ્થળોમાં ગીતો તથા દેશીઓ લઇ તેની લયમાં પોતાની દેશીઓ બનાવી કાવ્યચાતુરી એવી કુશલતાથી રસને ખીલવી બતાવી છે કે ન પૂછો વાત. આ કૃતિ તો કવિની અદ્‌ભુત થઇ છે અને તે ગૂર્જર કવિ શિરોમણી પ્રેમાનંદથી અનેકધા ટક્કર મારી કેટલીક બાબતમાં ચડી જાય છે. કવિ પોતે આ કૃતિને માટે મગરૂર છે એમ તે છેલ્લે જે જણાવે છે તે પરથી સ્પષ્ટ થશે:—

સીતારામની ચોપાઇ જે ભુંઇ તે વાંચો રે,
રાગ રતન જવહર તણો, કુણ ભેદ લહે નર કાચોરે
નવરસ પોખ્યા મેં ઇહાં, તે સુણેડો સમજી લેજ્યો રે,
જે જે રસ પોખ્યા ઇહાં, તે હામ દેખાડિ દેજ્યો રે–
કે કે ઢાલ વિષમ કહિ તે, દુષણ મત દ્યો કોઇ રે,
સ્વાદ સાખણી જે હુવે તે લિંગ લટે કટે ન હોઇ રે–
જે દરબારે ગયો હુસે ઢુંઢાડિ મેવાડિ ને દિલ્લી રે,
ગુજરાત મારૂઆડિમેં તે કહિસે ઢાલ એ ભલ્લી રે–
મત કહો મોટિ કાં જોડી, વાંચતાં સ્વાદ લહેસો રે,
નવનવા રસ નવનવી કથા, સાભલતાં શાણાશ દેશો રે–

આ રસ બહાર પ્રકટ કરવા યોગ્ય છે. દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડવાળા પાસેથી આની પ્રત મને જોવા મળી હતી. તેઓ પ્રકટ કરવા ઇચ્છતા હોય એમ જણાતું હતું, પણ આને ત્રણ ચાર વર્ષ થયાં છતાં કંઇપણ તે માટે પ્રયાસ થયો નથી જણાતો તે શોચનીય છે. આ રાસની કવિસ્વહસ્તલિખિત પ્રત આગ્રાભંડારમાં છે.

૨૦ બાવશ્રતરાસ સં. ૧૬૮૫
૨૧ ગૌતમપૃચ્છા સં. ૧૬૮૬
૨૨ બાવન્યા ચોપાઇ સં. ૧૬૯૧
[બાવન્યા પુત્ર કથા શ્લોકબદ્ધ પત્ર ૧૧ ની જૈનગ્રંથાવલીમાં નોંધાયેલી છે.]
૨૩ ચંપક શ્રેષ્ઠીની ચોપાઇ સં. ૧૬૯૫ જલોરમાં.

આ અનુકંપાદાન ઉપર કથાનક છે. પોતાના અધિક સ્નેહી શિષ્યના આગ્રહથી, બે ખંડ. કુલ ગાથા ૫૦૬. ગ્રંથાગ્રંથ શ્લો. ૭૦૦. પ્રત આણંદજી કલ્યાણજીના તથા ઘોરાજીના ભંડારમાં છે.

આમાં એ પણ બતાવ્યું છે કે સરજત ઉપર આધાર રાખનાર હોય છે પણ ઉદ્યમ અને ભાવી બનેને ભાવી કરતાં ઉદ્યમ અધિકું છે.

' સહુ કો લોક લહઇ છઇ સરજ્યું, તે બોલ કેતા વાંચું,
ઉદ્યમ છઇ ઇમ પણિ ભારી અધિકું, સમયસુંદર કહઇ સાચું.

[ચંપકશ્રેષ્ટિ કથા એ નામથી (૧) ૩૫૫ શ્લોકમાં, (૨) જયસોમ (કવિ સમયસુંદર સાથે જેણે ઉપાધ્યાય પદ લીધું તે ગુણવિનયના ગુરુ) કૃત, (૩) વિમલગણિ કૃત, એમ ત્રણ જૈન ગ્રંથાવલિમાં નોંધાએલ છે.]

૨૪ ધનદત્ત ચોપાઇ સં૰ ૧૬૯૬ આસો માસ. અમદાવાદમાં.

આ વ્યવહારશુદ્ધિ પર કથાનક છે. શ્રાવકે વ્યવહારમાં કેવી રીતે વર્ત્તવું એ આનો ઉદ્દેશ છે. શુદ્ધ વ્યવહાર–ચોખવટભર્યો વ્યવહાર કયો તે કવિ બતાવે છે. શ્રાવકના ૨૧ ગુણ ગણાવે છે.

વિણજ કરતઉ વાણીયઉ, સાહજી, ઓછું નાપઇ ટાંક,
અધિકું પિણ તોલઇ નહી, સાહજી, મનમાંહિ આણઇ સાંક–
સુણઉ રે ભવિકજન, શ્રાવક ગુણ ઇકવીસ મઝિ પરઇ-
સખરે વચન ન કહઇ નિખર, સા૰ નિખર સખર ન કહેઇ
જિણ વેલા દેવું કહ્યું, સા૰ તિણિ વેલા તે દેહ–સુ૰
ઝૂઠું કદિ બોલઇ નહિ, સા૰ સાચું કહઇ નિતમેવ,
પહિલઉ વ્યવહાર શુદ્ધિ ગુણ, સા૰ ઇમ કહુ અરિહંતદેવ. સુ૰

લગભગ દોઢસો કુંકનો આ રાસ છે. આની પ્રત અમદાવાદમાં, ઘોરાજી અને પાટણના ભંડારમાં છે. પાટણના હાલાભાઇના ભંડારના ડાબડા ૮૨ માં પત્ર ૯ ની આ રાસની એક પ્રત છે તેની અંતે લખ્યું છે કે ' સર્વ ગાથા ૧૬૧ શ્રી સમયસુંદર મહોપાધ્યાયાનાં પૌત્રેણ પં. હર્ષકુશલ ગણિના સંશોધિતા. સા. હરજી ધનજી સુશ્રાવિકાગ્રહેણ. ' પત્ર ૯. આ પરથી જણાય છે કે કવિની શિષ્યપરંપરા હતી અને તે પૈકી તેના શિષ્યના શિષ્યનું નામ પંડિત હર્ષકુશલ હતું.

[ધનદત્ત કથા (૧) શ્લોકબદ્ધ પત્ર ૨૪, (૨) ગદ્યમાં પત્ર ૧૦, (૩) પત્ર ૧૭ માણિક્યસુંદર કૃત, (૪) ૩૩૦ શ્લોકની, એમ ચાર અને સૌથી પ્રાચીન તાડપત્રમાં લખેલી અમરચંદ્ર કૃત એમ પાંચ જૈન ગ્રંથાવલિમાં નોંધાયેલ છે.]

૨૫ સાધુવંદના સં૰ ૧૬૯૭ (લી૰ ભંડાર)

૨૬ પાપ છત્રીશી સં૰ ૧૬૯૮ અહિમદપુરમાં. (પૂરણચંદજી નહાર પાસે પ્રત છે).

૨૭ સુસઢ રાસ–આ પ્રાપ્ત થયેલ નથી. [મૂળ આ કથા પ્રાકૃતમાં દેવેંદ્રસૂરિ કૃત ૫૩૭ ગાથામાં અને બીજી પ્રાકૃતમાં ૩૫૦ ગાથા, જૈન ગ્રંથાવલિમાં નોંધાયેલ છે.]

૨૮ પુણ્યાઢ્ય રાસ (ડહેલાનો અપાસરો તથા રત્નવિજયજીનો ભંડાર. અમદાવાદ)

૨૯ પુન્ન ઋષિનો રાસ.

નાગપુરીય તપાગચ્છની પટ્ટાવલિમાં થએલા એક મુનિના તપનું વર્ણન કરવા સમયસુંદર ઉપાધ્યાયે આ રાસ કરેલો જણાવ્યો છે. પાર્શ્વચંદ્રસૂરિ સંતાનીય વિમલચંદ્રસૂરિ થયા તેની પાસે પુન્ન મુનિએ રાજનગરમાં વિ. સં૦ ૧૬૭૦ માં અષાઢ શુદિ ૯ ને દિને દીક્ષા લીધી, અને ત્યાર પછી ઉગ્ર તપ ક્રિયા કરી ૧૨૩૨૨ (?) ઉપવાસ કર્યા અને બીજાં અનેક તપ કર્યા. આ સર્વ તપની સંખ્યા વગેરે ઉક્ત રાસમાં આપી છે.

આ સિવાય કવિએ અનેક સ્વાધ્યાયો (સઝાયો), સ્તવનો, પદ વગેરે ટુંકી કવિતાઓ રચેલી છેઃ—

સઝાયો—મહાસતી યા મહાપુરુષો પર લખેલી, અને બીજી વૈરાગ્યોપદેશક સઝાયો એમ બે પ્રકારે છે.

(૧) રાજુલની સઝાય. (પ્રથમ ચરણ–રાજુલ ચાલી રંગશું રે)
ગજસુકુમાલ સ૦ (નયરી દ્વારામતિ જાણિયેજી)
અનાથી મુનિ સ૦ (શ્રેણિક રયવાડી ચડયો)
બાહુબલિ સ૦ (રાજતણા અતિ લોભિયા...વીરા મ્હારા ગજથકી ઉતરો)
ચેલણા સ૦ (વીર વાંદા વલતાં થકાંજી.....વીરે વખાણી રાણી ચેલણાજી)
અરણક મુનિ સ૦–(અરણિક મુનિવર ચાલ્યો ગોચરી)
કરકંડુ સ૦–(ચંપા નગરી અતિ ભલી, હું વારી લાલ)
નમિરાજર્ષિ સ૦. પ્રસન્નચંદ્ર રાજર્ષિ સ૦ સ્થૂલભદ્ર સ૦.
મેઘરથ રાય સ૦–દશમે ભવે શ્રી શાંતિજી, મેઘરથ જીવડો રાય–રૂડારાજા...ધન્ય ધન્ય મેઘરથ રાયજી, જીવદયા ગુણખાણું...)
શાલિભદ્ર સ૦ (પ્રથમ ગોવાળિયા તણે ભવેજી, દીધું મુનિવરે દાન...)
ભૂદેવ–નાગિલાની સ૦ (અર્ધ મંડિત ગોરી નાગલા રે–આ દેશી વિનય વિજય અને યશોવિજય કૃત શ્રીપાળરાસમાં લેવાઇ છે) અપ્રગટ.
ધનાની સઝાય–(જગિ જીવન વીરજી, કવણ તમારો શીષ)–અપ્રકટ.

(૨) નિંદા પર–(નિંદા મ કરજો કોઇની પારકી રે)
માયા પર–(માયા કારમીરે માયા મકરો ચતુર સુજાણ.)
દાનશીલ તપ ભાવ પર– (રે જીવ જિન ધર્મ કીજીએ.)
ધોળીડા પર–(ધોળીડા તું ધોજે મનનું ધોતીયું રે)
પંચમઆરાપર–
(શ્રાવકના) એકવીસ ગુણે સ૦ (પુરણચંદજી નહાર–કલકત્તા પાસે પ્રત છે)—આ કદાચ વ્યવહાર શુદ્ધિ રાસનો ભાગ હોય.

સ્તવનો

(૧) મુનિસુવ્રત સ્વામી સ્ત૦ (પખવાસાનું સ્ત૦)—૧૫ દિવસના ઉપવાસ કરવાના તપ ઉપર–(જંબૂદ્વીપ સોહામણો, દક્ષિણ ભરત ઉદાર.)